પ્રકાશક:
શાન્તિલાલ વનમાળી શેઠ
મહાદેવશેરી, મોટા ચોક
જેતપુર, (કાઠિયાવાડ)

પ્રથમાવૃત્તિ

પ્રત : ૨૧૦૦

કિં. ૧૨ આના

મુદ્રક : મણિલાલ કલ્યાણદાસ પરી
સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પાનકોરનાકા, અમદાવાદ

અર્પણ

શ્રી ધર્મવીર દુર્લભજીભાઈ ત્રિભુવનભાઈ ઝવેરી, જેપુર

શ્રી સુદેવ!

આપે મારા જીવનને શિક્ષણ અને સંસ્કાર, સ્નેહ અને સદ્ભાવ, વાત્સલ્ય અને વિનય, આદિ ગુણસૌરભથી સુવાસિત કરી અને ઉપકૃત કર્યો છે તેના સ્મરણચિન્હરૂપે તથા અદ્ભુત પ્રતાપી પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજશ્રીએ સૌરાષ્ટ્રની ધર્મભૂમિમાં રોપેલાં ધર્મબીજને સીંચવા અને એ પરિપાકને પોષવા તેમના ઉત્તરાધિકારી વિદ્વાન્ પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજશ્રીને સૌરાષ્ટ્ર તરફ લાવવામાં રાજકોટ શ્રી સંઘ સાથે આપનો પરિશ્રમ ખાસ ઉલ્લેખનીય હતો તેના સ્મરણાર્થે આ ધર્મપુસ્તક આપને અર્પણ કરતાં આનંદ અનુભવું છું અને પોતાને કૃતકૃત્ય થયો સમજું છું

વિનીત,

શાન્તિલાલ વનમાળી શેઠ

અંજલિ

આ ધર્મપુસ્તકની પ્રસાદી પૂજ્ય-પ્રતિભાશાળી ગુજરાતને આંગણે આંગણે પહોંચી શકે અને આથી ધર્મભાવનાની જાગૃતિ થાય એ શુભ આશાએ સ્વ૦ અ. સૌ. ધનલક્ષ્મી શાન્તિલાલ ઝવેરીની આત્મશાન્તિ અને પુણ્યસ્મૃતિ અર્થે આ ધર્મ-પુસ્તકના પ્રચારની યોજનાને સક્રિય રૂપ આપવામાં આવ્યું છે. આ રીતે આ પુસ્તકના પ્રકાશનમાં મને જે સહકાર આપ્યો છે તે માટે પ્રકાશકનો કૃતજ્ઞ છું.

શાન્તિલાલ વનમાળી શેઠ

धर्म-जागरण

उठ जाग मुसाफिर भोर भई, अब रैन कहाँ जो सोवत है!
जो जागत है वो पावत है, जो सोवत है वो खोवत है॥
टुक नींद से अँखियाँ खोल जरा, ओ! गाफिल रब से ध्यान लगा।
ये प्रीत करन की रीत नहीं, रब जागत है तु सोवत है॥
नादान भुगत करनी अपनी, ओ पापी! पाप में चैन कहाँ।
जब पाप की गठरी शीश धरी, फिर शीश पकड़ क्यों रोवत है॥
जो काल करे वो आज ही कर, जो आज करे वो अब करले।
जब चिड़िया खेती चुग डारी, फिर पछताये क्या होवत है॥

ધર્મ અને ધર્મનાયક

न धर्मो धार्मिकैर्विना ।

સંસ્કારોને ધરે 'ધર્મ', ધર્મને 'ધર્મનાયકો;'
ધર્મજીવી ન હોય તોઃ કહો ધર્મ ટકે કયહાં ?

ધર્મ મંગલ છે મોટું, અહિંસા તપ સંયમ;
દેવો પણ નમે તેને; ધર્મે જેનું સદા મન.

ભણ્યો ધર્મ ઘણો છું ને, વદી છે રદાનાં ખરે;
આરે હો' મા ભણો એને; ભણાયો ભણારો કયે !

મુંડાવે માત્ર માથું જે, સ્થવિર તે નહીં બને;
વયે જે વૃદ્ધ હોયે તો ખાલી જીર્ણ ગણાય તે.

જેમાં છે સત્ય ને ધર્મ દયા સંયમ ને દમ;
જે છે નિર્મળ ને ધીર; તે 'સ્થવિર' ગણાય છે.

શ્રી. સંતબાલ

ધર્મામૃત

ગ્રામધર્મઃ—સંસ્કારી સરસ ક્ષેત્રે, વાવ્યું બીજ યથા ફળે;
તેમ ગ્રામધર્મ ક્ષેત્રે; બીજા ધર્મો આમાં ફળે.
સર્વ ધર્મો તણું મૂળ, ગ્રામધર્મ વડે જિવે;
ગ્રામધર્મ ન દીપે તો; બીજા ધર્મો ટકે નહિ.

નગરધર્મઃ—નગરધર્મ છે વાડ, ગ્રામધર્મભૂમિ તણી;
સર્વે નાગરિકો પે'લાં; રક્ષજો ગ્રામધર્મને.

રાષ્ટ્રધર્મઃ—જનની તો જણી છૂટે, પૃથ્વી પાળતી પોષતી;
એ જન્મભૂમિને ખોળે; જીવન-મૃત્યુ જોડજો.

વ્રતધર્મઃ—સત્યલક્ષી અહિંસા કે બીજી લીધેલ ટેકને;
પાળજો મૃત્યુની સાટે; ચાવી એ જગજીતની.

કુળધર્મઃ—ઊંચ કે નીચનું માપ, નથી કુળ, કુલીનતા;
જાતિ છે કલેશનું બીજ; બીજ સંતોષનું ગુણ.

ગણધર્મઃ—સર્વ સિદ્ધિ તથા શક્તિ, સમાઈ ગણધર્મમાં;
ગવાયું ધર્મશાસ્ત્રોમાં; ગૌરવ ગણધર્મનું.
ગણધર્મ—પ્રજાતંત્ર, જૂનો એ અમ વારસો;
સત્તા જો લૂંટશે એને; જીવ સાટે ઝઝૂમશું.

સંઘધર્મઃ—સંઘની શક્તિનું જોમ, સર્વત્ર કાર્ય સાધતું;
સંઘ તો સંપથી જામે; સંપે શાન્તિ તથા સુખ;

શ્રાવક–શ્રાવિકા, સાધુ, સાધ્વી–સંઘ ગણાય છે;
સંઘના સંપમાં શાન્તિ; ત્યાગ ને તપનું ફળ.

સૂત્રધર્મઃ–દોરે જોડાયલી સોય, પડી ખોવાય ના કદી;
તેમ જ્ઞાની જગે જીવે; 'પે'લું જ્ઞાન પછી દયા.'

ચારિત્રધર્મઃ–મુક્તિ મંદિરનું દ્વાર માત્ર ચારિત્રધર્મ છે;
આચારમાં ન આવે તો; વિચારો માત્ર શૂન્ય છે.
વિચારોને પચાવીને, ગ્રહી વિવેકબુદ્ધિથી;
ગૃહિધર્મ મુનિધર્મ; યથાશક્તિ સમાચારો.

જીવનધર્મઃ–જીવનધર્મનું ધ્યેય, વિશ્વબન્ધુત્વસાધના;
વિશ્વ શાન્તિ જગાવાને; એને જીવનમાં વણો.
જીવનમાં વણાશે જો, વિશ્વબન્ધુત્વભાવના;
સૌ સાથે મિત્રતા થાશે; ઝેરવેર શમી જશે.

શ્રી. સંતબાલ



નિવેદન

પ્રસ્તુત 'ધર્મ અને ધર્મનાયક' નામનું પુસ્તક રતલામના શ્રી હિતેચ્છુ શ્રાવક મંડલ તરફથી પ્રકાશિત થએલી 'ધર્મવ્યાખ્યા' નામના પુસ્તિકાને આધારે તૈયાર કરવામાં આવ્યું છે.

શ્રી સ્થાનાંગ નામના જૈન અંગસૂત્રમાં દશ ધર્મો અને તેની વ્યવસ્થા કરનાર દશ ધર્મનાયકોનું સુંદર વિધાન કરવામાં આવ્યું છે. તે 'ધર્મ અને ધર્મનાયક' વિષે પ્રતાપી પૂજ્ય શ્રી જવાહિરલાલજી મહારાજશ્રીએ ચુરુ-બીકાનેરના ચાતુર્માસમાં વિદ્વતાપૂર્ણ જે ધર્મ-વ્યાખ્યાનો આપેલાં તેનો આ સારસંગ્રહ છે.

પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજશ્રી એક પ્રતાપી પૂજ્ય હોવા ઉપરાંત શાસ્ત્રવિશારદ અને પ્રખર વ્યાખ્યાતા છે. તેમની પ્રતિભાશાલી વ્યાખ્યાનશૈલીથી જૈન-જૈનેતર અનેક વિદ્વાનો આકર્ષાયા છે. તેમની વ્યાખ્યાન શક્તિની સાથે સૂત્રસાહિત્ય તથા અનુભવ-જ્ઞાનનો સુંદર સુમેળ થયો હોવાથી તેમનું વ્યાખ્યાન એટલું સારગર્ભિત અને રોચક થાય છે કે જે જનસાધારણ તથા વિદ્વાનોને સમાન રોચક અને પથ્ય બને છે. પ્રસ્તુત ધર્મ અને ધર્મનાયક ઉપર તેમણે કરેલાં વ્યાખ્યાનો ઉપરથી તેમની પ્રતિપાદનશક્તિ, સુવ્યવસ્થિત ક્રમિક વ્યાખ્યાનશૈલી તથા સૂત્રસિદ્ધાન્તની વિદ્વતાનો પૂરેપૂરો પરિચય મળી શકશે.

થોડાં વર્ષો પહેલાં 'ધર્મવ્યાખ્યા'ના કેટલાક ભાગનો મેં શ્રદ્ધાબુદ્ધિએ અક્ષરશઃ અનુવાદ કરેલો અને 'જન પ્રકાશ'માં પ્રકાશિત કરાવેલો ત્યારે પાઠકોએ તથા 'જૈન' જેવા પ્રસિદ્ધ સાપ્તાહિક પત્રે અનુવાદલેખોને આધારે ત્રણ ચાર અગ્રલેખો લખી એ ગુજરાતી અનુવાદને અપનાવ્યો અને પુસ્તકાકારે પ્રકાશિત કરવાનો અભિ-

પ્રાપ્ય વ્યક્ત કરી મને પ્રોત્સાહિત કર્યો. મને તે વખતે એમ લાગ્યું કે ગુજરાત–કાઠિયાવાડનો જૈન સમાજ, પૂજ્યશ્રીની અમૃત વાણીનું રસપાન કરવા તલપી રહ્યો છે તો એ ગુજરાતી અનુવાદને શોધિત-વર્ધિત સંપાદિત કરી પૂજ્યશ્રીના સૌરાષ્ટ્રના ચાતુર્માસના સમયે પ્રકાશિત કરવામાં આવે તો સારું. મારી આંતરિક ઇચ્છા આજે ફળીભૂત થતી જોઇ મને આત્મસંતોષ થાય છે. આશા છે કે પ્રસ્તુત પુસ્તક પૂજ્યશ્રીની પ્રથમ પ્રસાદીરૂપે સમાજમાં સારો સત્કાર પામશે.

આ પુસ્તકમાં વર્ણવેલાં દશ ધર્મો અને દશ ધર્મનાયકોનું સત્ય સ્વરૂપ સમજવા માટે પરંપરાને નામે રૂઢ થયેલી અંધશ્રદ્ધાને અળગી કરી વિવેકબુદ્ધિ અને સ્યાદ્વાદશૈલીનો સદુપયોગ કરવાનો સૌને આગ્રહ અનુરોધ છે. સ્યાદ્વાદ એ ધર્મદ્વારને ઉઘાડવાની સાચી ચાવી છે.

આ પુસ્તકને જનસમાજોપયોગી બનાવવા માટે ઉદાર ભાવનાનો આશ્રય લઈ, ભિન્ન ભિન્ન શક્તિઓ–જે કેવળ મતાભિનિવેશને કારણે ઉપયોગમાં આવ્યા પહેલાં જ વેડફાઈ જાય છે–તેનો સમન્વય કરવામાં આવ્યો છે અને વેડફાઈ જતી શક્તિઓનો સદુપયોગ કેમ થાય તેનું પણ દિગ્દર્શન કરવામાં આવ્યું છે. તે પુસ્તકના વાચનથી સ્પષ્ટ જણાઈ આવશે.

સંક્ષેપમાં આ પુસ્તકને સામ્પ્રદાયિક ન બનાવતાં જનસમાજોપયોગી બનાવવાનો યથાશક્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પ્રત્યેક વિષયને વિશદ કરવા માટે પરિશિષ્ટો આપી રાષ્ટ્રીય, સામાજિક અને ધાર્મિક દૃષ્ટિબિન્દુએ વિચારવામાં આવ્યો છે.

આ ધર્મપુસ્તક રાષ્ટ્ર, સમાજ અને ધર્મના કલ્યાણમાં થોડી ઘણી સહાયક નિવડી તો તેની પાછળ કરવામાં આવેલો શ્રમ સાર્થક જ છે.

'ધર્મવ્યાખ્યા' પુસ્તકનું શોધનવર્ધન સાથે સ્વતન્ત્ર સંપાદન કરવા જતાં ભાવ તથા ભાષામાં સાધુભાષાથી વિપરીત, ઓછું કે અધિક લખાયું હોય તો પૂજ્યશ્રીની તથા સુજ્ઞ શ્રાવકોની ક્ષમા યાચું છું. અને ભવિષ્યમાં તેનું સંશોધન થાય તે માટે ભૂલો તરફ મારું ધ્યાન ખેંચવા પ્રાર્થના કરું છું.

આ પુસ્તકના સંપાદનને અંગે ધર્મવ્યાખ્યા પુસ્તકનો મુખ્ય આધાર લીધો છે અને તે પુસ્તકમાં વર્ણિત દશ ધર્મો વિશેષ સ્પષ્ટ કરવા માટે લોકજીવન, ધર્મ, રાજકથા આદિ કેટલાંક પુસ્તકોનો તથા 'જૈન' પત્રના અગ્રલેખોનો ઉપયોગ કર્યો છે તે બદલ પ્રકાશકોનો તથા લેખકોનો આભાર માનું છું. અને સંપાદન તથા પ્રકાશનકાર્યમાં ભૂલ થઈ હોય તો ધ્યાન ખેંચવા વિનવું છું.

શ્રી હિતેચ્છુ શ્રાવક મંડળ, શ્રી દુર્લભજીભાઈ ઝવેરી, પં. બેચરદાસજી શ્રી. ધીરજલાલભાઈ. શ્રી. ખુશાલદાસભાઈ, શ્રી પ્રમોદભાઈ, શ્રી હસમુખભાઈ વગેરે આપ્તજનોએ પ્રોત્સાહનદ્વારા, પં. મુનિશ્રી સંતબાલજી, આત્માર્થી મોહનઋષિજી વગેરે મુનિવર્યોએ સહકારદ્વારા અને ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલયના માલીક શંભુભાઈએ તથા 'સૂર્યપ્રકાશ' પ્રેસના મેનેજર શ્રી શાસ્ત્રીજીએ પુસ્તકપ્રકાશનમાં મદદદ્વારા જે મને સુંદર સહકાર આપ્યો છે. તે બધાનો અત્રે આભાર માનવાની આ તક લઉં છું.

[illegible]
જેતપુર (કાઠિયાવાડ) } શાન્તિલાલ વનમાળી શેઠ

ધર્માચરણ

હે ગૃહસ્થો ! જે કોઈ આયુષ્ય પ્રાણઘાત નથી કરતો, ચોરી નથી કરતો અને પરદારાગમન નથી કરતો, આ ત્રણ રીતે તે દેહથી ધાર્મિક અને ન્યાય્ય આચરણ કરે છે.

તે અસત્ય નથી બોલતો, ચાડી નથી ખાતો, કઠોર નથી બોલતો અને વૃથા બકવાદ નથી કરતો. આ ચાર રીતે તે વાણીથી ધાર્મિક અને ન્યાય્ય આચરણ કરે છે.

તે અભિધ્યા, દ્વેષ અને નાસ્તિકતાથી વિરત થાય છે. આ ત્રણ રીતે તે મનથી ધાર્મિક આચરણ કરે છે. આ પ્રમાણે કાયાથી, વાચાથી અને મનથી જે પુણ્યકર્મો કરે છે તે પ્રાણી મૃત્યુ બાદ સદ્ગતિને પામે છે. આથી વિપરીત જે મનથી, વાચાથી અને કાયાથી અધાર્મિક પાપકર્મો કરે છે તે પ્રાણી મૃત્યુમુખમાં સપડાઈ દુર્ગતિને પામે છે. " —મજ્ઝિમનિકાય. પૃ. ૨૫૮

: : અનુક્રમ : :

ધર્મ અને ધર્મનાયક



ધર્મ અને ધર્મનાયક

न धर्मो धार्मिकैर्विना।

'ધર્મનાયક વિના ધર્મ ટકી શકતો નથી.'

ધર્મ

[પૂર્વાર્ધ]

धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मो न हन्तव्यो मा नो धर्मो हतोऽवधीत् ॥

જે મનુષ્ય ધર્મનો નાશ કરે છે, ધર્મ તેનો નાશ કરે છે,
જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ તેની રક્ષા કરે છે.
આ પ્રમાણે ધર્મનો નાશ કરવાથી આપણો નાશ થશે,
એમ જાણીને ધર્મનો નાશ ન કરવો.

—મનુસ્મૃતિ.

ધર્મ અને ધર્મનાયક

[ધર્મવ્યાખ્યાનો ભાવાનુવાદ]

ધર્મ

[પૂર્વાર્ધ]

વિષયપ્રવેશ

ધર્મ વસ્તુતઃ બુદ્ધિગ્રાહ્ય નથી, પરંતુ હૃદયગ્રાહ્ય છે.—ગાંધીજી

यतो धर्मस्ततो जयः ।

જ્યાં ધર્મ ત્યાં જય.

કોઈ પણ મકાન કે મહેલનું લાંબું આયુષ્ય તેના મજબૂત પાયા ઉપર આધાર રાખે છે. અને એટલા માટે માણસો મકાનનો પાયો ઊંડામાં ઊંડો અને મજબૂત બનાવે છે.

માનવજીવન પણ એક મકાન જેવું છે. અને ધર્મ એ તેના પાયારૂપ છે. માનવજીવનને વ્યવસ્થિત અને સુદૃઢ બનાવવા માટે ધર્મરૂપ પાયાને ઊંડામાં ઊંડો અને મજબૂત બનાવવાની ખાસ આવશ્યકતા રહે છે. કારણ કે ધર્મરૂપ પાયો જો ઢીલો રાખવામાં આવે તો માનવજીવનરૂપ મકાન શંકા, કુતર્ક, અજ્ઞાન, અનાચાર,

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

१. न धर्मो धार्मिकैर्विना ।—समन्तभद्राचार्य

જૈનસૂત્રોમાં સ્થાનાંગસૂત્ર[1] નામના ત્રીજા અંગસૂત્રમાં નીચે લખેલા દશ પ્રકારના ધર્મોનું વિધાન કરવામાં આવ્યું છેઃ

(૧) ગ્રામધર્મ, (૨) નગરધર્મ, (૩) રાષ્ટ્રધર્મ, (૪) વ્રતધર્મ, (૫) કુલધર્મ, (૬) ગણધર્મ, (૭) સંઘધર્મ, (૮) સૂત્રધર્મ, (૯) ચારિત્રધર્મ, (૧૦) અસ્તિકાયધર્મ.

આ દશ પ્રકારના ધર્મોનું યથાવિધિ પાલન કરાવવા માટે તથા અન્યાન્ય નૈતિક તથા ધાર્મિક વ્યવસ્થા જાળવવા માટે નીચે લખેલા દશ ધર્મનાયકોનું પણ સૂત્રમાં વિધાન કરવામાં આવ્યું છેઃ

(૧) ગ્રામસ્થવિર, (૨) નગરસ્થવિર, (૩) રાષ્ટ્રસ્થવિર, (૪) પ્રશાસ્તાસ્થવિર (૫) કુલસ્થવિર, (૬) ગણસ્થવિર, (૭) સંઘસ્થવિર, (૮) જાતિસ્થવિર (૯) સૂત્રસ્થવિર (૧૦) દીક્ષાસ્થવિર.

ઉપર લખેલા દશ પ્રકારના ધર્મો તથા ધર્મનાયકોની વિશેષ વ્યાખ્યા પ્રસ્તુત પુસ્તકમાં ક્રમશઃ કરવામાં આવશે.

---

૧. स्थानाङ्गसूत्रम् दशम—स्थान

(૧)

[illegible]

([illegible])

ધર્મનું [illegible] કરવા માટે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે

[illegible]

જે ધર્મના પાળવાથી [illegible] હોય [illegible] [illegible] સામાન્યપણે [illegible] કહેવાય છે.

[illegible]

ગ્રામધર્મ, કેવળ મોક્ષની પ્રાપ્તિ માટે ઉપયોગી નથી, પરંતુ જે ધર્મના પાલનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તે ધર્મનો પાયો ગ્રામધર્મ છે. જો ગ્રામધર્મ વ્યવસ્થિત ન હોય અને તેથી ગામના ગામમાં ચોરી, લૂંટફાટ, વેશ્યાગમન, પશુહિંસા, માંસાહાર, અનાચાર ચાલતાં હોય તો તેવા ખરાબ ગામમાં કોઈ આત્મશોધક ત્યાં શું આત્મસાધના સાધી શકે ખરો? કદાચ તે આત્મયોગી તે ખરાબ ગામમાં આવ્યો ગયો હોય અને ત્યાં ચોરના કે એવા બીજા કોઈ અત્યાચારીના ઘરનું અન્ન ખાવામાં આવી ગયું હોય તો માનસશાસ્ત્રના [1]નિયમાનુસાર તે ખરાબ અન્નની ખરાબ અસર તેના મન ઉપર પડ્યા વગર રહેતી નથી.

આ સિવાય જે ગ્રામમાં ગ્રામધર્મનું પાલન કરવામાં આવતું નથી તે ગ્રામમાં એક સજ્જન કે સાધુપુરુષ દુષ્ટ માણસોની વચ્ચે પોતાની સજ્જનતાની કે સાધુતાની પૂરેપૂરી રક્ષા કરી શકતો નથી. તે કારણે તે સાધુપુરુષ તેવા ખરાબ ગામમાં સ્થિરવાસ કરી શકતો નથી. અને જ્યાં સુધી પ્રત્યેક ગામમાં ઓછામાં ઓછો એક પણ સન્માર્ગપ્રદર્શક—ગ્રામનાયક ન હોય ત્યાં સુધી ગ્રામવાસીઓમાં સદ્ધર્મ પ્રત્યે અભિરુચિ પેદા થતી નથી.

જ્યાં સદ્ધર્મ પ્રત્યે અભિરુચિ નથી ત્યાં સભ્યતા કે સંસ્કૃતિની રક્ષા થતી નથી. સભ્યતાની રક્ષા માટે ગ્રામધર્મની આવશ્યકતા રહે છે. કારણ કે સભ્યતા કે સંસ્કૃતિનું ઉદ્ભવસ્થાન ગ્રામધર્મ છે. એટલા માટે જ્યાં ગ્રામધર્મની રક્ષા થતી નથી ત્યાં સભ્યતા પણ જળવાતી નથી. અનાર્યદેશોમાં ગ્રામધર્મ ન હોવાને કારણે સભ્યતા પણ હોતી નથી, અને તેથી અસભ્ય—અનાર્યદેશમાં સાધુપુરુષોને વિચરવાને ભગવાને નિષેધ કર્યો છે.

પ્રત્યેક ગામમાં સન્માર્ગદર્શક અથવા મુખીની ખાસ આવશ્યકતા રહે છે. કારણ કે તે જ ગ્રામજનોને ધર્માધર્મનું, સત્યાસત્યનું, સુખ-

---

૧. 'આહાર તેવા ઓડકાર' એ લોકોક્તિ અનુસાર

કુપથનું સાચું ભાન કરાવે છે અને ગ્રામજનોને સદ્ધર્મનો ઉપદેશ આપી સન્માર્ગ ઉપર લાવે છે.

[1]કેશીશ્રમણ જેવા આદ્ર જ્ઞાનના ત્યાગીએ ચિત્તપ્રધાન જેવા સન્માર્ગદર્શકની પ્રેરણાથી રાજા પરદેશીને સદ્ધર્મનો સદુપદેશ આપી ધર્મનો અનુરાગી બનાવ્યો હતો.

અત્યારે આપણી દશા આથી તદ્દન ઊલટી છે. આપણે સાધુપુરુષોને સદ્ધર્મનો ઉપદેશ આપવાની પ્રેરણા કરવાને બદલે તેમને પ્રશંસાત્મક સ્તુતિઓથી નવાજી દઈએ, પણ જ્યારે ચિત્તપ્રધાનના જેવું સન્માર્ગદર્શક બનવાનું કામ માથે આવી પડે છે ત્યારે દૂર દૂર ભાગીએ છીએ. આ આપણી અકર્મણ્યતા સૂચવે છે. સન્માર્ગદર્શક બનવા જેટલું વ્યક્તિત્વ કેળવવા માટે સાચા કર્મઠ બનવાની આવશ્યકતા રહે છે.

જ્યાં ગ્રામધર્મ જાગૃત થાય છે ત્યાં જીવનધર્મની ભૂમિકા તૈયાર થાય છે. ખેડૂતોએ બીજારોપણ કરતાં પહેલાં ભૂમિને સારી રીતે ખેડવી આવશ્યક છે, તેમ ધર્મબીજને રોપવા માટે મનુષ્યે ગ્રામધર્મની ભૂમિ ખેડવી જરૂરી છે, કારણ કે ગ્રામધર્મની ભૂમિકામાંથી સભ્યતા, નાગરિકતા, રાષ્ટ્રીયતા આદિ ધર્માંકુરો ફૂટી નીકળે છે.

ખેતીનું મૂળ જેમ ખેતરનું ખેડાણ છે તેમ ધર્મવૃક્ષનું મૂળ ગ્રામધર્મ છે. જ્યાં સુધી ધર્મવૃક્ષના ગ્રામધર્મરૂપ મૂળને નીતિજલથી સિંચવામાં ન આવે ત્યાં સુધી સૂત્ર અને ચારિત્રરૂપી મીઠાં ફળ આવી ન શકે. મીઠાં ફળ મેળવવા માટે માળીએ પરમપુરુષાર્થ સેવવો પડે છે, તેમ ધર્મવૃક્ષમાંથી સૂત્રચારિત્રરૂપી મીઠાં ફળો મેળવવાં માટે માનવ-સમાજે પ્રબળ પુરુષાર્થ કરવાની ખાસ આવશ્યકતા છે.

ધર્મવૃક્ષના ગ્રામધર્મરૂપ મૂળને નીતિજલના નિયમિત સિંચનથી મજબૂત બનાવ્યા બાદ સૂત્રચારિત્રરૂપી મીઠાં ફળો અવશ્ય મેળવી શકાય છે.

---

૧ જુઓ: રાયપસેણીયસૂત્ર

(૨)

નગરધર્મ

[नगरधम्मे]

નગરધર્મનું બરાબર પાલન કરવાની સાથે પોતાના આશ્રિત ગ્રામધર્મની પણ રક્ષા કરવી એ નાગરિકોનું પરમકર્તવ્ય છે. આ કર્તવ્યના પાલનમાં જ નાગરિકોની નાગરિકતા રહેલી છે.

જ્યારે ગ્રામનો વિસ્તાર વધી જાય છે ત્યારે તે નગરના રૂપમાં ફેરવાઈ જાય છે. આ રીતે ગ્રામ એ નગરનો એક ભાગ હોવાથી ગ્રામનો ધર્મ પણ નગરનો ધર્મ ગણાય છે.

ગ્રામધર્મ અને નગરધર્મ એ બંને જુદાજુદા ધર્મો નથી, પણ ગ્રામધર્મ એ નગરધર્મનું જ એક પ્રધાન અંગ છે.

ગ્રામ અને નગર બન્ને પરસ્પર આધાર—આધેયભાવથી રહેલાં છે, અર્થાત્ ગ્રામ આધારરૂપ છે તો નગર આધેયરૂપ છે. ગ્રામ વિના નગરનું જીવન ટકતું નથી તેમ નગર વિના ગ્રામની રક્ષા થતી નથી. ગ્રામ જો પોતાનો ગ્રામધર્મ ભૂલી જાય અને નગર જો પોતાનો નગર-ધર્મ ભૂલી જાય તો ગ્રામ અને નગર બન્નેનું પતન અવશ્યંભાવી છે.

ગ્રામધર્મ અને નગરધર્મનો શરીર અને મગજના જેવો પરસ્પર સંબંધ છે. ગ્રામજનો શરીરના સ્થાને છે અને નાગરિકો મગજના સ્થાને છે. શરીર સ્વસ્થ હોય તો જ મગજ સ્વસ્થ હોય એ વાત સૌ જાણે છે. મગજ જોકે શરીરના પ્રમાણમાં નાનું છે તો પણ આખા શરીરના કાર્યનું સંચાલન તો તે જ કરે છે. જો કર્મવશાત્ મગજ અસ્થિર થઈ જાય તો તે પોતાની સાથે આખા શરીરને પણ હાનિ પહોંચાડે છે.

વર્તમાન સમયમાં નાગરિકોની અવસ્થા-વ્યવસ્થા ખરાબ થઈ રહી છે, તેઓને પોતાની રક્ષાનું પણ ભાન નથી. તેમનું ધર્મજીવન પણ નષ્ટપ્રાયઃ થઈ રહ્યું છે ગ્રામધર્મને પોતાનો આધાર ન માનતાં આજના નાગરિકો નાટક, સિનેમા, નાચરંગ, ફેશન આદિમાં પોતાના સમયનો, શક્તિનો અને સંપત્તિનો દુરુપયોગ કરી રહ્યા છે, વધારે શું ! તેઓના પોતાના ધર્મનું—કર્તવ્યનું પણ તેમને ભાન નથી.

આજના નાગરિકોની આવી ખરાબ સ્થિતિ છે. આવી અવસ્થામાં તેઓ ગ્રામજનોની શી રક્ષા કરી શકે ! મગજ અસ્થિર થઈ જવાથી જેમ શરીરને અવશ્ય હાનિ પહોંચે છે તેમ નાગરિકો પોતાનો નગરધર્મ ભૂલી જવાથી ગ્રામજનો પણ પોતાનો ગ્રામધર્મ ભૂલી ગયા છે.

નગરધર્મનું બરાબર પાલન કરવાની સાથે પોતાના આશ્રિત ગ્રામધર્મની પણ રક્ષા કરવી એ નાગરિકોનું પરમકર્તવ્ય છે.

વર્તમાન સમયમાં નાગરિકોનો શો ધર્મ છે ? તે મારા પોતાના દૃષ્ટાન્તથી તમને સમજાવું:

તમે બધાએ મને આચાર્યપદે સ્થાપ્યો છે. તો મારું એ કર્તવ્ય છે કે હું તમને ધર્મોપદેશ આપી આચારમાં સ્થિર કરું. પણ જો હું એક બાજુ નિષ્ક્રિય થઈ બેસી જાઉં અને આચારનો ધર્મોપદેશ ન આપું, તો તમે મને શું કહેશો !

" આચાર્યશ્રી ! આપ આચાર્યોને ઉપદેશ ન આપતાં અમને શ્રી સંઘે તો આચારધર્મનું પાલન કેમ કરવું જોઈએ ! અમને તો ઉપદેશ આપવો જ જોઈએ."

તમારું આ કથન ન્યાયયુક્ત છે. કારણ કે તમે જાણો છો, મેં ધર્મનો આચાર્ય નિયત કર્યો છે. એટલે મારે આચારધર્મનો ઉપદેશ આપી મારા કર્તવ્યનું પાલન કરવું જોઈએ, કારણ કે મારા આ કર્તવ્ય-પાલનમાં આચાર્યપદનું મહત્ત્વ રહેલું છે.

બરાબર આ જ પ્રમાણે ગ્રામ અને નગરનો પારસ્પરિક સંબંધ છે.

શ્રાવકના ધર્મની રક્ષા અને વૃદ્ધિ કરવી એ આચાર્યનું કર્તવ્ય છે. તેવી જ રીતે પોતાના આશ્રિત ગ્રામજનોની રક્ષા કરવી એ નાગરિકોનું કર્તવ્ય છે.

આચાર્ય જો બેદરકાર બની નિષ્ક્રિય બેસી રહે તો શ્રાવકો અને સાધુઓના ધર્મની રક્ષા અને વૃદ્ધિ થતી નથી. તેવી જ રીતે નાગરિકો જો બેદરકાર થઈ જાય તો ગ્રામજનોનું કલ્યાણ થવાનો બહુ ઓછો સંભવ છે.

આજે જેટલા રાજનૈતિક આગેવાનો છે તેઓમાં વિશેષ નાગરિકો છે. અર્થાત્ અત્યારે રાજનીતિ નગરોના હાથમાં છે. પણ નગરધર્મ ભુલાઈ જવાને કારણે જે નાગરિકો ધારાસભા તથા બીજી કોઈ રાજકીય સભાઓના સભ્ય તરીકે ચુંટાય છે, તેઓ બધા પોતાના કર્તવ્યનું યથાવિધિ પાલન કરતા હોય એવું બહુ ઓછું જોવામાં આવે છે. પ્રજા તરફથી જે નાગરિકો ધારાસભામાં સભ્ય તરીકે ચુંટાયા હોય છે તેઓમાંના કેટલાક સભ્યો કીર્તિલોભથી પ્રજાહિતના વિઘાતક કાયદાઓનો વિરોધ કરવાને બદલે સમર્થન કરે છે, અને ફલતઃ કીર્તિલોભી નાગરિકો પ્રજાના હિતનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરવામાં

પોતાનો મત આપી પ્રજાહિતના વિઘાતક કાયદાઓને પસાર કરવામાં સરકારને સાથ આપે છે.

આવા પ્રજાહિતવિઘાતક કાયદાઓને ઘડતી વખતે જનતા સખત વિરોધ કરવો એ પ્રજા તરફથી ચૂંટાયેલા નાગરિક સભ્યોનો નગરધર્મ છે. પણ આ નગરધર્મ કીર્તિલાભને કારણે ભુલાઈ જવાથી નાગરિકો પોતાના હાથે પ્રજાહિતનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરે છે.

કેટલાક નાગરિકોની એવી ખોટી માન્યતા છે કે "સરકારે—રાજાએ ઘડેલા કાયદાઓનો વિરોધ કરવો એ રાજાનો—સરકારનો વિરોધ કરવા જેવું કૃત્ય છે, અને રાજા–સરકાર વિરુદ્ધ કાર્ય ન કરવું જોઈએ એવી શાસ્ત્રકારોની આજ્ઞા છે."

આ પ્રમાણે કહેનારા નાગરિકો શાસ્ત્રના વાસ્તવિક તત્ત્વને જાણતા નથી એમ કહેવું જોઈએ. કારણ કે શાસ્ત્રકારોએ જે

विरुद्धरज्जाइक्कम्मे[1]

અર્થાત્—રાજ્યથી વિરુદ્ધ કાર્ય ન કરવું જોઈએ કહ્યું છે, તેનો ભાવાર્થ એ છે કે રાજ્ય એટલે સુવ્યવસ્થાથી વિરુદ્ધ કાર્ય ન કરવું જોઈએ. આ સૂત્રને વિષે સામાન્ય લોકોની જે ભ્રમણા પેદા થઈ છે તે 'રાજ્ય અને રાજા' શબ્દ વિષેની છે.

સામાન્ય લોકો 'રાજ્ય'ને રાજા સમજી બેસે છે તે તેમની મોટી ભૂલ છે. કારણ કે રાજ્ય એટલે દેશની સુવ્યવસ્થા. 'રાજ્ય'–દેશની સુવ્યવસ્થાનો વિરોધ ન કરવો જોઈએ એવું શાસ્ત્રનું ફરમાન છે. પણ રાજા જો અનીતિ—અનાચારથી રાજ્યવ્યવસ્થા બગાડતો હોય તો તેની વિરુદ્ધ હિલચાલ કરવાની જૈનશાસ્ત્રો મના કરતા નથી

આજે શરાબ, ગાંજો, ભાંગ, અફીણ આદિ માદક પદાર્થોનો ઇજારો સરકાર પોતે રાખે છે. હવે પ્રજા માદક પદાર્થોના અવગુણ

૧ ત્રીજા અદત્તાદાન નામના વ્રતનો અતિચાર જુઓ' ઉપાસકદશાંગસૂત્ર

સમજીને માદક પદાર્થોનો ત્યાગ કરે તો સરકારની આવકનો લાભ ઓછો થવા લાગે, અને તેથી આવક વધારવા માટે સરકાર પ્રજાજોગ એવો કાયદો કરે કે 'પ્રત્યેક પ્રજાજને રાજ્યની આવક વધારવા માટે પ્રતિદિન એક એક દારૂનો પ્યાલો પીવો આવશ્યક છે.'

શું પ્રજા રાજા—સરકારનો વિરોધ ન કરવો જોઈએ એમ માની આ કાયદાને માન આપી સરકારની આજ્ઞાનું પાલન કરશે? પ્રજા તરફથી આ પ્રશ્નનો જવાબ નકારમા જ આવશે.

રાજાની કે સરકારની આવી અનુચિત આજ્ઞાનો વિરોધ કરવો તે પ્રજાની તથા નાગરિકોની ખાસ ફરજ છે. એટલું જ નહિ પણ એક અનુચિત કાયદાને દૂર કરવા માટે જરૂર પડે તો બીજા કાયદાઓનો પણ વિરોધ કરવો એ પ્રજાનું કર્તવ્ય થઈ પડે છે. કારણ કે પ્રજાહિતનો વિઘાતક કાયદો પસાર થઈ જવાથી પ્રજાને હાનિ થાય છે.

જો તમે "રાજ્ય વિરુદ્ધ કાર્ય ન કરવું જોઈએ"—જૈનશાસ્ત્રની આ આજ્ઞાને ઉપર લખેલા અર્થ પ્રમાણે સમજતા હો તો આજે જે લોકો જૈનધર્મને 'કાયરોનો ધર્મ' કહી વગોવે છે તે લોકો કોઈ દિવસ તે પ્રમાણે કહેવાનું સાહસ પણ ન કરત.

જૈનધર્મનો મુખ્ય સિદ્ધાન્ત અહિંસાવાદ છે. જૈન અહિંસાવાદી હોય છે. અહિંસાવાદી કાયર હોતો નથી પણ વીર હોય છે. જો એક જ સાચો અહિંસાવાદી હોય તો તે અહિંસાના બળે લોહીનું એક પણ ટીપું પાડ્યા વિના મોટામાં મોટી પાશવિક શક્તિઓને પણ પરાસ્ત કરી શકે છે. એવું અહિંસામાં અમાપ—અમોઘ બળ રહેલું છે.

આ અનુકરણશીલ યુગમાં અબોધ ગ્રામજનો પણ શહેરીઓની નકલે નાટક, સિનેમા, નાચરંગ, ફેશન આદિમાં સમય, શક્તિ અને

સંપત્તિનો દુર્વ્યય કરતાં શીખી રહ્યા છે. ફલતઃ વિલાસિતાએ ગ્રામ-ડાંઓમાં પણ વાસ કર્યો છે. વિલાસિતાએ ગરીબાઈ આણી છે અને ગરીબાઈને લીધે જનસમાજને આવશ્યક જીવનદાયક પદાર્થો જેવા કે ઘી, દૂધ વગેરે મળતા પણ મુશ્કેલ થઈ પડ્યાં છે. આ બધું વિલાસિતાનું દુષ્પરિણામ છે.

સંસારમાં રહેલા પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તે વ્યક્તિના હિતની અપેક્ષાએ સમષ્ટિનું હિત સાધવાનું દૃષ્ટિબિન્દુ પોતાની નજર સામે રાખી સત્પ્રવૃત્તિ કર્યા કરે. આ પ્રમાણે સત્પ્રવૃત્તિ કરવામાં જ માનવસમાજનું કલ્યાણ રહેલું છે.

જે મનુષ્ય પોતાનું કે પોતાના જ કુટુંબનું હિત સાધવામાં તત્પર રહે છે અને સમસ્ત પ્રાણીમાત્રના સુખનું ધ્યાન પણ રાખતો નથી તે માણસ નીતિજ્ઞ નથી પણ નીતિઘ્ન છે.

માનવસ્વભાવ હમેશાં અનુકરણશીલ છે. બાળક જેમ પોતાના માતાપિતા વગેરે વડીલોનું અનુકરણ કરે છે, તેમ અશિક્ષિત કે અર્ધ-શિક્ષિત ગ્રામજનો શિક્ષિત નાગરિકોનું અનુકરણ કરે છે. માતાપિતાની સારી કે માઠી અસર બાળક ઉપર પડ્યા વિના રહેતી નથી, તેમ નાગરિકોની સારી કે માઠી અસર ગ્રામજનો ઉપર પડ્યા વિના રહેતી નથી.

જો નગરવાસીઓ ગ્રામજનોનું હિત દૃષ્ટિમાં રાખીને નગરધર્મનું બરાબર પાલન કરશે તો તેથી રાષ્ટ્રનું અધિક હિત થવા સંભવ છે.



(૩)

રાષ્ટ્રધર્મ

[रट्ठधम्मे]

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी ।

જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ વધારે પ્રિય છે.

જ્યારે ગ્રામોમાં ગ્રામધર્મનું અને નગરોમાં નગરધર્મનું બરાબર પાલન થાય છે ત્યારે રાષ્ટ્રધર્મની ઉત્પત્તિ થાય છે.

ગામમાં જો પ્રામાણિક મનુષ્યોનો નિવાસ હશે તો શહેરવાળાઓને પણ પ્રામાણિક બનવું પડશે, અને નગરનિવાસીઓ પ્રામાણિક બનશે તો તેઓનો પ્રભાવ સમસ્ત રાષ્ટ્ર ઉપર પડ્યા વિના રહેશે નહિ.

ભારતવર્ષના અધઃપતનનું કલંક આજે ગ્રામજનતા ઉપર નહિ પણ નાગરિકો ઉપર ઢોળવામાં આવે છે. વાસ્તવમાં આ વાત પણ સાચી છે.

જ્યારથી ભારતવર્ષના પતનનો પ્રારંભ થયો છે ત્યારથી ઇતિહાસનાં પાનાંઓ ફેરવવાથી માલૂમ પડે છે કે થોડા નાગરિકોએ પોતાનો નગરધર્મ ન પાળવાને કારણે રાષ્ટ્રધર્મનો લોપ થયો.

જયચંદના જમાનાથી માંડીને મિરજાફર તથા તેના પછી આજ સુધી આપણે તે જ દુર્દશા દેખતા આવીએ છીએ.

બંગાળમાં જે વખતે ઈસ્ટ ઇંડિયા કંપનીના કાર્યકર્તાઓ પોતાની કુટિલતાથી દેશને દુઃખ આપી રહ્યા હતા અને મીરા જેવી સાધારણ ચીજનો પણ ઇજારો અખત્યાર કરી એવો અત્યાચાર કરી રહ્યા હતા કે જો કોઈના ઘરમાંથી પાંચ શેર જેટલું પણ મીઠું નીકળી આવતું તો તેની બધી સંપત્તિ જપ્ત કરી લેવામાં આવતી એટલું જ નહિ પણ પોતાનો વ્યાપાર વધારવા તથા પોતાના સ્વાર્થની પૂર્તિ કરવા માટે પ્રસિદ્ધ વણકરોમાંથી અનેકના અંગુઠા સુધ્ધાં કાપી નાંખ્યાં હતાં.[1]

તે જમાનામાં આવા અત્યાચારોનો પ્રતિકાર કરવો એ એક પ્રકારે અસંભવ જેવું થઈ ગયું હતું. આનું પ્રધાન કારણ માત્ર એ જ હતું કે જગતશેઠ અમીચંદ તથા મહારાજા નંદકુમાર જેવા પ્રસિદ્ધ નાગરિકો પણ કેવળ પોતાના સ્વાર્થને સાધવા માટે દેશદ્રોહ કરી રહ્યા હતા.

ભારતનું જ નહિ, પણ કોઈ પણ રાષ્ટ્રના પતનનું કારણ શોધશો તો તમને માલૂમ પડશે કે તે રાષ્ટ્રના નાગરિકોદ્વારા પોતાનો નગરધર્મ પાળી ન શકવાને કારણે જ રાષ્ટ્રનું અધઃપતન થયું હોય છે.

અત્યારે મુઠ્ઠીભર વિદેશીઓ તેત્રીસ કરોડ ભારતીઓ ઉપર શાસન કરે છે તેનું પ્રધાન કારણ એ જ છે કે અત્યારે નાગરિકોદ્વારા બરાબર નગરધર્મ પળાતો નથી.

જે નાગરિકો નગરધર્મનું બરાબર પાલન કરતા નથી તેઓ રાષ્ટ્રનું અપમાન કરે છે; બીજા શબ્દોમાં કહીએ તો દેશદ્રોહ કરે છે.

જ્યાં સુધી ગ્રામજનો ગ્રામધર્મનું અને નાગરિકો નગરધર્મનું બરાબર પાલન કરવાનો દૃઢ નિશ્ચય નહિ કરી લે ત્યાં સુધી રાષ્ટ્રનું ઉત્થાન થવું અસંભવિત છે.

---

[1] જુઓ 'પ્લાસીનું યુદ્ધ, બંગાળા બેહાલ' પુસ્તકો.

[illegible]

[illegible]

જે કાર્ય કરવાથી રાષ્ટ્ર સુવ્યવસ્થિત થાય, રાષ્ટ્રની ઉન્નતિ—પ્રગતિ થાય, માનવસમાજ પોતાના ધર્મનું બરાબર પાલન કરતો રહે, રાષ્ટ્રની સંપત્તિનું સંરક્ષણ થાય, સુખશાન્તિનો ફેલાવો થાય, અને સુખી થાય. રાષ્ટ્રની પ્રસિદ્ધિ થાય અને કોઈ આક્રમણકારી પરરાષ્ટ્ર સ્વરાષ્ટ્રના કોઈ અંગપ્રત્યંગ ઉપર પણ આક્રમણ ન કરી શકે તે રાષ્ટ્રધર્મ છે.

રાષ્ટ્રધર્મનું પાલન કરવાની જવાબદારી રાષ્ટ્રનિવાસી પ્રત્યેક વ્યક્તિ ઉપર છે. કારણ કે એક જ વ્યક્તિનાં કરેલાં સારાં કે ખરાબ કામોથી રાષ્ટ્ર વિખ્યાત કે બદનામ થઈ શકે છે. આ વાત નીચેના બનેલા ઉદાહરણથી સ્પષ્ટ સમજાઈ જશે:

એક દિવસ એક ભારતીય સજ્જન (!) યુરોપની એક મોટી લાયબ્રેરીમાં ગ્રન્થાવલોકન માટે ગયેલા. ત્યાં એક સચિત્ર પુસ્તક વાંચતાં વાંચતાં એક સુંદર બહુમૂલ્ય ચિત્ર તેમના જોવામાં આવ્યું. તેમને તે ચિત્ર ખૂબ જ ગમી ગયું, અને ચોરીછૂપીથી કોઈ પણ ઉપાયે તે ચિત્ર ચોરી લીધું. દુર્ભાગ્યે કે સુભાગ્યે તે વાત ગ્રન્થપાલના જાણવામાં આવી. ગ્રન્થપાલે તપાસ કરી તેમને પકડ્યા અને ઉચિત દંડ આપ્યો. આ દુષ્કૃત્યનું દુષ્પરિણામ એ આવ્યું કે ગ્રન્થપાલે બીજે દિવસે એવો નિયમ બનાવ્યો કે "આ લાયબ્રેરીમાં કોઈ ભારતવાસીને આજ્ઞા માગ્યા સિવાય દાખલ થવાની રજા નથી."

એક વ્યક્તિના દુષ્કૃત્યથી ભારતના હજારો વિદ્યાર્થીઓ યુરોપમાં જઈ તે લાયબ્રેરીમાં બહુમૂલ્ય ગ્રન્થોનો જ્ઞાનાભ્યાસ કરી જ્ઞાનલાભ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જ્યાં સુધી ગૃહસ્થ ઉપાસકોનું જીવન પવિત્ર ન થાય ત્યાં સુધી સાધુઓનું જીવન પવિત્ર રહેવું બહુ દુષ્કર છે. જો ગૃહસ્થઉપાસકો પોતાનો ધર્મ પાળવામાં દૃઢ રહે તો સાધુઓએ પણ સંયમપાલનમાં દૃઢ રહેવું જ પડે. આ સુસત્ય છે.

શ્રી દશવૈકાલિકસૂત્રના પહેલા અધ્યાયની પહેલી ગાથાની ટીકામાં નીતિમાન પુરુષોનું ન્યાયોપાર્જિત અન્ન જ સાધુઓને માટે ગ્રાહ્ય બતાવેલ છે.

જ્યાં સુધી રાષ્ટ્રનો પ્રત્યેક સભ્ય રાષ્ટ્રધર્મનું બરાબર પાલન કરતો નથી ત્યાં સુધી સૂત્ર-ચારિત્રધર્મ હમેશાં ભયમાં રહે છે. કારણ કે રાષ્ટ્રધર્મ આધાર અને સૂત્ર-ચારિત્રધર્મ આધેય છે. આધારનો નાશ થઈ જવાથી આધેયનો પણ નાશ થઈ જાય છે. જેવી રીતે પાત્ર વિના ઘી ટકી શકતું નથી તેમ રાષ્ટ્રધર્મ વિના સૂત્ર-ચારિત્રધર્મ ટકી શકતાં નથી.

આ વાત નીચેના ઉદાહરણથી વિશેષ સ્પષ્ટ થશેઃ

એક વહાણ, મનુષ્યોથી ભરેલું ભર નદીમાં જઈ રહ્યું છે. માર્ગમાં એક મૂઢ માણસ એક મનુષ્યને ઉપાડી નદીમાં ફેંકવા તૈયાર થાય છે, જ્યારે બીજો મૂર્ખ માણસ એક અણીદાર હથિયાર વડે વહાણમાં છેદ પાડી રહ્યો છે. આવી સ્થિતિમાં એ બેમાંથી કોને પહેલાં રોકવો એ પ્રશ્ન ઊભો થાય છે. આ પ્રશ્નનો જવાબ બુદ્ધિમાન પુરુષોને પૂછવામાં આવે તો વહાણમાં છેદ પાડનાર માણસને પહેલાં જ રોકવો જોઈએ, એવો મળશે.

અહીં સામાન્ય મનુષ્યને એ શંકા અવશ્ય થાય કે વહાણમાં છેદ પાડનાર મનુષ્યને પહેલાં રોકવામાં આવે અને જીવિત મનુષ્યને નદીમાં ફેંકનારને બાદ રોકવામાં આવે એમ કેમ ?

આ પ્રમાણે કહેનારાઓએ જરા વિચારવું જોઈએ કે જો વહાણમાં કોઈ મુસાફર ન હોત અથવા તો વહાણ નદીકિનારે પડ્યું હોત તો તે વખતે વહાણમાં છેદ પાડવામાં આવે તો તો ખાસ નુકસાન થાય નહિ, પણ જ્યારે વહાણમાં મનુષ્યો બેઠેલા છે અને તે વહાણ ભરનદીમાં જઈ રહ્યું છે ત્યારે વહાણમાં છેદ પડી જાય તો જે મનુષ્યો વહાણમાં બેઠેલા હોય તે બધા નદીમાં ડૂબી જાય અને મરી જાય.

જો પ્રત્યેક માણસ વહાણમાં છેદ પાડતી વખતે આત્મરક્ષાનો જ વિચાર કરવા બેસી જાય અને બીજા માણસોની જરા પણ પરવા પણ કરે નહિ તો તેનું પરિણામ સારું આવે નહિ.

જે લોકો રાષ્ટ્રની રક્ષા કરવાને બદલે કેવળ વ્યક્તિની જ રક્ષા કરવા ચાહે છે તેઓએ પણ ઉપરની વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે

આત્મધર્મની કેવળ બાહ્ય વાતો કરનારા લોકો સંસારને લગતાં ઘણાં કામો કરે છે પણ જ્યારે આચારધર્મના પાલનનો પ્રશ્ન ઉપ-સ્થિત થાય છે, ત્યારે તેઓ "અમારે સંસારની વાતથી શી મતલબ ?" એમ કહી આત્મધર્મના ઓઠા નીચે છટકી જાય છે, અને એ રીતે રાષ્ટ્રના ઉપકારથી વિમુખ થઈ જાય છે.

ભગવાન મહાવીર જેવા મહાપુરુષે પણ કેવળજ્ઞાન થઈ ગયા પછી પણ કેવળ સમષ્ટિના—જગતમાત્રના—કલ્યાણની ઇચ્છાએ ધર્મો-પદેશ આપ્યો છે અને મોક્ષનો રાજમાર્ગ બનાવ્યો છે. જ્યારે કેવળ-જ્ઞાનધારીઓની આવી દશા છે ત્યારે સંસારમાં રહેવા છતાં પણ જેમ કહેવું કે "અમારે ગામ, નગર કે રાષ્ટ્ર સાથે શો સંબંધ ?" એ પામર મનુષ્યોની કેટલી બધી કૃતઘ્નતા કહેવાય ! !

પતિતોનો ઉદ્ધાર કરવો, દુઃખતા પ્રાણીઓને ઉગારવા એ ધર્મ છે. આ સાધારણ વાત સમજવા છતાં પણ કેટલાક લોકો રાષ્ટ્ર-રક્ષાના કામોથી [illegible] દૂર રહે છે. રાષ્ટ્ર પ્રત્યે આવી ઉદા-સીનતા હોવાનું કારણ રાષ્ટ્રધર્મની મહત્તાનું અજ્ઞાન છે.

કોઈ પણ આત્મ-સન્માનવાળો માણસ પોતાનું કે પોતાની માતાનું અપમાન સહી શકતો નથી. તો પોતાનું કે પોતાના રાષ્ટ્રનું અપમાન થતું કેમ જોઈ શકાય છે.

[illegible]

[illegible]

[illegible] માતૃભૂમિની [illegible] અને સ્વતંત્રતામાં [illegible] વ્યવહારને, [illegible] રાષ્ટ્રસંપત્તિ અને શરીરસંપત્તિનો નાશ [illegible] રાષ્ટ્રનાં બંધનો ઢીલાં કરવાને બદલે મજબૂત કરવા [illegible] માતૃભૂમિ પ્રત્યે જેટલું પુત્રત્વ દાખવવું જોઈએ તેટલું પુત્રત્વ નથી તેમ મનુષ્યત્વ પણ નથી.

માતાની મુક્તિ માટે પુત્રે સ્વદેશાભિમાન, સ્વાર્પણ અને સેવાનાં સૂત્રો સ્વીકારવાં જોઈએ.

નીચેના સુવર્ણાક્ષરો તમારા હૃદયપટમાં કોતરી રાખજો કેઃ 'રાષ્ટ્રની રક્ષામાં આપણું રક્ષણ છે, અને રાષ્ટ્રના ભક્ષણમાં આપણું ભક્ષણ છે.'

શાસ્ત્રનું અવલોકન કરવાથી એક ખાસ વાત સ્પષ્ટ તરી આવે છે કે "રાષ્ટ્રધર્મ વિના સૂત્ર–ચારિત્રધર્મ ટકી શકતો નથી." આ વાતની નીચે લખેલાં જૈનશાસ્ત્રોનાં પ્રમાણોથી વધારે પુષ્ટિ થાય છેઃ

અર્થાત્:—સૂત્ર-ચારિત્રધર્મનો જેમણે સ્વીકાર કર્યો છે તે સાધુઓએ પણ (૧) છકાય, (૨) ગચ્છ, (૩) રાજા, (૪) ગૃહપતિ અને (૫) શરીર, એ પાંચ વસ્તુઓનો આધાર લેવો પડે છે.

ઉપર લખેલા શાસ્ત્રોલ્લેખથી એ વાત સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ઉપર લખેલી પાંચ વસ્તુઓનો આધાર લીધા વિના સૂત્ર-ચારિત્રધર્મ ટકી શકતો નથી.

ઉપરના સૂત્રમાં વપરાયેલો 'રાજા' શબ્દ રાજ્ય અથવા રાષ્ટ્ર શબ્દનો વાચક છે. જો રાષ્ટ્રીય વ્યવસ્થા અર્થાત્ રાજ્યપ્રબન્ધ સારો ન હોય તો ચોરી, હિંસા, અત્યાચાર, અનાચાર આદિ કુકર્મો ફેલાશે અને તેથી સૂત્ર-ચારિત્રધર્મનું બરાબર પાલન થઈ શકશે નહિ; કારણ કે જે લોકો પોતાની રક્ષા માટે અસ્ત્રશસ્ત્રાદિ રાખે છે તેમનું પણ રાજ્યની સુવ્યવસ્થા વિના દુષ્ટોથી રક્ષણ થતું નથી તો સાધુઓ કે જેઓ કોઈને મારવા માટે નાની સરખી લાકડી પણ રાખતા નથી તેઓ શું રાજ્યની સુવ્યવસ્થા વિના દુષ્ટ લોકોની દુષ્ટતાને લીધે સંસારમાં શાન્તિપૂર્વક ધર્મપાલન કરી શકશે? નહિ. એટલા જ માટે શાસ્ત્રકારોએ રાજાને ધર્મના રક્ષક અને પાલક કહ્યા છે. રાષ્ટ્રધર્મ સૂત્ર-ચારિત્રધર્મનું રક્ષણ કરે છે માટે શાસ્ત્રકારોએ રાષ્ટ્રધર્મની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારી છે.

જે લોકો ધર્મનું એક બાજુથી રક્ષણ કરે છે અને બીજી બાજુથી ધર્મનો નાશ થવા દે છે તેઓ શું ધર્મને ટકાવી શકે ખરા? નહિ. કેવળ સૂત્ર-ચારિત્રધર્મને ધર્મ માનવો અને રાષ્ટ્રધર્મને ધર્મ ન માનવો તે મકાનનો પાયો ખોદીને મકાનને કાયમ રાખવું અથવા વૃક્ષનું મૂળ ઉખેડી નાંખીને, વૃક્ષને નવપલ્લવિત બનાવવાની આશા રાખવા સમાન છે.

રાષ્ટ્રધર્મ

શ્રુત-ચારિત્રધર્મ મકાન અથવા વસ્ત્ર સમાન છે, ત્યારે રાષ્ટ્રધર્મ મકાનના પાયા અથવા વસ્ત્રની જડ સમાન છે.

જો કે લોકો ગ્રામધર્મ, નગરધર્મ અને રાષ્ટ્રધર્મનું મુશ્કેલીથી [illegible] છે તેમ શ્રુત-ચારિત્રધર્મનો પણ આડમ્બરી રીતે નિષેધ કરી કહે છે. આ પ્રમાણે ચારિત્રધર્મના નામે જે રાષ્ટ્રધર્માદિની અવગણના કરે છે તેઓને ગ્રામધર્મ અને સમયધર્મનું ગહન ચિન્તન-મનન કરવાની જરૂર છે. વગરવિચાર્યે અથવા તો શાસ્ત્રોનું ગહન અધ્યયન કે મનન કર્યા વિના જે કોઈની ખોટીખોટી વાત માની લેવામાં આવે છે તેને આગળ જતાં પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવે છે. આવા કલ્પનાજન્ય ખોટા વિચારો પ્રચાર કરવાથી સમાજ નહિ પણ ભવિષ્યમાં રાષ્ટ્ર, સમાજ અને ધર્મને હાનિ પહોંચવાની પૂરેપૂરી સંભાવના છે. એટલા જ માટે અમે કહીએ છીએ કે પ્રત્યેક વાતને બુદ્ધિપૂર્વક વિચારો, શીખો જે કોઈ કહે તે ધ્યાનપૂર્વક સાંભળો અને શાસ્ત્રોને તત્ત્વદૃષ્ટિથી દેખો. કેવળ અન્ધવિશ્વાસથી કે સંકુચિત મનોવૃત્તિથી પોતાની કલ્પેલી વાતને પકડી રાખો નહિ અર્થાત્ દુરાગ્રહ કે મતાગ્રહ રાખો નહિ.

આજે લોકો જૈનોની હાંસી કરે છે; એમાં જૈનશાસ્ત્રોનો દોષ નથી. આપણો જ દોષ છે. શાસ્ત્રો તો સ્પષ્ટ કહે છે કે:

રાષ્ટ્રધર્મ પણ ધર્મનું એક પ્રધાન અંગ છે.

રાષ્ટ્રધર્મનું મહત્ત્વ સમજનાર અને સમજાવનારાઓની સંખ્યા ઓછી થઈ જવાથી 'રાષ્ટ્રધર્મ' આચરણમાં લાવવો અત્યારે મુશ્કેલ થઈ પડયો છે. રાષ્ટ્રધર્મને વ્યવહારમાં ન લાવવાને કારણે જ લોકો જૈનધર્મને સંકુચિત અને અવ્યાવહારિક ધર્મ કહો વગેરે છે.

રાષ્ટ્રધર્મની વ્યાખ્યા કરતાં પહેલાં ભગવાન ઋષભદેવનું ઉદાહરણ એટલા માટે આપવામાં આવ્યું છે કે તમે લોકો ભગવાન ઋષભદેવે ઉપદેશેલા રાષ્ટ્રધર્મને બરાબર સમજો.

પણ ભયંકર છે.

આ વાત ઉપર વિશેષ વિચાર કરવાથી ભગવાન [illegible] સ્થાપેલી રાજનીતિનું તથા તેમણે પ્રરૂપેલા રાષ્ટ્રધર્મનું મહત્ત્વ સમજમાં આવે છે.

રાષ્ટ્રધર્મનો મુખ્ય સાર એ છે કે:

ऐक्य, राज्य, स्वातन्त्र्य यही तो राष्ट्र अङ्ग हैं
शिर, धड, टाँगों सदृश जुडे हैं अङ्ग सङ्ग हैं।

*   *   *

व्यक्ति, कुटुम्ब, समाज सब मिले एक ही धारमें।
मिला शान्तिसुख राष्ट्रके पावन पारावारमें ॥

*   *   *

अङ्ग राष्ट्रका बना हुआ प्रत्येक व्यक्ति हो,
केन्द्रित नियमित किये सभीको राजशक्ति हो।

*   *   *   *

भरा हृदयमें राष्ट्रगर्व हो, देशभक्ति हो;
समतामें अनुरक्ति, विषमता से विरक्ति हो ॥

*   *   *   *

राष्ट्रपताका पर लिखा रहे 'न्याय-स्वाधीनता'
पराधीनता से नहीं बढ़कर कोई दीनता ॥-त्रिशूल'

*   *   *

અર્થાત્-ઐક્ય, સત્ય, સ્વાતન્ત્ર્ય એ શરીરના હાથ પગ જેવાં રાષ્ટ્રશરીરનાં પ્રધાન અંગો છે.

વ્યક્તિ, કુટુંબ અને સમાજની સુખશાન્તિમાં રાષ્ટ્રની સુખ-શાન્તિ રહેલી છે. પ્રત્યેક વ્યક્તિ રાષ્ટ્રનુ એક અંગ છે એટલા માટે પ્રત્યેક વ્યક્તિમાં રાષ્ટ્રશક્તિ ભરેલી છે. પ્રત્યેકના હૃદયમાં રાષ્ટ્રગર્વ અને દેશભક્તિ હોવાં જોઈએ.

સમભાવના, ન્યાયપ્રિયતા અને સ્વાધીનતા એ રાષ્ટ્રપતાકાના રંગોથી પ્રત્યેક વ્યક્તિનુ હૃદય રંગાયેલુ હોવું જોઈએ.

———:x.———

૪)

વ્રતધર્મ

[पाखण्ड-धर्म]

અહિંસાવ્રત, સત્યવ્રત, અસ્તેયવ્રત, અભયવ્રત, બ્રહ્મચર્યવ્રત સ્વાદેન્દ્રિયનિગ્રહવ્રત, અપરિગ્રહવ્રત, વગેરે જે જે વ્રતો તમે ધારણ કર્યાં હોય તેના પાલનમાં તમે દૃઢ રહેજો, તેને જોકની માફક વળગી રહેજો. એટલે બધી જીતોની એ એક જ કૂંચી છે. એવો આપણો ધર્મ છે. —પૂ૰ ગાંધીજી

ધર્મના પાલન માટે દૃઢ નિશ્ચય અર્થાત્ વ્રતધર્મની ખાસ આવશ્યકતા રહે છે. આ વાત લક્ષ્યમાં રાખીને શાસ્ત્રકારોએ ગ્રામધર્મ નગરધર્મ અને રાષ્ટ્રધર્મના બરાબર પાલન માટે દૃઢ નિશ્ચય—વ્રતધર્મનું અગત્ય સ્વીકારેલ છે.

વ્રતધર્મ એટલે શું ? વ્રતધર્મનું જીવનમાં શું સ્થાન છે ? વ્રતધર્મના પાલનથી ધર્મનું પાલન કેવી રીતે થાય છે ? એ વિષે અહીં થોડાઘણો વિચાર કરવામાં આવે છે.

શાસ્ત્રકારોએ વ્રતધર્મને પાખંડધર્મના નામે વર્ણવ્યો છે. અહીં પાખંડ શબ્દ જરા અળખામણો લાગે છે. પણ અહીં પાખંડ શબ્દ

જે સામાન્યતઃ દંભ અર્થમાં વપરાય છે તે અર્થમાં વિવક્ષિત થયેલો નથી. પણ અહીં પાખંડ શબ્દ 'વ્રત' એ અર્થમાં વપરાયેલો છે; એટલે આપણે 'પાખંડ' [1]શબ્દથી ગભરાઈ જવાનું કશું કારણ નથી. કારણ કે અહીં વપરાયેલો પાખંડ શબ્દ તો ભયમુક્ત કરનારો અને વ્રતપાલનમાં દૃઢ નિશ્ચય કરાવનારો છે.

સાધારણ મનુષ્યને પાખંડધર્મનો અર્થ પૂછવામાં આવે તો તે એકદમ વિચારવમળમાં ગોથાં ખાવા માંડે છે, અને એ સ્થિતિમાં તે પાખંડ તે ધર્મ કેવી રીતે હોઈ શકે અને ધર્મ તે પાખંડ કેમ હોઈ શકે એમ પ્રશ્નપરંપરામાં ગુંચવાઈ જાય છે. આમાં સાધારણ લોકોનો દોષ નથી. કારણ કે સાધારણ રીતે વ્યવહારભાષામાં પાખંડ શબ્દ દંભના અર્થમાં વપરાય છે. પણ શાસ્ત્રીય ભાષામાં 'પાખંડ' શબ્દ વ્રતપાલન, દૃઢ નિશ્ચય એ અર્થમાં પણ વપરાયેલો છે.

પાખંડ શબ્દ અનેકાર્થક છે. તેનો અર્થ દંભ પણ થાય છે અને વ્રત પણ થાય છે.

શ્રી દશવૈકાલિકસૂત્રના બીજા અધ્યાયની નિર્યુક્તિ ૧૫૮ની ટીકામાં પાખંડ શબ્દનો 'વ્રત' અર્થમાં નિમ્નાનુસાર ઉલ્લેખ મળે છે:

> पाखण्डं व्रतमित्याहुस्तद्यस्यास्त्यमलं भुवि ।
> स पाखण्डी वदन्त्यन्ये, कर्मपाशाद्विनिर्गतः ।

---

[1] ડૉ. હાર્નલ 'પાખંડ' શબ્દનો નીચે મુજબ અર્થ કરે છે —पर पाषण्डाः परदर्शनिनस्तेषां प्रशंसा गुणोत्कीर्तनम् परपाषण्डसंस्तवस्तस्य परिचयः ।

Praising of heterodox teachers and intimacy with heterodox teachers. In Yog. 11, 17 mithyadristi-prashansanm The word पासंड has, with the Jains, no bad sense. It means generally the adherent of any religion, especially of their own house with the Brahmans, it came to

અર્થાત્:—પાખંડ મતનું નામ છે. તે મત જેમનું નિર્ગ્રંથ છે એવાં કર્મબંધનોથી મુક્ત પુરુષ પાખંડી અર્થાત્ મુનિ કહેવાય છે.

---

mean 'an adherent of a false or heterodox religion,' with them पासंड is equal to the Jain पत्तानंड See also Bhag. P. P. 2/3/2/4, and Ind. st. vol XVII P. 75.

—(અનુવાદક)

"પાખંડ" શબ્દ જૂના બૌદ્ધ-સાહિત્યમાં અને જૈન આગમોમાં મળે છે તેનો મૂળ અર્થ કોઈ પ્રકારનો 'મત' એવો છે. પોતાના મતમાં સ્થિરપણે રહેતાં મનુષ્યની માનસિક સ્થિરતા તેને સ્વીકારેલા સત્ય-સિદ્ધાંત ઉપર બરાબર ટકી શકે, કદી પણ ચળે નહિ, એ દૃષ્ટિથી જ "પરપાખંડ"ની પ્રશંસાનો નિષેધ કરવામાં આવ્યો હોય એમ મને લાગે છે.

આ શબ્દનો પ્રયોગ અશોકના લેખોમાં પણ મળે છે, તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે:—

"કોઈ પણ મનુષ્યે કોઈના પાખંડની નિંદા કરી કોઈને દૂભવવો નહિ એવી મહારાજશ્રી અશોકની આજ્ઞા છે."

ગીતામાં પણ કહ્યું છે કે:—

"स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः"

અર્થાત્ સ્વધર્મમાં મરવું પણ સારું છે, પણ પરધર્મ ભયંકર છે. એક જ દાખલાથી સમજવું કે કોઈ બહુ લાંબા સમયથી ઝવેરીનું કામ કરે છે અને તેમાં તેને રસ પણ પડે છે, અને તેમાં તેને કમાણી પણ લાગે છે. હવે જો તે તેના પુત્રને ઝવેરી બનાવવા ઇચ્છતો હોય તો તે તેની પાસે ઝવેરાત સિવાયની બીજા કોઈ પણ ધંધાની પ્રશંસા કરવા ઇચ્છે ખરો?

'પર-પાખંડ' શબ્દનો અર્થ એ નથી કે બીજાને 'મિથ્યાત્વી' કહેવો અથવા તેની નિન્દા કરવી, પણ તેનો ખરો અર્થ એ છે કે મનુષ્ય જે સદાચારને પરંપરાથી પાળતો આવતો હોય તેમાં જ તેને રક્ત રહેવું, તેણે કદી મૂકવો નહિ; પણ જે આચારમાં આવતો સદાચાર ખરેખર સદાચાર ન હોય પણ દુરાચાર હોય તો તે ક્ષણમાં છોડી દેવો ઘટે.

'મેં જે પાખંડની પ્રશંસા કરી હોય તો તે દુષ્કૃત મિથ્
થાઓ' એટલું કહેવાથી પાખંડપ્રશંસાના દોષથી રહિત થઈ શકી
છીએ. પણ આમ ન કહેતાં 'પરપાખંડપ્રશંસા' શા માટે કહેવામ
આવ્યું ? પાખંડનો એક અર્થ દંભ પણ છે જે બહુ લોકપ્રચલિત છે
બીજાઓના ધર્મનું ખંડન કરવા માટે પણ લોકો 'પાખંડ' શબ્દન
પ્રયોગ કરે છે.

જેવી રીતે એક બીજા ઉપર કટાક્ષ કરતાં શિવમાર્ગી વૈષ્ણવોને
અને વૈષ્ણવો શિવમાર્ગીઓને, તેવી જ રીતે જૈનધર્માનુયાયીઓ અન્
ધર્માવલમ્બીઓને અને અન્યધર્માવલમ્બીઓ જૈનોને 'પાખંડી
શબ્દથી સંબોધે છે.

પરંતુ પાખંડ શબ્દનો બધી જગ્યાએ 'દંભ-કપટ' એવો અર્થ
કરવો એ જૈનશાસ્ત્રને સમ્મત નથી. પાપોનો નાશ કરનાર વ્રતનું નામ
પણ પાખંડ છે. એવો ઉલ્લેખ જૈનશાસ્ત્રમાંથી મળે છે.

સ્થાનાંગસૂત્રમાં પાખંડધર્મનો ઉલ્લેખ મળે છે જેમાં વ્રતધા
ઓનો ધર્મ પણ પ્રતિપાદિત કરવામાં આવ્યો છે.

પ્રશ્નવ્યાકરણસૂત્રના બીજા સંવરદ્વારમાં પણ એવો ઉલ્લેખ
મળે છે કે:

'अणेगपासंडिपरिग्गहियं'

અર્થાત્—અનેક વ્રતધારીઓએ સ્વીકારેલ વ્રત પાખંડ કહેવાય
છે. અને જે વ્યક્તિએ એ વ્રત સ્વીકારેલ હોય તે પાખંડી કહેવાય
છે. એ પાખંડીઓ—વ્રતધારીઓ દ્વારા એ સત્યવ્રત ધારણ કરાયેલ
હોવાથી એ સત્યવ્રત अनेकपाखण्डिपरिगृहितं કહેવામાં આવેલ છે.

જો પાખંડ શબ્દનો અર્થ કેવળ દંભ અર્થમાં વપરાયેલો હોત
તો શ્રમણના વિશેષણ તરીકે પાખંડી શબ્દનો ઉપયોગ ન થાત.

શ્રી દશવૈકાલિકસૂત્રમાં 'સમણ-શ્રમણ' શબ્દની વ્યાખ્યા કરતાં

પાખંડ શબ્દનો ઉલ્લેખ 'વ્રતધારી' એ અર્થમાં કરાયેલો જોવામાં આવે છે:—

पव्वइए अणगारे, पासण्डे, चरग तावसे भिक्खू ।
परिव्वाइए य समणे निग्गंथे संजए मुत्ते ॥

અર્થાત્—શ્રમણ-સાધુ, પ્રવ્રજિત, અનગાર, પાખંડી, ચરક, તાપસ, ભિક્ષુ, પરિવ્રાજક, નિર્ગ્રન્થ, સંયત, મુક્ત, આદિ અનેક શબ્દોથી સંબોધાય છે.

આ પ્રમાણે સ્થાનાંગ, પ્રશ્નવ્યાકરણ, દશવૈકાલિકસૂત્ર આદિ સૂત્રોમાં 'પાખંડ' શબ્દ વ્રત અર્થમાં વપરાયેલો સ્પષ્ટ જોવામાં આવે છે.

પાખંડ એટલે વ્રત. વ્રત પાપથી રક્ષા કરે છે અને સાથે પાપનું ખંડન કરે છે. એટલા માટે આવો વ્રતાચાર જેનામાં હોય તે પાખંડી કે વ્રતધારી કહેવાય છે. પાખંડ ધર્મ અને દંભ બન્ને અર્થમાં વપરાય છે. પણ અહીં તો પાખંડ શબ્દ ધર્મના અર્થમાં વપરાયેલો છે. આ પાખંડધર્મ ગ્રામ, નગર અને રાષ્ટ્રમાં ફેલાતા દંભને—અધર્મને રોકે છે અને ધર્મનો પ્રચાર કરે છે. જો આ પાખંડધર્મ ધર્મપ્રચારને બદલે અધર્મ ફેલાવે તો શું તેને પાખંડધર્મ કહી શકાય ખરો? પાખંડધર્મ તો ધર્મની રક્ષા અને અધર્મનો નાશ કરે છે. એટલા માટે પાખંડ એ દંભ નહિ પણ ધર્મવ્રતનો દ્યોતક શબ્દ છે.

અહીં પાખંડ શબ્દનો અર્થ પાપ કે દંભ નહિ પણ લૌકિક તથા લોકોત્તર વ્રતનું પાલન થાય છે. સાધુઅવસ્થામાં જેમ વ્રતનું પાલન થાય છે તેમ ગૃહસ્થાવસ્થામાં રહીને પણ વ્રતનું પાલન થઈ શકે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

'गिहीवासे वि सुव्वया'—उत्तराध्ययनसूत्र

१ टीका:—अनेकप्रकारपरिग्रहविरहितैः नानाविधव्रतिभिरङ्गीकृतं ।

અર્થાત્—ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જે સુવ્રતનું પાલન કરે છે તે સુવ્રતી કહેવાય છે.[1]

ધૈર્ય, ક્ષમા, સદ્‌ભાવ આદિ સદ્‌ગુણોનું સેવન કરવું તે પણ એક પ્રકારનું સુવ્રત છે. કહ્યું પણ છે—

'धृतसत्पुरुषा सुव्रता'

જે સજ્જન—સત્પુરુષ ધૈર્ય આદિ સદ્‌ગુણોનું સેવન કરે છે તે સુવ્રતી કહેવાય છે.

ભલે વિપત્તિઓનાં વાદળાં તૂટી પડે, ખાવાપીવાનાં ફાંફાં હોય, છતાં પણ જે પોતાની ઉદાર પ્રકૃતિને સાચવી, સદાચારને તિલાંજલિ આપતો નથી તે સાચો સુવ્રતી કહેવાય છે. જ્યાં સુવ્રતીઓની સંખ્યા વધારે હોય તે ગામ, તે નગર અને તે દેશ હમેશાં સુરક્ષિત રહે છે. સુવ્રતીઓના સદાચારબળ આગળ શત્રુઓનાં દલબલ નિર્બલ બની જાય છે.

નીતિકારોએ પણ ઠીક જ કહ્યું છે કે:—

प्रिया न्याय्या वृत्तिर्मलिनमसुभङ्गेऽप्यसुकरम्,
असन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यस्तनुधनः।
विपद्युच्चैः स्थेयं, पदमनुविधेयं च महतां;
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥

---

૧ આદર્શ ગૃહસ્થાશ્રમની મર્યાદામાં રહી ધર્મના નિયમોનું બરાબર પાલન કરવામાં આવે તો આગળ જતાં એ ત્યાગી ગૃહસ્થ આદર્શ ત્યાગીજીવન ગાળી કૂર્માપુત્ર કેવળીની માફક સિદ્ધ, બુદ્ધ, અને મુક્ત બની શકે છે. ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ વહોરીને પણ ત્યાગમય જીવન ગાળવું એ સરલ નથી પણ ખાંડાની ધારે ચાલવા જેવું કપરું કામ છે. આ દૃષ્ટિબિન્દુએ પાપશ્રમણો કરતાં ત્યાગમય જીવન ગાળતા સુશ્રાવકો સુવ્રતી હોય છે. સુશ્રાવક બનવું એ સાધુતા પ્રગટાવવાનું પહેલું પગથિયું છે.

મુખે પ્રાણુની ભેટ સમાજ યા દેશને ગરણે ધરવી એવું સુવ્રતીઓનું કઠોર વ્રત હોય છે.

પણ આજના કહેવાતા વ્રતધારીઓની મનોદશા તો તદ્દન ઊલટી જણાય છે. આજે તો એક રાતી પાઈ માટે, પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે સત્યને અસત્ય, ન્યાયને અન્યાય, ધર્મને અધર્મ કહેતા પણ આજના નામધારી વ્રતધારીઓ અચકાતા નથી. પણ એ લોકોએ એટલું જાણી લેવું જરૂરી છે કે ભલે તેઓ નામથી વ્રતધારી કહેવાતા હોય પણ ગુણથી વ્રતધારી બનવું તે તરવારની ધાર ઉપર ચાલવા જેવું છે.

અત્યારે ધર્માધર્મનો વિવેક ભૂલી જવાથી જનસમાજમાં એવી ખોટી માન્યતા પ્રચલિત થઈ ગઈ છે કે "સામાયિકમાં જેટલો સમય બેસીએ તેટલો સમય ધર્મ થાય છે. પછી ભલે દુકાન ઉપર તો બધું પાપ જ કરવાનું હોય છે." આ માન્યતા ખોટી છે. કેવળ સામાયિકમાં બેસી જવાથી ધર્મ થતો નથી. આપણી રાતદિનની શુભાશુભ પ્રવૃત્તિ ઉપરથી પાપપુણ્યનો સરવાળો નીકળે છે. ઘણી વખત તો સામાયિક જેવા ધર્મકૃત્યમાં ચાડીચૂગલી, લોકનિંદા, ક્રોધ આદિ દુષ્ટ મનોવૃત્તિનું સેવન કરવાથી પુણ્યોપાર્જન કરવાને બદલે પાપના ભાગી બનીએ છીએ. સામાયિક એ તો સમભાવ કેળવવાનું એક અમોઘ ધર્મસાધન છે. સમભાવ કેળવવાને બદલે જો સામાયિકમાં લોકનિંદા, ચાડીચૂગલી આદિદ્વારા વિભાવ, રાગદ્વેષનો મેલ એકઠો કરીએ તો સામાયિકવ્રતનું પાલન થતું નથી અને વ્રતપાલન બરાબર ન થવાને કારણે સામાયિકવ્રતનું પરિણામ શુભ આવવાને બદલે ઘણીવાર અશુભ આવે છે. વ્રતધારીઓને તો સામાયિકવ્રત સમભાવને પોષનારું અને આત્મોન્નતિ સાધનારું હોય તો જ શોભે. સામાયિકવ્રતનો દુરુપયોગ કરવાને બદલે જો તેનો સદુપયોગ કરવામાં આવે તો આપણા ઘરના, સમાજના, અને દેશના અનેક કલેશકંકાસો

કર્યો. રાજાએ બધા રાજ્યાધિકારીઓને અસ્ત્રશસ્ત્રોથી સેના સજ્જ કરવાની આજ્ઞા આપી.

બધા રાજ્યાધિકારીઓ રાજાની આજ્ઞાનુસાર સેનાને અસ્ત્રશસ્ત્રોથી સજ્જ કરી રણભૂમિના મેદાન ઉપર આવ્યા. વરુણ પણ રાજાની આજ્ઞાનુસાર સેનાને તૈયાર કરી આવ્યો.

બન્ને પક્ષનાં સૈન્યો તૈયાર થયાં અને થોડીવારમાં તો તુમુલ યુદ્ધ છેડાઈ ગયું. અને સામસામા અસ્ત્રશસ્ત્રોના પ્રહારો થવા લાગ્યા. વરુણને પણ યુદ્ધ કરવા માટે આદેશ આપવામાં આવ્યો. વરુણે જવાબ આપ્યો:

"જે કોઈ અત્યાચારી, અન્યાયી મારી ઉપર અસ્ત્રશસ્ત્ર ફેંકશે તેની સામે હું મારાં અસ્ત્રશસ્ત્રો જરૂર ઉઠાવીશ. બાકી નિરપરાધી જીવોને ન મારવાની મારી વ્રતપ્રતિજ્ઞા છે. આ વ્રતપ્રતિજ્ઞાનું પાલન હું મારા જીવને જોખમે પણ કરીશ. આપણા રાજાનો યુદ્ધમાં આવવાનો આદેશ થયો છે તો એ આદેશને શિરોધાર્ય કરવો એ મારી પહેલી ફરજ છે. અને સાથે યુદ્ધમાં નિરપરાધી જીવો સામે હાથ ન ઉપાડવો અને વ્રતનિયમનું પાલન કરવું એ પણ મારું કર્તવ્ય છે." થોડીવારમાં સનસન્ અવાજ કરતું એક તીક્ષ્ણ તીર તેના હૃદયમાં ભોંકાયું અને તે નીચે ઢળી પડ્યો. હવે અપરાધી જીવને અપરાધનો બદલો આપવાથી તેના વ્રતમાં ભંગ થતો નથી એમ જાણી તેણે અસ્ત્રશસ્ત્રો હાથમાં ઉપાડ્યા અને એક જૈનવીર તરીકે વ્રતની રક્ષા કરતો યુદ્ધમાં વીરતાપૂર્વક લડ્યો અને રાજાજ્ઞા અને વ્રતપ્રતિજ્ઞાનું પૂરેપૂરું પાલન કરી પોતાની પવિત્ર ફરજ બજાવી, રાષ્ટ્રરક્ષા અને વ્રતપ્રતિજ્ઞાના પાલન માટે પ્રાણોને અર્પણ કરી, વીર વરુણ મૃત્યુને ભેટી અમર બન્યો.[1]

આ શાસ્ત્રીય દૃષ્ટાન્તો આપણને શું શીખવે છે? એ જ શીખવે છે કે અશાશ્વત શરીરની રક્ષા માટે શાશ્વત ધર્મનો નાશ ન કરો. મનુ મહારાજનું એ ધર્મસૂત્ર આપણને ધર્મરક્ષાનું કર્તવ્ય સમજાવે છે કે:—

'धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।'

---

૧ જુઓ: શ્રી ભગવતીસૂત્ર.

અર્થાત્—ધર્મનો આપણે નાશ કરીશું તો ધર્મ આપણો નાશ કરશે, અને ધર્મની આપણે રક્ષા કરીશું તો ધર્મ આપણી રક્ષા કરશે. આ ધર્મસૂત્ર અક્ષરશઃ સત્ય છે.

એક ઇતિહાસપ્રસિદ્ધ દૃષ્ટાન્તદ્વારા ધર્મપાલન કરવું કેટલું કઠણ છે તે સમજાવું:

જોધપુરના રાઠોડ [1]દુર્ગાદાસનું નામ તમે સાંભળ્યું હશે. એ એક રાજપૂત નરવીર હતો. દૃઢધર્મી અને સ્વામીભક્ત સેવક હતો.

એક વખત રાઠોડ દુર્ગાદાસ બાદશાહ ઔરંગઝેબના પંજામાં સપડાયો. ત્યાં બાદશાહની બેગમ ગુલનાર આ નરવીરનું ઓજસ જોઈ મંત્રમુગ્ધ બની ગઈ. તે દુર્ગાદાસની પાસે આવી પોતાને અપનાવવા પ્રાર્થના કરવા લાગી, એટલું જ નહિ પણ અનેક પ્રકારનાં પ્રલોભનો બતાવવા લાગી કે:-"હે નરવીર! તું મારી પ્રાર્થનાનો સ્વીકાર કરે તો આજે જ આ બાદશાહને મારી તને દિલ્હીનો સમ્રાટ બનાવું."

દુર્ગાદાસ બેગમની પ્રાર્થના સાંભળી અવાક્ થઈ ઊભો રહ્યો. ને વિચારમાં પડી ગયો કે બેગમ આ શું કહી રહી છે! તે તો દૃઢધર્મી હતો. નરવીર હતો. તેણે એટલું જ કહ્યું કે "મા! તું આ શું બોલે છે! તુ તો મારી માતા છે."

બેગમ 'મા' શબ્દ સાંભળતાં લાલચોળ થઈ ગઈ અને કહેવા લાગી: "દુર્ગાદાસ! 'મા' શબ્દ બોલતાં જરા વિચાર કર. ફરીવાર વિચાર કર. વગરવિચાર્યે કશું બોલ નહિ."

દુર્ગાદાસ તો મૂંગે મોઢે બધું સાંભળતો ગયો. પોતે જે કહી રહ્યો છે તે બરાબર વિચાર કરીને બોલી રહ્યો છે, એ વિષે તેને પૂરેપૂરો વિશ્વાસ હતો. પોતે નિર્ભય હતો. તેને કોઈનો ડર નહોતો. પ્રાણનાશનો પણ ભય નહોતો કેવળ એક પાપનો ડર હતો. તેણે નિર્ભીક થઈ બેગમને જવાબ આપ્યો

[1] શ્રી. દ્વિજેન્દ્ર રાયકૃત 'દુર્ગાદાસ.'

[illegible]

[illegible] મારે આવા શબ્દો હું મારા કાને સાંભળી શકતો નથી. મારે [illegible] અત્યારે સદાચારની રક્ષા માટે [illegible] ઉપર [illegible] છે. મને પ્રાણની પરવા નથી, મને તો સદાચારની પરવા છે. મને પ્રાણ કરતાં સદાચાર વધારે પ્રિય છે."

દુર્વાદાસનો આ સદાચારધર્મ આપણને શો બોધપાઠ આપે છે ? સદાચારનું સેવન કરો. સદાચારધર્મ જ તમારો સુખદુઃખમાં સાચો મિત્ર છે. એ સાચા મિત્રની જે દિવસે તમે અવગણના કરશો તે દિવસથી તમારા ધાર્મિક જીવનનો અધઃપાત શરૂ થઈ ગયો છે, એમ નક્કી માનજો.

જો તમે તમારું મનુષ્યજીવન સફળ કરવા ચાહો છો, તો વ્રત-પાલનમાં દૃઢ રહેજો. જે વ્રતની પ્રતિજ્ઞા લો તે પ્રતિજ્ઞાને વળગી રહેજો અને તેને પૂર્ણ કરવાનો હમેશાં સતત પ્રયત્ન કરતા રહેજો. ઘણા લોકોની એવી માન્યતા છે કે વ્રતની પ્રતિજ્ઞા લેવાની શી

આવશ્યકતા છે ! વ્રતની પ્રતિજ્ઞા લેવાની આવશ્યકતા એટલા માટે છે કે સંકટના સમયે વ્રતપાલનની પ્રતિજ્ઞા એક પરમપ્રિય મિત્રનું કાર્ય સાધે છે. આપણને તે અધઃપતિત થતાં પહેલાં બચાવે છે અને ધર્મનો સાચો રસ્તો બતાવે છે. મહાત્માજી આજે મહાત્મા બન્યા છે એનું ઘણુંખરું શ્રેય તેમની માતુશ્રીએ આપેલ 'પ્રતિજ્ઞા'ને મળે છે—કે જે પ્રતિજ્ઞાના પાલનથી મહાત્માજી આજે મહાન બની શક્યા છે. સંકટના સમયે વ્રતપાલનનું સ્મરણ કરાવનાર, વ્રતપાલન માટે વારંવાર પ્રેરણા આપનાર અને પ્રલોભનના સમયે સંયમનો મર્મ સમજાવનાર વ્રતધર્મ એ આપણો સાચો મિત્ર બને છે. આવા સાચા ધર્મમિત્રને આપણે શી રીતે અવગણી શકીએ ?

વ્રત વિષે આટલો બધો વિસ્તારપૂર્વક વિચાર કર્યા બાદ 'પાખંડ' એટલે વ્રત, અને એ લૌકિક કે લોકોત્તર ધર્મવ્રતને ધારણ કરનાર 'પાખંડી' કહેવાય છે, એ સહજ રીતે સમજી શકાય એમ છે.

ગ્રામધર્મ, નગરધર્મ તથા રાષ્ટ્રધર્મને જીવનમાં મૂર્ત સ્વરૂપ આપવા માટે પાખંડધર્મ—વ્રતધર્મને સ્વીકારવો જોઈએ. શાસ્ત્રકારોએ પણ એ દૃષ્ટિએ ગ્રામધર્મ, નગરધર્મ અને રાષ્ટ્રધર્મ બાદ 'પાખંડધર્મ' વર્ણવ્યો છે.

(૫)

કુળધર્મ

[कुलधम्मे]

'वसे गुरुकुले णिच्चं'

આજે આપણે 'કુલીનતા-કુળધર્મ'ને ભૂલી જઈ 'કુળ' શબ્દને વળગી ઉચ્ચનીચની વ્યાખ્યા કરીએ છીએ. અને તેથી જ દેશ અને સમાજમાં મોટો ગોટાળો ઊભો થવા પામ્યો છે. જે દિવસે 'કુલીનતા'ના ત્રાજવે ઉચ્ચનીચના ભેદભાવને તોળીશું તે દિવસે આપણી બધી ભ્રમણા ભાંગી જશે, અને દીવા જેવું સ્પષ્ટ જણાશે કે જાતિવાદ એ સમાજની એક મોટી બદી છે અને ગુણવાદ એ સમાજનો આદર્શ છે.

સંસ્કારિતા, નાગરિકતા, રાષ્ટ્રીયતા અને ધર્મશીલતાના પારસ્પરિક સંબંધ વિષે આપણે વિચાર કર્યો. હવે આપણે અત્રે એ વિચાર કરવાનો છે કે આ સદ્‌ગુણો માનવસમાજમાં કેવી રીતે અને ક્યાંથી પ્રગટે છે? જરા ઊંડો વિચાર કરવાથી આપણને સ્પષ્ટ જણાશે કે ઉપર્યુક્ત સદ્‌ગુણોનું ઉદ્‌ભવસ્થાન ગૃહસંસ્કાર છે. માતા-પિતાના સદ્‌વ્યવહારથી ગૃહસંસ્કારો કેળવાય છે. એ જ ગૃહસંસ્કારો

વિસ્તાર પામતાં કુટુંબસંસ્કારનું રૂપ ધારણ કરે છે અને જ્યારે એ કૌટુંબિક સંસ્કારોનું ક્ષેત્ર જરા વિસ્તીર્ણ થાય છે ત્યારે તે સંસ્કારો આખા કુળના સંસ્કારો બની જાય છે. આ રીતે કુળના સંસ્કારો એ ઘરના અને કુટુમ્બના સંસ્કારોમાંથી ઘડાયેલા અને સંસ્કૃત બનેલા સંસ્કારો છે. કુળની સંસ્કૃતિમાંથી જે કુલીનતા જન્મે છે એ જ કુલીનતા માનવસમાજમાં સુખશાન્તિનું બીજ રોપે છે. કુળના આચારવિચારો વિકાસ પામતાં જ્ઞાતિના આચારવિચારો બને છે, અને જ્ઞાતિના આચારવિચારો સંઘના આચારવિચારો બને છે, અને સંઘના આચારવિચારોનો પ્રભાવ સમસ્ત રાષ્ટ્ર ઉપર પડયા વગર રહેતો નથી. વિશેષ વિચાર કરીશું તો આપણને સ્પષ્ટ જણાશે કે માનવસમાજની સુખશાન્તિ વધારવામાં કુળધર્મનું સ્થાન અતિ મહત્ત્વનું છે. અત્યારે વિશ્વશાન્તિ જે જોખમમાં આવી પડી છે તેનું એક કારણ કુળધર્મની અવગણના પણ છે. કુળધર્મ શો છે, કુળધર્મ માનવસમાજનું શું કલ્યાણ કરી શકે એમ છે, અને કુળધર્મનો પુનરુદ્ધાર કરવાથી સમાજ, ધર્મ અને રાષ્ટ્રનું કલ્યાણ કેવી રીતે થઈ શકે એમ છે, એ વિષે આપણે અત્રે સંક્ષેપમાં વિચાર કરીશું.

કુળ એટલે પરિજનોનો સમુદાય અને ધર્મ એટલે કર્તવ્ય. પરિજનોના સમુદાયનો આચારવિચાર તે કુળાચાર કહેવાય છે.

જે આચારવિચારથી, જે વિચારવર્તનથી અને જે કાર્યપ્રણાલીથી કુળનો આદર્શ ઉન્નત બને, કુળની પ્રતિષ્ઠા વધે, કુળની ખાનદાની વધે, કુળની માનમર્યાદા વધે, કુળ ઉચ્ચ બને, ટૂંકમાં કુળ કુલીન બને એ કુળનો ધર્મ કહેવાય છે.

કુળનું ક્ષેત્ર પણ વિસ્તીર્ણ છે. કુળની મર્યાદામાં કુટુમ્બની અને ઘરની મર્યાદા આવી જાય છે.

[illegible]

[illegible] ... જેમ બાળકની બુદ્ધિ વિકસિત થતી જાય છે તેમ તેમ બાળક ગૃહસંસ્કારો અને કુટુંબાચારોનું [illegible] કરતું જાય છે અને આખરે તે ગૃહસંસ્કારોને કુટુંબના સંસ્કારો સાથે એક કરી લે છે. બાળક જેમ ઉંમરમાં વધતો જાય છે તેમ તેમ તે ઘરનું, કુટુંબનું પ્રાંગણ છોડી શેરીઓમાં રમતાં શીખે છે અને શેરીઓમાંથી કુળનાં ઘર સુધી પહોંચી જાય છે અને નવા સંસ્કારો મળે છે તેને અપનાવતો જાય છે. આખરે તે કુળધર્મ સમજતો થાય છે અને તેના આચારવિચાર પ્રમાણે વર્તવા પ્રયત્ન કરતો જાય છે.

કુળધર્મને સમજવાની બુદ્ધિ પરિપક્વ થતાં બાળક એ પણ સમજતો થાય છે કે તેનો કુળધર્મ મુખ્ય બે ભાગમાં વહેંચાયેલો છેઃ એક લૌકિક કુળધર્મ છે કે જે કુળધર્મ માતાપિતા, સગાંવહાલાં તથા ગુરુઓના કુળમાં આજ્ઞાનુવર્તી રહી વંશવર્ધન, વંશપાલન, વંશવ્યવસ્થા તથા લોકજીવનની સમુચિત શિક્ષાદીક્ષા

કેવાનો ઉપદેશ આપે છે, અને બીજો લોકોત્તર કુળધર્મ છે કે જે કુળધર્મ લોકજીવનને સાર્થક બનાવવાનો ઉપદેશ આપી મોક્ષમાર્ગ ગ્રહણ કરવાની શિક્ષાદીક્ષા આપે છે.

લૌકિક કુળધર્મ અને લોકોત્તર કુળધર્મની શિક્ષાદીક્ષા દેવાની પ્રવૃત્તિ ભિન્નભિન્ન હોવા છતાં બન્ને કુળધર્મોનો આદર્શ તો માનવસમાજમાં શાશ્વત સુખશાન્તિ સ્થાપવાનો છે. લૌકિક કુળધર્મ એ આદર્શને પહોંચવા માટે શુભ પ્રવૃત્તિમાર્ગ બતાવે છે, જ્યારે લોકોત્તર કુળધર્મ શુભ નિવૃત્તિમાર્ગ બતાવે છે.

કુળધર્મનાં શાશ્વત સુખશાન્તિ પ્રાપ્ત કરવાના મૂળ આદર્શને પહોંચવા માટે નિવૃત્તિમાર્ગ પ્રવૃત્તિમાર્ગ કરતાં વધારે સીધો છે પણ આચરણમાં કઠણ છે; જ્યારે પ્રવૃત્તિમાર્ગ આડોઅવળો છે પણ સુગમ છે.

સાધારણ મનુષ્યો માટે નિવૃત્તિમાર્ગ સરલ નથી. પણ એ માર્ગ તો મુનિમહાત્માઓ કે જેઓ સાંસારિક ભોગતૃષ્ણાને પોતાની પીઠ પાછળ કરી કેવળ મોક્ષસિદ્ધિ માટે સતત પ્રયત્નો કરે છે, તેમને માટે સરલ છે. બાકી પ્રવૃત્તિના આડાઅવળે માર્ગે જનારા જગતમાં ઘણા છે. તેમાં જે લોકો કુળધર્મના ધ્યેય પ્રમાણે (સુત્ર–ચારિત્ર) સદાચાર અને સદ્વિચારોનું સેવન કરશે તે લોકો ધીરેધીરે નિવૃત્તિમાર્ગદ્વારા મોક્ષમાર્ગે પણ પહોંચી શકશે.

લોકોત્તર કુળધર્મના માર્ગે જનારાઓએ પણ લોકોત્તર ગુરુની પાઠશાળામાં સમભાવ, સહિષ્ણુતા, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ધર્મારાધન, આદિ પ્રાથમિક બોધપાઠો વિધિપુરસ્સર ભણવા પડે છે. જે ગુરુની પાસે બરાબર શિક્ષાદીક્ષાદ્વારા શિક્ષિતદીક્ષિત થાય છે તે મોક્ષાર્થી શિષ્ય લોકોત્તર કુળધર્મનું બરાબર પાલન કરી શકે છે અને આખરે મોક્ષસિદ્ધિને શનૈઃશનૈઃ સાધી શકે છે.

કેટલાક લોકોની એવી માન્યતા છે કે નિવૃત્તિમાર્ગે ધર્મ સુત્ર–ચારિત્રનું આરાધન કરવું એ જ ધર્મ છે. બાકી પ્રવૃત્તિમાર્ગ એ

પાપમાર્ગ છે. આ માન્યતા થોડી ભ્રમણા પેદા કરનારી છે. જે લોકોની એવી માન્યતા છે તેમને પૂછવું જોઈએ કે સત્પ્રવૃત્તિદ્વારા કુળના આદર્શને ઉન્નત બનાવવો એ પણ શું પાપ છે? જો કુળનો આદર્શ ઉન્નત બનાવવો એ પાપમય પ્રવૃત્તિ કહેવાતી હોય તો કુળને અધોગતિમાં ઉતારવો એ શું ધર્મ છે?

લૌકિક કુળધર્મનું બરાબર પાલન કરવું સરલ નથી. કુલીનતાની પ્રાપ્તિ માટે સતત પ્રયત્ન કરવાની જરૂર રહે છે. સાચો કુળધર્મી ભલે પ્રાણ ચાલ્યો જાય, પરંતુ પૂર્વજોનો ચાલ્યો આવતો સદ્વ્યવહાર છોડી શકતો નથી. ભલે ખાવા ન જ મળે, પણ અન્નના દાણા માટે ચોરી કે અસત્ય આદિ દોષોનું આચરણ કરવું તે કુળધર્મીને વજ્રપાત સમાન દુઃખ લાગે છે.

રાણા પ્રતાપે કેવળ કુળધર્મની ટેક જાળવવા માટે અને કુળધર્મની રક્ષા માટે સ્વેચ્છાએ દુઃખપરંપરા સ્વીકારી લીધી પણ તેણે પોતાના હાથે કુળધર્મની સ્વતંત્રતા ન વેચી. માણસની કુલીનતાની કસોટી દુઃખના પ્રસંગે જ થાય છે. જે દુઃખોમાં પણ પોતાની કુલીનતા જાળવી રાખી શકે છે તે જ મનુષ્ય કુળધર્મનું પાલન કરી કુલીન બની શકે છે.

અત્યારે ઉચ્ચ કુળમાં જન્મવા માત્રથી જ કુલીનતા આવી જતી હોય એવી માન્યતા પ્રચલિત થઈ પડી છે. પણ ખરી રીતે ઉચ્ચ કુળમાં જન્મવા માત્રથી કુલીનતા આવતી નથી. પણ કુલીનતા મેળવવા માટે મનુષ્યે પોતાએ સત્કાર્યોદ્વારા કુલીન બનવું પડે છે.

ભગવાન મહાવીરે જાતિવાદને બદલે ગુણવાદને વધારે મહત્ત્વ આપ્યું છે. કોઈ પણ મનુષ્ય ઉચ્ચ[1] કુળમાં જન્મવા માત્રથી ઉચ્ચ થઈ

---

[1] જાતિવાદ અને ગુણવાદ વચ્ચે હમેશાં જુગજૂનું હાડવૈર રહ્યું છે. જાતિવાદને નાબૂદ કરવા ગુણવાદે અને ગુણવાદને નાબૂદ કરવા જાતિવાદે પરસ્પર અનેક બળો અજમાવ્યાં છે. પણ માનવશક્તિ આગળ પાશવિક શક્તિ હમેશાં અન્તે પરાસ્ત થઈ છે. ગુણવાદના પ્રચાર માટે ભગવાન

સંદેશને સાંભળી, સમજી શકીશું તો દેશમાં ઉચ્ચ, નીચ, સ્પૃશ્ય સ્પૃશ્યનો જે જટિલ પ્રશ્ન ઊભો થયો છે તેનો ઉકેલ સારી રીતે થઈ જશે

આજે આપણે ' કુલીનતા 'ને ભૂલી જઈ ' કુળ ' શબ્દને વળગી ઉચ્ચનીચની વ્યાખ્યા કરીએ છીએ, અને તેથી જ દેશ અને સમાજમાં મોટો ગોટાળો ઊભો થવા પામ્યો છે. જે દિવસે આપણે કુલીનતાના ત્રાજવે ઉચ્ચનીચને તોળીશું તે દિવસે આપણી બધી ભ્રમણા ભાંગી જશે

કુલીનતા એ ધર્મસાધનાનું એક અંગ છે. જ્યાં સુધી મનુ કુળધર્મનું બરાબર પાલન કરી કુલીન ન બને ત્યાં સુધી તે સૂત્ર ચારિત્રધર્મ અને ' આત્મિક ધર્મ ' નું આચરણ કરવા સમર્થ થઈ શકે નથી. સૂત્ર–ચારિત્રધર્મનો આધાર કુળધર્મ છે. જો કુળધર્મ નષ્ટ થ જાય તો તે આત્મિક ધર્મ કેવી રીતે પાળી શકે ?

કેટલાક લોકો એવી દલીલ કરે છે કે કુળધર્મ તો સાંસારિ ધર્મની શિક્ષાદીક્ષા દે છે તો એ ધર્મ, ધર્મ કેમ કહી શકાય ? દલીલ ભ્રામક છે. દલીલ કરનારે જાણવું જોઈએ કે કુળધર્મ જે લૌકિક ધર્મની શિક્ષા આપે છે, તેમ લોકોત્તર ધર્મની પણ શિક્ષા આપે છે. વળી લોકોત્તર ધર્મનો આધાર લૌકિક ધર્મ ઉપર રહે છે. એટલા માટે જો લૌકિક ધર્મ વ્યવસ્થિત રીતે ન ચાલે તો લોકોત્તર ધર્મ પણ જોખમમાં આવી પડે. એટલા માટે લૌકિક ધર્મ અને લોકોત્તર ધર્મનો સમન્વય ભગવાન મહાવીરે કર્યો છે. શ્રાવકશ્રાવિકા એ લૌકિક ધર્મના પ્રતિનિધિ છે અને સાધુસાધ્વી લોકોત્તર ધર્મના પ્રતિનિધિ છે. શ્રી ચતુર્વિધ સંઘના આ ચાર પ્રતિનિધિઓ જો પરસ્પર સલાહસંપથી સમન્વય ન રાખે તો જૈનધર્મ જોખમમાં આવી પડે. ભગવાન મહાવીરે જે સંઘશાસનની યોજના કરી છે તે યોજના એવી તો અભૂતપૂર્વ છે કે એ સંઘશાસનની યોજનાદ્વારા આજે જિનશાસન નિર્વિઘ્નરૂપે પ્રવર્તી રહ્યું છે.

ઉપસંહાર

લૌકિક ધર્મના પ્રતિનિધિરૂપ, [illegible] લૌકિક કુળ-
ધર્મનું યથાર્થ પાલન કરેલું જણાય છે, અને લોકોત્તર ધર્મના પ્રતિનિધિરૂપ
[illegible] લોકોત્તર કુળધર્મનું યથાર્થ પાલન કરેલું જણાય છે.
એટલે આ પ્રમાણે લૌકિક કુળધર્મ અને લોકોત્તર કુળધર્મનું યથાર્થ
પાલન કરી ભગવાન મહાવીરના અનુયાયીઓ, [illegible] આ-
ત્મિક [illegible] અને કુળધર્મ [illegible]
[illegible] કુટુંબના [illegible], જે [illegible] અને
દેશમાં સુખશાન્તિનું બીજ રોપશે.

---

(૬)

ગણધર્મ

[गण-धर्म]

ગણતંત્ર-પ્રજાતંત્ર એ આપણો પુરાતન વારસો છે. જો આપણે અન્યાયમાત્રની સામે થવા જેટલું નૈતિક બળ કેળવીએ અને લડવા મતભેદ કે સ્વાર્થને તિલાંજલિ આપી શકીએ, સમાજ અને ગણધર્મની રક્ષા માટે બલિદાન આપવા તૈયાર રહીએ તો આપણા પૂર્વજોની સંપત્તિના અધિકાર કે ઉપભોગથી આપણને કોઈ વંચિત રાખી શકે નહિ. આપણા ગણધર્મમાં જે અમાપ બળ રહેલું છે તે બળનો આપણે સદુપયોગ કરતાં શીખીએ તો આખો જૈન-ધર્મ જગતમાં ઝળકી ઊઠે.

ગણ એટલે સમૂહ. અને સમૂહનો પ્રત્યેક સભ્ય રાષ્ટ્રની પ્રતિષ્ઠા તેમજ વ્યવસ્થા જાળવવા માટે જવાબદાર રહે એનું નામ ગણતંત્ર. સબળ મનુષ્ય નિર્બળને દબાવે કે એવા જ પ્રકારનો બીજો કોઈ જુલ્મ થતો હોય તો ગણતંત્ર એ સહન કરી શકે નહિ. નિર્બળની રક્ષા કરવી, નિર્બળને ન્યાય અપાવવા પોતાના સર્વસ્વનો ભોગ આપવો પડે તોપણ પાછી પાની ન કરવી, એ ગણધર્મ પાળનારાઓનું મહાવ્રત હોય છે. ગણતંત્રની આ વ્યવસ્થા આજના પ્રજાસત્તાત્મક

સામે વિરોધ જાહેર કર્યો. આખરે યુદ્ધ કરવું પડે તો અઢારે ગણતંત્રના રાજાઓએ સાથે મળી ચેટક રાજાને સહાય કરવાનું વચન આપ્યું. ગણતંત્રોમાં અથવા પ્રજાતંત્રોની રાજ્યવ્યવસ્થામાં પ્રજાને માથે કેવી ગંભીર જવાબદારીઓ હોય છે તેની કલ્પના આથી થઈ શકશે. વિહલ્લકુમાર એ માત્ર ચેટક રાજાનો જ ભાણેજ હતો, બીજા રાજાઓને એની સાથે કશો સંબંધ નહોતો; છતાં તેમણે અન્યાય—અત્યાચારની સામે લડવાનો અને વિહલ્લકુમારના અન્યાયની પડખે આવી ઊભા રહેવાનો નિશ્ચય કર્યો.

જે પ્રજા અન્યાય, અત્યાચારની સામે પૂરેપૂરા બળથી સામનો કરી શકે નહિ અથવા તો પોતાના નાના નાના સ્વાર્થોમાં જ મશગૂલ રહે તે પ્રજા આવા ગણતંત્રને માટે પોતાની યોગ્યતા સિદ્ધ કરી શકે નહિ.

યુદ્ધની ભયંકરતા કે હિંસાને આડે ધરી આ ગણતંત્રવાળાઓ વિહલ્લકુમારને ખુશીથી કોણિકની દયા ઉપર છોડી પણ શકત, પણ તેઓ સમજતા હતા કે ગણતંત્રમાં એવા લૂલા બચાવને જરા પણ સ્થાન ન જ હોય.

નાનામાં નાનો અન્યાય કે અત્યાચાર ગણતંત્રમાં જો ચલાવી લેવાય તો એ ગણતંત્રના પાયા બીજી જ ક્ષણે તૂટી ઊઠે. ગણધર્મના સુસનિષ્ઠ ધુરંધરો વખત આવ્યે કોણિકના અન્યાય સામે લડી લેવા પણ તૈયાર થયા. નવમલ્લી જાતિના અને નવલિચ્છવી જાતિના અઢાર ગણરાજાઓ રાજા ચેટકની મદદે આવ્યા.

ગણતંત્રની પ્રતિષ્ઠા સાથે, એક આશ્રયે આવેલા રાજકુમારની સાથે થયેલા અન્યાયનો પ્રતિકાર અને તેના હક્કનું સંરક્ષણ; એ આ યુદ્ધનાં મૂળ કારણો હતાં.

અહીં કોઈને એવી શંકા થવી સંભવિત છે કે સત્કાર્યનું નામ ધર્મ છે; પરન્તુ અહીં તો કેવળ હાર, હાથી ન આપવાથી ઘોર સંગ્રામ

[illegible]

આ એક જતા વિચારણીય છે [illegible] આ પ્રશ્નનો ઉત્તર [illegible]

રાજા પરદેશી, કેશીશ્રમણ પાસે [illegible] ધર્મચર્ચા કરીને ખમાવ્યા [illegible] તેમને કહ્યું કે 'હે! રાજા! તમે [illegible] વિના કારણ આવ્યો છો, તો હું આ [illegible] નથી।'

રાજા પરદેશીએ ઉત્તર આપ્યો કે 'હું એ વાતને આ રીતે [illegible] છું. અને મારી એ ભાવના ધ્રુવ નથી કે આપને હું ખમાવું નહિ! મારો વિચાર છે કે જ્યારે હું પરિવાર સહિત એના ધર્મને માટે આપને ખમાવું.'

અહીં આપણે વિચારવું જોઈએ કે જે રાજા એકલો જ [illegible] તો ઉતાવળિયા એટલી રાત અને પરિવાર [illegible] સેના સહિત ખમાવવા આવવામાં ઉતાવળિયા વિલંબ થાય તો [illegible] સેના અને પરિવાર સહિત ખમાવવા આવવામાં પરદેશી રાજાનો [illegible] મુખ્ય આશય હતો।

હવે પરિવાર તથા સેના સહિત ખમાવવા આવવામાં ઉતાવળિયા વિલંબ થવાની સંભાવના હતી તો કેશીશ્રમણે પરદેશી રાજાને 'પરિવાર તથા સેનાસહિત ખમાવવા આવવામાં ઉતાવળિયા વિલંબ થશે માટે [illegible] ખમાવવાનો જ ભાવ છે તો તમે એકલા જ ખમાવી [illegible] અત્રે આવવાની આવશ્યકતા નથી' એમ કહી રાજાને રોક્યો નહિ! આ પ્રશ્નનો સમાધાનકારક ઉત્તર શો હોય?

[illegible]

તમને ફરી એવી શંકા થાય કે રાજા પરદેશીની વાત તો સૂત્રધર્મને લગતી છે, એટલે એ પ્રશ્ન જુદો છે. અને મહારાજા ચેડાજીની વાત ગણધર્મને લગતી છે, એટલે એ પ્રશ્ન પણ જુદો છે. બન્ને ભિન્ન ધર્મોને એક કોટીમાં કેમ મૂકી શકાય?

અહીં તો કેવળ હાર, હાથી પાછાં આપવામાં ન આવે તો અનેક મનુષ્યોની જાનમાલની ખુવારી થશે, તો તે યુદ્ધને ઉચિત કેમ માની શકાય?

તમારો પ્રશ્ન બરાબર છે. જુઓ, જેમ રાજા પરદેશી એકલો જ ખમાવીને ચાલ્યો જાત તો સૂત્રધર્મનો પ્રભાવ જનસમાજ કે સેના ઉપર પડત નહિ તેમ જ રીતે ગણધર્મીઓ ન્યાયઅન્યાયનો વિચાર

ક્યાં વિના કેવળ યુદ્ધની ભયંકરતાનો વિચાર કરી મહારાજા કોણિકને હાર, હાથી પાછાં આપી દે અને આશ્રયે આવેલા વિહલકુમારને સહાયતા ન આપે, તો ગણધર્મનો પ્રભાવ પ્રજાજનો ઉપર પડે નહિ; પણ ઊલટું પ્રજાજનો આવા ગણધર્મને ડરપોકધર્મ કહે કે વીરધર્મ ? પ્રજાજનો પાસેથી આ પ્રશ્નનો જવાબ માંગવામાં આવે તો એક-અવાજે એ જ જવાબ મળશે કે એવો ડરપોક ગણધર્મ શા કામનો !

આ પ્રમાણે હાર, હાથી પાછાં આપી દેવાથી ગણધર્મ જોખમમાં આવી પડે તો સંઘધર્મની રક્ષા થાય કે નાશ ?

એ કહેવાની જરૂર નથી કે ગણધર્મની રક્ષામાં સંઘધર્મની રક્ષા અને ગણધર્મના નાશમાં સંઘધર્મનો નાશ રહેલો છે.

'જ્યાં સુધી પોતાના માથા ઉપર આવી પડ્યું નહિ ત્યાં સુધી ગણધર્મનો સ્વાંગ રચ્યો, અને જ્યારે ગણધર્મને કાર્યમાં પરિણત કરવાનો કટોકટીનો સમય આવ્યો ત્યારે ગણધર્મને છોડી દીધો.' આ પ્રકારનો અવર્ણવાદ કોણિક રાજાને હાર, હાથી પાછાં આપવાથી જનસમાજમાં પ્રચલિત થઈ જાત. ગણધર્મના આ અવર્ણવાદથી ગણધર્મ અને રાજધર્મ કલંકિત થઈ જાત. જેવી રીતે રાજા પરદેશીને સેના અને પરિવાર સહિત ખમાવવા આવવામાં સમકિત ધર્મનો લાભ થયો, તેવી જ રીતે ગણધર્મનું અને રાજધર્મનું ડરપોકપણાનું કલંક દૂર કરવાની દૃષ્ટિએ, અન્યાય, અત્યાચારના પ્રતિકારની દૃષ્ટિએ અને આશ્રયે આવેલા રાજકુમાર વિહલકુમારની રક્ષાની દૃષ્ટિએ હાર, હાથી કોણિકને પાછાં ન આપવામાં ગણધર્મની રક્ષા રહેલી હતી. અને તેને અંગે યુદ્ધ આવશ્યક થઈ પડ્યું હતું.

આ યુદ્ધ જૈનસૂત્રોમાં 'મહાશિલાકંટક' તથા 'રથમૂસલ' સંગ્રામોના નામે પ્રસિદ્ધ છે. એમાં ઘણા માણસો મરાયા. યુદ્ધમાં દેવો મદદથી જો કે કોણિક જીત્યો પણ એ બધુ છતાં ગણતંત્રના પુરસ્કર્તાએ ભારે જોખમ ખેડીને પણ પોતાના ગણતંત્રની પ્રતિષ્ઠા જાળવી.

મુખ્યત : આ ગણતંત્ર-ગણધર્મની રક્ષા કરતાં જેટલ મનુષ્યોનો વધ થયો તે બધાનું મહાન પાપ મહારાજા કોણિકને લાગ્યું કારણ કે તેણે જ અન્યાયનો પક્ષ લઈ લડાઈ કરી હતી. ગણતંત્રે માત્ર ન્યાયનો પક્ષ લીધો હતો.

આપણે પણ આરંભસમારંભને ધર્મ કહેતા નથી. પણ ધર્મ રક્ષા કરવી એ તો આવશ્યક છે ને?

આપણે આરંભસમારંભના બહાના નીચે આજે ધર્મબુદ્ધિ નાશ કરી નાંખ્યો છે. એટલા જ માટે આજે જૈનધર્મને કેટલ સામાન્ય માણસો ડરપોકધર્મ માની બેઠા છે. ચેટક રાજા નવમલ્લી તથા નવલિચ્છી જાતિના અઢારે રાજાઓ ભગવ મહાવીરના ભક્તો હતા, એટલું છતાં તેમણે ગણધર્મની રક્ષા કર અને તેની આબરૂ જાળવવા આ યુદ્ધ કર્યું. પહેલાંના મનુષ્યો એટલા બધા વિચારશીલ અને ધર્મશીલ હતા કે અન્યાયને અટકાવવા ખાતર યુદ્ધ કરવું હોય તો તે પણ સ્વીકારી લેતા હતા. પણ શરણમાં આવેલા મનુષ્યને શરણ ન આપવું અને તેને ન્યાય ન અપાવવો એને જરા પણ ઠીક સમજતા નહોતા.

જે મનુષ્યો પોતાના શરણમાં આવેલાઓનો ત્યાગ કરી દે છે અર્થાત્ આશ્રય આપતા નથી તેઓ કાયર છે; પણ જે વીર છે, જે મહાવીર ભગવાનના સાચા સેવક છે, જે ઉદાર અને ધર્માત્મા છે, તેઓ તો પોતાનું સર્વસ્વ આપીને પણ શરણાગતની રક્ષા અને સેવા કરે છે.

આ યુદ્ધમાં જેટલા મનુષ્યોનો વધ થયો હતો, તે મનુષ્યહત્યાનું પાપ મુખ્યતઃ મહારાજા કોણિક ઉપર એટલા માટે ઢોળવામાં આવે છે કે તેણે અન્યાયના પક્ષનું સમર્થન કરવા માટે યુદ્ધનું બીજા રોપણ કર્યું હતું.

ગણતંત્રના નાયકોએ મહારાજા કોણિકને યુદ્ધ ન કરવા અને રાજકુમાર વિહલકુમાર સાથે અન્યાય ન કરવા ખૂબ સમજાવ્યો

ગણધર્મના સ્વરૂપ વિષે આપણે જરા ઊંડો વિચાર કરીશું તો જણાશે કે ગણધર્મ અને આજનો રાષ્ટ્રધર્મ વિભિન્ન નથી. આજની રાષ્ટ્રીયતા આપણા ગણધર્મની સુધારેલીવધારેલી નવી આવૃત્તિ જ છે. આ રાષ્ટ્રધર્મના પ્રાણરૂપ ગણધર્મને દિપાવવા માટે પ્રજાના પ્રત્યેક સભ્યે ધૈર્યબળ અને આત્મભોગ કેટલા પ્રમાણમાં કેળવવાં જોઈએ તે આ ગણધર્મનું સ્વરૂપ જાણવાથી સ્પષ્ટ થશે.

ખરી રીતે ગણતંત્ર—પ્રજાતંત્ર એ આપણો પુરાતન વારસો છે. જો આપણે અન્યાયમાત્રની સામે થવા જેટલું નૈતિક બળ કેળવીએ, નજીવા મતભેદ કે સ્વાર્થને તિલાંજલિ આપી રાષ્ટ્રધર્મ અને ગણધર્મનો સુયોગ સાધી તેને માટે બલિદાન આપવા તૈયાર રહીએ તો આપણા પૂર્વજોની સંપત્તિના અધિકાર કે ઉપભોગથી આપણને કોઈ વંચિત રાખી શકે નહિ. આપણા ગણધર્મમાં જે અમાપ બળ રહેલું છે તે બળનો આપણે સદુપયોગ કરતા શીખીએ તો આપણો જૈનધર્મ જગતમાં ઝળકી ઊઠે.



(૭)

સંઘધર્મ

[संघ-धम्मे]

सुखा संघस्स सामग्गी, समग्गानं तपो सुखो।

અર્થાત્- સંઘની સામગ્રી (સંપ) સુખકારક છે અને સંપથી રહેનારા શ્રાવકશ્રાવિકા, સાધુસાધ્વી—સમસ્ત સંઘનું તપશ્ચરણ પણ સુખકારક છે.—सुत्तनिपात

જૈનધર્મ અને સંઘધર્મનો પરસ્પરનો સંબંધ અભિન્ન છે. જૈનધર્મમહેલનો જીવનસ્તંભ એ સંઘધર્મ છે. ધર્મી વિના જેમ ધર્મ ટકી શકતો નથી તેમ સંઘધર્મ વિના જૈનધર્મ ટકી શકે નહિ. જીવનરથનાં સ્ત્રી અને પુરૂષ એ બે ચક્રો છે. બન્નેમાંથી એક પણ ચક્ર નાનું મોટું, અસમાન કે ભાગેતૂટેલું હોય તો જીવનરથની ગતિ આગળ ચાલી ન શકે, તેમ ધર્મરથના સાધુસાધ્વી અને શ્રાવકશ્રાવિકા એ બન્ને ધર્મચક્રો છે. ભગવાન મહાવીરે ધર્મરથને જ્ઞાન અને ચારિત્રરૂપ બે બળવાન બળદો જોડી, કુશળ ધર્મસારથિ બની ધર્મચક્રોનું તીર્થ-પ્રવર્તન કર્યું. અને ધર્મચક્રના એ તીર્થપ્રવર્તનદ્વારા ભગવાન મહાવીર

લૌકિક ધર્મ. એ ધર્મક્ષેત્રમાં અનેક મત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ખરું કે [illegible] અનેક વસ્તુમાં [illegible] [illegible] શક્તિસામર્થ્ય રહેલું છે. પણ એ શક્તિસામર્થ્ય [illegible] [illegible] [illegible] ત્યારે શક્તિઓનો સમન્વય કરી સંઘ [illegible] [illegible] શક્તિઓનો [illegible] ન થાય અને પરસ્પરના સંઘર્ષથી તેનો [illegible] [illegible] થાય તો શક્તિનો સદુપયોગ થવાને બદલે દુરુપયોગ થયો ગણાય. શક્તિઓનો સદુપયોગ કરવા માટે સંઘની [illegible] કરવાની જરૂર છે. અને સાથેસાથે સંઘશક્તિ કેળવવાની પણ [illegible] આવશ્યકતા છે.

જેમ વિરુદ્ધ સ્વભાવની શક્તિઓનો પાણી અને અગ્નિ જેવાં વિરુદ્ધ તત્ત્વોની જેમ સમન્વય કરી વિદ્યુતશક્તિ જેવી સંઘશક્તિ પેદા કરવામાં ન આવે તો સમાજનું કલ્યાણ [illegible] [illegible] [illegible] મુશ્કેલ થઈ જાય.

રાજ્યતંત્ર, ગણતંત્ર, સમાજતંત્ર અને ધર્મતંત્રનું સંચાલન પણ સંઘશક્તિના પ્રબળ પીઠબળને લીધે જ થતી રહ્યું છે એની ના કોણ કહી શકે એમ છે?

સૂક્ષ્મ કાર્યથી લઈ મહાન કાર્યની સિદ્ધિ માટે સંઘશક્તિ કેળવવાની પણ પરમ આવશ્યકતા છે. આ જ ઉદ્દેશની પૂર્તિ માટે સમસ્ત માનવસમાજ સંઘસ્થાપનાની યોજનાને સ્વીકારે છે. નાનીમોટી સંસ્થાઓ, યુવકસંઘો, વિદ્યાર્થીસંઘો, જ્યોતિસંઘો, મંડળો, મઠો, સભાઓ, સમ્પ્રદાયો વગેરે જુદાજુદા સંઘોએ લોકમત કેળવી પોતાના ઉદ્દેશની પૂર્તિ માટે સફળ પ્રયત્નો સેવ્યા છે અને હજુ તે સેવે છે.

આ સંઘસ્થાપનાની યોજનાની પાછળ વ્યક્તિગત શક્તિ ગમે તેટલી બળવતી હોય છતાં જ્યાં સુધી છૂટીછવાયેલી શક્તિઓને સામૂહિક રૂપ આપી સંઘબળરૂપે પરિણત કરવામાં ન આવે ત્યાં સુધી ઇષ્ટ સાધ્યની સિદ્ધિ થવી અશક્ય છે.

નીતિકારો તો આ સંઘશક્તિને નીતિરૂપે જીવનધ્યેય બનાવવા માટે આપણને ભારપૂર્વક કહ્યા કરે છે. તેઓ 'संहतिः श्रेयसी'—સંઘશક્તિ શ્રેયસી—કલ્યાણકારી—છે એટલું જ કહીને અટક્યા નથી, પણ જેને આપણે ક્ષુદ્ર ગણી તુચ્છકારીએ છીએ તેવી ક્ષુદ્ર ગણાતી વ્યક્તિઓનું પણ સંગઠન સાધી સંઘબળ કેળવવું જોઈએ અને એ પ્રમાણે જ્યારે સંઘબળ કેળવાય ત્યારે જ 'संहतिः कार्यसाधिका' અર્થાત્ સંઘશક્તિ ફલદાયિની નીવડે શકે અન્યથા નહિ એમ ભારપૂર્વક કહે છે.

> अल्पानामपि वस्तूनां संहतिः कार्यसाधिका ।
> तृणैर्गुणत्वमापन्नैर्बध्यन्ते मत्तदन्तिनः ॥

તણખલા જેવી તુચ્છ ગણાતી વસ્તુઓને એકઠી કરી મદોન્મત્ત હાથીઓ પણ બાંધી શકાય છે. એ લોકપ્રસિદ્ધ ઉદાહરણને કોણ ખોટું પાડી શકે એમ છે? તેમ ભિન્નભિન્ન વ્યક્તિઓનું છિન્નભિન્ન થયેલુ બળ જો એકત્રિત કરી સંઘબળરૂપે પરિણત કરવામાં આવે તો અસંભવ જેવુ જણાતું કાર્ય પણ સરળ રીતે સફળ થઈ શકે છે એની ના પણ કોણ પાડી શકે એમ છે? સંઘશક્તિ શું નથી કરી શકતી? જ્યારે નિર્જીવ વસ્તુઓનું સંગઠન અજબ ગજબનું કામ કરી બતાવે છે તો પછી વિવેકબુદ્ધિને ધારણ કરનાર માનવસમાજની સંઘશક્તિનું તો શું પૂછવું!

માનવજાતના વિકાસ માટે સંઘશાસન હોવું જરૂરનું છે ભગવાન મહાવીરે જગતમાત્રના કલ્યાણની દૃષ્ટિએ સંઘશાસનનું જબરું કામ હાથ ધર્યું તે વખતે સંઘશાસન શિથિલ થઈ ગયુ હતું. બ્રાહ્મણો અને બૌદ્ધોમાં સંઘશાસનની વ્યવસ્થામાં ઘણી અપૂર્ણતા હતી. કોઈ સ્ત્રી વા શૂદ્રને પોતાના સંઘશાસનમાં સ્વીકારતો નહિ. એટલું જ નહિ પણ તેમને ધર્મકૃત્ય જેવા પવિત્રકાર્યમાં પણ અધિકાર આપતો નહિ તે વખતની આવી એકાંગી સંઘયોજનાથી માનવજાતિનો વિકાસ

કુણ્ઠિત થતો જોઈ ભગવાન મહાવીરે સંઘયોજનાને વ્યવસ્થિત રૂપ આપ્યું
માનવતાની દૃષ્ટિએ, સમસ્ત માનવજાતિને સંઘયોજનામાં સમાન
અધિકાર આપ્યો. એટલું જ નહિ પણ સ્ત્રી અને શૂદ્ર જાતિને અ
ગણવામાં આવી હતી તેમને પણ જ્ઞાન અને ચારિત્રના અધિકાર
માની સંઘશાસનમાં સમાન હક્કો આપી, જગતમાત્રને સંઘશક્તિને
સુંદર પરિચય આપ્યો. ભગવાન મહાવીરના જેવી આવી સુંદર સંઘયોજના
નો પરિચય કોઈ સંઘસંસ્થાપકે આપ્યો નથી. ભગવાન મહાવીરની સંઘ
શાસનની યોજનાથી આખા આર્યાવર્તનો ઇતિહાસ સમુજ્જ્વલ છે
ભગવાન મહાવીરનું જિનશાસન જે અત્યાર સુધી વ્યવસ્થિત રૂપે ચાલે છે
તેનું ઘણુંખરું શ્રેય ભગવાન મહાવીરના પ્રરૂપિત સંઘધર્મને જાય છે
સંઘધર્મનું ધ્યેય વ્યક્તિના શ્રેય સાથે સમષ્ટિનું શ્રેય સાધવાનું હોય છે
વ્યક્તિના શ્રેયના ભોગે સમષ્ટિનું શ્રેય જોખમમાં આવી પડતું હો
ત્યારે સમષ્ટિનું શ્રેય સંઘધર્મનું ધ્યેય થઈ પડે છે. સંઘધર્મ
વ્યવસ્થિત રૂપ આપવાની જવાબદારી સંઘના પ્રત્યેક સભ્ય ઉપ
રહે છે. સંક્ષેપમાં સંઘના પ્રત્યેક સભ્યનું શ્રેય થાય એ સંઘનો ધર્મ છે
સંઘધર્મ મુખ્ય બે વિભાગોમાં વહેંચાયેલો છે. એક લૌકિક સંઘધર્મ
અને બીજો લોકોત્તર સંઘધર્મ. લૌકિક સંઘધર્મના સભ્યો (શ્રાવક
શ્રાવિકા) લૌકિક સંઘશાસનનું કાર્ય જવાબદારીપૂર્વક ચલાવે છે
અને લોકોત્તર સંઘધર્મના (સાધુસાધ્વીઓ) લોકોત્તર સંઘશાસન
કાર્ય જવાબદારીપૂર્વક કરે છે.

લૌકિક સંઘધર્મ શું છે અને તેના સભ્યોનો શો ધર્મ છે, તે
વિષે અત્રે સંક્ષેપમાં વિચાર કરીશું. લૌકિક સંઘધર્મ વિષે શાસ્ત્રકા
ફરમાવે છે કે :—

संघधम्मो — ' गोष्टि–समाचार '

અર્થાત્— સંઘ યા સભાના નિયમોપનિયમ.

જાહેર સમાચાર, જાહેર સભા તથા જાહેર સંસ્થા કે જ્યાં
બધાનો અધિકાર છે અને બધાની ઉન્નતિ તથા સુખસગવડ વિ

[illegible] સંઘધર્મનું [illegible]
[illegible]
[illegible] છે.

ઉદાહરણ તરીકે માનો કે [illegible]
National Congress) એવો નિયમ કર્યો કે ભારતમાં વિલાયતી
વસ્ત્રોનો વ્યાપાર કરવો જોઈએ નહિ. આ પ્રસ્તાવથી જોકે વિલાયતી વસ્ત્રોનો
વેપાર કરનાર વેપારીઓને જરૂર હાનિ પહોંચે [illegible] છે, પરંતુ જો
એથી ભારતના કરોડો ગરીબ માણસોને આજીવિકા અને પહેરવાને
વસ્ત્ર મળતાં હોય તો તે પ્રસ્તાવને કાર્યરૂપમાં પરિણત કરવો જોઈએ.
એમાં જ સંઘધર્મનું પાલન રહેલું છે. એથી ઊલટું જો ઉક્ત પ્રસ્તાવને
ન ગણકારતા કરોડો ભારતીય ગરીબ માણસોના જીવનરક્ષણ
માટે વિચાર સરખો પણ ન કરવામાં આવે તો તેમાં સંઘધર્મનું
અપમાન છે અને તેમાં સંઘધર્મનો નાશ રહેલો છે. જો કોઈ
વ્યાપારી રાષ્ટ્રધર્મ કે સંઘધર્મના પ્રસ્તાવથી વિરુદ્ધ જઈને વિલાયતી
વિલાયતી કાપડનો વ્યાપાર કરે તો તે રાષ્ટ્ર તેમજ સંઘધર્મનું ઘોર
અપમાન કરી રહ્યો છે. જો નિષ્કપટભાવે સંઘધર્મનું પાલન કરવામાં
આવે તો તેથી સંઘને ઘણો લાભ થવાની સંભાવના છે. જે બુદ્ધિમાન
હોય છે તે કેવલ પોતાના સ્વાર્થની ખાતર જગતનું અહિત ચાહતા
નથી. જે સંઘના સભ્યો આવા ઉદાર હોય છે તે સંઘ હમેશાં
સમુન્નત બને છે.

ઉદાહરણ તરીકે, માનો કે કોઈ એક ગામના નિવાસીઓ એકઠા
થઈ ને રાજાને એવી પ્રાર્થના કરે કે ગાયોને ચરવા માટે કોઈ પણ
સ્થાન નથી તો ગોચરભૂમિ માટે એક મેદાન નિઃશુલ્ક ખાલી કરી
આપો. પ્રજાની આ માંગ રાજા સ્વીકારી લે તો તેથી પ્રજાસંઘના
પ્રત્યેક સભ્યને લાભ થવો સંભવિત છે, પણ જો કોઈ સ્વાર્થી મનુષ્ય
પોતાના સ્વાર્થની વૃત્તિ તૃપ્ત કરવા ખાતર, પોતાનો માનમરતબો
વધારવાની ખાતર કે પોતાના નામની પ્રસિદ્ધિ વધારવા માટે જો રાજાને

ાદી રીતે ગહેંકાવી ગોચરભૂમિ ખાલી કરાવવામાં બાધા ઊભી
રે અને એ રીતે તે સ્વાર્થી મનુષ્ય સમસ્ત પ્રજાસંઘની હિતબુદ્ધિને
ાર ન પડવા દેવા માટે કારસ્થાનો રચે તો તે સ્વાર્થી મનુષ્યને સંઘધર્મનો
ાશક સમજવો જોઈએ.

પ્રજાસંઘનું હિત ધ્યાનમાં ન રાખતાં કેવળ સ્વાર્થવૃત્તિને તૃપ્ત
કરવા માટે રાજાનો પક્ષ લેવો અને દુઃખોથી પીડાયેલા હજારો ગરીબ
ભાઈઓ ઉપર દાઝયા ઉપર ડામ દેવો એ એક સાધારણ ગૃહસ્થ માટે પણ
અનુચિત છે, તો પછી બાર વ્રતધારી શ્રાવક આવું અનુચિત કાર્ય
કેવી રીતે કરી શકે!

કેટલાક સજ્જનો સંઘધર્મના સંગઠનને તેમજ આ સંઘધર્મની
રક્ષા માટે કરવામાં આવતા કાર્યોને એકાન્તપાપ કહે છે; પણ જો
સંઘધર્મના પાલનથી માનવસમાજ નીચધર્મ છોડે છે અને જે
પાપકર્મોને છોડવાથી સંસારનું ઉત્થાન થાય છે, અને સાથેસાથે
સૂત્ર ચારિત્ર્યધર્મના પાલન માટે ક્ષેત્ર તૈયાર થાય છે, તો શું તે
સંઘધર્મને એકાન્તપાપ કહેવું ઉચિત છે? નહિ.

સંઘધર્મના પાલનમાં આરંભસમારંભ અવશ્ય થાય છે,
અને તેને આરંભસમારંભ માનવો પણ જોઈએ; પણ આવા આરંભ-
સમારંભો પણ વિશેષ પ્રકારના હોય છે. જેવી રીતે કોઈ મનુષ્ય
પોતાની પુત્રીનું લગ્ન કરે અને બીજો પોતાની માતાનું લગ્ન કરે,
આ બંનેમાં લગ્નનો કાર્યભાર સરખો છે, પણ શું આ બન્ને લગ્નો
બરાબર કહી શકાય? કદાપિ નહિ.

ખર્ચ તો બન્ને વિવાહોમાં થાય છે, પણ શું આ બન્નેનું ખર્ચ
બરાબર છે? નહિ પણ કોઈ મનુષ્ય આ બન્ને લગ્નોને બાહ્યદૃષ્ટિથી
જ સરખા કહે તો? તે અગત્ય કહે છે.

આ જ પ્રમાણે આરંભસમારંભના વિષયમાં સમજવું જોઈએ.
કેટલાંક કાર્યો એવાં હોય છે કે જે કામ કરવાથી ઉન્નતિ થાય છે
અને સાથેસાથે અનેક મહાન પાપોનો પ્રતિકાર પણ થાય છે અને

કેટલાંક કામો એવાં હોય છે કે જે કરવાથી આરંભસમારંભના પાપની સાથેસાથે અનેક મહાન પાપોને પણ ઉત્તેજના મળે છે.

આ બધું જાણવા છતાં જે લોકો કરવા યોગ્ય કાર્યોને પાપરૂપ માની તજી દે છે તે પોતાની અવનતિની સાથેસાથે પાપોની પણ વૃદ્ધિ કરે છે. કરવા યોગ્ય કાર્યોને એકાન્તપાપ કહીને લોકો તેને તજી ન દે અને અવનતિના માર્ગે વળી પાપોની વૃદ્ધિ ન કરે એ મહાન ઉદ્દેશને લઈને સંઘધર્મની સ્થાપના કરવામાં આવી છે.

સંઘ એટલે વ્યક્તિઓનો સમૂહ. આ સમૂહ વ્યક્તિગત સ્વાર્થને છોડી સમષ્ટિના હિત અને શ્રેય માટે જે નિયમોપનિયમ રચી તેનું બરાબર પાલન કરવું તેનું નામ સંઘધર્મ છે.

આ સંઘધર્મને જીવનમાં ઉતારવા માટે સંઘના પ્રત્યેક સભ્યે પોતાની જવાબદારીપૂર્વક સંઘધર્મના નિયમોપનિયમનું પાલન કરવું જોઈએ. જે વ્યક્તિ પોતાની જવાબદારી ભૂલી જાય છે અને સ્વાર્થ-વશ સંઘધર્મનો ભંગ કરે છે તે સંઘધર્મનો નાશક છે.

'સંઘનું જે શ્રેય સાધે છે, તેનું શ્રેય સંઘ સાધે છે.' એ ધર્મ-વાક્ય પ્રત્યેક વ્યક્તિએ બરાબર સમજી લેવું જોઈએ. સંઘ એ સમાજની પ્રતિનિધિસંસ્થા છે, અને એ સંસ્થાના સન્માનમાં પોતાનું સન્માન રહેલું છે. આ વસ્તુસ્થિતિથી જે પરિચિત છે તે વ્યક્તિ સંઘધર્મને ઉન્નત બનાવી શકે છે અને એની ઉન્નતિદ્વારા પોતાની ઉન્નતિ સાધી શકે છે.

લૌકિક સંઘધર્મ લોકવ્યવહાર કેવી રીતે ચલાવવો અને એને ચલાવવા માટે કેવું સામૂહિક તંત્ર ઘડવું જોઈએ એનો સુંદર પરિચય આપે છે. શ્રાવકશ્રાવિકાઓ જો લૌકિક સંઘધર્મની મહત્તા બરાબર સમજી સામૂહિક તંત્રના નિયમોપનિયમ અનુસાર પોતાનો જીવનવ્યવહાર ચલાવે તો આજે લૌકિક સંઘધર્મ દીપી ઊઠે. લૌકિક સંઘધર્મનું પાલન બરાબર થશે તો લોકોત્તર ધર્મ પણ વ્યવસ્થિત



આ જ પ્રમાણે ગૃહસ્થો કેવળ ગૃહસ્થો મળીને એક સંઘ બને છે અને આપણા સંઘનો [illegible] જીવનનિર્વાહ ચલાવી શકે એવો એક સમાન બનાવવામાં આવ્યો છે; પણ જે પ્રકારે એવી કાર્યવાહીનું એક [illegible] કાર્યકર્તાઓ વગેરેનું ઉત્તરદાયિત્વ (Responsibility) સાધુઓ ઉપર નથી. તેવી જ રીતે સાધુઓ શ્રાવકોની અને શ્રાવકો સાધુઓની જવાબદારી પાર પાડી શકતા નથી.

જો સાધુઓની જવાબદારી શ્રાવકો ઉપર નાંખવામાં આવે તો તે સંઘધર્મ જરૂર નષ્ટ થઈ જાય. જેવી રીતે કોઈ એક બાળકને દૂધ પિવડાવીને જ આપણે જીવિત રાખી શકીએ છીએ; એવી અવસ્થામાં કોઈ સાધ્વી ધવરાવે તો ? શાસ્ત્રના સિદ્ધાન્ત પ્રમાણે જરૂર દોષ લાગે.

પણ જો કોઈ સંસારી સ્ત્રી, સાધ્વીને બાળક ધવરાવવામાં પાપ લાગે છે, એટલા માટે 'હું પણ બાળકને ધવરાવીશ નહિ.' આ પ્રકારે કહીને જો તે બાળકને ધવરાવે નહિ; તો આપણે તેને શું કહીએ ? નિર્દયી.

શાસ્ત્રોમાં શ્રાવકો માટે પહેલા અણુવ્રતના પાંચ અતિચારો બતાવવામાં આવ્યા છે તેમાં "અન્નપાનનો નિષેધ"* કરવો એ પણ એક અતિચાર છે; અને સાધુ જો કોઈ જાનવર અથવા મનુષ્યને અન્નપાણી આપે તો તેઓ માટે અતિચાર કહેવામાં આવ્યો છે. હવે જો સાધુઓની જવાબદારી શ્રાવકો ઉપર નાંખવામાં આવે, તો શ્રાવકના ધર્મનું પાલન કેવી રીતે થઈ શકે ?

---

* જુઓ પ્રતિક્રમણસૂત્રના પહેલા વ્રતના પાંચ અતિચારોમાં भत्तपाणवोच्छोए (भत्तपानव्युच्छेदः) અન્નપાણી ભોગવતાં અટકાવ્યાં હોય તે નામનો પાંચમો અતિચાર.

જુઓ–શ્રીવાચકમુખ્ય ઉમાસ્વાતિજીનું तत्त्वार्थाधिगमसूत्रम् અધ્યયન ૭મા સૂત્રના बन्धवधविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः अ. ७

જો આ પ્રમાણે સાધુ અને શ્રાવકની ભિન્ન ભિન્ન વ્યવસ્થા સ્વીકારીએ નહિ તો લોકો શ્રાવકમાંથી સાધુ બને જ શા માટે ? એટલા માટે કે આરંભ-સમારંભમાં પડવું ન પડે તેમજ જરૂરીયાત ઓછામાં ઓછી રહે.

જો સાધુ અને શ્રાવકનો એક જ ધર્મ છે, તો સાધુધર્મ અને શ્રાવકધર્મમાં ભિન્નતા શી રહી ? સાધુ અને શ્રાવકની વાત તો દૂર રહી, પણ શ્રાવક-શ્રાવકમાં પ્રત્યેકનો જુદો જુદો ધર્મ હોય છે. જેવી રીતે કોઈ એક શ્રાવક પોતાના ઘરમાં એકલો જ છે અને તે ૫-૭ રૂપિયાના માસિક વ્યયથી પોતાનો નિર્વાહ ચલાવી શકે છે. બીજો શ્રાવક એક રાજા છે; અને તેનો કુટુંબપરિવાર પણ મોટો છે. હવે, જો એકલો રહેનાર શ્રાવક વિચારે કે, 'જે હું કરું છું, તે જ શ્રાવકધર્મ છે' અર્થાત્ ૫-૭ રૂપિયાના માસિકવ્યયથી જ ઘરખરચ ચલાવવું, તે જ શ્રાવકધર્મ છે; અને જે ઉપર કહેલા માસિકવ્યયથી જે કોઈ વધારે માસિકવ્યય કરે; અથવા હું જેટલો આરંભ-સમારંભ કરું છું; તેથી કોઈ વધારે આરંભ-સમારંભ કરે તે શ્રાવકધર્મ પાલન કરી શકતો નથી. તો શું પહેલા શ્રાવકની અપેક્ષાએ તે રાજા બાર વ્રતધારી શ્રાવક બની શકે ? નહિ.

શાસ્ત્રમાં પ્રત્યેક શ્રેણીની વ્યક્તિ માટે જુદો જુદો ધર્મ નક્કી કરવામાં આવ્યો છે. એક મનુષ્ય, સોળ દેશોનો રાજા હોવા છતાં પણ બાર વ્રતધારી શ્રેષ્ઠ શ્રાવક થઈ શકે છે. જો આ પ્રકારની શાસ્ત્રસમ્મત અને નીતિયુક્ત વાતને ઊલટી કહેવામાં આવે તો તે સંઘધર્મને હાનિકારક છે.

ઉપર્યુક્ત વાતોથી એ સિદ્ધ થાય છે કે સાધુઓનો આચારધર્મ અને શ્રાવકોનો આચારધર્મ ભિન્ન છે. જે લોકો સાધુઓનો અને શ્રાવકોનો આચારધર્મ એક જ કહે છે, તેઓ ભૂલ કરી રહ્યા છે કેમ કે આજકાલ સંઘધર્મ પણ ચક્કરમાં પડી ગયો છે. એની સમુચિત વ્યવસ્થા ન હોવાથી, સાધુ પોતાની જવાબદારી

શ્રાવકો ઉપર અને શ્રાવકો પોતાની જવાબદારી સાધુઓ ઉપર ના[...] છે. એવી રીતે પાઠશાળા ચલાવવી, સંસ્થા ખોલવી, કાર્યાલયની સ્થા[...] વ્યવસ્થા કરવી, ગૌરક્ષા તેમજ અનાથાશ્રમોનો સક્રિય પ્રબંધ કરવો ઇત્યાદિ દયા અને પરોપકારનાં કાર્યો અવશ્ય છે; પણ સાધુઓ વ્યાવ[...] વ્યાવહારિક પ્રપંચમાં જ પડી જાય તો તે ઠીક નથી. સાધુ ઉપકાર [...] કરે તો પછી ઉપકાર કોણ કરશે ? જો એમ કહેવામાં આવે તો હું પૂછું છું કે આવા પરોપકારો, જેમાં અનેક આરંભાદિ ક્રિયાઓ કરવી પડે છે, તે સાધુઓ જ કરવા લાગશે, તો શ્રાવક લોકો શું કરશે ?

જો શ્રાવકોની જવાબદારીનું કામ સાધુઓ ઉપાડી લેશે, તો સાધુઓના પાંચ મહાવ્રતોનું પાલન શું શ્રાવકો કરશે ? જો શ્રાવકોનું કામ સાધુ લઈ લે, તો શ્રાવકો પાંચ મહાવ્રતોનું સંપૂર્ણરૂપે પાલન કરવામાં અસમર્થ તો છે જ, એટલે પાંચ મહાવ્રતોની આવી રીતે હાનિ તો થવાની જ ને !

સાધુ થઈને કોઈને સલાહ આપે કે અમુક સંસ્થાને એક હજાર રૂપિયા આપો, અથવા આ પ્રમાણે સ્પષ્ટ ન કહેતાં એમ કહે કે 'પૈસા ઉપરથી મોહ ઉતારી નાખો, અથવા પુદ્ગલોનો ત્યાગ કરી દો.' આ પ્રમાણે પૈસાના પ્રપંચમાં પડવું તે સાધુઓને માટે યોગ્ય નથી; કારણ કે પૈસાની અવ્યવસ્થા થવાને કારણે અનુચિત વ્યય થાય છે અને વિશ્વાસઘાતનું પાપ સાધુ ઉપર આવે છે; માટે આત્મસાધક સાધુ પૈસાના પ્રપંચમાં કેમ પડી શકે ?

વર્તમાન સમયમાં કેટલીક સંસ્થામાં અવ્યવસ્થા ચાલી રહી છે. સ્વાર્થત્યાગી અથવા સાધક મનુષ્યોની કદર નથી રહી અને ગમે તે પુરુષ સંસ્થા સ્થાપિત કરવા તૈયાર થઈ જાય છે. આવી નવી નવી સંસ્થાઓ ઊભી કરનારાઓની પરીક્ષા કર્યા વિના શ્રાવક લોકો તેઓને નિયમવિરુદ્ધ સહયોગ આપે છે અને સાધુત્વનો હ્રાસ કરે છે.

જે કાર્યો શ્રાવકને કરવા યોગ્ય છે, તે શ્રાવકોએ અને જે કાર્યો સાધુને કરવા યોગ્ય છે, તે સાધુઓએ કરવાં જોઈએ.

[illegible]

[illegible] આગ્રહ કરવાની આવશ્યકતા રહેતી નથી. લોકોની શ્રદ્ધા અને ભક્તિ હશે તો સ્વયં ગૃહસ્થો પોતે સમજશે અને [illegible] ઉદ્ધાર કરવા માટે પ્રેરાશે. સાધુઓ કોઈને શરમમાં નાખે તે ઉચિત નથી.

કોઈ સાધુ એમ કહે કે શ્રાવકો વ્યવસ્થા કરવામાં તથા સંસ્થા ચલાવવામાં અસમર્થ છે, એટલા માટે જો અમે સંસ્થાનું સંચાલન ન કરીએ તો કાર્ય કેવી રીતે ચાલી શકે ? આ પ્રશ્નના જવાબમાં હું કહું છું કે જો તેઓને એમાં જ સંઘનું કલ્યાણ જણાતું હોય તો તેમણે સાધુપણું છોડી દઈ શ્રાવકપણું સ્વીકારી તે કાર્ય હાથ ધરવું જોઈએ.

સાધુઓને આવું અત્યંત આવશ્યક છે કારણ કે જો સાધુઓ ઉચ્ચ શિક્ષા ભણે નહિ તો જ્ઞાન, દર્શન અને ચારિત્રનું મહત્ત્વ સંપૂર્ણ પણે જાણી શકે નહિ અને શાસ્ત્રોની શુદ્ધ વ્યાખ્યા તેમજ શાસ્ત્રપાઠનું શુદ્ધ ઉચ્ચારણ કરી શકે નહિ તેથી તો ધર્મહાનિ થવાનો સંભવ રહે છે. અત્યારે વર્તમાન પરિસ્થિતિમાં જે પરિવર્તન થઈ રહ્યું છે તેમાં પણ આપણે આપણો સંઘ ટકાવવો છે. એટલા માટે સાધુઓને બધા શાસ્ત્રોમાં નિપુણ બનાવીને જૈનધર્મની પ્રખર જ્યોતિ ફેલાવવી આવશ્યક છે. 'पढमं नाणं तओ दया' એ ભગ. મહાવીરનો દિવ્ય સંદેશ સર્વત્ર ફેલાવવો અતિ આવશ્યક છે.

જે સાધુ શાસ્ત્રજ્ઞાનમાં પારંગત થયા પછી વિચારે કે સંપ્રદાય-બન્ધનમાં વધારે વિકાસ નથી માટે તેથી જુદા થઈ જવું એ ઠીક છે. આ પ્રમાણે વિચારીને જો તે સાધુ સંપ્રદાયબન્ધનથી જુદો થઈ જાય અને પોતાની સ્વતન્ત્રતા પ્રમાણે કાર્ય કરવા લાગે તો આચાર્ય પણ તેને અવિનીત જાણીને કાઢી દે, તે છતાં તમે તે સાધુની પ્રશંસા કરતા રહો અને સંપ્રદાયબંધન ન સ્વીકારવા છતાં પણ તેને પૂજતા રહો તો તે સાધુ આચાર્યની [illegible] ? જે સાધુને આચાર્ય બહાર કરવામાં આવ્યો છે તેને તમે [illegible] પૂજતા રહો તો તે આચાર્યપદનું મૂલ્યાંકન કરવા બરાબર છે કે નહિ ?

જો તમારે શિષ્ય જ કાર્ય કરવું હોય તો તે તમારી મુનસફીની વાત છે, પણ આ વાત ધ્યાનમાં રાખીને કે આવા [illegible] કરવામાં આવેલ સાધુની સહાયતા કરવી [illegible] બરાબર છે

[illegible]

સૂત્રધર્મ અને ચારિત્રધર્મમાં પરસ્પર [illegible] [illegible] [illegible] સંબંધ છે. તો પછી આ બન્ને ધર્મોનું જુદું જુદું નિરૂપણ શાસ્ત્રકારોએ શા માટે કર્યું? એવો પ્રશ્ન કોઈને થાય એ સ્વાભાવિક છે. આ બન્ને ધર્મોનો સંબંધ ઘનિષ્ઠ હોવા છતાં પણ બન્ને ધર્મો આચારો ભિન્ન હોવાથી તે ભિન્ન પણ છે.

સૂત્રધર્મ આધાર અને ચારિત્રધર્મ આધેય છે. સૂત્રધર્મ એકલો ટકી શકે છે; પણ ચારિત્રધર્મ સૂત્રધર્મ વિના એક ક્ષણ પણ ટકી શકતો નથી. ચારિત્રધર્મની પહેલાં મનુષ્યમાં સમ્યક્ત્વ આદિ સૂત્રધર્મ આવી શકે છે, પણ સૂત્રધર્મ વિના ચારિત્રધર્મ આવી શકતો નથી.

ઘણા લોકો ચારિત્રધર્મને જ ધર્મ માને છે અને સૂત્રધર્મ તો તેમની ગણતરીમાં જ નથી. સૂત્રના કેવળ અક્ષર વાંચી લેવા એને જ તેઓ પર્યાપ્ત માને છે. પણ આ તેઓની ભયંકર ભૂલ છે. સૂત્રધર્મનું જ્યાંસુધી વાંચન-મનન અને નિદિધ્યાસન થતું નથી ત્યાંસુધી સૂત્રધર્મનું રહસ્ય સમજી શકાતું નથી. પણ શાસ્ત્રકારોએ સૂત્રધર્મનું એટલું બધું મહત્ત્વ બતાવ્યું છે કે જો સૂત્રધર્મનું નિયમિત વાંચન, મનન અને નિદિધ્યાસન કરવામાં આવે તો મનુષ્ય પરિતસંસાર કરી શકે છે, અર્થાત્ મોક્ષસિદ્ધિને સાધી શકે છે.

ચારિત્રધર્મ-આચારધર્મને આચરતા પહેલાં સૂત્રજ્ઞાન અર્થાત્ વિચારધર્મનું પૂરેપુરું જ્ઞાન હોવું જોઈએ. કારણ કે યથાર્થ જાણ્યા વિનાનું આચરણ અર્થવિનાનું છે. ન જાણેલું જાણવું અને જાણેલાને શોધવું અને શોધેલું જીવનમાં ઉતારવું એ જીવનશુદ્ધિના માર્ગો છે. જે મનુષ્ય સૂત્રજ્ઞાનનું આરાધન કર્યા વિના ચારિત્રધર્મનું આચરણ કરે છે તે મોક્ષધર્મનો મર્મ બરાબર સમજી શકતો નથી અને પરિણામે મોક્ષમાર્ગનો અધિકારી બની શકતો નથી. એટલા જ

માટે ભગવાન મહાવીરે 'पढमं नाणं तओ दया' પ્રથમ જ્ઞાન અને પછી દયાનો હિતોપદેશ આપ્યો છે.

સૂત્રધર્મનું બરાબર માહાત્મ્ય અને સ્વરૂપ સમજાવવા માટે શાસ્ત્રકારોએ સૂત્રધર્મ અર્થાત્ સમ્યકૃત્વના આઠ આચારોને જીવનમાં ઉતારવાનો ઉપદેશ આપ્યો છે. સૂત્રધર્મ અર્થાત્ સમ્યકૃત્વના આઠ આચારો* નીચે પ્રમાણે છેઃ—

---

* निस्संकिय निक्कंखिय निव्विगिच्छं अमूढदिट्ठी य ।
उववूह, थिरीकरणं, वच्छल्ल, पभावणेऽट्ठ ते. ॥ ३१ ॥
(श्री. उत्तराध्ययनजी सूत्र अध्ययन २८ मुं गाथा ३१)

टीकाः—शङ्कितं शङ्कित–देशसर्वशङ्कात्मकं तस्याभावो 'निःशङ्कितं, एवं काङ्क्षणं काङ्क्षितं–युक्तियुक्तत्वादहिंसाद्यभिधायित्वाच्च शाक्योलूकादिदर्शनान्यपि सुन्दराण्येवेत्यन्यान्यदर्शनग्राहात्मकं तदभावो 'निष्काङ्क्षितं' प्राग्वदुभयत्र बिन्दुलोपः, विचिकित्सा–फलं प्रति सन्देहो यथा–किमियतः क्लेशस्य फलं स्यादुत नेति? तदन्यथायेन 'विदः' विज्ञाः ते च तत्त्वतः साधव एव तज्जुगुप्सा वा यथा–किममी यतयो मलदिग्धदेहाः? प्रासुकजलस्नाने हि को दोषः स्यादित्यादिका निन्दा तदभावो 'निर्विचिकित्सं,' 'निर्विजुगुप्सं' वा, आर्षत्वाच्च सूत्र एवं पाठः, 'अमूढा' ऋद्धिमत्कुतीर्थिकदर्शनेऽप्यनवगीततेनास्मद्दर्शनमिति मोहविरहिता सा चासौ दृष्टिश्च बुद्धिरूपा अमूढदृष्टिः, स चायं चतुर्विधोऽप्यान्तर आचारः, बाह्यमाह– 'उववूह' त्ति, उपबृंहणमुपबृंहा–दर्शनादिगुणान्वितानां सुलब्धजन्मानो यूयं युक्तं च भवादृशामिदमित्यादिवचोभिस्तत्तद्गुणपरिवर्द्धनं तच्च स्थिरीकरणं च—अभ्युपगम (त) धर्मानुष्ठानं प्रति विषीदतां स्थैर्यापादनमुपबृंहा । स्थिरीकरणे 'वच्छल्लभावो' 'वात्सल्यं'—साधर्मिकजनस्य भक्तपानादिनोचितप्रतिपत्तिकरणं तच्च 'प्रभावना' च–तथा स्वतीर्थोन्नतिहेतुचेष्टासु प्रवर्त्तनात्मिका वात्सल्यप्रभावने, उपसंहारमाह–अष्टैते दर्शनाचारा भवन्तीति शेषः। एभिरेवासेविताचारमाणस्यास्योक्तफलसम्पादकतेति भावः, एतच्च ज्ञानाचाराद्युपलक्षणं, यद्वा दर्शनस्यैव यदाचाराभिधानं तदस्यैवोक्तन्यायेन मुक्तिमार्गमूलत्वख्यापनार्थमिति सूत्रार्थः ॥

(૧) નિઃશંકા, (૨) નિઃકાંક્ષા, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢદૃષ્ટિત્વ (૫) ઉપગૂહન (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય (૮) પ્રભાવના.

જેમ હાથ-પગ આદિ અંગોનું વર્ણન કરવાથી શરીરનું વર્ણન થઈ જાય છે તેમ સમ્યક્ત્વના આ આઠ અંગોનું વર્ણન કરવાથી સમ્યક્ત્વ-સૂત્રધર્મનું સ્વરૂપ જણાઈ આવશે.

૧ **નિઃશંકાઃ—સમ્યગ્જ્ઞાનને વિકસાવવાના આંતરિક ગુણો** કેસા સમ્યગ્જ્ઞાનીએ જે સમ્યગ્ધર્મ સ્વીકાર્યો છે તેમાં શંકા ન કરવી. નિઃશંક થઈ એમાં પ્રવૃત્તિ કરવી એ સમ્યક્ત્વનો પહેલો ગુણ છે.

૨ **નિઃકાંક્ષાઃ**—સમ્યગ્ધર્મ સિવાય બીજા ધર્મોમાં કાંક્ષા-અભિલાષા ન રાખવી, અને પોતાના સમ્યગ્ધર્મમાં અટલ, અચલ રહેવું અને નિષ્કાંક્ષિત થઈ સત્પ્રવૃત્તિ કરતા રહેવી એ સમ્યક્ત્વનો બીજો ગુણ છે,

૩ **નિર્વિચિકિત્સાઃ**—સમ્યગ્ધર્મના ફળમાં સંદેહ કરવો, સમ્યગ્ધર્મીના આચાર-વિચારો પ્રતિ અરુચિ રાખવી, ઘૃણા કરવી, તિરસ્કાર કરવો એ વિચિકિત્સા દોષ છે. આ દોષથી રહિત થવું અર્થાત્ નિર્વિચિકિત્સા ગુણ ધારણ કરવો એ સમ્યક્ત્વનો ત્રીજો ગુણ છે.

૪ **અમૂઢદૃષ્ટિત્વઃ**—વિવેકબુદ્ધિ કેળવવી અર્થાત્ પ્રત્યેક વાતને યુક્તિ, અનુભવ કે આગમની કસોટી ઉપર કસીને સ્વીકારવી, સદ્ધર્મ પ્રતિ સદ્ભાવ રાખવો, કોઈ ધર્મ પ્રતિ ઘૃણા ન કરવી અને સદ્ધર્મ પ્રતિ મૂઢતાથી નહિ પણ વિવેકબુદ્ધિપૂર્વક અટલ વિશ્વાસ રાખવો તે સમ્યક્ત્વનો ચોથો ગુણ છે. આ ચાર ગુણો સમ્યગ્જ્ઞાનીના આંતરિક ગુણો છે. આ આંતરિક ગુણોને કેળવ્યા વિના સમ્યગ્જ્ઞાનીમાં સમ્યક્ત્વ પ્રગટી શકતું નથી.

૫ **ઉપગૂહનઃ—સદ્ધર્મના માર્ગે સમ્યગ્જ્ઞાનને વિકસાવવાનાં બાહ્ય ગુણો**—ચાલનારને ઉત્સાહિત કરવો. ધર્મનિન્દાની પ્રતિક્રિયા અને ધર્મગુણની પ્રશંસા કરવી એ સમ્યક્ત્વનો પાંચમો ગુણ છે.

૬ સ્થિરીકરણ:—સદ્ધર્મથી જો કોઈ મનુષ્ય ચ્યુત થતો હોય કે આપત્તિ તથા પ્રલોભનોથી સદ્ધર્મનો માર્ગ છોડતો હોય તો તેને આપત્તિમાં મદદ કરવી અને પ્રલોભનોમાંથી બચાવવો અને ધર્મમાર્ગમાં સ્થિર કરવો એ સમ્યક્ત્વનો છઠ્ઠો ગુણ છે.

૭ વાત્સલ્ય:—જનજીવો અને તેમાં સહધર્મીઓ પ્રતિ વાત્સલ્યભાવ રાખવો અર્થાત્ બન્ધુભાવ રાખવો અને પરસ્પર બન્ધુભાવ વધતો રહે તેવો પ્રયત્ન કરવો એ સમ્યક્ત્વનો સાતમો ગુણ છે.

૮ પ્રભાવના:—દરેક ધર્મસાધનોદ્વારા ધર્મોદ્ધાર કરવો, ધર્મપ્રચાર કરવો અને ધર્મપ્રભાવથી જનસમાજને પ્રભાવિત કરી ધર્મમાર્ગ ઉપર લાવવો એ સમ્યક્ત્વનો આઠમો ગુણ છે.

સમ્યક્ત્વના આ આઠ ગુણોમાં ચાર આંતરિક ગુણો અને ચાર સમ્યક્ત્વના દ્યોતક બાહ્ય ગુણો છે. આ બાહ્ય ગુણોનાં આચરણથી સમ્યક્ત્વનું પ્રકાશન થાય છે. સમ્યક્ત્વના આંતરિક ગુણો–નિઃશંકા, નિષ્કાંક્ષા, નિર્વિચિકિત્સા અને અમૂઢદૃષ્ટિત્વ—કેળવ્યા વિના બાહ્ય ગુણો–ઉપગૂહનવૃત્તિ, સ્થિરીકરણ, વાત્સલ્યભાવ અને પ્રભાવના–પ્રગટી શકતાં નથી અથવા ફળી શકતાં નથી.

આ આઠ ગુણો દર્શનના આચાર છે. આ દર્શનાચારોનું આચરણ કરનાર પુરુષ ઉપર્યુક્ત ફલનો સમ્પાદક બને છે. આ આઠ આચાર જ્ઞાનાચાર આદિના પણ ઉપલક્ષક છે. દર્શનાચાર મુક્તિનો માર્ગ છે. સૂત્રધર્મનું સમર્થન કરવા માટે અહિં દર્શનાચારનું કથન કરવામાં આવ્યું છે. ઉપર્યુક્ત આઠ આચારો સૂત્રધર્મના પણ છે.

આ આઠ આચારોમાં પ્રથમ આચાર 'નિઃશંક બનો' એ છે. જે મનુષ્ય ધર્મ શ્રદ્ધામાં અથવા બીજી કોઈ ધાર્મિક પ્રવૃત્તિમાં સંદેહ રાખે છે તે મનુષ્ય જીવનધ્યેયને પહોંચી શકતો નથી, એવો તેનો સ્પષ્ટ અર્થ છે.

(૧) નિઃશંક, (૨) નિઃકાંક્ષ, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢદૃષ્ટિત્વ (૫) ઉપગૂહન (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય (૮) પ્રભાવના.

જેમ હાથ-પગ આદિ અંગોનું વર્ણન કરવાથી આખું વર્ણન થઈ જાય છે તેમ સમ્યક્ત્વના આ આઠ અંગોનું વર્ણન કરવાથી સમ્યક્ત્વ-સત્ધર્મનું સ્વરૂપ જણાઈ આવશે.

૧ નિઃશંકઃ—સમ્યગ્જ્ઞાનને વિકસાવવાના આંતરિક ગુણો કસા સમ્યગ્જ્ઞાનીઓએ જે સમ્યગ્ધર્મ સ્વીકાર્યો છે તેમાં શંકા ન કરવી નિઃશંક થઈ એમાં પ્રવૃત્તિ કરવી એ સમ્યક્ત્વનો પહેલો ગુણ છે.

૨ નિઃકાંક્ષઃ—સમ્યગ્ધર્મ સિવાય બીજા ધર્મોમાં મોહ અભિલાષા ન રાખવી, અને પોતાના સમ્યગ્ધર્મમાં અટલ, અડગ રહેવું અને નિષ્કાંક્ષિત થઈ સત્પ્રવૃત્તિ કરતા રહેવી એ સમ્યક્ત્વનો બીજો ગુણ છે,

૩ નિર્વિચિકિત્સાઃ—સમ્યગ્ધર્મના ફળમાં સંદેહ કરવો, સ્વ-ધર્મીના આચાર-વિચારો પ્રતિ અરુચિ રાખવી, ઘૃણા કરવી, તિરસ્કાર કરવો એ વિચિકિત્સા દોષ છે. આ દોષથી રહિત થવું અર્થાત્ નિર્વિચિકિત્સા ગુણ ધારણ કરવો એ સમ્યક્ત્વનો ત્રીજો ગુણ છે.

૪ અમૂઢદૃષ્ટિત્વઃ—વિવેકબુદ્ધિ કેળવવી અર્થાત્ પ્રત્યેક વાતને યુક્તિ, અનુભવ કે આગમની કસોટી ઉપર કસીને સ્વીકારવી, સર્વે પ્રતિ સદ્ભાવ રાખવો, કોઈ ધર્મ પ્રતિ ઘૃણા ન કરવી અને સદ્ધર્મ પ્રતિ મૂઢતાથી નહિ પણ વિવેકબુદ્ધિપૂર્વક અટલ વિશ્વાસ રાખવો તે સમ્યક્ત્વનો ચોથો ગુણ છે. આ ચાર ગુણો સમ્યગ્જ્ઞાનીના આંતરિક ગુણો છે. આ આંતરિક ગુણોને કેળવ્યા વિના સમ્યગ્જ્ઞાનીમાં સમ્યક્ત્વ પ્રગટી શકતું નથી.

૫ ઉપગૂહનઃ—સદ્ધર્મના માર્ગે સમ્યગ્જ્ઞાનને વિકસાવવાનાં બાહ્ય ગુણો:—ચાલનારને ઉત્સાહિત કરવો. ધર્મનિન્દાની પ્રતિક્રિયા અને ધર્મગુણની પ્રશંસા કરવી એ સમ્યક્ત્વનો પાંચમો ગુણ છે.

નિઃશંક બનવું એટલે દૃઢ વિશ્વાસ રાખવો. દૃઢ વિશ્વાસમાં અંધવિશ્વાસની જરા પણ ગંધ હોતી નથી. દૃઢ વિશ્વાસ એ સમ્યક્ત્વનું પ્રધાન અંગ છે. ધર્મમાં દૃઢ વિશ્વાસને સ્થાન ન હોય તો ધર્મનું આચરણ પણ થવું મુશ્કેલ થઈ જાય. દૃઢ વિશ્વાસ એ ધર્મમહેલનો પાયો છે. જો દૃઢ વિશ્વાસનો પાયો ઢીલો હોય તો શંકા-કુતર્ક આદિ વાવાઝોડાથી ધર્મમહેલ ખળભળી ઊઠે. ધર્મમાં જે દૃઢ વિશ્વાસ હોય તે અંધશ્રદ્ધામાંથી પેદા થયેલો ન હોવો જોઈએ. શ્રદ્ધા અને તર્કની કસોટીએ ચડેલો દૃઢ વિશ્વાસ હોય તો જ ધર્મશ્રદ્ધા મજબૂત રહે. એટલા માટે દૃઢ વિશ્વાસ શ્રદ્ધાયુક્ત અને તર્કયુક્ત હોવો જોઈએ. ધર્મશ્રદ્ધાનો જન્મ સાચી જિજ્ઞાસાબુદ્ધિમાંથી પેદા થાય છે. એટલે જિજ્ઞાસાબુદ્ધિદ્વારા ધર્મશ્રદ્ધા દૃઢ કરવી જોઈએ. જે લોકોને ધર્મ વિષે શંકા કરવાથી શંકાદોષનો ભય રહે છે તે ભય અસ્થાને છે. જે કેવળ વિતંડાવાદ વધારવા માટે કે પોતાની તર્કશક્તિનું પ્રદર્શન કરવા માટે શંકાવમળમાં ગોથાં ખાયા કરે છે તે ધર્મનો જરાપણ મર્મ સમજી શકતો નથી. ધર્મ વિષે શંકા કરી જે પોતાની શંકાનું નિવારણ કરે છે તે ધર્મનો મર્મ સમજી અને તે પ્રમાણે ધર્માચરણ કરી આત્મશુદ્ધિ સાધી શકે છે.

સાહિત્યમાં 'સંશય' વિષે ભિન્ન ભિન્ન વ્યાખ્યા મળે છે. કોઈ ઠેકાણે સંશયની એવી વ્યાખ્યા મળે છે કેઃ—

'संशयमनारुह्य नरो भद्राणि न पश्यति' [1]

અર્થાતઃ—જ્યાંસુધી મનુષ્ય શંકા કરતો નથી ત્યાંસુધી તે કલ્યાણમાર્ગ જોઈ શકતો નથી.

જ્યારે બીજે સ્થળે 'સંશય' ની એવી વ્યાખ્યા મળે છે કેઃ—

'संशयात्मा विनश्यति' [2]

અર્થાત્ઃ—સંશય કરનારનો જ્ઞાનાદિ[3] આત્મા નષ્ટ થઈ જાય છે.

---

૧ હિતોપદેશ. ૨ ભગવદ્ગીતા.

૩ જૈનશાસ્ત્રમાં આત્મા આઠ પ્રકારનો છેઃ—(૧) દ્રવ્યાત્મા

કેવળ આગમોના આધારે કોઈ પ્રમાણથી દૂર રહેવું, તેમાં કંઈ બુદ્ધિમત્તા સમાયેલી નથી. ધર્મ કરતી વખતે અભિરામતો વિશ્વ અને વિવેક આવશ્ય રાખવો જોઈએ, પણ શરૂઆતથી જ દરે કામને શંકાની દૃષ્ટિએ જોવું ન જોઈએ. મનુષ્ય નિર્ણયાત્મક દૃષ્ટિ જેટલો અધિક વિચાર-વિવેક કરે છે, તેટલું તેને તેનું ઊંડું રહસ્ય સમજાય છે.

પરન્તુ જો કોઈ મનુષ્ય આ પ્રમાણે શંકા કરીને અટકી જા કે કોણ જાણે પરમાત્મા છે કે નહિ? આ સાધુ છે કે નહિ? અથવ સાધુએ બનાવેલા ઉપાયો વડે પરમાત્મપદ મળશે યા નહિ? આ પ્રમાણે શંકાઓ કરીને જે મનુષ્ય ધર્મ અને ઇષ્ટદેવ પ્રત્યે વિશ્વા રાખતો નથી, તે મનુષ્ય પ્રતિક્ષણ પોતાના હૃદયમાં શંકાને સ્થા દેતો દેતો, આખરે શંકાશીલ બની જાય છે અને તેનો જ્ઞાનાત્મ જ્ઞાનદૃષ્ટિએ નિશ્ચિતરૂપે નષ્ટ થઈ જાય છે.

જો કોઈ એમ કહે કે અમે જૈનશાસ્ત્રોને સત્ય માનીએ, અને તેન ઉપર શંકા પણ ન કરીએ. પણ જૈનશાસ્ત્ર જ સત્ય છે. આ વાતન પુષ્ટિ માટે શું કોઈ પ્રમાણ છે? આ પ્રશ્ન બરાબર છે.

હવે હું તમને પૂછું છું કે પાંચમાં પાંચ મેળવવાથી કેટલા થાય? દશ

હવે જો કોઈ એમ. એ. પાસ થયેલ શિક્ષિત માણુસ કહે કે પાંચ અ પાંચ મેળવવાથી અગિયાર થાય છે. તો શું આપ તે માનશો? કદાપિ નહિ પણ જો તે કહે કે હું એમ. એ. પાસ થયો છું. માટે માર વાત પ્રમાણભૂત છે, તો આપ તેનો ઉત્તર શું આપશો? તમે જરૂ કહેશો કે અમારો આ વિષે અનુભવ છે, એટલું જ નહિ, પણ અમ વિશ્વાસ પણ છે કે પાંચ અને પાંચ મેળવવાથી દશ જ થાય છે. અમ તમો અગિયાર બતાવીને સંદેહમાં નાંખી રહ્યા છો. તે વાત અ સ્વીકારી શકીએ નહિ. તમે પોતે ભૂલ કરી રહ્યા છો.

જેવી રીતે પાંચ અને પાંચ મેળવવાથી દશ જ થાય છે, તે વાત પ્રત્યેક મનુષ્ય સરળતાપૂર્વક સમજી શકે છે. તેવી જ રીતે જૈનધર્મના સિદ્ધાન્તો પણ સરળતાપૂર્વક સમજી શકાય તેવા છે; અને તેની સત્યતા પણ ઘણી જલ્દીથી માલુમ પડી શકે છે; અર્થાત્ જૈનધર્મના સિદ્ધાન્તોની લગભગ બધી વાતો પોતાના અનુભવથી સમજી શકાય એવી છે.

પ્રત્યેક મનુષ્ય એ વાત સારી રીતે જાણે છે કે જે ધર્મ હિંસાનું પ્રતિપાદન કરે છે, તે ધર્મ વાસ્તવમાં ધર્મ જ નથી. હવે તમે બતાવો કે જૈનધર્મ હિંસાનું પ્રતિપાદન કરે છે કે અહિંસાનું ? અહિંસાનું.

તમારી પાસેથી જો કોઈ મનુષ્ય દગાબાજીથી કોઈ ચીજ ઝુંટવી લે, તો તમે તેને ધર્મી કહેશો કે અધર્મી ? અધર્મી.

પ્રત્યેક મનુષ્ય શિખ્યા વિના, કેવળ પોતાના અનુભવથી જ આવા કૃત્યને અધર્મ કહી શકે છે. આ જ પ્રમાણે જૈનધર્મના સિદ્ધાન્તો પણ અનુભવસિદ્ધ છે. તેની સત્યતા બતાવવા માટે પ્રમાણ દેવાની આવશ્યકતા નથી. પોતાના આત્માનો અનુભવ જ તે સિદ્ધાન્તોની સત્યતા માટે પ્રમાણભૂત છે.

જો કોઈ કહે કે જેઓએ અહિંસાનો ધર્મ બતાવ્યો છે, તેઓએ બનાવેલ ભૂગોળ-ખગોળ, આધુનિક ભૂગોળ-ખગોળની સાથે મળતાં આવતાં નથી, તો પછી તમે તેઓને સર્વજ્ઞ શા માટે માનો છો ?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે મેં તેઓને ભૂગોળ-ખગોળ રચવાને માટે પરમાત્મા માન્યા નથી, પણ અહિંસા, સત્ય આદિ મંગળ ધર્મના પ્રરૂપક હોવાને કારણે પરમાત્મા માન્યા છે. હવે તેઓએ બનાવેલ ભૂગોળ ખગોળ આધુનિક ભૂગોળ-ખગોળ સાથે મળતી આવતી નથી, તેને માટે અમારી પાસે એવું કોઈ સાધન નથી, કે જે વડે તમને બતાવી શકીએ કે તેઓએ ભૂગોળ-ખગોળની રચના કયા વિશિષ્ટ વિચારથી કરી છે. પરન્તુ અહિંસાના સિદ્ધાન્તો જે મારા અનુભવ પ્રમાણે સત્ય અને પૂર્ણ કસ્યાણકારી નિવડયા છે, તે ઉપરથી હું કહી શકું છું કે અહિંસા સત્ય આદિ સિદ્ધાન્તના પ્રતિપાદક કે આવું અસત્ય બોલી શકે નહિ.

જૈન આગમમાં ચૌદ રાજલોકની સ્થિતિ પુરુષાકાર બતાવવામાં આવી છે. જો કોઈ મનુષ્ય, આ લોકસ્થિતિનું પ્રતિદિન એક એક કલાક ધ્યાન ધરે, તો છ મહિના બાદ, તે સ્વયં કહેશે કે, આમાં અપૂર્વ આનંદ સમાયેલો છે. મને થોડો અનુભવ છે, તો પણ હું કહી શકું છું કે આમાં ઘણો આનંદ આવે છે; તો જે વિશિષ્ટજ્ઞાની છે, તેઓને આ લોકસ્થિતિના ધ્યાનથી કેવો આનંદ મળતો હશે?

આ ઉપરથી સિદ્ધ થાય છે કે જેઓએ જૈનસિદ્ધાન્ત અને જૈનશાસ્ત્રોની રચના કરી છે, તેઓ સર્વજ્ઞ હતા. તેઓના કહેલા પ્રત્યેક શબ્દમાં ઘણું ગૂઢ રહસ્ય સમાયેલું છે. તેઓની બધી વાતો સમજવામાં આપણી બુદ્ધિ અસમર્થ હોય તો તે વાત જુદી છે.

* તત્ત્વાર્થાધિગમભાષ્ય નામના પુસ્તકમાં ચૌદ રાજલોકની સ્થિતિ પુરુષાકાર બતાવવામાં આવી છે.

જૈનધર્મમાં અહિંસા, સત્ય આદિ સંયમધર્મો વિષે સૂક્ષ્મ વિચાર કરતાં
ર, અજીવ આદિ નવ તત્ત્વો તથા અનેકાન્તવાદ, નયવાદ, પ્રમાણવાદ
વાદ, લોકસ્વરૂપ આદિ મૌલિક સિદ્ધાન્તોનું જે અન્વેષણ કરવામાં
યું છે તે એવું સ્વાભાવિક અને વૈજ્ઞાનિક છે કે જેથી તે જૈનધર્મ સૌ
ને માટે આચરણીય થઈ પડે છે. વિજ્ઞાનના વિકાસની સાથે
ર્મનું રહસ્ય જનસમાજને સમજમાં આવવું જોઈએ. જૈનધર્મનાં સિદ્ધા-
ા બરાબર સમજવા માટે અનેકાન્તવાદ એક ચાવી છે. આજે
ન્તનું વાસ્તવિક સત્ય જે પ્રાયઃ ભૂલાઈ ગયું છે તેનું પ્રધાન કારણ
અનેકાન્તવાદની અવગણના છે. અનેકાન્તવાદની ચાવીદ્વારા જ્યારે
જૈનધર્મનું પ્રવેશદ્વાર ઉઘાડવામાં આવશે ત્યારે જૈનધર્મનો
સાક્ષાત્કાર થઈ શકશે.

એક પ્રશ્ન, જે આખી દુનિયામાં ચર્ચાઈ રહ્યો છે કે, જો અહિંસા
કલ્યાણ કરનારી છે, તો અહિંસાધર્મી જૈનોની અવનતિ કેમ થઈ? આ
વાત સત્ય છે, કારણ કે વાસ્તવમાં અવનતિ થઈ રહી છે. ભારતમાં અહિંસાને
પાળનાર ઘણા છે. ભલે બીજી વાતોમાં ભેદ હોય; પણ શૈવ, વૈષ્ણવ
જૈન આદિ બધા ધર્મોએ "अहिंसा परमो धर्मः" સ્વીકાર્યો
છે, તે અહિંસાપ્રધાન ભારત દેશની અવનતિ કેમ થઈ?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે અહિંસાધર્મ આચરણીય ધર્મ છે.
આનું અક્ષરશઃ પાલન કરનાર બહુ થોડા છે અને તે પણ નામ માત્રના છે.

અહિંસાધર્મનું પાલન વીરપુરુષો કરી શકે છે; જ્યારે આજે
મનુષ્યોમાં ડર પેસી ગયો છે. જે મનુષ્ય ડરપોક છે, તે અહિંસાનું
પાલન કદાપિ કરી શકતા નથી.

જ્યાંસુધી મનુષ્યો સારી રીતે અહિંસાનું પાલન કરતાં શીખે નહિ,
ત્યાંસુધી ઉન્નતિ કદાપિ થઈ શકવાની નથી, એ વાત સુનિશ્ચિત છે.

અહિં કોઈ શંકા કરી શકે છે કે જ્યારે અહિંસાનું પાલન કર્યા
વિના ઉન્નતિ થવી સંભવિત નથી, તો પછી હિંસા કરવા છતાં પણ
યુરોપ આદિ પાશ્ચાત્ય દેશોની ઉન્નતિ કેમ થઈ?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે યુરોપની આ દેખાતી ભૌતિક ઉન્નતિ વાસ્તવિક ઉન્નતિ નથી, પણ ભયંકર અવનતિ છે. ભારતવર્ષમાં અહિંસાના જેટલા સંસ્કારો બાકી છે, તેના પ્રભાવથી જેટલી સારી સંસ્કારિતા અધિકતર ભારતીયોમાં જોવામાં આવે છે, તેટલી સંસ્કારિતા સંસારમાં બીજે ક્યાંય જોવામાં આવતી નથી. ભારતવર્ષના કેવળ પતિપત્નીધર્મને આપણે અમેરિકાના પતિપત્નીધર્મ સાથે સરખાવીશું તો આપણને માલુમ પડશે કે અમેરિકાના પતિપત્નીધર્મનો કેટલો અધઃપાત થયો છે! અમેરિકામાં સેંકડે ૬૫ ટકા વિવાહસંબંધ તોડવામાં આવે છે; આ સિવાય અત્યારે પણ ભારતવર્ષમાં ગરીબમાં ગરીબ માણસોને જેટલું સુખ મળી રહ્યું છે, તેટલું સુખ ત્યાંના ગરીબ માણસોને મળતું નથી. જ્યારે હું ઘાટકોપર (મુંબઈ) ચાતુર્માસસ્થિત હતો, ત્યારે મારા સાંભળવામાં આવ્યું હતું કે અમેરિકા ગએલ એક ભારતીય સજ્જનનો અહિં પત્ર આવ્યો છે. તેમાં તેઓએ લખ્યું છે કે, "અમેરિકાના નિમ્નશ્રેણીના મનુષ્યોની આર્થિકસ્થિતિ ભારતવર્ષના નીચી શ્રેણીના મનુષ્યોની આર્થિકસ્થિતિની અપેક્ષાએ ઘણી ખરાબ છે. અહિંના ગરીબો પ્રાયઃ ચોપાનીયાઓને ઓઢવા–પાથરવાના કામમાં લે છે." કેટલાક મનુષ્યો તો અબજપતિ છે અને કેટલાક એવા છે કે, જેઓને ઓઢવા–પાથરવાનું પણ મળતું નથીઃ આને સુધારો કે ઉન્નતિ કહેવી તે ઉચિત નથી.

પ્રત્યેક પ્રાણી પોતાના આત્મા સમાન છે એમ સમજીને દુઃખ–કષ્ટો કરવાં નહિં, એ જ વાસ્તવિક ઉન્નતિ છે.

જો વૈભવ જ વાસ્તવિક ઉન્નતિ છે, એ પ્રમાણે કહેવામાં આવે, અર્થાત્ ગરીબોના જીવનમરણનો વિચાર ન કરીને, બની શકે તેટલા પ્રત્યેક ઉપાયોથી ધન ખેંચીને તિજોરી ભરી લેવી, એ જ ઉન્નતિ છે, તો જે મનુષ્યો દગા–ફટકા કરીને ધન એકત્રિત કરે છે તેઓ પણ ઉન્નતિ કરી રહ્યા છે, તે પ્રમાણે આપણે માનવું પડશે. પણ

આ પ્રકારના દગા-ફટકા કરીને ધન લૂંટી લેવાને ઉન્નતિ માનવામાં આવે. તો આપણે ઉન્નતિનો અર્થ નથી સમજ્યા એમ કહી શકાય.

અત્યારે વિષમતાનાં વિષપાનથી આખું જગત અન્યાય કરવા કરી રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં ભેદભાવ, વિષમતા, ઉચ્ચનીચની ભાવના પ્રવર્તી રહી છે અને તેને લીધે દુઃખદારિદ્ર વધવા પામ્યાં છે. આવી દુઃખી અવસ્થામાંથી જગતને ઉગારવાનો એક જ માર્ગ છે અને તે સમાનતાનો આદર્શ છે. સમાનતાના આદર્શના અનુસરણમાં જ સાચું સુખ રહેલું છે.

એક અહિંસાવાદી, ભલે તે મરી જાય, પણ અન્યાયપૂર્વક કોઇનું પ્રાણહરણ કરવું કરે નહિં અને એક બીજો માણસ, કોઇને મારી નાંખીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે, તો આ બન્નેમાં તમે કોને ઉન્નત સમજશો ? અહિંસાવાદીને.

અહિંસાધર્મનું રહસ્ય બરાબર ન સમજવાથી, અથવા અહિંસાવાદી કહેવડાવીને પણ હિંસક કાર્ય કરવાથી અવનતિ ન થાય, તો શું ઉન્નતિ થઇ શકે ? ઉન્નતિ થઇ શકે નહિં.

આજે, મંદિરો, તીર્થો અને ધર્મસ્થાનોમાં ધર્મને નામે કોઇ કોઇ ઠેકાણે જે અત્યાચાર-અનાચાર થઇ રહ્યો છે, તો શું તે બધા કુકર્મોનું ફળ મળ્યા વિના રહેશે ! ભારતવર્ષ પોતાના કર્મોથી જ અવનતિના ખાડામાં પડી રહ્યો છે અત્યારસુધી મનુષ્યોમાં જે સત્ય, શીલ, સદાચાર આદિ ગુણોનો જે કાંઇ અંશ બાકી છે, તે બધું પૂર્વજોના પ્રતાપથી જ છે. અત્યારે તો આપણે કેવળ પૂર્વજોની એકત્રિત કરેલી ધર્મસમ્પત્તિનો વ્યય કરીએ છીએ. કાંઇ નવું કમાઇને તેમાં ઉમેર્યું નથી. અત્યારે પણ મનુષ્યો અહિંસાપાલન, તપશ્ચરણ આદિ ધર્માચરણ જેટલા પ્રમાણમાં કરે છે, તેટલા પ્રમાણમાં તેઓ સંસારને કલ્યાણમાર્ગ ઉપર લઇ જવા માટે તેમજ વિઘ્નોને દૂર કરવા માટે મનુષ્યજીવનનો સદુપયોગ કરે છે.

કોઈ કહે કે જૈનધર્મમાં એ પ્રકારની અહિંસાની વ્યાખ્યા કેમ કહેવામાં આવી છે! જેવી રીતે કોઈ બીજો પક્ષ કહે છે કે 'જીવોને ન મારવા તે અહિંસા છે; પણ કોઈ મરતાં જીવને બચાવવો તે પાપ છે,' આ કેવો ન્યાય!

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે જેઓને અહિંસાનો અર્થ માલુમ નથી, તે ભલે ગમે તે કહે; પણ આખી દુનિયા સારી પેઠે જાણે છે કે અહિંસા શબ્દ હિંસાનો વિરોધી છે.

જેમાં હિંસાનો વિરોધ હોય તે અહિંસા છે, અને જેમાં અહિંસાનો વિરોધ હોય તે હિંસા છે.

માનો કે, એક મનુષ્ય કોઈ બીજા નિરપરાધી મનુષ્યને તલવારથી મારી રહ્યો છે; હવે કોઈ બીજો મનુષ્ય તે મારનાર પુરુષને ઉપદેશથી તે દુષ્ટ કૃત્યથી રોકે છે; તો તેણે હિંસાનો વિરોધ કર્યો કહેવાયને? હા.

'હિંસાનો વિરોધ કરવો તે અહિંસા છે.' આ વાત પહેલાં કહેવામાં આવી છે; એટલા માટે જે મનુષ્ય હિંસાને રોકે છે, અર્થાત્ હિંસાનો વિરોધ કરે છે, તે મનુષ્ય નિશ્ચિત રૂપે અહિંસક જ છે; હવે આવા અહિંસક મનુષ્યને કોઈ હિંસક કહે, તો તેઓને શું કહેવું જોઈએ? તેઓ જુઠ્ઠું કહે છે.

રક્ષા કરનાર હિંસક અથવા પાપી છે, એવું કોઈ બુદ્ધિમાન મનુષ્ય કહી શકે નહિં.

રાવણ, સીતાનું શીલ હરણ કરવા તત્પર થયો હતો અને તેને વિભીષણે રોક્યો, તો આ બન્નેમાં કુશીલ કોણ કહેવાય? 'રાવણ.'

અને વિભીષણ? શીલવાન

હવે જો કોઈ મનુષ્ય એમ કહે કે સીતાનું શીલ બચાવવાથી વિભીષણ કુશીલ થઈ ગયો, તો શું આ કથન તેઓનું ન્યાયયુક્ત કહેવાય? 'નહિં.'

જ્યારે આપણે આ પ્રમાણે માનીએ છીએ, તો પછી જે

સમદૃષ્ટિને નિઃકાંક્ષી બનવું આવશ્યક છે. કારણ કે આકાંક્ષાઓની પૂર્તિ બીજા ધર્મથી; જૈનધર્મ અથવા બીજો ધર્મ છે, પણ તે પૂર્વાપર વિરુદ્ધ હોવાથી તેઓની વાતો યથાર્થ નથી. સમદૃષ્ટિને સર્વજ્ઞપ્રણીત ધર્મ સિવાય અન્ય ધર્મોની કાંક્ષા કેમ ઉત્પન્ન કેવી રીતે થઈ શકે? એટલા માટે 'નિઃકાંક્ષા' સમકિતનો આચાર માનવામાં આવ્યો છે.

(૩) નિર્વિચિકિત્સા:—ધર્મમાં ચિત્તશુદ્ધિ ન રાખવાથી એ મનને ડામાડોળ સ્થિતિમાં મૂકવું પડવાથી ધર્મ અને અધર્મનો વિવેક જાગતો નથી. અને વિવેકબુદ્ધિ ન જાગવાથી, ધર્મની પ્રાપ્તિ થતી નથી અને અધર્મબુદ્ધિનો નાશ થતો નથી. માટે સ્વધર્મમાં દૃઢવિશ્વાસ રાખવો જોઈએ અને પરધર્મમાં ખોટી મોહબુદ્ધિ રાખવી ન જોઈએ.

વિચિકિત્સા—અર્થાત્ ફળના પ્રતિ સંદેહ કરવો તેનું નામ 'વિચિકિત્સા' છે. કોઈ મનુષ્ય વિચારે કે 'હું ધર્મ–પાલનમાં આટલો બધો પરિશ્રમ કરી રહ્યો છું, તેનું ફળ મળશે કે નહિ?' આ પ્રકારે સંદેહ કરવો; અથવા આ સાધુઓ પોતાના દેહને મલયુક્ત શા માટે રાખે છે? જો અચિત્ત જલથી સ્નાન કરે તો તેમાં શું દોષ? આ પ્રકારના વિચારોવડે સાધુઓની નિંદા કરવી, તેનું નામ 'વિચિકિત્સા' છે. વિચિકિત્સાનો જ્યાં અભાવ હોય તેનું નામ નિર્વિચિકિત્સા છે.

(૪) અમૂઢદૃષ્ટિ:—અન્ય ધર્માવલમ્બીઓને ઋદ્ધિસમ્પન્ન જોઈને પણ જેનાં મનમાં વ્યામોહ પેદા થાય કે 'આ ઋદ્ધિસમ્પન્ન છે એટલે તેનો ધર્મ શ્રેષ્ઠ છે, અને હું અલ્પ ઋદ્ધિવાળો છું, એટલે મારો ધર્મ કનિષ્ઠ છે' આ પ્રકારનો વ્યામોહ જેણે છોડી દીધો છે, તે અમૂઢ–દૃષ્ટિ કહેવાય છે, અને તે સમકિતનો આચાર છે.

જે મનુષ્ય કોઈની બાહ્યસિદ્ધિ જોઈને પોતાના હૃદયમાં વિચારે કે, 'આ ગુરુ તો કાંઈ ચમત્કાર બતાવતા નથી, આ પ્રકારનો

જે વિચાર કરે તે મૂઢ-દૃષ્ટિ કહેવાય છે. જેનામાં આવી મૂઢ-દૃષ્ટિ ન હોય તે અમૂઢદૃષ્ટિ છે; આ પ્રકારનો સ્વભાવ પણ આવશ્યક જોઈએ.

ઉપર કહેવામાં આવેલા ચાર આચારો (નિઃશંકા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા અને અમૂઢદૃષ્ટિ) આન્તરિક આચારો છે, અર્થાત્ આ આચારો હૃદયથી પાળવાના છે. હવે બાકીના ચાર આચારો (ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના)નું વર્ણન કરવામાં આવે છે.

(૫) ઉપબૃંહણ:—બીજાના ધાર્મિક ઉત્સાહની કોઈ રીતે વૃદ્ધિ કરવી તેનું નામ 'ઉપબૃંહણ' છે. જેવી રીતે કોઈ દર્શનાદિ (સમ્યક્ત્વાદિ) ગુણોથી યુક્ત પુરુષોના ગુણો જોઈને તેઓને કોઈ રીતે ઉત્સાહિત કરવા, અર્થાત્ 'તમારો જન્મ સફળ થયો છે, તમારા જેવા આદર્શ-પુરુષને આવું જ કાર્ય કરવું ઘટે.' આ પ્રકારે તેઓને 'ધર્મ' પ્રતિ વધારે ઉત્સાહિત કરવા તેનું નામ 'ઉપબૃંહા-ઉપબૃંહણ' છે.

(૬) સ્થિરીકરણ:—'સ્થિરીકરણ' અર્થાત્ સ્વીકાર કરેલા ધર્મનું અનુષ્ઠાન કરવામાં જો કોઈ મનુષ્યને વિષાદ-શોક થતો હોય તો તે પુરુષને સ્થિર બનાવવો, અર્થાત્ તેને ધર્મનું અનુષ્ઠાન કરવામાં દૃઢ બનાવવો, તેનું નામ સ્થિરીકરણ છે. કોઈ મનુષ્યને સ્થિર બે રીતે બનાવી શકાય:—એક તો ધર્મથી અસ્થિર બનેલાને ધર્મનો ઉપદેશ આપીને સ્થિર બનાવવો અને બીજી રીત અસહાયને સહાય આપીને સ્થિર બનાવવો.

કોઈ એમ કહે કે અસહાયને સહાયતા આપવાથી કોઈ પ્રકારનો આરંભ થઈ જવાનો સંભવ છે. તે ઠીક છે. પણ સમદૃષ્ટિ આરંભને પણ આરંભ માને છે; તો પણ સહાયતાથી જો પુરુષ ધર્મમાં સ્થિર થાય, તો તે સમ્યક્ત્વનો આચાર જ છે. તેમાં પાપ નથી, પણ ધર્મ છે.

કોઈને ધર્મમાં સ્થિર બનાવવો તે સમકિતનો આચાર છે અને તે પ્રમાણે કરવાથી ધર્મની વૃદ્ધિ થાય છે.

(૭) વાત્સલ્યભાવ:– 'વાત્સલ્ય' માં ઘણો ગંભીર વિચાર સમાયેલો છે. જેવી રીતે એક શ્રાવકને એક પુત્રી છે. તેણે વિચાર્યું કે મારી પુત્રીને વિવાહ તો કરવાનો છે; પણ જો કોઈ સહધર્મી સાથે વિવાહ થાય તો ઠીક; કારણ કે જે ધર્મ મેળવવો દુર્લભ છે અને તે ધર્મ ઉપર શ્રદ્ધા રાખવાથી મને જે અલૌકિક આનંદ મળે છે, તેવો જ આનંદ તેને પણ મળે અને ધર્મ પ્રતિ તેની અભિરુચિ પણ વૃદ્ધિ પામે. વાત્સલ્યગુણ કહેવાય છે. કોઈ ચીજ બજારમાંથી ખરીદવી હોય તો સહધર્મીની જ દુકાનથી લેવી અથવા એક નોકર રાખવો છે, તો સહધર્મીને જ રાખવો; અને આ પ્રમાણે વિચારીને કે આ સહધર્મી છે તો નોકરનો નોકર રહેશે અને સાથે સાથે ધર્મની પણ સહાયતા મળશે. આનું નામ વાત્સલ્ય છે; એટલા માટે વિવાહાદિ સંબંધમાં પણ સહધર્મીવાત્સલ્યનો વિચાર કરવો જોઈએ.

પ્રાચીન સમયમાં સ્વધર્મીવાત્સલ્યનો ગુણ કેટલો વિકસેલો હતો તે નીચેના ઐતિહાસિક ઉદાહરણથી સ્પષ્ટ સમજાશે:—

વર્ષો પહેલાંની આ વાત છે . માંડળગઢ નામની મહાન નગરી હતી. ત્યાંના જૈનો સ્વધર્મીવાત્સલ્યમાં જીવી જાણતા. સૌ સમાન હતા, સ્વધર્મીબન્ધુ હતા. તેઓ હાથોહાથ મેળવી રહેતા અને વિકાસ સાધતા.

એનું સામાજિક જીવન પણ એટલું જ ઉન્નત હતું; રોટી-બેટીવ્યવહાર સૌ સાથે સમાન હતો. દશા, વિશા, ઓસવાલ, પોરવાલ કે ખંડેલવાલ એવા વાલબાલનો ભેદ નહોતા. સાંભળીને આશ્ચર્ય થશે, પણ કહેવાય છે કે એ બધા લાખોપતિ હતા. અને લાખ ઘરોની ત્યાં જૈન વસ્તી હતી.

આ ગપ્પ નથી. એની પાછળ ઐતિહાસિક પ્રમાણો છે. આજે પણ અનેક મકાનોના એક સરખી હાર થોડેથોડે આંતરે નાલછાપથી માંડીને માંડળગઢ સુધી ૭ માઈલની લંબાઈમાં ખંડેરરૂપે ઊભી છે.

આ વાતની સાક્ષી આપે છે. પહેલાં એ જૈનપુરી હતી; આજે એ ધાર સ્ટેટને આધીન છે. ત્યાંના ગરીબ અને રાજ્યપીડિત ભીલોનું તે આશ્વાસનદાયક સ્થાન બન્યું છે. આજે એ એકસરખી બાંધણી અને નમુનાનાં મકાનો જોઇ પૂર્વચિત્ર આબેહૂબ ખડું થાય છે.

એક સરખાં મકાન શાથી ? એ પ્રશ્નોનો ઉત્તર એ છે કે ત્યાં સાચું સ્વધર્મીવાત્સલ્ય હતું, આપણામાં એક જુની છતાં અમૂલી કહેવત છે કે " પંચની લકડી એકકા બોજ." આ કહેવત સૌએ સાંભળી હશે.

માંડળગઢના જૈનોનો નિયમ હતો કે પોતાનો નવો સ્વધર્મી આવે એટલે ઘરદીઠ એક રૂપિયો અને એક ઇંટનું આતિથ્ય ધરવું. એક લાખ ઘર એટલે આવેલો સ્વધર્મી સીધો લખપતિ અને બંગલાવાળો બને. આનું નામ જૈન સમાજનું સ્વધર્મીવાત્સલ્ય!

આ સ્વધર્મીવાત્સલ્યની આરાધના કરવાથી સહેજે સમાનતા આવી જાય છે અને આવી સમાનતા વિશ્વવ્યાપી સાચી માનવતામાંથી જન્મે, અને માનવતાનો પ્રચાર તથા વિકાસ થાય એ જ જૈનસંસ્કૃતિનો આદર્શ છે.

પણ આનો અર્થ એ નથી કે બધાએ જૈનોએ લખપતિ બનવું જોઇએ ! અને જો જૈનો લખપતિ બને તો બીજી પ્રજાનું શું ? અપરિગ્રહ એ તો જૈનોનું મુખ્ય વ્રત છે, અને હોવું જોઇએ.

જ્યાં સાચી બાંધવવૃત્તિ સ્ફુરે છે, ત્યાં સંગઠન સહેજે થઇ જાય છે અને જ્યાં બંધુત્વભર્યું સામાજિક જીવન અને મહામૂલી સ્વતંત્રતા છે ત્યાં જ સાચો સ્વધર્મીવાત્સલ્યનો ગુણ વિકસેલો છે.

જ્યાં ભિન્ન વિચારવાળા, ભિન્ન ધર્માવલમ્બી પતિપત્ની, અથવા સ્વામીસેવક હોય છે, ત્યાં પ્રાયઃ વિચારોની અસમાનતા રહે છે અને તેનું પરિણામ પણ કોઈ કોઈ વખતે ઘણું ભયંકર આવે છે; એટલા માટે સહધર્મીની સાથે સંબંધ રાખવાથી સમકિતાદિ ગુણોની વૃદ્ધિ થવાનો સંભવ છે.

સારાંશ માત્ર એ જ છે કે, પોતાના સાધર્મી બન્ધુઓને પોતાના હૃદયમાં પ્રેમ ભાવથી સ્થાન આપે અને તેને ભોજનાદિ માટે ઉચિત સત્કાર કરવામાં આવે. તેનું નામ વાત્સલ્ય છે.

આ 'વાત્સલ્ય ગુણ' પણ સમ્યક્ત્વનો આચાર છે. વાત્સલ્ય-ગુણ વિષે જેટલો વિચાર કરવામાં આવે તેટલો ઓછો જ છે.

(૮) પ્રભાવના:—પોતાના ધર્મની ઉન્નતિની પ્રવૃત્તિ કરવી તેનું નામ પ્રભાવના છે; અથવા જે કાર્ય કરવાથી જૈનધર્મ દેદીપ્યમાન થાય, તે પણ 'પ્રભાવના' કહેવામાં આવે છે.

સાંભળવામાં આવે છે કે, પહેલાં કરોડો જૈનો હતા. આ લોકોને તરવારના બળથી કે ડરાવીને તેમજ ધમકી આપીને જૈનો બનાવવામાં આવ્યા ન હતા, પણ તે સમયના જૈનોનાં વાત્સલ્ય અને પ્રભાવના ગુણથી પ્રભાવિત થઈને અન્ય ધર્માવલમ્બી લોકો જૈન-ધર્માનુયાયી બની જૈનધર્મનું પાલન કરતા હતા.

અત્યારે પણ જો જૈનભાઈઓ પોતાનું ચારિત્ર આદર્શ બનાવે અને વાત્સલ્ય અને પ્રભાવનાગુણની વૃદ્ધિ કરે, તો સંસારમાં જૈનધર્મનું ગૌરવ અવશ્ય વધારી શકે. જો જૈન ભાઈઓ આચાર-વિચાર શુદ્ધ રાખે અને અન્ય લોકોની સાથે સહાનુભૂતિ સહિત વ્યવહાર કરે, તો લોકો જૈનધર્મ પ્રતિ આકર્ષિત થશે, અને તીર્થંકરોનો પવિત્રમાર્ગ પણ પવિત્ર બનશે.

સ્થાનાંગસૂત્રના ચોથા સ્થાનમાં કહ્યું છે કે પ્રવચન-પ્રભાવના માટે પાત્ર–અપાત્રને દાન દેનાર દાતાર ત્રીજા ભંગનો દાતાર છે; આથી સ્પષ્ટ જણાય છે કે અપાત્રને દાન દેવાથી પણ પણ તીર્થંકરના માર્ગની પ્રભાવના થાય છે; અર્થાત્ દાનના પ્રભાવથી અપાત્ર અર્થાત્ વ્રત–ચારિત્ર ધર્મથી વિહીન જે સામાન્ય પ્રકૃતિનો મનુષ્ય છે, તેને પણ દાન આપીને જૈનધર્મનો અનુયાયી બનાવવાથી

ર્થંકરનો માર્ગ ઉજ્જ્વળ કરી શકાય છે. શાસ્ત્રોમાં તીર્થંકરમાર્ગને ઉજ્જ્વળ કરવાથી તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે, એવું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ફલ બતાવવામાં આવ્યું છે.

કોઈ આંધળાં, લૂલાં-લંગડાં વગેરે અસહાય જનોને દાન દેવાથી સંસાર ઉપર જૈનધર્મનો પ્રભાવ પડે છે; એવું પણ જોવામાં આવે છે. આવો પ્રભાવ સંસાર ઉપર પાડવો તે પણ જૈનધર્મની પ્રભાવના છે.

જે મનુષ્ય દાન દેવાને પાપ કહે છે, તેઓ પ્રવચન-પ્રભાવનાનો અર્થ બરાબર સમજતા નથી, એમ સમજવું જોઈએ.

આ આઠ આચારો સૂત્રધર્મના છે. આ આઠેય આચારોનું આચરણ કરનાર પુરુષ ઉપર બતાવેલ ફલનો ઉત્પાદક બને છે. આ જ આઠ આચારો ચારિત્રધર્મના પણ ઉપયોગી છે. આ આઠ આચારોનું પાલન કરવાથી ચારિત્રધર્મનું પાલન થાય છે.

(૯)

ચારિત્રધર્મ – આચારધર્મ

[चरित्त-धम्मे]

દુનિયાની બીજી પ્રજાઓ કરતાં આપણને જેની અત્યારે વધારે જરૂર છે તે એક જ છે અને તે ચારિત્રની ખીલવણી છે.

ज्ञानक्रियाभ्याम् मोक्षः

જ્યારે વિચાર આચારમાં ઊતરે છે ત્યારે જીવન્મુક્તિ મળે છે. ચારિત્ર્યશુદ્ધિ જીવન્મુક્તિનું શ્રેષ્ઠ સાધન છે.

માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ રાગદ્વેષથી વિમુક્ત થઈ જીવન્મુક્ત બનવાનો છે. જીવન્મુક્ત બનવા માટે પ્રત્યેક પ્રાણીએ રાગદ્વેષના મૂળ કારણને વિચારી – શોધી તેને નિર્મૂળ કરવા માટે પ્રયત્ન-પુરુષાર્થ કરવો આવશ્યક છે.

વિચાર – મનન, નિદિધ્યાસન – શોધન એ બધાં સુજ્ઞાનના પર્યાયવાચી શબ્દો છે અને આચાર – પ્રયત્ન – પુરુષાર્થ શબ્દો આદિ ચારિત્રધર્મના પર્યાયાર્થક છે.

'पढमं नाणं तओ दया' 'ज्ञानं वन्ध्यं क्रियां विना,' 'ज्ञानचारित्राभ्यां मोक्ष' એ બધાં આર્ષસૂત્રો મોક્ષપ્રાપ્તિ માટે સુજ્ઞાન અને ચારિત્રના સાહચર્યની આવશ્યકતા સૂચવે છે.

સ્વગ્રાન વિષે આગળ અવિસ્તર વિવેચન કરવામાં આવ્યું છે. અને ચારિત્રધર્મ – આચારધર્મ વિષે વિચાર કરવાનો છે.

ચારિત્રધર્મ એટલે આચારધર્મ અને આચારધર્મ એટલે સદાચાર કે ક્રિયાશીલતા એવો સામાન્ય અર્થ થાય છે. વ્યક્તિના ત્યાગી અને ગૃહસ્થ એ બે વર્ગભેદની અપેક્ષાએ આચારધર્મમાં પણ બે ભેદ છે. અમુક વ્યક્તિઓ આચારધર્મનું સંપૂર્ણ પાલન કરે છે અને અમુક આંશિક પાલન કરે છે. જે આચારધર્મનું સંપૂર્ણતઃ પાલન કરે છે તેમને અનગાર કે ત્યાગી કહેવાય છે અને જેઓ આચાર-ધર્મનું આંશિક પાલન કરે છે તેમને આગારી કે ગૃહસ્થ કહેવાય છે.

સૂત્રકારોએ ચારિત્રધર્મનો મુખ્ય બે ભાગમાં વિભાગ કર્યો છેઃ–

चरित्तधम्मे दुविहे पं० तं० अणगारचरित्तधम्मे, आगारचरित्तधम्मे च – स्थानाङ्गसूत्रम्

અનગાર–ત્યાગીનો આચારધર્મ અને ગૃહસ્થનો આચારધર્મ એમ ચારિત્રધર્મ બે પ્રકારનો છે.

ત્યાગીધર્મ

સૂત્રકારોએ સંક્ષેપમાં ત્યાગીનો દશ પ્રકારનો ત્યાગીધર્મ બતાવ્યો છેઃ–

दसविहे समणधम्मे पं० तं०:–

(१) खंती (२) मुत्ति, (३) अज्जवे, (४) मद्दवे, (५) लाघवे, (६) सच्चे, (७) संजमे, (८) तवे, (९) चियाए, (१०) बंभचेरवासे

અર્થાત્ – શ્રમણધર્મ – ત્યાગીધર્મ દશ પ્રકારનો છે. સાધુના દશ ધર્મો નીચે પ્રમાણે છેઃ–

(૧) ક્ષમા, (૨) મુક્તિ, (૩) આર્જવ, (૪) મૃદુતા, (૫) લઘુતા, (૬) સત્ય, (૭) સંયમ, (૮) તપ, (૯) ત્યાગ અને (૧૦) બ્રહ્મચર્ય.

– કોઈ કટુવચન – અપ્રિય વચન કહે તોપણ ક્ષમાભાવ રાખવો – ક્રોધિત ન થવું.

– બાહ્યાભ્યન્તર બંધનોથી મુક્ત થવું.

૩ – મન, વચન કાયાની કુટિલતા છોડી ઋજુતા – સરળતા ધારણ કરવી.

૪ – અહંવૃત્તિથી દૂર રહી નમ્રતા – મૃદુતા ધારણ કરવી.

૫ – આંતરિક તથા બાહ્ય ક્રોધ, માન, માયા, લોભનો આત્યંતિક ત્યાગ કરી લઘુતા ધારણ કરવી – ખોટી મોટાઈ ન કરવી.

૬ – સત્યવાદી થવું.

૭ – સંયમ ધારણ કરવો – ઇન્દ્રિયદમન કરવું. સંયમ ૧૭ પ્રકારનો છે.

૮ – તપ – ઉપવાસ આદિ બાહ્ય તપશ્ચર્યા અને પ્રાયશ્ચિત આદિ આભ્યન્તર તપશ્ચર્યા કરવી.

૯ – ત્યાગવૃત્તિ ધારણ કરવી.

૧૦ – બ્રહ્મચર્યમય જીવન વ્યતીત કરવું – બ્રહ્મચારી બનવું. આ દશ પ્રકારના સાધુધર્મમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ૧૭ પ્રકારનો સંયમ, ૨૨ પરિષહ, ૨૭ સાધુગુણ આદિ વિશેષ સાધુધર્મોનો સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ દશવિધ સાધુધર્મને *હિન્દુ બૌદ્ધ આદિ અન્યધર્માવલંબીઓએ પણ વધતા ઓછા પ્રમાણમાં ઉદારતાપૂર્વક સ્વીકાર્યો છે.

ગૃહસ્થધર્મ

तत्र च गृहस्थधर्मोऽपि द्विविधः सामान्यतो विशेषतश्चेति।

ગૃહસ્થધર્મ મુખ્ય બે પ્રકારનો છે. ૧–સામાન્યધર્મ. ૨–વિશેષધર્મ.

ગૃહસ્થનો સામાન્ય ધર્મ

तत्र सामान्यतो गृहस्थधर्मो न्यायतोऽनुष्ठानमिति।

ન્યાયપૂર્વક પ્રવૃત્તિ કરવી તે સામાન્ય ગૃહસ્થધર્મ છે.

---

* धृतिक्षमादमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः
धीर्विद्यासत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥

९ – शौच-व्यायाम-स्वाप-स्नान-भोजन स्वच्छन्दवृत्तिकाला-
न्नोपरुन्ध्यात्।

ગૃહસ્થે શૌચ – વ્યાયામ – નિદ્રા – સ્નાન – ભોજન આદિ નિત્ય આવશ્યકકર્મોનું શરીરની રક્ષા માટે ક્યારેય ઉલ્લંઘન કરવું ન જોઈએ.

१० – शरीरायासजननी क्रिया व्यायामः।

શરીરને કસનારી ક્રિયા 'વ્યાયામ' કહેવાય છે.

११ – शस्त्रवाहनाभ्यासेन व्यायामं सफलयेत्।

શસ્ત્ર – વાહન – દંડ – બેઠક આદિના અભ્યાસથી વ્યાયામ સફળ થાય છે.

१२ – आदेहस्वेदं व्यायामं कालमुशन्त्याचार्याः।

જેથી શરીર પરસેવાથી તરબોળ થઈ જાય તેને વ્યાયામાચાર્યો વ્યાયામ કહે છે.

१३ – अव्यायामशीलेषु कुतोऽग्निप्रदीपनमुत्साहो देहदार्ढ्यं च

વ્યાયામ વિના જઠરાગ્નિ, ઉત્સાહ, તથા દેહની મજબુતાઈ વધતાં નથી. માટે ગૃહસ્થે અવશ્ય વ્યાયામ કરવી જોઈએ.

१४ – श्रमस्वेदालस्यविगमः स्नानस्य फलम्।

ગૃહસ્થે પરિશ્રમ, પરસેવો તથા આલસ્યને દૂર કરવા માટે તથા શરીરસ્ફુર્તિ વધારવા માટે સ્નાન અવશ્ય કરવું જોઈએ.

१५ – स्वच्छन्दवृत्तिः पुरुषाणां परमं रसायनम्।

ગૃહસ્થો માટે સ્વચ્છન્દવૃત્તિ પરમ રસાયનરૂપ છે. અહીં સ્વચ્છન્દવૃત્તિ એ સ્વચ્છન્દાચારના અર્થમાં નથી. અહીં સ્વ-છન્દવૃત્તિનો અર્થ સ્વ-આત્માના છંદ-વિષયમાં વૃત્તિ-વિચરવાનો છે. ગૃહસ્થે આત્માના હિતાર્થે દેવ, ગુરુ અને ધર્મનું આસેવન અવશ્ય કરવું જોઈએ; કારણ કે ગૃહસ્થો માટે દેવ, ગુરુ અને ધર્મ એ એક જ શાન્તિનું સ્થાન છે. સાંસારિક દુઃખ-નિવારણનું એ એક માત્ર પરમ ઔષધ છે.

જ્યારે ગૃહસ્થો ઉપર કહેલા માર્ગાનુસારીરૂપ સામાન્ય * ગૃહસ્થધર્મનું બરાબર પાલન કરે છે ત્યારે તે ગૃહસ્થના વિશેષ ધર્મનું પાલન કરવામાં સમર્થ થાય છે.

ગૃહસ્થનો વિશેષધર્મ

નૈતિક ગુણોને કેળવ્યા બાદ ગૃહસ્થે બાર પ્રકારના ધાર્મિક ગુણો કેળવવાના હોય છે. નૈતિક ગુણોને સર્વપ્રથમ કેળવવા એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે અને એ નૈતિક ગુણોની કેળવણી સાથે બાર પ્રકારના ધાર્મિક ગુણોને કેળવવા એ ગૃહસ્થનો વિશેષધર્મ છે.

જ્યાંસુધી ધર્મ ઉપર દૃઢ વિશ્વાસ હોતો નથી ત્યાંસુધી ધર્મનું પાલન થતું નથી એટલા માટે ગૃહસ્થે શંકા–કાંક્ષા આદિ ધર્મબુદ્ધિને નાશ કરનારા દોષોને દૂર કરી ધર્મપાલનમાં વિશ્વાસપૂર્વક દૃઢ રહેવું જોઈએ. કારણ કે ધર્મશ્રદ્ધા હોય તો જ ધર્મનું પાલન બરાબર થઈ શકે છે.

ધર્મશ્રદ્ધા દૃઢ કર્યા બાદ ગૃહસ્થે નીચેના બાર પ્રકારના વિશેષ ધર્મવ્રતોનું પાલન કરવામાં તત્પર રહેવું જોઈએ.

૧–અહિંસાવ્રત

थूलाओ पाणाइवायाओ वेरमणं । સ્થૂલ પ્રાણાતિપાતથી વિરત થવું. અર્થાત્–ગૃહસ્થે એવી યતનાપૂર્વક Guardedly–Thoughtfully–કાર્યપ્રવૃત્તિ કરવી જોઈએ કે જેથી મનુષ્ય, પશુ, પક્ષી કે બીજાં ત્રસ પ્રાણીઓને–ઈજા થવા પામે નહિ અથવા ઓછામાં ઓછા પ્રાણીઓની ઓછામાં ઓછી ઈજા થાય. બંધ, વધાદિ હિંસાકારી પ્રવૃત્તિ છોડીને કાર્યપ્રવૃત્તિ કરવી જોઈએ. એ ગૃહસ્થનું અહિંસાવ્રત છે.

---

* ગૃહસ્થો નૈતિક ગુણો કેળવ્યા વિના ધાર્મિક ગુણોને ધારણ કરી શકતા નથી. એ વાતની સાક્ષી સિદ્ધાન્તસૂત્ર પૂરે છે. ભગવતીસૂત્ર નામક અંગસૂત્રમાં તુંગીયા નગરીના શ્રાવક–ગૃહસ્થના મૂળ આઠ નૈતિકધર્મો બતાવ્યાં છે.

૮-બ્રહ્મચર્યમર્યાદાવ્રત-સ્વપત્નીસંતોષવ્રત

थूलाओ मेहुणाओ वेरमणं । સ્થૂલ મૈથુનથી વિરત થવું.

અર્થાત્:- ગૃહસ્થે પોતે પોતાના વીર્યનો પોતાની અને બીજાઓની અનેક પ્રકારની ઉન્નતિ સાધવા માટે સદુપયોગ કરવો જોઈએ. પાપવૃત્તિઓને પોષવામાં વીર્યનો દુરુપયોગ કરવો ન જોઈએ. વીર્યશક્તિ ઉચ્ચ આનંદોને પ્રાપ્ત કરાવે છે એ શીખો અને જો તેમ બની શકે તો અખંડ બ્રહ્મચારી રહો. તેમ ન બની શકે તો તમારા વિચારોને વિઘ્નરૂપ ન થાય એવી સહચારિણી શોધીને, મેળવીને તેનાથી સંતુષ્ટ રહો. એક બીજાને અનુકૂળ અને સહાયકારી થઈ શકાય એવું પાત્ર ન જડી આવે કે જડવા જતાં પ્રાપ્ત થાય તેમ ન હોય

'ઘરબાર વગરના બાવા જ બનો, ભૂખ્યા મરો, કુટુમ્બનું ભરણપોષણ ન કરો' એમ આ આજ્ઞાનો ઉદ્દેશ નથી; પણ લોભપ્રકૃતિ, મોહપ્રકૃતિ, મમત્વભાવ, જડપદાર્થોની પ્રાપ્તિમાં જ આનંદ માનવાપણું-એ ચીજોને છોડો અને પ્રામાણિક બુદ્ધિપૂર્વક-ખંતપૂર્વક-વ્યવસ્થાપૂર્વક કરાતા ઉદ્યમથી મળતું દ્રવ્ય તમારી અને તમારા આશ્રિતોની આવશ્યકતાઓ પૂરી પાડવામાં, ખર્ચવાની જરૂરીઆતો પૂરવામાં-ઉલ્લાસપૂર્વક ખર્ચો. પરિગ્રહ પર જેટલા પ્રમાણમાં મૂર્છા ઓછી, તેટલા પ્રમાણમાં ચિત્તશાન્તિ–Equillibrium of Mind–વધારે. પરિગ્રહબુદ્ધિને છોડી સંતોષવૃત્તિ ધારણ કરવી એ 'ગૃહસ્થનું પરિગ્રહમર્યાદાવ્રત છે.

૬–દિશામર્યાદાવ્રત

दिसापरिमाण—દિશાની મર્યાદા કરવી. અર્થાત્—ગૃહસ્થે આશય વગરનું—'ઉપયોગ' વગરનું—પરમાર્થ વગરનું ભ્રમણ જેમ બને તેમ ઓછું કરવું જોઈએ.

૭–ભોગોપભોગમર્યાદાવ્રત

भोग–उवभोगपरिमाण-ભોગ અને ઉપભોગોનું પરિમાણ કરવું. અર્થાત્—ગૃહસ્થે ભોજનાદિ ભોગોની અને કપડાંલત્તાં આદિ ઉપભોગની લાલસા મર્યાદિત કરવી જોઈએ.

ગૃહસ્થે ટેવોમાં સાદા, આત્મસંયમી, નિયમિત અને મિતાહારી બનવું જોઈએ.

જો તમારી તંગીઓ જેમ થોડી હશે તેમ તમારી ચિન્તાઓ, ઉપાધિઓ, લાલચો, ઓછી થશે અને વધારે મહત્ત્વની પ્રવૃત્તિ તરફ લક્ષ આપવાનો વધારે અવકાશ મળશે.

દેખાદેખીથી, ખાનદાનીના ખોટા ખયાલથી, મોટા દેખાવાની મૂર્ખ લોલુપતાથી, ફાંકડા દેખાવાની લાલસાથી અને ગુણદોષ સમજવાની બુદ્ધિના અભાવથી અનેક બીનજરૂરી તંગીઓ, આવશ્યક્તાઓ

ઉત્પન્ન થાય છે અને તે શારીરિક નિર્બળતા, માનસિક અધમતા અને બુદ્ધિહીનતાને જન્મ આપે છે માટે ઉપભોગ-પરિભોગના પદાર્થો જરૂર પૂરતાં જ—ઉપભોગના સિદ્ધાન્તને જણાય આપે તેવા જ ગણો. આ પ્રમાણે ભોગોપભોગોની મર્યાદા કરવી તે ગૃહસ્થનું ભોગ-ઉપભોગપરિમાણવ્રત છે.

૮–અનર્થદંડનો ત્યાગ

अणट्ठादण्डा वेरमणं–અનર્થદંડથી વિરમવું. અર્થાત્— ગૃહસ્થે અર્થ વગરના 'વ્યાપાર'માં—પ્રવૃત્તિમાં મન-વચન અને કાયાને પ્રવર્તાવવી જોઈએ નહિ. તેમ ખટપટ, નિંદા, દુર્ધ્યાન, ચિન્તા, કુતર્ક, ખેદ તથા ભયમાં શરીરસંપત્તિ, ધનસંપત્તિ, સમયસંપત્તિ તથા સંકલ્પ-સંપત્તિનો દુરૂપયોગ કરવો ન જોઈએ. કારણ કે આર્તધ્યાન અથવા ચિન્તા અને રૌદ્ર ધ્યાન અથવા કોઈના ઉપર ક્રોધમય વિચારો કરવા તે દિવાકરં કામ છે, આનંદમય-વીરત્વમય આત્મપ્રભુનો દ્રોહ કરવા સરખું કૃત્ય છે; કારણકે એવાં કૃત્યોથી મનુષ્યત્વ ક્ષીણ થાય છે. માટે અનર્થદંડનો ત્યાગ કરવો અર્થાત્ નિષ્પ્રયોજન પ્રવૃત્તિથી આત્માને દંડિત ન કરવો તે ગૃહસ્થનું વ્રત છે.

૯–સામાયિકવ્રત

ગૃહસ્થે પ્રતિદિન નિયમિત સમયે જ બને તેટલા વખત સુધી સમતોલવૃત્તિ-સમભાવ શીખવાનો અભ્યાસ અથવા મહાવરો પાડવો જોઈએ. ગૃહસ્થનું આ સામાયિક વ્રત છે.

૧૦–દેશાવકાશિકવ્રત

ગૃહસ્થે સ્વદેશ બહારથી મંગાવેલી ચીજ બનતાં સુધી વાપરવી ન જોઈએ. સ્વદેશપ્રેમ અને સ્વદેશાભિમાન રાખવું અને સ્વદેશને ભૂખે મરતો કરવામાં સાધનભૂત ન બનવું એ ગૃહસ્થનું દેશાવકાશિક વ્રત છે.

૧૧. પ્રતિપૂર્ણ પૌષધવ્રત

ગૃહસ્થે દર મહિને એકવાર આખો દિવસ ફુરસદ [illegible] અને અનુકૂળ ધાર્મિક-આધ્યાત્મિક [illegible] પ્રતિપૂર્ણ પૌષધવ્રત છે.

૧૨—અતિથિસંવિભાગવ્રત

ગૃહસ્થે ઉપકારી મનુષ્યોની અતિથિ-સેવા કરવાનો પ્રસંગ આવે ત્યારે તેમની સેવા ભાવપૂર્વક કરવી જોઈએ. જે પુરુષો સમાજ ઉપકારમાં જ જીવન ગુજારતા હોય, જેઓ પોતાના શરીરાદિની સારસંભાળ કરવા જેટલી ફુરસદ ન મેળવી શકતા હોય, તેમના અસ્તિત્વ, આરોગ્ય અને પ્રવૃત્તિની જગતને ઘણી જ જરૂર હોવાથી, તેમની તંગીઓ જાણવી અને તે પૂરી પાડવાની તત્પરતા બતાવવી એ ઉપકૃત વર્ગનું કર્તવ્ય છે.

એમણે ઉપાડેલાં મિશનોને નિભાવવામાં પોતાના શરીરબળ, દ્રવ્યબળ, લાગવગ, સમય, બુદ્ધિ, આદિનો ફાળો આપવો, તેમની મુશ્કેલીઓ અને દુઃખો તથા સંકટોમાં દીલસોજી ધરાવીને તે દૂર કરવા માટે પોતાથી બનતું કરવું અને તેમના જયમાં પોતાનો જય-સમાજનો જય-માનવો એ ગૃહસ્થનું અતિથિસંવિભાગવ્રત છે.

આ પ્રમાણે નૈતિકધર્મ–સામાન્ય ધર્મની સાથે વ્રતધર્મ–વિશેષ ધર્મોનું બરાબર પાલન કરવામાં ગૃહસ્થજીવનનું સાફલ્ય છે.

આ પ્રમાણે ગૃહસ્થજીવનને વ્રતધર્મના પાલનથી સફળ બનાવ્યા બાદ શ્રમણધર્મનો સ્વીકાર કરી રાષ્ટ્ર, સમાજ અને ધર્મના કલ્યાણ સાધવાની સાથે આત્મકલ્યાણ સાધવા માટે ત્યાગમય જીવન વ્યતીત કરવું એમાં માનવજીવનની સફલતા છે.

આત્મકલ્યાણને સાધ્ય બનાવવા માટે ચારિત્રધર્મ—આચારધર્મનું પાલન કરવું આવશ્યક છે. આ આચારધર્મને બધા ધર્મો એક મતે સ્વીકાર્યો છે.

---

* ચારિત્રધર્મ—આચારધર્મનો વિષય અનિવાર્ય હોવાથી ઘણો જ મહત્ત્વનો છે. જૈનસૂત્ર-સાહિત્યમાં આચારધર્મને પહેલું જ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. આ જ કારણે આચારધર્મની છાપ જૈન સાધુ કે શ્રાવક સમાજ ઉપર જૂદી જ પડેલી સ્પષ્ટ જોવામાં આવે છે. અને ચારિત્રધર્મ વિષે શાસ્ત્રમાં અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે, એટલે આપ્યું છે. પૂજ્યશ્રીએ આચારધર્મ વિષે 'ભારતની દીપ' માં સ્પષ્ટ સમજુતી આપી છે. પૂજ્યશ્રીના અહિંસાવ્રત સત્યવ્રત આદિ મતવિષયક પુસ્તકો ચારિત્રધર્મ સમજવા માટે વાંચી જવાની ખાસ ભલામણ છે. આ પ્રકરણ તૈયાર કરવામાં સ્વ. વા૦ મો૦ શાહની લેખસામગ્રીનો ખાસ ઉપયોગ કરવામાં આવ્યો છે. એટલે તેઓશ્રીનો સહૃદય આભાર માનવાની અત્રે તક લઉં છું.—શાં.

(૧૦)

જીવનધર્મ

[अत्थिकाय-धम्मे*]

'मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणई'

'બધા પ્રાણીઓ પ્રત્યે મારે બન્ધુભાવ છે, મારે કોઈની સાથે ઝેરવેર નથી. વિશ્વબન્ધુત્વ એ જીવનધર્મનો આદર્શ છે.

અસ્તિ શબ્દનું મૂળરૂપ સત્ શબ્દ છે. સત્ એટલે હોવું. જીવનનું વાસ્તવિક સ્વરૂપ પ્રગટવું તે અસ્તિકાયધર્મ અથવા જીવનધર્મ કહી શકાય. સત્પ્રવૃત્તિદ્વારા જીવનને સત્યમય બનાવવું, જીવનમાં સત્યનો સાક્ષાત્કાર કરવો તે જીવનનો વાસ્તવિક ધર્મ છે.

જે વ્યક્તિ સંસ્કારિતા, નાગરિકતા, રાષ્ટ્રીયતા, આદિ ધર્મ-ગુણોને જીવનમાં તાણાવાણાની માફક વણી લે છે તે જ વ્યક્તિ પોતાના જીવનધર્મ—આત્મધર્મને જીવનમાં સાંગોપાંગ ઉતારી શકે છે.

જીવનધર્મનો મર્મ સમજવો એટલે આત્માને ઓળખવો. ગ્રામ-ધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ આદિ ધર્મો એ જીવનધર્મરૂપ આત્માના અંગપ્રત્યંગો છે. જ્યાંસુધી સમાનતાનો આદર્શ જીવનમાં ઉતરતો નથી ત્યાંસુધી આત્માની ઓળખાણ થતી નથી. સમાનતાનો આદર્શ જીવનમાં

* 'અસ્તિકાયધર્મ' ની શાસ્ત્રીય ચર્ચા વિષે જુઓ પરિશિષ્ટ દશમું.

ઉપદેશ માટે બધું પ્રકટ ભાગવતમાં જીવનમાં ઉતારવાની વાત છે અને જ્યારે માનવધર્મ જેવા જીવનમાં પ્રકટે છે ત્યારે તેનો પ્રેમાળભક્ત કહે છે કે "હું માનવ છું. માનવધર્મ સ્વાભાવિક અને માનવ માટે જરૂરી એ મારું સર્વસ્વ અર્પણ કરું છું. માનવ કે સમાજ ધર્મ? માનવ, કે પણ માનવધર્મ કોઈથી પણ વધારે મહાન છે."

જેના જીવનમાં માનવતા કેળવણી રૂપી આવી હોય તે જ એમ માને અને સમજે કે જે ધર્મ છે તે માનવ માટે છે. માનવને વધારે સંસ્કારી–વધારે શુદ્ધ–વધારે શક્તિશાળી બનાવવા માટે ધર્મ છે. એટલે જ્યાં ધર્મ પાળનાર માનવને અન્યાય થતો હોય ત્યાં ધર્મને સાધનરૂપ માનીને પુનર્યોજના કરવી ઘટે.

બધા ધર્મો માનવધર્મ શીખવા માટે છે. માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે, જુદાઈ શીખવાડે, માનવને હલકો ગણતાં શીખવાડે એ બધી વાતો ધર્મની હોઈ ન શકે.

મનુષ્ય ધર્મ પાળે છે તે પોતાની જાતને ઊંચી કરાવવા માટે નહિ પણ ખરેખર ઊંચી બનાવવા માટે અને એવી ઉત્કૃષ્ટ મનોદશા પ્રાપ્ત કરવા માટે એનો જીવનમંત્ર કેવળ 'વિશ્વબન્ધુત્વ' હોય છે. અર્થાત્ "मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणई" અર્થાત્ બધા પ્રાણીઓ પ્રત્યે મારે મૈત્રીભાવ–બન્ધુભાવ છે; મારે કોઈની સાથે વેરઝેર નથી. જેમ સાચી મહત્તા સાદી હોય છે તેમ આ મહાન્ માનવધર્મ પણ સાદો સરળ છે. એને એક જ ધર્મવાક્ય 'आत्मवत् सर्वभूतेषु'માં મૂકી શકાય.

જે તમને ન ગમે તે કોઈને ન ગમે. એંઠવાડાનું પાણી જો તમે પી ન શકો તો બીજો કોઈ માનવ પી ન શકે. માંદગીમાં સહાય કરે એમ જો તમે ઇચ્છો, તો બીજા પણ એ જ ઇચ્છે.

આટલો સીધો–સાદો માનવધર્મ જો મનુષ્ય સમજી લે અને પોતાનાં બધા સાધનો એ માનવધર્મ વધારવા માટે છે એટલું જાણી

[illegible]

આત્માને જીતવાનો આપણા જીવનધર્મનો મર્મ [illegible] કામ નથી. કારણ કે યુગયુગાન્તરોથી [illegible] અજ્ઞાનના, મૂઢતાના, આસક્તિ વગેરે કર્મરૂપ આંતરશત્રુઓ [illegible] પ્રકારના શત્રુઓ કરતાં [illegible] છે, [illegible] છે, [illegible] વાસનાદિ આંતરશત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવો એ [illegible] જેટલું સરળ નથી. આત્મવિજય પ્રાપ્ત કરવા માટે [illegible] કરવા જેટલાં અભય અહિંસા, ત્યાગ, જ્ઞાન, તપ આદિ આત્મબળની પરમ આવશ્યકતા રહે છે. એ આત્મબળ વિના જીવનયુદ્ધ ખેલી શકાતું નથી અને તેથી આત્મબળવડે પુરુષાર્થપૂર્વક જીવનયુદ્ધમાં વિકારશત્રુને પરાજિત કરી દુર્દમ આત્માને દમવો એ લાખો સુભટોને જીતવા કરતાં પરમવિજય છે. *આ આત્મવિજયનો વિજયનાદ સમસ્ત સંસારને સંભળાવનાર અને સ્વાતંત્ર્યનો રાજમાર્ગ દેખાડનાર તે જયશીલ જૈનધર્મ છે.

જીવનમાં જૈનત્વ પ્રગટાવવું એ આત્માને શોધવાની મૂળ ચાવી છે. કારણ કે જૈનધર્મ એ વિશ્વવિજેતાનો ધર્મ છે; આત્મવિજય પ્રાપ્ત કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયેલા વિકારવિજયી ક્ષત્રિયવીરોનો વિજયધર્મ—જૈનધર્મ છે. યુદ્ધમાં વીરતા દાખવી વિજય પ્રાપ્ત કરનાર તરીકે ક્ષત્રિયવીરો પ્રસિદ્ધ છે પણ તેમની વિશેષ પ્રસિદ્ધિ તો જીવનસંગ્રામમાં વાસનાદિ કર્મરૂપ આંતરશત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરનાર

---

* जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिए ।
एगं जिणेज्ज अप्पाणं एस से परमो जओ ॥ ઉત્તરા. ૯.

તરીકે તથા એ વિજયધર્મ—જૈનધર્મના પ્રચારક તરીકે સવિશેષ છે. આત્મસ્વાતંત્ર્યનો વિજયનાદ જગત માત્રને સંભળાવનાર ઋષભદેવ સ્વામીથી લઈ શ્રી. મહાવીર પ્રભુ સુધીના ચોવીસ વિકારવિજયી તીર્થંકરોએ જગજ્જીવોને કર્મબંધનથી મુક્ત થવાનો, સ્વતંત્ર બનવાનો જે વિજયમાર્ગ બતાવ્યો છે એ વિજયમાર્ગ તે જૈનધર્મ. એ ઋષભદેવ મહાવીરાદિ તીર્થંકરોએ જૈનધર્મના જે આત્મવિજયના સ્વાતંત્ર્યમન્ત્રો જગતમાત્રને સંભળાવ્યાં છે તેનો સાર એ છે કેઃ—

(૧) સ્વતંત્ર બનો; સ્વતંત્ર બનાવો અને સ્વતંત્ર બનેલાના પગલે ચાલો; એ પહેલો વિજયમંત્ર.

(૨) પરાધીન બનો નહિ, કોઈને પરાધીન બનાવો નહિ. અને કોઈ પરાધીનને પગલે ચાલો નહિ; એ બીજો વિજયમંત્ર

(૩) સંઘશક્તિ કેળવો, એ ત્રીજો વિજયમંત્ર.

(૪) સંઘશક્તિને પુષ્ટ કરવા માટે વિવેકબુદ્ધિને કેળવો અને કદાગ્રહબુદ્ધિને સ્થાને સમન્વયબુદ્ધિને સ્થાન આપો; એ ચોથો વિજયમંત્ર.

(૫) તમારી આત્મશક્તિમાં દૃઢ વિશ્વાસ રાખો, બહારની લોભા-વનારી શક્તિનો આધાર રાખો નહિ. વિજયઆકાંક્ષી બની વિજય પ્રાપ્ત કર્યે જાઓ; એ પાંચમો વિજયમંત્ર.

ઉપરના વિજયમંત્રો ઉપરથી જૈનધર્મના મુખ્ય સિદ્ધાન્તો નીચે લખ્યા પ્રમાણે ફલિત થાય છેઃ—

(૧) આત્મસ્વાતંત્ર્ય—અહિંસાવાદ—પ્રત્યેક નાના મોટા પ્રાણીનો આત્મા સ્વતંત્ર છે. કોઈની આત્મસ્વતંત્રતા ઝૂંટવી લેવાનો કોઈને અધિકાર નથી. કીડીથી કુંજર સુધીના નાના મોટા પ્રાણીઓ આત્મસ્વાતંત્ર્યની દૃષ્ટિએ સમાન છે. માટે નાના મોટા કોઈપણ જીવને સ્વાર્થ સાધવા માટે કે મોક્ષપ્રાપ્તિ કે ધર્મના ખોટા બહાના નીચે મારવાનો—બલિદાન કરવાનો—હિંસા કરવાનો કે કષ્ટ દેવાનો

'અસ્તિકાયધર્મ'ના સ્પષ્ટાર્થ માટે જુઓઃ પરિશિષ્ટ ૧૦ મું.

[illegible]

(૨) કર્મવાદ—કર્મબંધનોથી સ્વાધીન આત્મા પરાધીન બને છે. કર્મબેડીના બંધનો તોડી પરાધીન આત્માને સ્વાધીન બનાવવો જોઈએ. સ્વાધીન આત્માને કર્મબંધનોથી બદ્ધ કરે, આત્માનું સ્વાતંત્ર્ય લૂંટી લે એવી કોઈપણ પ્રકારની પરાધીનતા પછી તે રાજકીય હોય કે ધાર્મિક હોય તેને તાબે થવું નહિ. એટલું જ નહિ પણ ઈશ્વરની પણ પરાધીનતા સેવવી નહિ. કારણ કે 'જ્યાં પરાધીનતા છે ત્યાં દુઃખ છે અને જ્યાં સ્વાધીનતા છે ત્યાં સુખ છે.' દુઃખ કોણ ચાહે? બધા સુખ ચાહે છે. શાશ્વત સુખની ઇચ્છા કરનારે કર્મોની પરાધીનતા દૂર કરવી જરૂર છે. સુખ-દુઃખ બન્ને પોતાના જ હાથનાં છે. કર્મ અનુસાર સુખ-દુઃખની પ્રાપ્તિ થાય છે. કોઈ ઈશ્વરીય શક્તિ સુખ-દુઃખ દેતી નથી. કર્મશક્તિના પ્રતાપથી આત્મા દુઃખી થાય છે અને કર્મશક્તિનો નાશ કરવાથી આત્મા સુખી થાય છે.

(૩) સંઘશક્તિ—સંઘધર્મ—જીવનસંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે ઐક્યબળ—સંઘશક્તિની પરમાવશ્યકતા રહે છે. ઐક્યબળ વિના જીવનસિદ્ધિ સાધવી દુષ્કર થઈ પડે છે. એટલા માટે સંઘશક્તિ કેળવવી આવશ્યક છે. સંઘનું બળ એકત્રિત કરવું એ આત્મવિજય પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે.

(૪) સમન્વયબુદ્ધિ—અનેકાન્તવાદ—નયવાદ—દુશ્મનોને પોતાના કાબુમાં લાવવાનું બીજું અમોઘ સાધન તે અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદ વિરોધી પક્ષને સમજાવવાનું અને પોતાના પક્ષને મજબૂત કરવાનું એક સબળ સાધન છે. વિરોધીઓને પણ અમૃતપાન કરાવી

સમર અનાગ્રહ ને અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદને સાચી ભાષામાં વિવેકબુદ્ધિ અથવા સમન્વયબુદ્ધિ કહી શકાય. વિવેક વિના જેમ ધર્મ પણ અધર્મ બની જાય છે. તેમ અનેકાન્ત દૃષ્ટિ વિના ધર્મમય કર્મ અધર્મમય બની જાય છે. અનેકાન્તવાદ તે વિચારશુદ્ધિનું સાધન છે. અનેકાન્તવાદ એ જૈનધર્મની ખાસ વિશિષ્ટતા છે. વિરોધીઓનું દમન અને પોતાનું શમન કરનાર અનેકાન્તવાદ એક અજબ શસ્ત્ર છે. આ શસ્ત્રથી વિજયપ્રાપ્તિ અવશ્ય થાય છે. અનેકાન્તવાદ અને અહિંસાવાદનો સુમેળ થાય છે ત્યારે આત્મવિજય અવશ્ય થાય છે.

(૫) આત્મવિશ્વાસ—આત્મવિજયનો મૂલમંત્ર–વિજયાકાંક્ષી બની આત્મવિશ્વાસપૂર્વક પ્રયત્ન કરવો એ આત્મવિજયનો મૂલમંત્ર છે. આત્મવિશ્વાસને જૈનધર્મની પરિભાષામાં 'સમ્યક્ત્વ' કહેવામાં આવે છે. આત્મવિશ્વાસ—સમ્યક્ત્વ—વિના આત્મવિજય થવો મુશ્કેલ છે. પોતાની આત્મશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી પ્રવૃત્તિ કર્યે જવી એમાં જ આત્મવિજય રહેલો છે. બહારની કોઈપણ શક્તિ ઉપર આધાર રાખી પ્રવૃત્તિ કરવાથી આત્મવિજય પ્રાપ્ત કરવો કઠણ છે. તમારી પોતાની જ શક્તિ તમને આત્મવિજય પ્રાપ્ત કરાવી શકશે. બહારની કોઈપણ જડશક્તિ તમારામાં જીવનપ્રાણ પૂરી નહિ શકે.

પોતાની આત્મશક્તિમાં પૂરેપૂરો આત્મવિશ્વાસ રાખો અને આત્મવિશ્વાસપૂર્વક પ્રવૃત્તિ કર્યે જાઓ; એમાં જ પોતાનો આત્મવિજય રહેલો છે. સમ્યક્ત્વ—આત્મવિશ્વાસ—જ આત્મવિજયનો મૂલમંત્ર છે. આ મૂલમંત્ર સમજ્યા પછી આત્મવિજય પ્રાપ્ત કરવો મુશ્કેલ નથી.

વિશ્વમાત્રને જીતવાનો આ વિજયમંત્ર છે. જે ધર્મ વિશ્વમાત્રને જીતવાનો આવો અમોઘ વિજયમંત્ર શીખવાડે છે, તે ધર્મ માનવસમાજનું જ નહિ જગતમાત્રનું કલ્યાણ કરનારો હોય એમાં શું આશ્ચર્ય !

[illegible] ધર્મ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] ધર્મ [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] રીતે આત્મશુદ્ધિ થાય છે. આત્મશુદ્ધિ થતાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થવું એ જ ધ્યેય જૈનધર્મનું છે.

सर्वे सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
शिवमस्तु सर्वे जगतः

બધા સુખી થાઓ, બધા નિરોગી થાઓ અને જગત આખું કલ્યાણ થાઓ. આ જૈનધર્મનાં [illegible] છે.

પૂર્તિ

પરિશિષ્ટ ૧ લું

ધર્મ અને ભ્રમ

(૧)

અનુસંધાન અને ઉપસંહાર

[અત્રે આપેલ પરિશિષ્ટોમાં ઘણાખરા પરિશિષ્ટો સંકલિત છે અને કેટલાક નવા લખેલા છે દરેક ધર્મોને બરાબર સમજવા માટે અને દરેક ધર્મોની પરસ્પર સાંકળ સાંધવા માટે આ પરિશિષ્ટો ઘણા જ સહાયભૂત નિવડે એવા હોવાથી અત્રે આપ્યા છે.]

ખાણમાં જેમ સોનાની સાથે માટી મળેલી હોય છે તેમ ધર્મની સાથે લોકભ્રમ મળેલો હોય છે ધર્મનો વ્યાપક અર્થ સનાતન સંબંધ અથવા નિયમ થાય છે. બાળવું એ અગ્નિનો ધર્મ છે. ભૂખ લાગવી એ પ્રાણીમાત્રના દેહનો ધર્મ છે. બાળક ઉપર પ્રેમ કરવો એ માતાનો ધર્મ છે. બહુમતિને વશ થઈ જવું એ સંઘનો ધર્મ છે. ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવો એ આત્માનો ધર્મ છે. સ્વાર્પણ કરવું એ હૃદયનો ધર્મ છે. ઉપર્યુક્ત બધાં વિધાનોમાં ઓછાવત્તા પ્રમાણમાં ધર્મનો એક જ અર્થ ઘટે છે.

ભૌતિક, નૈતિક તથા આધ્યાત્મિક સંબંધોના યથાર્થ દર્શન ઉપર ધર્મની રચના કરવામાં આવી છે.

જ્યાંસુધી મનુષ્ય આ શાશ્વત નિયમોને સમજી શકતો નથી ત્યાંસુધી ખોટા અનુમાનો કરતો રહે છે અને તેને જ ધર્મ માની બેસે છે.

અગ્નિની જ્વાળા શાન્ત થઈ જવાથી જેમ અગ્નિમાંથી ધુમાડો નીકળે છે તેમ મનુષ્યબુદ્ધિ અને મનુષ્યહૃદય જ્યારે જડ થઈ જાય છે અને આત્મજાગૃતિ મંદ થઈ જાય છે ત્યારે આવાં ભ્રમો ઉપજે છે.

નાસ્તિકતારૂપી પાણીદ્વારા લોકભ્રમરૂપી હૃદયની અગ્નિને શાન્ત કરવો એ સાચો ઉપાય નથી પરંતુ સાચો ઉપાય તો એ છે કે આવા સમયે જિજ્ઞાસા અને અનુભવરૂપી ફૂંકથી ધાર્મિકતાને સચેત કરી ધર્મની જ્યોતિને ફરી જાજ્વલ્યમાન કરવી એ છે.

ધર્મશિક્ષા અને ધર્મના ઊંડા ચિન્તન-મનનથી લોકભ્રમનો નાશ અને ધર્મનો ઉદય થાય છે. અજ્ઞાન-કુજ્ઞાન અને ભય-લાલચ એ ધર્મના કટ્ટર શત્રુઓ છે. કારણ કે ધર્મનો નાશ કરનાર લોકભ્રમ, અજ્ઞાન અને ભયમાંથી જ પેદા થાય છે,

ઋષિ-મુનિઓ તથા ધર્મ-સંસ્થાપકો જ્યાંસુધી પોતાની શ્રદ્ધા અને પોતાના સ્વાનુભવની વાતો કરે છે ત્યાંસુધી તો તેઓમાં શુદ્ધ સત્ય અથવા સનાતન ધર્મનો વાસ હોય છે પણ જ્યારે તેઓ અથવા તેમના અનુયાયીઓ રૂઢ માન્યતાઓને અથવા પોતાની કલ્પનાઓને જેટલી ગફલતથી, અજ્ઞાનથી કે જાણીબુજીને ધર્મમાં ભેળવી દે છે તેટલી અશુદ્ધિ તે ધર્મમાં આવી જાય છે અને જ્યારે ધર્મના આંધળા અનુયાયીઓ એ અશુદ્ધ થયેલા ધર્મને પકડી રાખે છે ત્યારે ધર્મસેવકો હાથે જ ધર્મનો પરાજય થાય છે.

(૨)

ધર્મ-સંસ્કરણ

માનવજીવનનો ચારે બાજુથી વિચાર કરનારા જો કોઈ છે તો તે ધર્મ જ છે. જીવનનું સ્થાયી અથવા અસ્થાયી એકપણ એ

અંગ નથી કે જેનો વિચાર ધર્મને કર્તવ્ય નથી. તેથી ધર્મ મનુષ્યના સનાતન જીવન જેટલો જ અથવા તેથી પણ વિશેષ વ્યાપક હોવો જોઈએ અને જીવનસમસ્ત જેનું ક્ષેત્ર છે, તેથી અત્યંત ઉત્કટપણે જીવતો હોવો જોઈએ.

આજે જગતના જે પ્રખ્યાત ધર્મો છે તે ઘણે અંશે એવા વ્યાપક ધર્મો છે. સ્થાપનાને સમયે તો તે બધા જીવતા હતા જ. પરંતુ તેમના ચેતનને ધાર્મિક પુરુષોએ વારંવાર જગાડી તેમને જીવતા રાખ્યા છે. સગડીમાંનો દેવતા સ્વભાવે જ જેમ વારંવાર મંદ પડી જાય છે અને તેથી વારંવાર કોલસા પૂરીને અને ફૂંકીને તેનું સંરક્ષણ કરવું પડે છે, તેને જાગતો રાખવો પડે છે, તે જ પ્રમાણે સમાજમાં ધર્મ-તેજને જાગ્રત રાખવા સારુ ધર્મપરાયણ સમાજ પુરુષોને તેને ફૂંકવાનું અને ઇંધન પૂરવાનું કામ કરવું પડે છે. આ કામ જો વખતોવખત ન થયું તો ધર્મજીવન ક્ષીણ અને વિકૃત થઈ જાય છે; અને ધર્મનું ક્ષીણ અને વિકૃત સ્વરૂપ અધર્મ જેટલું જ નુકસાન કરે છે. ધર્મને ચેતનવાન અને પ્રજ્વલિત રાખવાનું કાર્ય ધર્મૈકપરાયણ વ્યક્તિઓ જ કરી શકે છે.

ધર્મનો અંતિમ આધાર મનુષ્યહૃદય છે. ધર્મજિજ્ઞાસા અને ધર્મવિચાર એ મનુષ્યોનો સ્વભાવ જ છે અને તે કારણે સર્વકાળમાં અને સર્વદેશોમાં ઉન્નતિની કક્ષા પ્રમાણે મનુષ્યહૃદયમાં ધર્મનો આવિર્ભાવ થયો જ છે. આ હૃદયધર્મ ગમે તેટલો કલુષિત હોય, મલિન હોય, તો પણ તેની મૂળ વસ્તુ શુદ્ધ છે. અશુદ્ધ સુવર્ણ કંઈ પિત્તળ નથી, અને પિત્તળ ગમે તેટલું શુદ્ધ, ચકચકતું અને ઘાટીલું હોય તો પણ તે સોનું નથી. માત્ર બુદ્ધિના જોર પર ઊભો કરેલો, લોકોમાં રહેલા રાગદ્વેષનો લાભ લઈ ચાલુ કરેલો અને થોડા અથવા ઘણા સામર્થ્યવાન લોકોના સ્વાર્થને પોષનારો ધર્મ તે ધર્મ નથી, અસંસ્કારી હૃદયની ક્ષુદ્ર વાસના અને દંભમાંથી ઉત્પન્ન થતી વિકૃતિને ઢાંકતો શિષ્ટાચાર કે ચતુરાઈપૂર્વક તર્કથી કરેલો તેનો બચાવ એ પણ

ધર્મ નથી. અજ્ઞાન, ભોળપણ અને અંધશ્રદ્ધા એ ત્રણ દોષોથી દૂષિત થયેલો ધર્મ અધર્મનાં ફણગાં પહેલાંની ભલે હો તો તે વસ્તુ જુદી છે, અને મૂળમાં જ જે ધર્મ નથી પણ કેવળ રૂઢિતથી ધર્મનું રૂપ ધારણ કરે છે તે વસ્તુ પણ જુદી છે. માનવજાતિના ઇતિહાસમાં ઉપર જણાવેલા ધર્મના બન્ને પ્રકાર બહોળા પ્રમાણમાં મળે એટલો મનુષ્યસમાજ પાછળ રહ્યો છે. પરંતુ આ બન્ને વસ્તુનું પૃથક્કરણ કરી તેમનું યથાર્થ સ્વરૂપ ઓળખવાની તસ્દી મનુષ્યે હજી લીધી નથી.

કોઈ ચાલુ દુકાન પોતાની આબાદી કાયમ રાખવા અને વધારવા જેમ વારંવાર જૂનો અને નકામો થયેલો માલ કાઢી નાખે છે; અને પડી રહેવાથી બગડેલા માલને વાળીઝૂડી સાફ કરી ફરી ગોઠવે છે તેજ રીતે ધર્મે વારંવાર પોતાનું સંસ્કરણ કરવું જોઈએ. પરંતુ એ સંસ્કરણ ખરું સોનું પારખવાની અને સંભાળી રાખવાની જેમનામાં શક્તિ છે એવા કુશળ, ધર્મજ્ઞ સમાજસેવકોને હાથે જ થવું જોઈએ. જગતમાં વધી પડેલી ઘણીખરી પ્રચલિત નાસ્તિકતાનું કારણ ધર્મસંસ્કરણનો અભાવ જ છે. —કાકા કાલેલકર

પરિશિષ્ટ ૨ જું

ગ્રામધર્મ

જ્યાંસુધી માનવસમાજનું જીવન અન્ન અને વસ્ત્ર ઉપર અવલંબિત છે ત્યાંસુધી સમાજનો ખેતી જ એકમાત્ર મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય ધંધો રહેશે અને ખેતીને માટે માનવસમાજે ગામડાંઓમાં જ રહેવું પડશે.

અન્ન અને વસ્ત્રોની સિવાય મનુષ્યોને જ્યારે બીજી આવશ્યકતાઓ ઊભી થશે ત્યારે તેની પૂર્તિ કરવા માટે તથા પરસ્પરાવલંબી સમાજને

સુનિયંત્રિત અને નિરુપદ્રવ કરવા માટે ખાનદ-કાર તથા નગરો પણ જરૂર ઉપયોગી થશે.

જ્યાંસુધી માનવસમાજ આજની માફક ગામ-નગરો દ્વારા નિયંત્રિત રહેવાનું સ્વીકારશે ત્યાંસુધી રાજધાની અને તેની વ્યવસ્થા અનિવાર્ય છે. આમ છતાં માનવજાતિનું મુખ્ય કેન્દ્ર તો ગામ જ છે, કારણ કે ગામડાનો ખેતીની સાથે સજીવ સંબંધ છે.

યુરોપે ઔદ્યોગિક પ્રગતિના નામે આ સ્વાભાવિક સ્થિતિને બદલી દેશદેશાન્તરોની સાથે સંબંધ જોડી ખેતીને બદલે કારખાનાંઓને અધિક મહત્ત્વ આપ્યું છે. આનું દુષ્પરિણામ એ આવ્યું કે ગામડાંઓ તદ્દન ઉજ્જડ-વેરાન થઈ ગયાં અને જ્યાંત્યાં નાનાં નગરો વસવા લાગ્યા. નાગરિકો ગામડાંઓનો સાર-સર્વસ્વ-ધાન્યશુદ્ધિ-ગામડાનો પુરુષાર્થ તથા ગામડાની મહેનતને પણ પોતાની તરફ ખેંચી જવા લાગ્યા.

નગરો, ગામડાંની આવશ્યકતાઓની પૂર્તિ કરવાને બદલે આજે તેને જ આજીવિકાનું સાધન બનાવી બેઠાં છે. એટલું જ નહિ પણ પોતાની આજીવિકાની પૂર્તિ ગામડાંઓથી થાય છે એટલા માટે ગામડાંને જીવિત રાખવા માગે છે. આ કૃત્રિમ સ્થિતિને લીધે માનવસમાજનું આરોગ્ય, તેનું આયુષ્ય, ચારિત્ર્ય અને તેની મનોવૃત્તિને ભારે આઘાત પહોંચ્યો છે. આ આઘાતને દૂર કરવામાં અને ગામડાંઓને પુનઃ સજીવન કરવામાં જ માનવસમાજનું કલ્યાણ રહેલું છે.

ગામડાંઓની પ્રાણપ્રતિષ્ઠા ગ્રામધર્મના પાલનથી જ સાચવી શકાય એમ છે ગ્રામધર્મના પાલનથી ગામડાંઓ પુનઃ સજીવન થશે.

(૨)

ગ્રામોદ્ધાર

આજે હિન્દુસ્થાનમાં ગામડાંના સમાજની અસાધારણ દુર્દશા છે શહેરોમાંથી પરદેશી માલ અને મોજશોખની વસ્તુઓ ગામડાંમાં પહોંચે છે; ધંધાઉત્તેજન પહોંચતા નથી. શહેરી દુર્ગુણો ત્યાં ઝપાટાથી ફેલાવા માંડ્યા છે; પણ શહેરમાં જે ધર્મવિચારની જાગૃતિ, રાજકીય પ્રગતિ

[illegible]

પરિશિષ્ટ ૩ જું

નાગરધર્મ

ફ્રેંચલોકોની

માનવ તથા નાગરિક અધિકારઘોષણા

(૨૩ મી જૂન ૧૭૮૩)

૧. સમાજનો હેતુ સાર્વજનિક કલ્યાણ છે. આ સ્વાભાવિક તથા કાલાબાધિત અધિકારોના ભોગવટાની માણસને ખાત્રી આપવા સારુ રાજ્ય સ્થાપવામાં આવ્યું છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પરિશિષ્ટ ૪ થું

રાષ્ટ્રધર્મનાં મુખ્ય અંગો

[જાણીતા રાષ્ટ્રનેતા ડૉ. [illegible]ના રાષ્ટ્રીય સિદ્ધાન્તો]

રાષ્ટ્ર અને પ્રજા

(૧)

પ્રજાનો રાષ્ટ્રઃ— રાષ્ટ્ર પ્રજાના આધારે ટકેલ છે. એટલે રાષ્ટ્ર એ પ્રજાનો છે. પ્રજાને પાળવી એ રાષ્ટ્રનો ધર્મ છે અને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવો પ્રજાનો ધર્મ છે. રાષ્ટ્ર અને પ્રજા એ બન્ને અભિન્ન છે. પ્રજાની દુર્બળતાથી રાષ્ટ્ર દુર્બળ છે અને પ્રજાની સબળતાથી રાષ્ટ્ર સબળ બને છે. આ એક ઐતિહાસિક સત્ય છે. પ્રજાની એકતા–રક્તઐક્ય, ભાષાઐક્ય, આકૃતિકાઐક્ય, ધર્મઐક્ય, ગુણસ્વભાવઐક્ય, આદિ–પ્રાકૃતિક શક્તિઓ ઉપર આધાર રાખે છે અને પ્રજાની એકતા ઉપર રાષ્ટ્રની એકતા આધાર રાખે છે.

પ્રત્યેક પ્રજામાં પોતાના રાષ્ટ્રની ભાવના, રાષ્ટ્રીય-આત્મા, રાષ્ટ્રીય સ્વભાવ અને રાષ્ટ્રીય સજાગતા અવશ્ય હોવી જોઈએ. કારણ કે પ્રજાની રાષ્ટ્રીય ભાવનામાં રાષ્ટ્રનું ઉત્થાન રહેલું છે. જે પ્રજામાં રાષ્ટ્રીય ભાવના ન હોય અથવા લુપ્તપ્રાય થઈ ગઈ હોય તો રાષ્ટ્રધર્મનું અધઃપતન અવશ્યંભાવી છે.

જે પ્રજાસંઘમાં સંગઠન છે તે પ્રજાનો રાષ્ટ્ર અજેય-અમર છે. ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે

પ્રજાની શક્તિ

(૨)

રાજસત્તાનું અસ્તિત્વ પૂરેપૂરું પ્રજાના હાથમાં છે. આજ વાતને વર્ષો પહેલાં ચીના મહર્ષિ મનસૂઅસે (Mencius) કહ્યું હતું કે:-"પ્રજા સૌથી વિશેષ મૂલ્યવાન છે-ત્યારબાદ મંદિરો અને અંતમાં રાજામહારાજાઓ."

પણ ઇતિહાસ ઉપરથી તો એથી તદ્દન ઊલટું જણાય છે કે સ્વેચ્છાચારી રાજાઓએ તથા સમ્રાટોએ હમેશા પ્રજાના અધિકારોનું અપહરણ કર્યું છે અને કરતા આવ્યા છે.

પ્રજાસંઘની દ્વારા રાજ્યનું સચાલન હોવુ જોઈએ એ વર્તમાન યુગનો અવાજ છે. જેથી વર્તમાનયુગને આપણે પ્રજાતન્ત્રનો યુગ તરીકે ઓળખીએ છીએ પ્રજાતંત્ર માટે અનેક વિદ્રોહો થયાં છે. જેમાં અમેરિકાનું સ્વાતન્ત્ર્યયુદ્ધ અને ફ્રાન્સની રાજ્યક્રાન્તિ સફલતામાં અગ્રસ્થાન ધરાવે છે પણ તેઓએ રાજ્યક્રાન્તિની સફલતા માટે ખૂનખાર મારામારી કરી હતી અને લોહીની નદીઓ વહેવડાવી હતી.

શું અમેરિકા અને ફ્રાન્સનો મારામારીદ્વારા સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત કરવાનો આ આદર્શ ચીનને માટે આદરણીય છે? નહિ, કદાપિ નહિ. ડૉ. સનયાતસેન આ વાતને સ્પષ્ટ કરે છે કે મારામારી દ્વારા સ્વાતન્ત્ર્ય પ્રાપ્તિનો આદર્શ ચીનરાષ્ટ્રની પ્રાચીન સંસ્કૃતિથી અને ચીન

પ્રજાની મનોવૃત્તિથી તદ્દન પ્રતિકૂલ છે. મધ્યયુગથી જ યુરોપમાં રાજાઓ તથા સમ્રાટોના અત્યાચાર-અનાચાર તથા ધાર્મિક દમન એટલાં બધાં ફેલાઈ ગયાં હતાં કે જેથી વ્યક્તિની પાસે સ્વતન્ત્રતા રહી ન હતી. એટલા માટે યુરોપની પ્રજા સ્વતન્ત્રતાને અત્યન્ત આત્મપ્રિય અને પવિત્ર માનવા લાગી અને તેની પ્રાપ્તિ માટે પ્રાણની પણ પરવા ન કરી. તેમનો પ્રધાન સૂર એ જ હતો કે "અમને સ્વતન્ત્રતા આપો અથવા મૃત્યુ" પણ તેમની સ્વતન્ત્રતા વૈયક્તિક સ્વતન્ત્રતા હતી. રાષ્ટ્રીય સ્વતન્ત્રતા ન હતી. આવી વૈયક્તિક સ્વતન્ત્રતા ચીનમાં અતિ પ્રાચીન કાળમાં પણ હતી. પણ રાષ્ટ્રીય સ્વતન્ત્રતા આગળ વૈયક્તિક સ્વતન્ત્રતાની જરાપણ કીંમત નથી. માટે ચીન પ્રજાએ હવે રાષ્ટ્રીય સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે વૈયક્તિક સ્વતન્ત્રતાનું બલિદાન આપવું પડશે. અત્યારે ચીનરાષ્ટ્રનો આદર્શ વૈયક્તિક સ્વાધીનતા નહિ પણ રાષ્ટ્રની પૂર્ણ સ્વાધીનતા છે.

પ્રજા જ રાષ્ટ્રને શક્તિ પ્રદાન કરી શકે છે. માટે રાષ્ટ્રનું કાર્ય વ્યવસ્થિત ચલાવવા માટે રાષ્ટ્રશક્તિને પાંચ વિભાગોમાં વિભાજિત કરી દેવી જોઈએ:-૧ શાસન. ૨ વિધાન. ૩. ન્યાય. ૪ પરીક્ષણ તથા (૫) નિરીક્ષણ. રાષ્ટ્રશક્તિને આ પ્રમાણે વ્યવસ્થિતરૂપ આપવાથી રાજ્યવ્યવસ્થા સારી ચાલશે અને ફલતઃ રાષ્ટ્ર અને પ્રજા વચ્ચે મિત્રતા જળવાઈ રહેશે.

એક બાજુ શાસનયન્ત્ર સુદૃઢ હોય અને બીજી બાજુ શાસનયન્ત્રને ચલાવનાર પ્રજા પણ બળવાન બને તો શાસનશક્તિ રાજતન્ત્ર અને પ્રજા વચ્ચે બરાબર વહેંચાએલી રહી શકશે. આ પ્રમાણે શાસનશક્તિની વ્યવસ્થા થાય ત્યારે પ્રજાસંઘ પૂર્ણ પ્રજાતન્ત્ર પ્રાપ્ત કરી શકે.

એક કે હૂંડીરૂપે સ્વીકાર નહિ થાય. તેમ જ બને ત્યાં લગી સત્ય પાળનારની હૂંડી ઈશ્વરની દુકાને વટાવી નહિ શકાય.

ઈશ્વર પોતે નિશ્ચય, વ્રતની સંપૂર્ણ મૂર્તિ છે. એના કાયદામાંથી એક અણુ પણ ફરે તો એ ઈશ્વર મટે. સૂર્ય મહાવ્રતધારી છે, તેથી જગતનો કાળ નિર્માણ થાય છે ને શુદ્ધ પંચાંગો રચી શકાય છે. તેણે એવી શાખ પાડી છે કે તે હંમેશા ઊગ્યો છે ને હંમેશાં ઊગ્યાં કરશે, ને તેથી જ આપણે આપણને સુરક્ષિત માનીએ છીએ. વેપારમાત્રનો આધાર એક ટેક ઉપર રહ્યો છે. વેપારીઓ એકબીજા પ્રત્યે બંધાય નહિ તો વેપાર ચાલે જ નહિ. આમ વ્રત સર્વવ્યાપક વસ્તુ જોવામાં આવે છે. તેથી વ્રતની આવશ્યકતા વિષે આપણાં મનમાં કદી શંકા ન જ ઊઠો.

—પૂ૦ ગાંધીજી.

પરિશિષ્ટ ૬ ઠ્ઠું

ગણધર્મ

પ્રાચીન ભારતનું રાજ્ય ધર્મરાજ્ય જેવું હતું. રાજા અને પ્રજા વચ્ચે ધર્મસંબંધ હતો. રાજાના હિતમાં પ્રજા પોતાનું હિત અને પ્રજાના હિતમાં રાજા પોતાનું હિત સમજતો. આ પ્રમાણે રાજ્ય-શાસન સારી રીતે ચાલતું. રાજ્યશાસન સુવ્યવસ્થિત ચાલવામાં એક મુખ્ય કારણ ગણધર્મની પ્રતિષ્ઠા હતી. ગણધર્મને આજની સભ્ય ભાષામાં પ્રજાસત્તાત્મક શાસનપ્રણાલી કહી શકાય. રાજા પણ પ્રજાના પ્રતિનિધિરૂપે કાર્ય કરતો. એટલે પ્રજા પોતાની ઉપર પોતે શાસન ચલાવતી. આ પ્રજાસત્તાત્મક શાસનપ્રણાલીથી ગણરાજ્યોની ઋદ્ધિ અને સિદ્ધિ ઘણાં સમૃદ્ધ બન્યાં હતાં અને ગણરાજ્યોનો પરસ્પર સ્નેહસંબંધ ઘણો ગાઢ હતો.

આ ગણસત્તાક રાજ્યોમાં કેટલું બધું સુંદર સંગઠન હતું તે વાત તો તે વખતે મગધપતિ અજાતશત્રુ (કોણિક) પોતાના હલ્લ-વિહલ્લ નામના ભાઈઓ સાથે હાર, તેમજ હાથી માટે એના અન્યાયને રોકવા માટે તેમની સાથે વૈશાલીપતિ ચેટકે નવલિચ્છવી, નવમલ્લી આદિ ૧૮ ગણરાજ્યોના સહકારથી કરેલી પ્રતિકારાત્મક 'રથમુશલ' અને 'મહાશિલાકંટક' નામની ભયંકર લડાઈઓથી સહેજે ખ્યાલ આવે છે.

પરિશિષ્ટ ૭ મું

સંઘસંગઠનનાં સાધનો

[જિનશાસનની માફક બુદ્ધશાસનમાં પણ સંઘયોજના વિષે સારી વિચારણા થએલી છે. સંઘબંધારણમાં તે સહાયભૂત નીવડશે એમ ધારી બુદ્ધાગમમાં આવેલા સંઘયોજના વિષયક કેટલાક ઉલ્લેખો અહીં આપવા ઉચિત ધાર્યા છે.]

સંઘસંગઠન

सुखो बुद्धानमुप्पादो सुखा सद्धम्मदेसना ।
सुखा संघस्स सामग्गी समग्गानं तपो सुखो ॥

અર્થાત્-બુદ્ધોનો જન્મ સુખકર છે. સદ્ધર્મની દેશના સુખકારક છે. સંઘની સામગ્રી-સંગઠન સુખકારક છે અને સંઘથી રહેનાર ભિક્ષુઓનું તપ સુખકારક છે.

સંઘસંગઠનની ઉપયોગિતા અને તેથી થતા લાભો

एकधम्मो भिक्खवे ! लोके उपज्जमानो उपज्जति बहुजनहिताय बहुजनसुखाय बहुनो जनस्स अत्थाय, सुखाय, देवमनुस्सानं । कतमो एक-धम्मो ? **संघस्स सामग्गी** । संघे खो पन भिक्खवे ! समग्गे न चेव अञ्ञमञ्ञं भण्डनानि होन्ति, न च अञ्ञमञ्ञं परिभासा होन्ति,

न च अञ्ञमञ्ञं परिक्खेपा होन्ति, न च अञ्ञमञ्ञं परिच्चजना होन्ति तत्थ अप्पसन्ना चेव पसीदन्ति, पसन्नानञ्च भीयोभावो होतीति ।

અર્થાત્-ભિક્ષુઓ ! લોકમાં એક ધર્મ એવો છે કે જેને પેદા કરવાથી ઘણા લોકોનું કલ્યાણ, ઘણા લોકોનું સુખ તેમજ દેવમનુષ્ય સહિત ઘણા લોકોનું કલ્યાણ, સુખ અને ઇચ્છિત કાર્ય થાય છે. તે કયો ધર્મ ! સંઘનું સંગઠન. ભિક્ષુઓ ! સંઘનું સંગઠન થવાથી પરસ્પર કલેશકંકાસો થતા નથી, પરસ્પર અપશબ્દ (ગાળાગાળી)નો વ્યવહાર થતો નથી, પરસ્પર ખોટા આક્ષેપો થતા નથી, પરસ્પર પરિવર્જના-તુચ્છકાર થતો નથી. આ પ્રમાણે સંઘનું સંગઠન થવાથી અપ્રસન્ન થએલાઓ પણ પ્રસન્ન થાય છે (હળીમળીને રહે છે) અને પ્રસન્ન થએલાઓમાં ખૂબ સદ્ભાવ પેદા થાય છે.

સંઘસંગઠન સાધનારની ધ્યેયસિદ્ધિ

सुखा संघस्स सामग्गी समग्गानञ्च अनुग्गहो ।
समग्गरतो धम्मट्ठो योगक्खेमा न धंसति ।
संघं समग्गं कत्वान कप्पं सग्गम्हि मोदतीति ।

અર્થાત્-સંઘની સામગ્રી-સંગઠન સુખકારક છે. સંપથી રહેનારાઓની સહાય કરનારો, ધર્મમાં સ્થિર રહેનારો અને સંગઠન સાધનારો ભિક્ષુ યોગક્ષેમ (જીવનધ્યેય) નિર્વાણથી ચ્યુત થતો નથી અને તે ભિક્ષુ સંઘનું સંગઠન કરીને સ્વર્ગમાં કલ્પવર્ષ સુધી સુખ પામે છે.

સંઘભેદની નિરુપયોગિતા અને તેથી થતા ગેરલાભો

एक धम्मो भिक्खवे ! लोके उप्पज्जमानो उप्पज्जति बहुजना-हिताय, बहुजनासुखाय, बहुनो जनस्स अनत्थाय, अहिताय, दुक्खाय देव-मनुस्सानं । कतमो एकधम्मो ! संघभेदो । संघे खो पन भिक्खवे ! भिन्ने अञ्ञमञ्ञं भण्डनानि चेव होन्ति, अञ्ञमञ्ञं परिभासा च होन्ति, अञ्ञमञ्ञं परिक्खेपा च होन्ति, अञ्ञमञ्ञं परिच्चजना च होन्ति तत्थ अप्पसन्ना चेव नप्पसीदन्ति पसन्नानञ्च एकच्चानं अञ्ञथत्तं होतीति ।

અર્થાત્–ભિક્ષુઓ ! લોકમાં એક ધર્મ એવો છે કે જેને પેદા કરવાથી ઘણા લોકોનું અકલ્યાણ, ઘણા લોકોને અસુખ અને દેવ-મનુષ્ય સહિત ઘણા લોકોને અનર્થ, અકલ્યાણ અને દુઃખ પેદા થાય છે. કયો તે ધર્મ ? **સંઘભેદ.** ભિક્ષુઓ ! સંઘમાં ભેદ પડવાથી પરસ્પર કલેશકંકાસો ઊભા થાય છે, પરસ્પર અપશબ્દ (ગાળાગાળી)નો ઉપયોગ થાય છે, પરસ્પર ખોટા આક્ષેપો થાય છે અને પરસ્પર પરિતર્જના–તુચ્છકાર પણ થાય છે. આ પ્રમાણે અપ્રસન્ન થઈ પરસ્પર હળતામળતા નથી અને એકબીજા હળીમળીને રહેનારાઓમાં અન્યથાભાવ–અસદ્ભાવ પેદા થાય છે.

સંઘભેદકની દુર્ગતિ

आपायिको नेरयिको कप्पट्ठो संघभेदको ।
वग्गारामो अधम्मट्ठो योगक्खेमतो धंसति ।
संघं समग्गं भित्वान कप्पं निरयम्हि पच्चतीति ।

અર્થાત્–સંઘભેદમાં આનંદ માનનારો, અધર્મ કરનારો નરકમાં કલ્પવર્ષ સુધી રહેનારો, સંઘભેદ પાડનાર–સંઘભેદક યોગક્ષેમ–નિર્વાણ (જીવનધ્યેય)થી ચ્યુત થાય છે અને તે સગંઠિત સંઘમાં ભેદ પાડીને નરકમાં કલ્પવર્ષ સુધી દુઃખ પામે છે.

સંઘસંગઠનનાં સાધનો

छ हिमे भिक्खू ! धम्मा साराणीया पियकरणा गरुकरणा संगहाय अविवादाय, सामग्गिया एकीभावाय संवतन्ति । कतमे छ ?

(१) इध भिक्खवे ! भिक्खुनो मेत्तं कायकम्मं...रहो च ।

(२) इध भिक्खवे ! भिक्खुनो मेत्तं वचीकम्मं...रहो च ।

(३) इध भिक्खवे ! भिक्खुनो मेत्तं मनोकम्मं...रहो च ।

(४) भिक्खवे ! भिक्खु ये ते लाभा धम्मिका धम्मलद्धा अन्तमसो पत्तपरियापन्नमत्तंऽपि तथारूपेहि लाभेहि अप्पटिविभत्तभोगी होति सील-वन्तेहि सब्रह्मचारीहि साधारणभोगी ।

(५) भिक्खवे ! भिक्खु यानि तानि सीलानि अखण्डानि अच्छि-द्दानि असबलानि अकम्मासानि भुजिस्सानि विञ्ञुप्पसत्थानि अपरामट्ठानि समाधिसंवत्तनिकानि सीलेसु सीलसामञ्ञगतो विहरति सब्रह्मचारीहि आवि चेव रहो च ।

(६) भिक्खवे ! भिक्खु यायं दिट्ठि अरिया निय्यानिका निय्याति तक्करस्स सम्मादुक्खक्खयाय तथारूपाय दिट्ठिया दिट्ठिसामञ्ञगतो विहरति सब्रह्मचारीहि आवि चेव रहो च ।

અર્થાત્—આ છ વસ્તુઓ સ્મરણીય, પ્રેમ વધારનારી અને આદર વધારનારી છે; તથા તે સંગ્રહ, અવિવાદ, સામગ્રી (સંપ) અને એકી ભાવનામાં કારણભૂત બને છેઃ—

(૧) સમક્ષ અને અસમક્ષ મૈત્રીમય કાયકર્મ.

(૨) સમક્ષ અને અસમક્ષ મૈત્રીમય વાચાકર્મ

(૩) સમક્ષ અને અસમક્ષ મૈત્રીમય મનઃકર્મ.

(૪) ધર્માનુસાર મળેલી વસ્તુઓનો સબ્રહ્મચારીઓમાં વહેંચી દઈને તેમની સાથે પોતે તે વસ્તુઓનો ઉપભોગ કરવો.

(૫) સમક્ષ અને અસમક્ષ પોતાનો શીલાચાર અખંડ, અચ્છિદ્ર, અશબલ, અકલ્માષ, ભુજિષ્ય (સ્વતંત્ર) સુજ્ઞપ્રશસ્ત, અપરામૃષ્ટ અને સમાધિસંવર્તનિક રાખવો અને,

(૬) સમક્ષ અને અસમક્ષ જે દૃષ્ટિને લીધે સમ્યક્‌રીતે દુઃખનો નાશ થાય છે એવી આર્યનિર્યાનિક દૃષ્ટિથી સંપન્ન થઈને વર્તવું.

મહાત્મા બુદ્ધે પોતાના સાધુસંઘને સંઘસંપ સાધવા માટે જે માર્ગસૂચનો બતાવ્યાં છે તે સંઘસંપમાં આજુબાજુ પૂરતાં માર્ગસૂચનો આપણા સાધુસંઘને તથા શ્રાવકસંઘને સંઘવ્યવસ્થા વ્યવસ્થિત કરવામાં સાધનભૂત નિવડે એવાં છે.

પરિશિષ્ટ ૮ મું

ચારિત્ર-ધર્મ

બૌદ્ધ ગૃહસ્થધર્મ

દશશીલ ધર્મ

" સપરિગ્રહ ગૃહસ્થ માટે કેવળ ભિક્ષુધર્મ મુજબ વર્તવું શક્ય નથી. માટે જે રીતે વર્તવાથી શ્રાવક સજ્જન થાય તે ગૃહસ્થનું વ્રત હું કહું છું:—

" તેણે પ્રાણહાનિ કરવી નહિ કે કરાવવી નહિ. સર્વ ભૂતમાત્ર પ્રત્યે પછી તે સ્થિર હો કે ચર હો, દંડબુદ્ધિ–શિક્ષાવૃત્તિનો ત્યાગ કરીને વર્તવું.

" તે પછી સમજુ શ્રાવકે, કોઈ જગ્યાએ કોઈપણ વસ્તુની ચોરી કરનારને ઉત્તેજન ન આપવું; આ રીતે બધા અદત્તાદાનનો ત્યાગ કરવો.

" તે સુજ્ઞ શ્રાવકે ધગધગતા, સળગતા કોલસાની ખાઈની જેમ અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો; પણ જો બ્રહ્મચર્યનું પાલન અશક્ય હોય તો અંતે પરદારગમન તો ન જ કરવું.

" સભામાં, પરિષદમાં, અથવા એકલો જ બીજા સાથે બોલતા હોઈએ ત્યારે ખોટું ન બોલવું, બીજા પાસે ન બોલાવવું અને ખોટું બોલનારને ઉત્તેજન ન આપવું; આ રીતે બધા અસત્યનો ત્યાગ કરવો.

" જે ગૃહસ્થ આ બુદ્ધધર્મ પાળે તેણે મદ્યપાન ન કરવું, બીજાને મદ્ય ન આપવું અને પીનારાને ઉત્તેજન ન આપવું; પણ તે ઉન્માદકારક છે એમ સમજીને વર્તવું.

" કારણ કે, દારૂના ઘેનમાં મૂર્ખ લોકો પાપાચરણ કરે છે અને બીજા લોકોને પણ પ્રમત્ત કરે છે. પાપનું આયતન, ઉન્માદકારક, મોહકારક અને મૂર્ખપ્રિય એવા આ કૃત્યને વર્જ્ય કરવું.

"પ્રાણઘાત ન કરવો, ચોરી ન કરવી, ખોટું ન બોલવું, મદ્યપી ન થવું, અબ્રહ્મચર્ય અને મૈથુનથી વિરત થવું અને રાત્રે વિકાલે ભોજન ન જમવું.

"માળા ધારણ ન કરવી, ચંદન ન લગાડવું. માટી પાટ ઉપર અથવા જમીન ઉપર સૂવું, દુઃખની પાર પહોંચેલા બુદ્ધે પ્રકાશિત કરેલા આ અષ્ટાંગ ઉપોસથ* છે એમ કહે છે.

"અને આ અષ્ટાંગવાળો સુસંપન્ન ઉપોસથ પ્રતિપક્ષ ચૌદશ, પૂનમ અને આઠમ એ ત્રણ દિવસોએ અને વર્ષાઋતુમાં પ્રસન્ન મનથી પાળવો.

"ત્યારપછી ઉપોસથને બીજે દિવસે પ્રભાતે તે સુજ્ઞે પ્રસન્ન ચિત્તથી ભિક્ષુસંઘનું અનુમોદન કરીને ભિક્ષુઓમાં યથાયોગ્ય અન્ન અને પાન વહેંચવાં.

"ધર્મમાર્ગથી માબાપનું પાલન કરવું, અને ધાર્મિક રીતે વેપાર કરવો. આ રીતે ગૃહસ્થ જો સાવધાનતાથી વર્તે તો તે સદ્ગતિને પામે છે."

(धम्मिकसुत्त सुत्तनिपात) श्लोक–३९३–४०४
સુત્તનિપાત (ગુજરાતી અનુવાદવાળું) પૃ ૮૫–૮૬

....

પરિશિષ્ટ ૯ મું

અસ્તિકાય–ધર્મ

શાસ્ત્રમાં 'અસ્તિકાય' અર્થાત્ અસ્તિકાયની ટીકા આ પ્રમાણે કરી છે:—

अस्तयः प्रदेशास्तेषां कायो–राशिरस्तिकायः स एव धर्मो गतिपर्याये जीवपुद्गलयोर्धारणादित्यस्तिकाय–धर्मः ॥

* ઉપોસથ:—એટલે પૌષધ, આ શબ્દ ભાષા અને ભાવની દૃષ્ટિએ એક જ છે.

અર્થ:—અસ્તિ—પ્રદેશોની કાય અર્થાત્ રાશિને અસ્તિકાય કહે છે; તદ્રૂપ જે ધર્મ છે તે ગતિ આદિ પર્યાયોમાં જીવ અને પુદ્ગલોને ધારણકર્તા હોવાથી અસ્તિકાય—ધર્મ કહેવાય છે.

અહિં ટીકાકારે પંચાસ્તિકાયમાંથી કેવળ ધર્માસ્તિકાયને જ અસ્તિકાયધર્મ બતાવ્યો છે. આનો તાત્પર્ય એ છે કે ભગવતીજી સૂત્રમાં ધર્માસ્તિકાયના અભિવચન અર્થાત્ અનેક નામોમાં ધર્મ અને ધર્માસ્તિકાયને સાધર્મ્યરૂપે એક માનવામાં આવ્યું છે. ત્યાં નીચે પ્રમાણે પાઠ છે:—

धम्मत्थिकायस्स णं भंते ! केवइया अभिवयणा पण्णत्ता ? गोयमा ! अणेगा अभिवयणा पण्णत्ता । तंजहा:—धम्मेत्ति वा, धम्मत्थिकाए वा, पाणाइवायवेरमणेत्ति वा, मुसावायवेरमणेत्ति वा, एवं जाव परिग्गहवेरमणे, कोहविवेगेत्ति वा, जाव मिच्छादंसणसल्लविवेगेत्ति वा, इरियासमिइत्ति वा, भासासमिइत्ति वा, एसणासमिइत्ति वा, आयाणभंडमत्तनिक्खेवणासमिइत्ति वा, उच्चारपासवणखेलजल्लसिंघाणपारिट्ठावणियासमिइत्ति वा जे, या अन्ने तहप्पगारा सव्वे ते धम्मत्थिकायस्स अभिवयणा ॥

આ પાઠ ઉપરથી એ સિદ્ધ થાય છે કે ધર્મ અને ધર્માસ્તિકાય, નામના સાધર્મ્યથી બન્નેને એક જ માનવામાં આવ્યાં છે; આથી ટીકાકારે અસ્તિકાય—ધર્મમાં ધર્મ શબ્દની સાથે ધર્માસ્તિકાયનું જ ઉદાહરણ—સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. ધર્માસ્તિકાયનું ધર્મ સાથે સાધર્મ્ય બતાવવાનું કારણ એ પણ છે કે ધર્માસ્તિકાય ગતિસહાયક દ્રવ્ય છે; એટલા માટે કર્મનો નાશ કરવામાં ધર્માસ્તિકાયની પણ સહાયતા પહોંચે છે. કદાચ આ અભિપ્રાયથી શાસ્ત્રકારોએ ધર્મ અને ધર્માસ્તિકાયને એક નામથી બતાવ્યું હોય.

અસ્તિકાયનાં પાંચ ભેદ છે. તેમાં જીવાસ્તિકાય પણ છે. અત્રે જીવાસ્તિકાય સાથે સંબંધ હોવાથી જીવનધર્મના અર્થમાં અસ્તિકાય ધર્મનું વર્ણન કર્યું છે.



ધર્મ અને ધર્મનાયક

સ્થવિરધર્મ—નાયકધર્મ

[ઉત્તરાર્ધ]

વિષયપ્રવેશ

यम्हि सच्चं च धम्मो च अहिंसा संजमो दमो ।
स वे वन्तमलो धीरो सो थेरो'त्ति पवुच्चति ॥

જેના હૃદયમાં અહિંસા, સંયમ, સત્ય, દમ—તપ આદિ ધર્મ-ગુણોનો વાસ છે તથા જે દોષરહિત અને ધીર છે તે જ સાચો 'સ્થવિર-ધર્મનાયક' કહેવાય છે.

કોઇપણ ધર્મ, સમાજ કે રાષ્ટ્રને નેતાની પરમ આવશ્યકતા રહે છે. કારણ કે નાયક જ ધાર્મિક સામાજિક કે રાષ્ટ્રીય શક્તિને પુંજીભૂત કરે છે, નાયક જ રાષ્ટ્રીય કે ધાર્મિક મતને અભિવ્યક્ત કરે છે અને નાયક જ ધાર્મિક, સામાજિક કે રાષ્ટ્રીય શક્તિને ગતિશીલ અને સબળ બનાવે છે.

સાચો નાયક તે છે કે જે ધર્મ, સમાજ અને રાષ્ટ્રનો પથ-પ્રદર્શક હોય અને રાષ્ટ્રના કાર્યવ્યાપાર તથા વિચારોનું નિયન્ત્રણ કરતો હોય.

નાયકત્વ–નેતૃત્વના અભાવે રાષ્ટ્રમાં અવ્યવસ્થા અને અનિયન્ત્રિ-
ા અને પરિણામે અસંસ્કૃતતા મળે છે. સંસારના કોઈપણ રાષ્ટ્રના
તિહાસ ઉપર દૃષ્ટિ ફેંકો તેથી તમને સ્પષ્ટ જણાશે કે આંદોલનો–
ભી તે આંદોલન ધાર્મિક હોય, સામાજિક હોય, રાજનૈતિક હોય,
સાંસ્કૃતિક હોય–ની સફળતા હમેશાં એવા નેતાઓના હાથમાં રહી
છે કે જેઓ દરેક રીતે પ્રજાનો સહયોગ મેળવવામાં સમર્થ હતા.
આના પ્રમાણ માટે આપણે રાજનીતિવિજ્ઞાન કે સમાજશાસ્ત્રના
અર્થમાં ઊંડા ઊતરવાની આવશ્યકતા નથી. ભિન્ન ભિન્ન રાષ્ટ્રોના
વર્તમાન નાયકો જ એ સત્યના પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. પ્રજાનો નેતા
તે પ્રજાનો સેવક છે. સેવકને કોઈ દાન ન જોઈએ. સેવકને કાંઈ પૂજા
ન જોઈએ. પૂજાની ઇચ્છાથી કરેલી સેવા એ સેવા જ નથી.

ધાર્મિકવૃત્તિવાળા પોતાને 'ધર્માત્મા' કહેવડાવવાનો વિચાર
સરખો પણ ન કરે. દંભનું નામનિશાન પણ તેમના ચારિત્રમાં ન મળે.

જેણે તદ્દન ઇન્દ્રિયદમન કર્યું છે અને શરીરયાત્રાને જ સારુ જેની
ઇન્દ્રિયો વ્યાપાર કરે છે, જેણે સર્વવિકારોને જીતી લીધા છે અને
જેણે આત્માને પીછાન્યો છે તે 'ધર્માત્મા છે–ધર્મનાયક છે.'

જે પુરુષ સાધુજીવન ગાળે છે, જેની વૃત્તિઓ સાદી છે, જે
ધર્મની સાક્ષાત્ મૂર્તિ છે, જે નમ્રતામય છે, જે સત્યનું સ્વરૂપ છે, જેણે
મોટાપણા–ગુરુપદનો આત્યંતિક ત્યાગ કર્યો છે તે પુરુષ પોતે જાણે
અથવા ન જાણે તો પણ ધર્માત્મા–ધર્મપુરુષ–ધર્મનાયક છે. આવા
ધાર્મિક પુરુષને શાસ્ત્રકારો 'સ્થવિર' શબ્દથી સંબોધે છે. 'સ્થવિર'
શબ્દ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોથી સંપન્ન વૃદ્ધ એ અર્થમાં
વપરાએલો છે એ ઉપર આપેલી 'સ્થવિર' શબ્દની શાસ્ત્રીય વ્યાખ્યા
ઉપરથી સ્પષ્ટ જણાય છે.

દશવિધ ધર્મોની સુવ્યવસ્થા કરવા માટે શાસ્ત્રકારોએ દશવિધ
સ્થવિરોની યોજના કરી છે.

જૈનશાસ્ત્રોમાં દશ પ્રકારના ધર્મોનું યથાવિધિ પાલન કરાવવા માટે નીચે લખેલા દશ સ્થાવરો–ધર્મનાયકોનું વિધાન કરવામાં આવ્યું છેઃ-

(૧) ગ્રામસ્થવિર, (૨) નગરસ્થવિર, (૩) રાષ્ટ્રસ્થવિર
(૪) પ્રશાસ્તાસ્થવિર, (૫) કુલસ્થવિર, (૬) ગણસ્થવિર,
(૭) સંઘસ્થવિર, (૮) જાતિસ્થવિર, (૯) સૂત્રસ્થવિર,
(૧૦) સંયમસ્થવિર. (પર્યાયસ્થવિર)

ઉપર લખેલા દશ સ્થવિરો–ધર્મનાયકોની વિશેષ વ્યાખ્યા અત્રે ક્રમશઃ કરવામાં આવશે.



(૧)

ગ્રામસ્થવિર–ગ્રામનાયક

[ग्राम-थेरा]

ભારતવર્ષનો ઉદ્ધાર ભારતવર્ષના સાતસાત લાખ ગામડાં ઉત્થાન થવામાં રહેલો છે. એ નાનાં નાનાં ગામડાંઓ ભારતવર્ષની સાચી સંસ્કૃતિ છે.

ગ્રામસ્થવિર એ શાસ્ત્રીય શબ્દ છે આપણી ભાષામાં તેને ગામનો મુખી, ગામનો પટેલ કે ગામનો નાયક કહીએ છીએ. ગામની અંદર જે દુર્વ્યવસ્થા કે અવ્યવસ્થા પ્રવર્તતી હોય તે દૂર કરી તેની જગ્યાએ સુવ્યવસ્થા સ્થાપિત કરવી તે ગ્રામનાયકનું મુખ્ય કર્તવ્ય છે.

દુર્વ્યવસ્થા શી છે અને સુવ્યવસ્થા શી છે–એ વાતનો વિવેક કરવો સાધારણ મનુષ્યો માટે સરલ નથી આ વાતને બરાબર તે જ મનુષ્ય સમજી શકે છે કે જેમને આ વિષયમાં પોતાનો વ્યક્તિગત અનુભવ સારો હોય અને જેમને ઉપર કહેલા દશ પ્રકારના ધર્મોની સંઘટના પ્રત્યેક અંકોડાનું પૂરેપૂરું ધ્યાન હોય. જેમને દશ ધર્મોનું બરાબર જ્ઞાન અને ભાન હશે તે મનુષ્ય દુર્વ્યવસ્થા અને સુવ્યવસ્થાનો વિવેક બરાબર કરી શકશે; કારણ કે કુદરતના નિયમોની સુંદરમાં સુંદર વ્યવસ્થા કરનાર ધર્મ છે. જ્યાં ધર્મ નથી ત્યાં વ્યવસ્થા નથી. અને જ્યાં વ્યવસ્થા નથી ત્યાં સુખશાન્તિ નથી. એટલા માટે ગ્રામ, નગર કે રાષ્ટ્રમાં સુખશાન્તિ સ્થાપવા માટે ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ

આદિ ધર્મોનું પૂર્વાપર જ્ઞાન ધર્મનાયકને અવશ્ય હોવું ઘટે. જે મનુષ્ય એકાંગી દૃષ્ટિથી ધર્મોનો વિચાર કરે છે તે મનુષ્ય દુર્વ્યવસ્થા અને સુવ્યવસ્થાનો વિવેક શું કરી શકે ? માટે ધર્મનાયકે ગ્રામમાં સુવ્યવસ્થા અને સુખશાન્તિ સ્થાપિત કરવા માટે વિવેકદૃષ્ટિ અવશ્ય કેળવવી જોઈએ.

ગામમાં દુર્વ્યવસ્થા પેદા થવાથી ગામ હમેશાં પતનને પંથે ધસડાય છે. જો ગામમાં સુવ્યવસ્થા ન જળવાય તો ગામમાં ચોરી થાય છે, વ્યભિચાર વધે છે, લોકો ભૂખે મરે છે અને આખરે ગ્રામ્ય-જીવનનું પતન પણ થાય છે. આ વાત ધ્રુવ–સત્ય છે. કારણ કે એક તો અવ્યવસ્થિત ગામમાં સામાન્ય રીતે અનાચાર ફેલાએલો હોય છે અને જ્યારે લોકોને ખાવાને અન્ન અને પહેરવાને માટે પૂરતાં કપડાં પણ મળતાં નથી ત્યારે તો અનાચારની અવધિ રહેતી નથી. અના-ચાર–અત્યાચારને રોકવા માટે અને લોકોને સત્ય અને ન્યાયના માર્ગે લાવવા માટે એક ગ્રામનાયક–સુવ્યવસ્થાપકની આવશ્યકતા રહે છે કે જે અવ્યવસ્થા દૂર કરી ગામમાં સુવ્યવસ્થા સ્થાપિત કરે.

આજે ગામડાઓમાં સ્થવિરો–ગ્રામસેવકો ઘણા ઓછા છે. અને તેથી ગ્રામોદ્ધારનું મહત્ત્વનું કામ વ્યવસ્થિત થતું નથી. ગ્રામનાયકો જો ગ્રામોદ્ધારના કામમાં પોતાની શક્તિનો ઉપયોગ કરે તો નગરોદ્ધાર અને રાષ્ટ્રોદ્ધાર કરવામાં વાર ન લાગે. ગ્રામનાયકનું ગામની વ્યવસ્થા કરવામાં શું સ્થાન છે ? તે વાત ઘણી જ વિસ્તૃત છે. પણ નીચેના એક બૌદ્ધશાસ્ત્રીય ઉદાહરણથી એ વાતનો સંક્ષિપ્ત સાર સમજવામાં આવી જશેઃ—

કોઈ એક ગામમાં 'મઘા' નામનો એક ગ્રામનાયક રહેતો હતો. આ એક જ ગ્રામસેવકે પોતાના ચારિત્ર્યબળથી, પ્રજાના પ્રેમથી અને પોતાના વ્યક્તિત્વના પ્રભાવથી આખા ગામમાં એવી સુંદર પ્રતિષ્ઠા જમાવી હતી કે ગામના લોકો તેના વચનને ધર્મવચન માની માથે ચડાવતા હતા. મઘાનું પડયું વચન સૌ કોઈ ઝીલી લેતા હતા.

બધાએ ગામના લોકોને એવી શિખામણ આપી હતી કે " આપણું ગામ એટલે કોઈ પણ જાતનો ભેદ નહિ, કોઈ કોઈનું બૂરું કરે નહિ, અનાચાર-અત્યાચાર કરે નહિ; પણ બધા સંપસંપથી નિયમસરતાપૂર્વક આનંદથી રહે, કોઈ કોઈનો ભાર ન રાખે, બીમાર કે રોગી નહિ." બધાની આ આજ્ઞા ગામનિવાસીઓએ અક્ષરે અક્ષર માની. બધાની આ સુવ્યવસ્થાથી તે ગામમાં એક પણ ધનવાન, ચોર, જુગારી કે બદકાર મનુષ્ય રહ્યો નહિ. તેનું એટલે બધી સુવ્યવસ્થા કરી કે બધા આનંદપૂર્વક નિર્ભય થઈ રહેવા લાગ્યા અને ગામજીવનનો નિર્દોષ આનંદ લૂંટવા લાગ્યા. કોઈને ચોરીનો ભય ન હતો, કોઈને લૂંટારાનો ભય ન હતો. પરિણામે કોઈ પોતાના ઘરે તાળું દેવાની જરૂર સમજતું નહિ. આ રીતે ગામજીવનના સુખથી જનતા સંતુષ્ટ હતી.

બધાની આ વ્યવસ્થાશક્તિ જોઈ ગામના લોકો બધા ઉપર ખૂબ જ પ્રસન્ન થયા અને તેની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા. બધો પ્રશંસાથી ફુલાતો ન હતો અને નિંદાથી ગભરાતો ન હતો. તે તો તેના ગામોદ્ધારના નિત્ય કાર્યમાં હમેશાં મશગૂલ રહેતો. બધો આખા ગામમાં આટલો બધો પ્રતિષ્ઠિત મનુષ્ય હોવા છતાં તેને મનમાં જરા પણ ખોટો ગર્વ ન હતો. બધો કોઈવાર ગામલોકોને રાત્રિના અવકાશ સમયે એકઠા કરી નાનાં બાળકોને ભણાવવાની હિત સલાહ આપતો. કોઈવાર મદ્ય માંસ ખાવાથી જીવનમાં કેવી વિકૃતિઓ પેદા થાય છે અને તેથી જીવન કેવું તામસિક બની જાય છે એનો ઉપદેશ આપતો. કોઈવાર બીડી, તમાકુ, ભાંગ-ગાંજો, દારૂ વગેરે માદક પદાર્થોનું સેવન કરવાથી કેવી દુર્દશા થાય છે તેનો સ્પષ્ટ ખ્યાલ કરાવતો, કોઈવાર અભણ-અજ્ઞાન રહેવાથી લેણદારો અજ્ઞાનનો લાભ લઈ એક રૂપિયાના એકવીશ રૂપિયા કેમ થઈ જાય છે તેની ચેતવણી આપતો, કોઈવાર ખેતી કેમ કરવી, ખેતીની રક્ષા કેમ કરવી, ધાન્યનો સંગ્રહ ક્યારે

અને ફેરલો કરવો, ગાય, ભેંસ આદિ પશુધનની સારસંભાળ
રાખવી વગેરે કૃષિ-સુધાર વિષે સ્પષ્ટ સમજુતી આપતો.

કોઈવાર મથો બપોરના નવરાશના સમયે બહેનોને અને મા
ઓને પણ એકઠા કરી 'સ્ત્રીધર્મ' વિષે સાદી ભાષામાં સમજણ આપ
કોઈવાર બાળકોને કેવીરીતે પાળવા-પોષવાં વગેરે વિષે સારી શીખા
આપતો, કોઈવાર ઘરમાં સફાઈ કેવીરીતે રાખવી તેનું જ્ઞાન કરા
અને કોઈવાર સ્ત્રીઓએ નવરાશના સમયે રેંટિયો કાંતવો, વ
ગૂંથવું વગેરે ઘરધંધાઓ કરતાં રહેવા માટે તેઓમાં ઉત્સાહપ્રાણ ફૂંક

કોઈવાર મથો ગામના નવસોહીવંતા નવજુવાનોને બપોરે એક
કરી યૌવનધનની કીમત સમજાવતો. કોઈવાર નવયુવાનો દેશ
સમાજનું અને ધર્મનું કેટલું હિત સાધી શકે છે તેનો આબેહ
ચિતાર આપતો અને ઉષાના આંગણે ઊભેલા નવયુવાનોએ પોતા
યૌવનશક્તિનો સ્વપરવિકાસમાં કેવીરીતે સદુપયોગ કરવો જોઈ
તેની સ્પષ્ટ સમજુતી આપી યુવાનોમાં યૌવનપ્રાણ પૂરતો અને યૌ
નની પ્રાણપ્રતિષ્ઠા સાચવવા માટે જાગ્રત રહેવાની ચેતવણી આપતો
કોઈવાર સંધ્યાના સમયે મથો શેરીઓના બાળકોને પણ એકઠા કરી
અને તેમને રમતો-ગમતો શીખડાવતો, કોઈવાર તેમને અક્ષરજ્ઞા
આપતો, કોઈવાર બાળકોને ભાવિજીવનના વિકાસની હિતસલાહ આપતો
અને કોઈવાર હાસ્યયુક્ત વાતો કરી બાળકોને પેટ પકડી હસાવતો.

આ પ્રમાણે મથો બાળકો, સ્ત્રીઓ, યુવાનો, વૃદ્ધો બધાં
ખૂબ જ પ્રિય થઈ પડયો હતો. મથાની આ સત્પ્રવૃત્તિથી ગામના લોક
તેને પોતાનો ગ્રામનાયક સમજતા અને તેનું કહ્યું માનવા હમેશ
તૈયાર રહેતા.

મથો કહેવા કરતાં કરી બતાવવામાં માનતો હતો. શેરીઓમ
કે રસ્તા ઉપર કુડોકચરો પડયો હોય તો તે ઉપાડી બહાર ફેંક
આવતો, અને ગંદકીવાળાં સ્થાનને એકદમ સાફ કરી નાંખતો. ઘણીવાર

શેરીઓની સ્ત્રીઓ જાણીજોઈને કૂડોકચરો સાફ કરેલા સ્થાને ફેંકી જતી પણ મઘો સ્ત્રીઓ ઉપર ક્રોધિત ન થતાં કૂડોકચરો પાછો ઉપાડી જતો. મઘાનો આવો નિઃસ્વાર્થ સેવાભાવ જોઈ સ્ત્રીઓ લજ્જિત થઈ જતી અને ફરી એવું અનુચિત કાર્ય ન કરતાં ઊલટી મઘાના કાર્યમાં મદદ કરતી.

મઘાની આ સુવ્યવસ્થાથી આખું ગામ એકદમ સ્વચ્છ અને સુઘડ જણાતું હતું. ગામના લોકો ગામની આવી સ્વચ્છતા, સુઘડતા અને સુવ્યવસ્થા જોઈ આનંદિત થતા હતા. પણ સત્કાર્યોમાં હમેશાં વિઘ્નો નડે છે એ ન્યાયે મઘાની આ સત્પ્રવૃત્તિથી એક દારૂ વેચનારો અને બીજા રાજ્યાધિકારીઓ મઘાથી નારાજ રહેતા હતા. મઘાની સુવ્યવસ્થાથી તે ગામમાં કોઈ શરાબી રહ્યો ન હતો તેમ જ ગામમાં બધા સલાહસંપથી રહેતા હોવાથી કોઈ ફરીયાદ કરનાર પણ રહ્યો ન હતો. આ કારણે દારૂ વેચનાર તથા રાજ્યાધિકારીઓને આખો દિવસ ખાલી હાથે બેસી રહેવું પડતું.

આખરે રાજ્યાધિકારીઓએ મઘા ઉપર ખોટો આરોપ ચડાવી મગધનરેશ સમક્ષ મઘાની ફરીયાદ કરી. મગધનરેશનાં કાન રાજ્યાધિકારીઓએ મઘાની વિરુદ્ધ પહેલેથી ભંભેર્યા હતાં કે આ મઘો લોકોમાં રાજ્યવિરુદ્ધ વિદ્રોહ અને ઉશ્કેરણી ફેલાવે છે અને એ રીતે રાજ્યશાસનમાં ઉથલપાથલ કરવા ચાહે છે માટે મઘો એ રાજ્યનો મોટો ગુન્હેગાર છે એટલે રાજ્યવિદ્રોહી મઘાને સખત શિક્ષા થવી જોઈએ.

મગધનરેશ રાજ્યાધિકારીઓની જાળમાં ફસાઈ ગયા. અને રાજ્યાધિકારીઓના કહેવા ઉપર વિશ્વાસ મૂકી મગધનરેશે નિરપરાધી મઘાને તથા તેમના અનુયાયીઓને હાથીના પગતળે કચડાવી તેમને મારી નાંખવાની કઠોર આજ્ઞા આપી. મગધનરેશની આ કઠોર આજ્ઞા સાંભળી મઘાનું રુંવાડું પણ ફરક્યું નહિ. મઘો સારીરીતે

અમલદારોએ કહ્યું કે 'મઘા ગામને બહેકાવી જ બગાડી રહ્યો છે.' એ અમ-
લદારોની ઉપર વિશ્વાસ રાખ્યો હતો. મગધનરેશે મઘાને કહ્યું કે હે મઘા!
'તું રાજ્યવિરોધી કામ કેમ કરે છે? અને સત્યશાન્તિપૂર્વક જણાવી દે.'
મઘો મગધનરેશની આવી વાત સાંભળી આશ્ચર્યચકિત થયો. મઘાને
સ્પષ્ટ લાગ્યું કે તે જે કાંઈ પ્રવૃત્તિ કરી રહ્યો છે તેમાં રાજ્યવિરોધી
જેવું કશું કામ નથી છતાંયે રાજાના કર્ણ ભંભેરી શકે છે,
એટલે તેણે મગધનરેશને નમ્રતાપૂર્વક કહ્યું કે "મહારાજ! હું જે કાંઈ
પ્રવૃત્તિ કરી રહ્યો છું તેમાં રાજ્યવિરોધનો અંશ સરખો નથી. હું તો
રાજ્યસુધારનું કામ કરી રહ્યો છું. બાકી આપને જો હું રાજ્યવિરોધી
જણાતો હોઉં તો આપની આજ્ઞા મુજબ માથે ચડાવવા તૈયાર છું."
મગધનરેશે મઘાની આ વાત ઘણી જ શાન્તિપૂર્વક સાંભળી. અને
કહ્યું કે 'મઘા! તું આખા દિવસમાં પ્રવૃત્તિ શું કરે છે! હું તે
જાણવા ચાહું છું.'

મઘાએ પોતાના આખા દિવસની દિનચર્યા કહી સંભળાવી.
મગધનરેશે મઘાની દિનચર્યા અને પ્રવૃત્તિ સાંભળી રહ્યા બાદ ગામના
લોકોને પૂછ્યું કે 'પ્રજાજનો! મઘાની આ પ્રવૃત્તિથી તમને શું લાભ,
ગેરલાભ થયો તે હું જાણવા ચાહું છું.'

પ્રજાજનોએ જવાબ આપ્યો કે 'મહારાજ! મઘાની આ સત્ય-
પ્રવૃત્તિથી આખા ગામમાં કોઈ શરાબી, જુગારી, દુરાચારી રહ્યું નથી
અને બાળકો, યુવાનો, સ્ત્રીઓ, વૃદ્ધો બધાંને સત્પંથે ચડાવી આખા
ગામમાં સુખશાન્તિ ફેલાવી છે. અમે મઘાના સત્કાર્યથી ઘણા જ સંતુષ્ટ
થયા છીએ. ખરેખર મઘો અમારો સાચો નાયક છે. અમારે માટે
તો તે પૂજનીય છે.'

મગધનરેશ મઘાની આટલી બધી પ્રશંસા પ્રજાજનો પાસેથી
સાંભળી ઘણો જ આનંદિત થયો. મહારાજે દારૂ વેચનારાઓ તથા
રાજ્યાધિકારીઓને બોલાવી પૂછ્યું કે, તમે જે મઘાને રાજ્યવિદ્રોહી

કોઈ કે જે મઘાને પ્રજાજનો સંભારવાપાત્ર ગણે આપને જ ઘર કરે છે, તેમ કહ્યા કે આ બધા પ્રજાજનો ભાઈઓ ?

ઘણું જેમનારાઓ અને ગ્રામવિરોધીઓ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે ભોળા ગ્રામજનો ઉપર ગમે તેવા જુલમ અત્યાચાર કરે અન્યાય કરવા જેવા અને ગ્રામજનોના સમક્ષ પોતાની સ્વાર્થવૃત્તિને સંતોષવા માટે ભોળા ગ્રામજનોને કરવા અન્યાય ભલે કરતા ગયા. મઘાનેક મઘાની સત્યપ્રિયતા અને ન્યાયપ્રિયતા જોઈને ઘણા જ ખુશી થયા અને પોતાના ગામમાં મઘા જેવા સાચા ગ્રામસેવક વસે છે તેથી તેને વિશેષ આનંદ થયો. મહારાજાએ મઘાને 'ગ્રામનાયક' ની પદવી આપી તેને નવાજ્યો.

સાચા ગ્રામસ્થવિરો જેવા હોય છે, તેમને ગામોવાસની કટલી જવાબદારીઓ વહોરવી પડે છે અને સત્યપરીક્ષાના વિકટ સમયે તેમણે કેટલી બધી નિશ્ચલતા અને શામનાનો પરિચય આપવો પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ ગ્રામનાયક મઘાના ઉદાહરણથી આવી રહે એમ છે.

તે વખતના ગ્રામનાયો અન્યાયપૂર્ણ વાતોથી ડરી જાય એવા ન હતા. તેઓ નિર્ભય હતા અને તેથી જ તેમની નિર્ભયતાથી મગધનરેશ જેવા મહારાજાને પણ 'ગ્રામનાયક' મઘાને નમતું આપવું પડ્યું હતું.

આજે ગામડાઓમાં 'મઘા' જેવો ગ્રામનાયક શોધ્યો જડતો નથી. પ્રત્યેક મનુષ્યો પોતપોતાનું સંભાળવામાં જ સ્વાર્થી થઈ રહ્યા-પચ્યા રહે છે. આ જ કારણે આજે ગામડાઓની વ્યવસ્થા ખરાબ થઈ રહી છે ગામડાઓમાં સાચા ગ્રામસેવકોનો અભાવ હોવાને કારણે જ દુર્વ્યસનોનું સેવન કરનારાઓની તથા કચેરીમાં જઈ ફરીયાદ કરનારાઓની અત્યધિક વૃદ્ધિ થઈ રહી છે.

જે ગામનો અધિનાયક બુદ્ધિમાન હોય છે તે ગામની પ્રજાને

દુષ્કાળ પડવા છતાં પણ, મુશ્કેલીમાં નાખી [illegible] નહિ. [illegible] ગ્રામનાયક પોતાની દીર્ઘદૃષ્ટિથી ભવિષ્યનો અગાઉથી વિચાર કરી ધાન્યનો સંગ્રહ કરાવી શકે છે કે જેથી દુષ્કાળના સમયે તેનો સદુપયોગ થઈ શકે છે અને તેથી ગ્રામવાસીઓને કષ્ટો સહન કરવાં પડતાં નથી.

આજે ગ્રામનાયકના અભાવે ગ્રામીણ જનતાનું જીવનધન—ગોવંશ અજ્ઞાન અને દુર્વ્યવસ્થાને કારણે બરબાદ થયું છે. જો કોઈ ગ્રામનાયક હોય તો તે ગોવંશની રક્ષા માટે સારી વ્યવસ્થા કરી શકે છે અને ભવિષ્યમાં ગોવંશનું રક્ષણ અને વર્ધન થાય તેવા ઉપાયો યોજે છે.

આજે કોઈ સારો ગ્રામનાયક બહાર પડે અને ગ્રામીણ જનતા તેની કાર્યપ્રણાલીમાં સંપૂર્ણ સહકાર આપે તો ભારતવર્ષનો અસ્ત થયેલા જ્ઞાનસૂર્યનો પાછો જરૂર ઉદય થાય.

માનવસમાજનું જીવન જ્યાંસુધી અન્ન અને વસ્ત્ર ઉપર અવલંબિત છે ત્યાંસુધી માનવસમાજે ગ્રામધર્મને અતિ મહત્ત્વનું સ્થાન આપવું જ પડશે. કારણ કે સંસારમાં મનુષ્યો માટે સાધારણતઃ અન્ન અને કપડાંની સર્વપ્રથમ વિશેષ આવશ્યકતા રહે છે. અન્ય વસ્તુઓ વિના તો કામ ચાલી શકે છે પણ અન્ન અને વસ્ત્ર જેવી જીવનોપયોગી વસ્તુઓ વિના ચાલી શકે નહિ.

ભારતવર્ષમાં એવાં ગામો અસ્તિત્વમાં છે કે જે પોતાની જ નીપજમાંથી ઉપર્યુક્ત બન્ને આવશ્યકતાઓને પૂરી પાડી શકે છે. ગામમાં પેદા કરેલું અન્ન ગામોની બધી ખાદ્ય વસ્તુઓની આવશ્યકતા પૂરી પાડી શકે છે. બાકી વસ્ત્રોની વાત રહી.

પ્રાચીન સમયમાં પ્રત્યેક ગામમાં કપડાં તૈયાર કરવામાં આવતાં. પ્રાયઃ કોઈ ગામ એવું ખાલી ન હતું કે જ્યાં કપડું તૈયાર થતું ન હોય! જ્યારે પ્રત્યેક ગામો પોતાના માટે પહેરવાનાં કપડાં અને ખાવા

જ્યારે ગ્રામધર્મનો મર્મ ગ્રામનાયક આપણને સમજાવશે ત્યારે સમજશો. મર્મ [illegible] ત્યારે આપણામાં [illegible] [illegible] હતો.

ભારતવર્ષમાં જ્યારે આવા ગ્રામનેતાઓ હતા ત્યારે ગ્રામધર્મ જેવા ધર્મોનું સંપાદન કરતો હતો, ગ્રામોનું ગામમાં જ નગરધર્મ, રાષ્ટ્રધર્મ આદિનો પોષક અને પ્રચારક.

આશરે બે હજાર વર્ષ પહેલાંની વાત છે કે જ્યારે સમ્રાટ ચન્દ્રગુપ્તના રાજદરબારમાં ગ્રીસ દેશનો રાજદૂત મેગેસ્થનિઝ આવ્યો હતો ત્યારે તે ભારતવર્ષના ધર્મ વિષે પોતાના કેટલાક વર્ષોના અનુભવો વર્ણવતાં લખે છે કે:—

'ભારતવર્ષમાં ધર્મની એવી સુંદર વ્યવસ્થા છે કે ભારતીય લોકો પોતાના મકાનને તાળું પણ દેતા નથી. અસત્ય બોલતા નથી અને દૂરૂપટનું સેવન કરતા નથી.'

આજે પણ એ જ ભારતભૂમિ છે કે જેના ગુણગાન એક પરદેશીએ મુક્તકંઠે ગાયાં હતાં.

આજે પણ એ જ પુણ્યમયી ભારતભૂમિને ગ્રામધર્મના પાલનદ્વારા ઉન્નત બનાવવાની આવશ્યકતા છે.

ભારતવર્ષની ગ્રામવ્યવસ્થાનું ઉપર જે વર્ણન કરવામાં આવ્યું છે તેવી વ્યવસ્થા ભારતવર્ષમાં ફરીવાર જે દિવસે ગ્રામનાયકોદ્વારા ચાલુ થશે તે દિવસે ભારતમાં પુનઃ આનંદમંગલની હવા ચોતરફ ફેલાશે અને શાન્તિનું સામ્રાજ્ય સ્થપાશે એવું ભારતના શુભચિન્તકોનું માનવું છે.

—(૦)—

(૧)

નાગરિક [illegible]

[[illegible]]

[illegible] ... નાગરિકના ધર્મ [illegible] તે છે.

નગરની જે [illegible] નગરનાયક કહેવાય છે.

ગ્રામપતિ અને નગરપતિના [illegible] છે. [illegible] ગામ [illegible] જનસમૂહની વ્યવસ્થા કરે છે [illegible] નગરપતિ નગર [illegible] મોટા જનસમૂહની વ્યવસ્થા કરે છે.

પ્રત્યેક વ્યક્તિ પોતાની અધિકારમર્યાદા પ્રમાણે કાર્યનો પ્રારંભ કરે છે અને તેને પાર ઉતારે છે. જે અધિકારમર્યાદાનું ઉલ્લંઘન કરે છે તે કાર્યસિદ્ધિ કરી શકતો નથી.

ગ્રામપતિ, ગ્રામની અધિકારમર્યાદામાં રહી ગ્રામોદ્ધાર કરે છે. જો ગ્રામપતિ ગ્રામોદ્ધારનું કાર્ય પડતું મૂકી નગરોદ્ધાર કરવા જાય તો બન્નેમાંથી એક પણ કાર્ય પાર પાડી શકે નહિ એટલા માટે ગ્રામપતિએ ગ્રામવ્યવસ્થા અને નગરપતિએ નગરવ્યવસ્થા કરવી જોઈએ. નાનો માણસ નાની ચીજોને સંભાળી શકે છે પણ મોટી વસ્તુઓને સંભાળી શકતો નથી. મોટા જનસમુદાયની વ્યવસ્થા નાગરિક કરી

શકે; નાગરિકોનું નિયંત્રણ ગ્રામજનો કરી ન શકે. એક કવિએ અધિકારમર્યાદા વિષે ઠીક જ કહ્યું છે કેઃ—

> कैसे छोटे नरनतें सरन बडेन को काम ।
> मढ्यो दमाम जात क्यों लै चूहे को चाम ॥

> ભાવાર્થઃ–કેમ બને નાના થકી નર મોટાનું કામ;
> ઉંદર ચર્મ વડે કદિ ઢોલ ન બને તે જાણ.

'છોકરાંથી છાશ પીવાય નહિ' એ લોકોક્તિ અનુસાર નાના માણસોથી મોટા માણસોનું કામ થવું મુશ્કેલ છે. જેઓનાં બુદ્ધિ, વૈભવ અને પ્રભાવ ઓછાં છે, તેઓથી મોટાઓનું કામ શી રીતે થઈ શકે ? જેવી રીતે ઉંદરની ખાલ વડે નગારું મઢી શકાતું નથી તેવી જ રીતે ગ્રામસ્થવિર નગરસ્થવિરનું કામ કરી શકે નહિ. અને એટલા જ માટે નગરધર્મની વ્યવસ્થા કરવા માટે સ્વતંત્ર નગરસ્થવિર–નગરનાયકની આવશ્યકતા રહે છે.

જે સંબંધ સમુદ્રમાં વહાણ અને હોડકાંનો છે તે જ સંબંધ ગ્રામ અને નગર વચ્ચેનો છે. વહાણ ઊંડા પાણીમાં રહી શકે છે, અને છીછરા પાણીમાં ચાલી શકતું નથી. એટલા માટે હોડકું કિનારા ઉપરનો માલ લઈને વહાણમાં અને વહાણનો માલ કિનારા ઉપર લાવે છે. તેવી જ રીતે નગર એ વહાણરૂપ અને ગ્રામ એ હોડકાંરૂપ છે. જેવી રીતે કિનારાનો માલ હોડકાંદ્વારા વહાણમાં ચડે છે તેવી જ રીતે ગામની વસ્તુઓ નગરમાં જાય છે અને નગરનો માલ ગામડાંમાં આવે છે. આ કારણે ગામ અને નગરનો પારસ્પરિક સંબંધ ગાઢ છે. તદનુસાર ગ્રામનાયક અને નગરનાયક બન્નેનો સંબંધ પણ ગાઢ હોય છે. નગરસ્થવિરમાં નગરોદ્ધાર કરવાની ધગશ હોવી જોઈએ. આજના નગરનાયકો જેમને આપણે મેયર કે મ્યુનિસિપલ કમિશનર નામથી ઓળખીએ છીએ તેઓ નગરોદ્ધારનું કામ સ્વતઃ ન કરતાં નોકરિયાત માણસોદ્વારા કરાવે છે. પરિણામે નગરોદ્ધારનું કામ જોઈએ તેવું સુંદર થતું

વિદ્યાલય આદિ શિક્ષણ-સંસ્થાઓ ખોલી આર્થિક શિક્ષણ મળે એવી સાધનસામગ્રીના અભાવને લીધે અજ્ઞાન અંધેર મટી ન જાય અથવા કોઈ નાગરિકોનું જ્ઞાન જ ન મળે તે માટે ઉદ્યોગ-શિક્ષણનો પ્રચાર કરી નાગરિકોમાં શિક્ષણ પ્રતિ ઉત્સાહ પ્રગટાવવો એ પણ નગરપતિનું આવશ્યક કર્તવ્ય છે.

નગરજનો આર્થિક સંકટને કારણે દુઃખી જીવન ગાળતા હોય તેમને અર્થની આવક થાય એવા સરળ ઉપાયો યોજી કામધંધે લગાવવા અને બેકારી દૂર થાય તેનો પ્રબંધ કરવો એ પણ નગરપતિનું જ કામ છે.

નગરના વ્યાપારીઓને વ્યાપારમાં જે કોઈ મુશ્કેલીઓ આવતી હોય તે જાણી તેનો નિકાલ કરવો અને નગરનો વ્યાપાર કેમ વધે અને નાગરિકો વિશેષ સમૃદ્ધ કેમ થાય તે વિષે ઉચિત પગલાં લેવાં એ પણ નગરપતિનું કર્તવ્ય છે.

નગરજનો સમાજનાં કઢંગા રીતરિવાજને કારણે સામાજિક જીવનથી કંટાળી ગયા હોય તો તેમને સમાજસુધારના માર્ગો બતાવવા અને સમાજસુધાર કરવામાં નાગરિકોને સંપૂર્ણ સહકાર આપવો એ પણ નગરપતિનું જ કર્તવ્ય છે.

આ સિવાય નગરજનોની ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સમભાવપૂર્વક સક્રિય ભાગ લેવો અને નાગરિકોને સત્પથે લઈ જવા માટે નેતૃત્વ કરવું એ નગરપતિનું કામ છે.

જ્યારે નગરપતિ આ પ્રમાણે શુભ નિષ્ઠા અને પ્રમાણિકતાપૂર્વક નગરોદ્ધારનું કામ કરે છે ત્યારે તેના વ્યક્તિત્વનો પ્રભાવ નગરજનો ઉપર પડ્યા વગર રહેતો નથી. નગરપતિ નગરોદ્ધારના કાર્યદ્વારા નગરજનોનું હૃદય જીતી લે છે અને નગરજનો નગરપતિના આદેશને

ત્યારબાદ ઉદેપુર રાજ્યમાં મહારાણાસાહેબ શ્રી ફતેહસિંહજી ગાદી ઉપર આવ્યા. તેમના સમયમાં રાજ્યનો કારભાર એજન્ટના હાથમાં હતો. રાજ્યવ્યવસ્થા સુંદર ન હોવાને કારણે પ્રજાને દુઃખ વિશેષ સહેવું પડતું હતું. પ્રજા દુઃખથી ત્રાસી ગઈ હતી. આખરે પ્રજા નગરશેઠ શ્રી ચંપાલાલજી પાસે આવી અને દુઃખનિવારણ માટે પગલાં લેવા પ્રાર્થના કરી. નગરશેઠ મહારાણા પાસે ગયા અને પ્રજાનાં દુઃખ દર્દ દૂર કરવા પ્રાર્થના કરી. મહારાણાસાહેબે જવાબમાં જણાવ્યું કે, તમે એજન્ટસાહેબ પાસે જઈ બધી વાત કરો. નગરશેઠ પંચસહિત એજન્ટના બંગલે ગયા. પણ ત્યાં તો કીર્તિલોભી કેટલાક [illegible], કર્મચારીઓએ એજન્ટ સાહેબના કાન ભંભેર્યા કે 'સાહેબ! આપના ઉપર પ્રજા સંગઠન કરી ચઢી આવી છે.'

એજન્ટ કર્મચારીઓના આ સમાચાર સાંભળી બહુ ગુસ્સે થયા. અને તેણે પોતાની રક્ષાર્થે ત્યાંનું તોપખાનું તૈયાર કરાવ્યું. નગરજનો તોપખાનું તૈયાર કરાવ્યાના સમાચાર સાંભળી બહુ ગભરાયા અને તેમણે આખા નગરમાં સખત હડતાલ પાડી બધા નાગરિકો નગરશેઠ ચંપાલાલજીની સાથે ઉદેપુર નગરની 'સહેલિયાની* વાડીમાં' ચાલ્યા ગયા. અને ત્યાં નગરજનોને સંપૂર્ણ શાન્તિ અને પરસ્પર મજબૂત સંગઠન જાળવવા વિષે નગરશેઠે સલાહ આપી અને નગરશેઠની શુભ શિખામણ બધા નગરજનોએ માન્ય રાખી.

એક દિવસ ઉદેપુરમાં એક બળદ મરણ પામ્યો પણ એ મરેલા બળદને ખસેડી જવા માટે કર્મચારીઓએ ઢેઢલોકોને બોલાવ્યા. પણ ઢેઢલોકોએ જવાબમાં કહ્યું કે નગરશેઠની આજ્ઞા વિના આવી શકીએ નહિ. કર્મચારીઓ

* ઉદેપુરમાં 'સહેલિયાની વાડી' નામનો સુંદર બાગ છે. ઉદેપુરની પ્રાકૃતિક સૌમ્યતા અને રમ્યતા જગપ્રસિદ્ધ છે. આ બાગે પણ ત્યાંની સુંદરતામાં ઘણો વધારો કર્યો છે. પહેલાં ત્યાં મહારાણીઓ પોતાની સખીઓ—સહેલીઓ સાથે વાયુસેવન કરવા જતી. જેથી તે બાગ પણ 'સાહેલીઓની વાડી' તરીકે પ્રસિદ્ધ થવા પામ્યો છે.

મૂંઝવણમાં પડી ગયા. આખરે કર્મચારીઓ નગરશેઠ પાસે ગયાં ઢેઢ લોકોને મરેલા બળદને ઉપાડી લઈ જવા માટે આજ્ઞા દેવા પ્રાર્થના કરી. નગરશેઠ ઉદારચરિત હતા. તેમણે ઢેઢલોકોને મરેલા બળદને ઉપાડી લઈ જવાની આજ્ઞા આપી ત્યારે મરેલો બળદ શહેરમાંથી ખસેડવામાં આવ્યો. નગરશેઠે નગરજનો ઉપર પોતાના વ્યક્તિત્વનો ખૂબ પ્રભાવ પાડ્યો હતો. નગરજનોમાં પણ ખૂબ સંગઠન હતું. એજન્ટ-સાહેબ જેમ પોતાના નિશ્ચયમાં દૃઢ રહ્યા તેમ નગરશેઠ પણ પોતાના નિશ્ચયમાં દૃઢ રહ્યા. કોઈ કોઈને નમતું આપવા તૈયાર નહોતા. એજન્ટ-સાહેબનો દુરાગ્રહ જોઈ નગરશેઠ મોટેગાંવ (ગોગૂન્દા) નામના ગામડામાં રવાના થયા. નગરશેઠને પોતાના કાર્યમાં વિશ્વાસ હતો કે પોતે જે કરી રહ્યા છે તે નગરજનોના હિત માટે કરી રહ્યા છે. એજન્ટસાહેબે જ્યારે નગરશેઠ ઉદેપુર નગર છોડી ચાલ્યા ગયા છે એમ સાંભળ્યું ત્યારે તેમને લાગ્યું કે નગરશેઠ અને નગરજનો નગર છોડી ચાલ્યા ગયા છે ત્યારે તેની પાછળ કશું કારણ અવશ્ય હોવું જોઈએ. એજન્ટ સાહેબે સરદારોદ્વારા નગરશેઠને પોતાની પાસે બોલાવ્યા અને નગર છોડી જવાનું કારણ પૂછ્યું. નગરશેઠે નગરજનોની દુઃખદર્દની કરુણ કથા કહી સંભળાવી અને એજન્ટસાહેબે શાન્તચિત્ત નગરશેઠની બધી વાત સાંભળી અને નગરજનોનાં દુઃખદર્દ દૂર કરવાનું વચન આપી નગરશેઠને આશ્વાસન આપ્યું.

શેઠ ચંપાલાલજી અને શેઠ પ્રેમચન્દજી નગરજનોનું ખરા દિલથી હિત ચાહતા હતા. એટલે નગરજનો પણ તેમને પોતાના હિતેચ્છુ પ્રતિનિધિ માનતા હતા. જે સાચા નગરપતિ હોય છે તેઓ પોતાની સુખસગવડને લાત મારી નગરજનોના દુઃખદર્દને પોતાનું દુ:ખદર્દ માને છે. જે નગરજનોના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે તે જ સાચો નગરપતિ છે. નગરશેઠ ચંપાલાલજી અને નગરશેઠ પ્રેમચંદજી નગરજનોના સાચા હિતેચ્છુ હતા અને તેથી જ નગરજનો તેમના

[illegible]

[illegible]

[illegible]

હોય તો તેને સમજાવી શાન્ત પાડવી એ નગરશ્રેષ્ઠિનું કાર્ય છે. નગરશ્રેષ્ઠિ શબ્દ અને પ્રજા પ્રતિ એનો સદ્ભાવ બતાવે છે કે વસ્તુતઃ તે બધાનો 'દાસ' છે અને સાથે સાથે તે બધાનો 'માલિક' પણ છે. આ રીતે નગરપતિ સેવક છે અને સેવ્ય પણ છે.

---

* પ્રાચીન સમયમાં પણ લોકોમાં સત્યનો આગ્રહ જગાવવા માટે કેટલી બધી દૃઢ ભાવના હતી તેમજ તે સત્યાગ્રહને સફળ કરવા માટે કેટલી સહિષ્ણુતા અને શાન્તિ રાખતાં તેનો પૂરેપૂરો પરિચય મળી આવે છે. આજની ઊગતી પ્રજા માટે એ આદરણીય દૃષ્ટાન્ત છે.

અંધપુરુષ ખાડામાં પડી રહ્યો છે અને આપણે સનેત્ર હોવા છતાં તેને બચાવતા નથી. વાસ્તવમાં આપણામાં મનુષ્યતાનો ગુણ રહેવા પામ્યો નથી. 'આપણે શું' આવો ઉપેક્ષાભાવ સાચા મનુષ્યના હૃદયમાં પેદા જ થઈ શકે નહિ. પરસ્પર સહકાર આપવો, એક બીજાને મદદ કરવી એ પ્રત્યેક નાગરિકોનું કર્તવ્ય છે. જે મનુષ્ય, જે ગામ કે નગરમાં રહે છે તે ગામ કે નગરની સુખદુઃખની ચિન્તા કરતો નથી પણ 'આપણે શું' એમ કહી પોતાના સ્વાર્થમાં મશગૂલ રહી આખા ગામ કે નગર પ્રતિ ઉપેક્ષા રાખે છે તે મનુષ્યને ગામ કે નગરમાં રહેવાનો પણ અધિકાર નથી.

જે બુદ્ધિમાન નાગરિકો હોય છે તે સારી રીતે સમજે છે કે જે આપત્તિ–વિપત્તિઓ આ વખતે મારા નગરબંધુઓ ઉપર આવી પડી છે તે જ આપત્તિઓ મારી ઉપર ભવિષ્યમાં કદાચ આવી પડશે. ભવિષ્યના ગર્ભમાં શું રહેલું છે તે કોણ જાણે છે? એટલા માટે પહેલાંથી જ ચેતી જવું વધારે શ્રેયસ્કર છે. કહ્યું પણ છે કે 'ચેતતો નર સદા સુખી.' આ પ્રમાણે વિચારી બુદ્ધિમાન નાગરિક આપત્તિમાં આવી પડેલા નગરબંધુઓને પોતાથી બનતી સહાય કરે છે અને એક નાગરિક તરીકે પોતાની ફરજ બજાવે છે. વાસ્તવમાં સાવધાન પુરુષ હમેશાં સુખી જ રહે છે.

મારા નગરમાં કોણ દુઃખી છે, કોણ ગરીબ છે, કોણ બીમાર છે, એમ જે દિનરાત નગરના સુખદુઃખની ચિન્તા કરે છે અને નગરોદ્ધાર કરવા માટે જે સતત પ્રયત્ન કરે છે તે જ નગરપતિ તરીકેનું મહામૂલ્ય બિરુદ મેળવી શકે છે અને તેને દીપાવી શકે છે. નગરપતિ બનવું સરલ છે પણ એ પદને પોતાના આત્મભોગદ્વારા દીપાવવું મુશ્કેલ છે. આ જ કારણ છે કે વર્તમાન સમયમાં અનેક મનુષ્યો પોતાને નગરશેઠ તરીકે ઓળખાવે છે પણ જ્યારે નગરપતિ તરીકેની ફરજ માથે આવી પડે છે ત્યારે ખોટાં બહાનાં કાઢી છટકી

હતો. તે આનંદ ગાથાપતિ સેંકડો કુટુમ્બોનો મેઢી, આધારભૂત, આલમ્બનભૂત, ચક્ષુભૂત તેમજ ખાણીમાં જેમ વચલો સ્તંભ મુખ્ય હોય છે તેમ આનંદશ્રાવક નગરની પ્રત્યેક પ્રવૃત્તિમાં આગેવાની ભોગવતો હતો."

શાસ્ત્રકારોએ આનંદગાથાપતિને જે મેઢીભૂત, પ્રમાણભૂત, આધારભૂત, આલમ્બનભૂત, ચક્ષુભૂત આદિ ગુણવિશેષણોથી નવાજેલ છે તે ગુણો ખરેખર એક સાચા નગરપતિને શોભા આપે એવા છે. નગરપતિએ નગરજનોની રક્ષા કેવી કરવી જોઈએ અને તે માટે કેટલા ગુણો કેળવવા જોઈએ એનો આ એક નાદર નમૂનો છે.

આનંદશ્રાવક 'મેઢીભૂત' એટલે ખાણીમાં જેમ વચલો સ્તંભ મુખ્ય હોય છે અર્થાત્ વચલા સ્તંભ વિના ખાણી ફરી શકતી નથી તેમ આનંદ ગાથાપતિ આખા નગરમાં પ્રધાન પુરુષ હતો. તે નગરજનોને પોતાના કુટુમ્બીજનો માની પોષતો અને સુખનો સાચો માર્ગ બતાવતો.

આનંદ ગાથાપતિ 'પ્રમાણભૂત' હતો એટલે તે પોતાના પ્રામાણિકજીવનથી બીજાને પ્રામાણિક બનાવતો અને અપ્રામાણિક પ્રવૃત્તિથી જીવન કેટલું ખારું બની જાય છે અને પ્રામાણિક પ્રવૃત્તિથી જીવન કેટલું સુખમય બને છે તે નગરજનોને સમજાવતો અને તે રસ્તે જવા સૌ કોઈને પ્રેરણા આપતો. જે પુરુષ પ્રામાણિક હોય છે તે જ પુરુષ બીજાને પ્રામાણિક બનાવી શકે છે. આનંદ ગાથાપતિ ખરેખર આદર્શ પ્રામાણિક પુરુષ હતો.

આનંદ ગાથાપતિ 'આધારભૂત' હતો એટલે કે રાજા જેમ નગરનો મુખ્ય આધાર છે; કારણ કે રાજા નગરની રક્ષા કરે છે તેમ આનંદ ગાથાપતિ પણ નગરજનોની રક્ષા કરતો હોવાથી તે આધારભૂત હતો અથવા તે 'આહારસ્વરૂપ' હતો એટલે કે આનંદ શ્રાવક ગરીબ

નગરજનોને અભયદાન આપી નગરસ્થવિરોની સેવા કરતો હતો. અને જેવી રીતે મનુષ્યના પ્રાણોની રક્ષા કરે છે તેવી જ રીતે આનંદ ગૃહપતિ પણ રાજા તેમજ પ્રજાની રક્ષા કરતો હતો.

આનંદગૃહપતિ 'આલંબન-સ્વરૂપ' હતો એટલે કે આંધળા મનુષ્યને માટે લાકડી સહાયરૂપ છે તેમ આનંદ ગૃહપતિ પણ રાજા, પ્રજા તેમજ કુટુમ્બને આલંબનભૂત હતો.

આનંદ ગૃહપતિ 'ચક્ષુ-સ્વરૂપ' હતો એટલે કે ચક્ષુ જેમ સર્વાંગોમાં શ્રેષ્ઠ અંગ છે તેમ આનંદ ગૃહપતિ નગરમાં ચક્ષુભૂત હતો. જેઓને જ્ઞાનચક્ષુ ન હતાં તેમને જ્ઞાનચક્ષુ આપતો. એટલે કે જે નગરજનો ભાનભૂલ્યા થઈ ભટકયા કરતા હતા તેઓને સમજાવી સન્માર્ગ ઉપર લાવતો અને તેથી જ તે આખા નગરમાં 'ચક્ષુસ્વરૂપ' ગણાતો હતો.

જ્યારે આનંદ ગૃહપતિ પોતાની સત્પ્રવૃત્તિદ્વારા રાજા અને પ્રજાને માટે મેઢીભૂત, પ્રમાણભૂત, આધારભૂત, આલંબનભૂત અને ચક્ષુભૂત બન્યો ત્યારે જ તે મોટા મોટા રાજેશ્વરોથી લઈ સાધારણ સાર્થવાહોના અનેક કાર્યોમાં, અનેક કારણોમાં, અનેક ગૂઢ વાતોમાં, અનેક રહસ્યપૂર્ણ કામોમાં, નિશ્ચય કરવામાં તથા વ્યાવહારિક કાર્યોમાં એકવાર પૂછવા યોગ્ય હતો એટલું જ નહિ પણ વારંવાર પૂછવાયોગ્ય બન્યો હતો. આ ઉપરથી આનંદ ગૃહપતિએ એક નગરપતિ તરીકે પોતાનું કર્તવ્ય બજાવવા માટે કેટલાં બધાં ગુણોને કેળવ્યાં હતાં!

શાસ્ત્રકારો કહે છે કે 'આનંદ ગૃહપતિએ ચૌદ વર્ષ સુધી શ્રાવક-વ્રત પાળ્યું અને આ જ વ્યવહારોનું બરાબર પાલન કર્યું. જ્યારે આનંદ ગૃહપતિનું શરીર નિર્બળ થયું અને નગરપતિ તરીકેની ફરજો બરાબર બજાવી શકે એવી શરીરસ્થિતિ ન લાગી ત્યારે તેણે પોતાના પુત્રોને બોલાવીને નગરજનો સમક્ષ પોતાનું નગરપતિનું પદ સોંપ્યું અને નગરપતિ તરીકેનું કર્તવ્ય બરાબર બજાવવા માટે પુત્રોને શુભ-

[illegible]

આજે [illegible] નગરનો ઉદ્ધાર [illegible] નથી.

નગર, ગામ [illegible] એક નગર-સ્થવિરથી નગરોદ્ધારનું કામ બરાબર થઈ શકતું નથી. નગરસ્થવિરના બીજા સાથીઓ હોય તો નગરોદ્ધાર સારી રીતે થઈ શકે છે. એટલા માટે નગરના અનેક વિભાગમાં જુદા જુદા નગરઆરક્ષકો હોવા જોઈએ. આ બધા નગરઆરક્ષકો પરસ્પર સંયોગ સાધીને નગરનાં મોટાં મોટાં દુષ્કર કાર્યો પણ સફલતાપૂર્વક પાર પાડી શકે છે. વર્તમાન સમયમાં પણ નગરોમાં સ્થવિર અર્થાત્ મેયર કે મ્યુનીસીપલ કમીશ્નર રહે છે પણ સાંભળવા પ્રમાણે તેઓ નગરનિવાસીઓને જોઈએ તેટલો લાભ પહોંચાડતા નથી. મુંબઈ, કલકત્તા, મદ્રાસ આદિ મોટાં નગરોમાં દૃષ્ટિપાત કરવાથી ત્યાં અનેક પ્રકારનાં અત્યાચાર–અનાચાર, ચોરી–વ્યભિચાર આદિ નીચ પ્રવૃત્તિ સેવાતી જોવામાં આવે છે અને તેથી નગરજનોને અનેક પ્રકારનાં દુઃખો સહેવાં પડે છે તેમ છતાં વર્તમાન નગરસ્થવિરો દ્વારા આ નીચ પ્રવૃત્તિને સદંતર બંધ કરવાનો કોઈ પ્રકારનો ઉચિત પ્રબંધ કરવામાં આવતો નથી. શહેરની સુખાકારી વધારવા માટે જોઈએ તેટલી સ્વચ્છતા ઉપર પણ ખાસ ધ્યાન દેવામાં આવતું નથી જેના પરિણામે નગરોમાં મેલેરીયા, પ્લેગ આદિ અસાધ્ય અને ભયંકર રોગો ફાટી નીકળે છે.

વર્તમાન નગરસ્થવિરો કેવળ નગરપતિનું પદ સાચવી રાખવા માટે પ્રયત્ન કરે છે પણ નગરજનોનું કલ્યાણ કેમ થાય તે વિષે બહુ જ

એવો પ્રયત્ન સેવવામાં આવે છે. આ જ કારણને લીધે અત્યારે નગર-ધર્મનો પ્રાયઃ લોપ થઈ રહ્યો છે.

નગરનાયકોની જવાબદારી ગ્રામનાયકો કરતાં વધારે રહે છે. કેમ કે નગર એ રાષ્ટ્રદેહનું મસ્તિષ્ક છે. જ્યારે ગ્રામ એ તેના હાથપગ છે. મસ્તિષ્કની અસર શરીર તેમજ મગજ ઉપર પડયા વિના ન રહે.

કોઈપણ પ્રાચીન ઐતિહાસિક ગ્રન્થમાં 'સંથાગાર' જેને આપણે Townhall–ટાઉનહૉલ કહીએ છીએ ત્યાં મળતી સંઘની સભાઓ, સ્વતંત્રપણે–નિર્ભયપણે અને સંયમ તથા વિવેકભરી રીતે ચાલતી ચર્ચાઓ અને નાગરિકોનો ઉલ્લાસ શાન્તિથી અવલોકો તો તમને સંપૂર્ણ ખાત્રી થયા વિના નહિ રહે કે જેને જૈનયુગ કહેવામાં આવે છે તે વખતે નગરધર્મ તેની ઉચ્ચ કક્ષાએ પહોંચેલો હતો. પ્રાચીન સાહિત્યમાં છૂટાછવાયાં પુષ્કળ ઉલ્લેખો એ સંબંધે મળી આવે છે.

ધર્મ કે આત્મહિત અર્થે સર્વસ્વનો ભોગ આપવો એ તો આપણા ઇતિહાસ અને સાહિત્યનો પ્રધાન સૂર છે, પણ તે સાથે નાગરિક તરીકેની ફરજો બજાવતા જતાં આપણા પૂર્વજોએ જે બલિદાન આપ્યાં છે તે તો કોઈપણ સ્વતન્ત્ર દેશના ગૌરવ સાથે સાભિમાન સ્પર્ધા કરી શકે એવાં છે. આ ગ્રામ–નગર–ધર્મ ક્યારથી શિથિલ થવા પામ્યો અને આખરે ભુલાતો ભુલાતો માત્ર શાસ્ત્ર–સાહિત્યના પાનાંને જ શોભાવતો રહ્યો તે આપણે નથી જાણતા પણ સાચો નગરધર્મ શું છે અને નગરધર્મની રક્ષા માટે નગરનાયકે કેટલો આત્મભોગ આપવો પડે છે તેનો ખુલાસો નીચેનો ઐતિહાસિક ઉલ્લેખ સ્પષ્ટ કરશે:—

"વૈશાલી નગરીમાં મહાનામન નામનો એક નગરનાયક હતો તે રાજા અને પ્રજા બન્નેનો પ્રિય હતો. તે રાજા અને પ્રજા બન્ને વર્ગોનો પ્રેમસંબંધ જાળવી રાખવા હમેશાં પ્રયત્ન કર્યા કરતો. મહાનામનના નેતૃત્વ નીચે વૈશાલીનગરીની પ્રજા આનંદપૂર્વક રહેતી.

હતી. મહાનામનની કાર્યપ્રણાલીથી સૌ કોઈ સંતુષ્ટ હતા. મહાનામન પણ નગરનાયકની જવાબદારી બરાબર સમજતો હતો. તેને પોતાનો નગરધર્મ પ્રાણથી પણ વિશેષ પ્રિય હતો. નગરધર્મની રક્ષામાં પોતાની અને પ્રજાની રક્ષા માનતો અને નગરધર્મના નાશમાં પોતાનો નાશ સમજતો હતો. એકદિવસ નગરધર્મ પ્રત્યે તેનો કેવો પ્રેમભાવ છે તેની કસોટીનો દિવસ આવી પહોંચ્યો. તેનો કસોટીનો પ્રસંગ એ હતો કે:—

એક વખતે દુશ્મનો મહાનામનના નગર ઉપર ચડી આવ્યા. નગરમાં સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો ઉપર પણ ત્રાસ વર્તાઈ રહ્યો હતો, તે વખતે મહાનામન વૃદ્ધ હતો, તેનું હાડપિંજર વૃદ્ધાવસ્થાને કારણે ખળભળી ગયું હતું. પૂરું પાંચ ડગલાં પણ ચાલવાની તેનામાં શક્તિ ન હતી, એવો વૃદ્ધ નગરસ્થવિર મહાનામન પોતાના જીવનની છેલ્લી ફરજ બજાવવા બહાર પડે છે અને ધીમે ધીમે ચાલીને દુશ્મનોની વચ્ચે આવે છે અને તેમને કરગરીને કહે છે કે:– 'દગાથી પણ તમે આખરે ફાવ્યા છો. નગર લૂંટવું હોય તો તમે સ્વતંત્ર છો; પરંતુ આ નગરના એકપણ સ્ત્રી, બાળક, વૃદ્ધ ઉપર અત્યાચાર–અનાચાર ન થાય એની વ્યવસ્થા કરો.' દુશ્મન રાજા આ વાતને કબુલ નથી કરતો. મહાનામન નગરની રક્ષા માટે ફરીફરીને ઊકળતા હૃદયે પોતાના નગરબંધુઓને બચાવવા વિનવે છે. દગાબાજ દુશ્મન એક શરતે મહાનામનની માગણી કબુલવા તૈયાર થાય છે. તે કહે છે કે:–'તમે મારી માતાના પાઠક છો. તમારો એટલો અધિકાર સ્વીકારું છું. તમે તમારા કુટુમ્બ સાથે સહીસલામત છો. તમારો વાળ વાંકો નહિ થાય."

મહાનામન પોતે એકલો સહીસલામત રહેવા માગતો ન હતો. તે તો પોતાની નગરસ્થવિર તરીકેની ફરજ બજાવવા ચાહતો હતો. નગરનાં હજારો સ્ત્રીપુરુષો રીબાતા હોય તે વખતે પોતાના એકલા કુટુમ્બને બચાવવાની તેની ઇચ્છા ન હતી. પ્રાણ કરતાં પણ અધિક

વિર એવો નગરધર્મ તેના અંતરમાં સંક્ષોભ મચાવી રહ્યો હતો. વિરુરાજાને તેણે ખૂબ સમજાવ્યો, વિનવ્યો. આખરે રાજાએ એ શરત સ્વીકારી કે—

"હે! મહાનામન! આટલી છૂટ આપવા તૈયાર છું. તમે પાણીમાં ડૂબકી મારો અને જેટલા નાગરિકો જેટલી સંપત્તિ લઈને નાસી છૂટવા માગે તેટલા નાગરિકો તેમ કરી શકે."

રાજાની આ કડક શરત મહાનામન એક નગરસ્થવિર તરીકે સ્વીકારે છે.

મહાનામન વૃદ્ધદેહે—અશક્ત શરીરે નદીના પાણીમાં ઊતર્યો, ડૂબકી મારી અને તળાએ રહેલા એક વૃક્ષના મૂળ સાથે એટલો વળગી રહ્યો કે કલાકના કલાક સુધી તે બહાર ન આવ્યો. નગરનાં સ્ત્રીપુરુષોને એટલો વખત અભયદાન મળ્યું. તપાસ કરતાં આખરે મહાનામનનું અચેતન શરીર નદીના તળિયેથી મળી આવ્યું. પ્રાણ ઊડી ગયા હતા, માત્ર ખોખું પડી રહ્યું હતું. વૃક્ષના મૂળ સાથે તેનાં હાથપગ નાગપાશની જેમ વીંટળાઈ રહ્યા હતા. નગરને બચાવવા માટે મહાનામને પોતાનો નશ્વર દેહ તજી દીધો હતો.

જૈનયુગના નગરધર્મ વિષે બીજો કોઈ ઉલ્લેખ મળે યા ન મળે પણ મહાનામનનું જીવન નગરધર્મ ઉપર એક જીવન્ત ભાષ્યસ્વરૂપ છે એમ કોણ નહીં કહે? જ્યાં ગ્રામધર્મ અને નગરધર્મનું આ રીતે પાલન થતું હોય ત્યાં ગ્રામ તથા નગરોની સમૃદ્ધિ અને સ્વતન્ત્રતા દેવદુર્લભ દૃશ્ય જેવી બને એમાં કાંઈ આશ્ચર્ય નથી.

અહીં એટલું સ્મરણમાં રાખવું ઘટે છે કે આ ધર્મોને કોઈએ પારલૌકિક અર્થમાં નથી પ્રરૂપ્યા. તે લૌકિક ધર્મો હતા અને લૌકિક સુખ તથા કલ્યાણ અર્થે જ તેનો ઉપયોગ થતો હતો. છતાં એટલું તો સૌએ મુક્તકંઠે સ્વીકાર્યું છે કે જ્યાં ગ્રામધર્મનો, નગરધર્મનો, રાષ્ટ્રધર્મનો, કુળધર્મનો, ગણધર્મનો તથા સંઘધર્મનો નાશ થાય છે

નાં સૂત્રોમાં અને સાહિત્યમાં ઠેકઠેકાણે આવેલ [illegible] છે અને [illegible] [illegible] શાસ્ત્ર-પ્રકૃતિથી પણ સમર્થન કર્યું છે.

ત્યારે જે એમ કહેવાય છે કે 'સાધુ જૈન નગર, ગામ કે રાજ્યના વાતાવરણથી એક નિર્લેપ રહે. ધર્મ સિવાયની બીજી કોઈ વસ્તુ તેને સ્પર્શવી ન જોઈએ.' તેમાં નગરધર્મની નવી વ્યાખ્યા સિવાય બીજું શું છે?

ગ્રામધર્મ, નગરધર્મ અને રાષ્ટ્રધર્મ એ આપણા ઐતિહાસિક ભંડારની એક અમૂલ્ય ધર્મસંપત્તિ છે. અને તેનું આજના જેવા અણીના અવસરે પ્રદર્શન કરવું એ આપણું કર્તવ્ય છે.

આનંદ ગાથાપતિ અને મહાશતક ગાથાપતિ એ નગરનાયકો કેવા હોવા જોઈએ એ તેના આદર્શ દૃષ્ટાન્તો છે. નગરનાયકોના નગરોદ્ધારના આદર્શને નાગરિકો અનુસરતા થઈ જાય તો નાગરિકતા જે માનવ-જીવનને વિકસિત કરવાનો એક મહાગુણ છે, તે ગુણ પ્રગટ્યા વિના ન રહે. નાગરિકતા એ આપણી ધર્મસંસ્કૃતિને પોષે છે. નગરધર્મના પાલનદ્વારા ધર્મસંસ્કૃતિને ઉન્નત બનાવવી જોઈએ એ પ્રત્યેક નાગરિકોનું પરમ કર્તવ્ય છે.

જ્યારે નગરધર્મની મહત્તા સમજી, નાગરિકતાનો ગુણ આપણા જીવનમાં પ્રગટાવીશું ત્યારે ગ્રામોદ્ધાર, નગરોદ્ધાર અને રાષ્ટ્રોદ્ધારની સાથે સાથે જૈનધર્મનો પણ ઉદ્ધાર થશે, અને જૈનધર્મનો ઉદ્ધાર થવાથી વિશ્વશાન્તિનો પણ ઉદય થશે એમાં શંકા નથી.

———o———

(૩)

રાષ્ટ્રસ્થવિર—રાષ્ટ્રપતિ

[[illegible]]

જે વ્યક્તિ પોતાના સ્વાર્થનો ત્યાગ કરી પોતાનો આખો રાષ્ટ્રના ચરણે ધરી દે છે તે જ વ્યક્તિ રાષ્ટ્રનું નેતૃત્વ અને ઉદ્ધાર કરી શકે છે.

ગ્રામ અને નગરના ઉદ્ધારમાં રાષ્ટ્રનો ઉદ્ધાર અને તેના નાશમાં રાષ્ટ્રનો નાશ રહેલો છે, કારણ કે ગ્રામ અને નગરના આધાર ઉપર રાષ્ટ્રનો આધાર રહેલો છે. જો ગ્રામ અને નગર સમૃદ્ધ હોય તો રાષ્ટ્ર પણ સમૃદ્ધ અને એમાં જરાપણ શંકા નથી. ગ્રામ અને નગરના ઉદ્ધાર અને નાશનું કામ ગ્રામનાયક અને નગરનાયકના હાથમાં રહેલું છે. જો ગ્રામનાયક અને નગરનાયક બુદ્ધિમાન, શક્તિશાળી અને પ્રભાવશાળી હોય અને પોતાની શક્તિનો સદુપયોગ ગ્રામોદ્ધાર અને નગરોદ્ધારમાં કરે તો રાષ્ટ્રપતિનું કાર્યક્ષેત્ર ઘણું જ વિસ્તીર્ણ હોવા છતાં સુગમ અને પ્રશસ્ત બની જાય છે. કારણ કે જ્યારે રાષ્ટ્રપતિને ગ્રામનાયક અને નગરનાયકનો સુંદર સહકાર મળે છે ત્યારે રાષ્ટ્રોદ્ધારનું કઠીન કામ પણ સરલ બની જાય છે.

અનેક ગ્રામોના સંબંધથી નગર અને અનેક નગરોના સમૂહથી એક-પ્રાન્ત બને છે. આ પ્રાન્તોમાં ભલે વેશભૂષા, બોલચાલ, ખાનપાન, રીતરિવાજ વગેરેની ભિન્નતા હોવા છતાં પણ બધા એક

રાષ્ટ્રધર્મના [illegible] છે અને [illegible] રાષ્ટ્રના [illegible] ધર્મ-[illegible] નીચે [illegible] રાષ્ટ્રધર્મનું [illegible] રાષ્ટ્રની પ્રત્યેક વ્યક્તિમાં [illegible] છે. [illegible] રાષ્ટ્રધર્મની ભાવના પેદા કરવાનું અને રાષ્ટ્રધર્મની રક્ષા [illegible] રાષ્ટ્રસ્થવિરનું છે. અને રાષ્ટ્રોદ્ધાર કરવામાં જે જ રાષ્ટ્રપતિ [illegible] છે કે જે રાષ્ટ્રની પ્રત્યેક વ્યક્તિમાં પોતાના [illegible] રાષ્ટ્રભાવના પેદા કરે છે, રાષ્ટ્રધર્મની મર્યાદાનું પોતે પાલન કરે છે અને બીજા પાસે કરાવે છે અને જે રાષ્ટ્રની ઉન્નતિ માટે તન, મન-ધનની પરવા કર્યા વિના રાષ્ટ્રધર્મના ઉદ્ધાર અને પ્રચાર કરવામાં [illegible] જીવન [illegible] છે તેને શાસ્ત્રકારો 'રાષ્ટ્રસ્થવિર' શબ્દથી સંબોધે છે. આપણે વ્યવહારભાષામાં તેમને રાષ્ટ્રપતિ તરીકે ઓળખીએ છીએ.

રાષ્ટ્રસ્થવિર આખા રાષ્ટ્રનો એકમાત્ર પ્રતિનિધિ છે, રાષ્ટ્રદેશનો તે હૃદય-સમ્રાટ છે, રાષ્ટ્રનો સાચો સેવક અને રાષ્ટ્રનો પાલક છે. રાષ્ટ્રસ્થવિરની આજ્ઞા શિરોધાર્ય કરવી એ રાષ્ટ્રના પ્રત્યેક સભ્યની ફરજ છે. અને પ્રજાના સુખદુઃખની ચિન્તા કરવી, પ્રજાની સુખ-શાન્તિની રક્ષા અર્થે, દુઃખનિવારણ માટે જેટલામાં જેટલી ક્ષમતા ધારણ કરવી અને રાષ્ટ્રની રક્ષા આગળ પોતાના પ્રાણને પણ તૃણતુલ્ય માનવો એ રાષ્ટ્રસ્થવિરની ફરજ છે. જે પ્રજા રાષ્ટ્રપતિની આજ્ઞા શિરોધાર્ય કરતી નથી અને જ્યાં રાષ્ટ્રપતિ પ્રજાના રાષ્ટ્રધર્મનો અનાદર કરે છે તે રાષ્ટ્રની ઉન્નતિ થવાને બદલે અવનતિ થાય છે. એટલા માટે રાષ્ટ્રોદ્ધારનું કામ રાષ્ટ્રસ્થવિર અને રાષ્ટ્રપ્રજા ઉપર રહેલું છે. જે રાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપ્રજાનો પારસ્પરિક પ્રેમસંબંધ છે તે રાષ્ટ્ર ઉન્નતિના પંથે પ્રસ્થાન કરી રહ્યો છે એમ સમજવું જોઈએ.

રાષ્ટ્રપતિ કેવો હોવો જોઈએ અને તેમનું શું કર્તવ્ય છે એ વિષે કોઈ પ્રાચીન ઉદાહરણ ન દેતાં ભારતહૃદયના સમ્રાટ્ મહાત્મા ગાંધીજીનું પ્રત્યક્ષ ઉદાહરણ લઈશું.

આજે ગાંધીજીના જીવનચરિત્રથી આખી દુનિયા સમજી શકી છે કે રાષ્ટ્રસ્થવિર કેવા હોવા જોઈએ ! ગાંધીજીનું જીવનચરિત્ર વાંચવાથી માલુમ પડે છે કે રાષ્ટ્રસ્થવિરે રાષ્ટ્રોદ્ધાર માટે કેટકેટલી મુશ્કેલીઓ સહન કરવી પડે છે !

રાષ્ટ્રસ્થવિરે રાષ્ટ્રના પહેરવેશ, ખાનપાન, રીતરિવાજ આદિનું પણ ધ્યાન રાખવું પડે છે. તે સ્વદેશના વાતાવરણ પ્રમાણે ખાનપાન, રીતરિવાજ રાખે છે પણ પરદેશના ખાનપાન, ચમકીલા પહેરવેશ અને રીતરિવાજ તરફ લોભાઈ જતા નથી. આજ ભારતના કેટલાક લોકોએ રાષ્ટ્રધર્મની પરવા ન કરતાં એવી રીતિનીતિ સ્વીકારી છે કે તેઓ ભારતવાસી છે પણ આચારવિચાર અંગ્રેજ જેવા રાખે છે. તે લોકોને રાષ્ટ્રભાષા કે રાષ્ટ્રના પહેરવેશ અને ખાનપાન પસંદ નથી. તેઓ તો અંગ્રેજોની માફક ટેબલ-ખુરશી ઉપર બેસી ચપ્પુ-ચમચા આદિ સાધનોદ્વારા ખાવાપીવામાં પોતાનું સૌભાગ્ય માને છે. ભલે એ રાષ્ટ્રધર્મથી વિરુદ્ધ આચારવિચાર રાખનારા લોકો પરદેશની રીતિનીતિ પ્રમાણે વર્તવામાં પોતાનું સૌભાગ્ય માને પણ રાષ્ટ્રને માટે તો તે દુર્ભાગ્યરૂપ કે શાપરૂપ છે.

આ રાષ્ટ્રધર્મથી વિરુદ્ધ રીતિનીતિ રાષ્ટ્રમાં જે ખૂબ ફેલાતી જાય છે તેનું પ્રધાન કારણ રાષ્ટ્રપ્રજાના હૃદયની દુર્બળતા છે. પોતાને સમાજના નેતા માનનારા અનેક સજ્જનો પરદેશ જાય છે અને ત્યાં રાષ્ટ્રધર્મને ભૂલી જઈ પરદેશી રીતરિવાજને સ્વીકારી પાછા સ્વદેશ પધારે છે. અને અહીં રાષ્ટ્રવિરોધી એ રીતરિવાજોનું પ્રચલન શરૂ કરે છે. પરદેશમાં મનુષ્યને ચારિત્રની રક્ષા માટે કેવી કેવી વિકટ પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડે છે એ વાત ગાંધીજીનું જીવનચરિત્ર વાંચવા-વિચારવાથી સ્પષ્ટ જણાય છેઃ—

ગાંધીજી જ્યારે પરદેશ જવા લાગ્યા ત્યારે તેમના માતુશ્રી પોતાનો પુત્ર પરદેશમાં કદાચ માંસમદિરાના સેવનથી ભ્રષ્ટ ન થઈ જાય

કેદ આપવી. તેમને જેલમાં રાખી ભારતના અધિકારીઓની આજ્ઞાથી જૈનમુનિ પાસે થઈ ગયા અને કહ્યું કે, 'મહારાજશ્રી! મેં આ પરદેશમાં માંસમદિરા તથા પરસ્ત્રીગમન ન સેવવાની પ્રતિજ્ઞા માતાની સમક્ષ લીધી છે તો હું પરદેશ જવાની આજ્ઞા આપો ચાહું છું.' ગાંધીજીએ એ ત્રણ વાતોની પ્રતિજ્ઞા લીધી અને વિલાયત ગયા. વિલાયતમાં પ્રતિજ્ઞાથી ચ્યુત કરનારાં અનેક પ્રલોભનો તેમને સાંપડ્યાં છતાં પણ ગાંધીજી પ્રતિજ્ઞાબદ્ધ અને પ્રતિજ્ઞાપાલનમાં દૃઢ હોવાને કારણે, ગાંધીજી આજે મહાત્મા બની શક્યા. જો ગાંધીજી પ્રતિજ્ઞાબદ્ધ ન હોત તો એ કહેવું મુશ્કેલ છે કે ગાંધીજી આજે જે ઉચ્ચ સ્થાને પહોંચ્યા છે તે સ્થાને તે અવસ્થામાં ત્યારે પહોંચ્યા હોત કે નહિ એ એક મહાન પ્રશ્ન છે.

જે વ્યક્તિ પોતાના સર્વસ્વનો ત્યાગ કરી પોતાનો પ્રાણુ રાષ્ટ્રના ચરણે ધરી દે છે તે જ વ્યક્તિ રાષ્ટ્રનું નેતૃત્વ કરી શકે છે. ગાંધીજીએ પોતાના આત્મભોગ અને ત્યાગભાવદ્વારા રાષ્ટ્રનું સુંદર રીતે નેતૃત્વ કરી રાષ્ટ્રસ્થવિર તરીકેનું પોતાનું પદ સાર્થક કરી બતાવ્યું છે.

કેટલાક ભાઈઓ એવો પ્રશ્ન કરે છે કે, 'ગાંધીજીએ રાષ્ટ્રનું નેતૃત્વ સ્વીકારી અમારું શું ભલું કર્યું? ઊલટું તેમણે તો આખા દેશને ભૂખ ભેગો કર્યો. અમારી પાસેથી લાખો રૂપિયા સ્વરાજ્યના નામે વસુલ કરી અમારું કાંઈ હિત ન સાધ્યું. એટલા માટે તેમને રાષ્ટ્ર–સ્થવિર કેમ કહી શકાય?'

આ પ્રશ્ન કરનારને હું પૂછું છું કે ગાંધીજીએ તમારી પાસેથી જે રૂપિયા વસુલ કર્યા તે રૂપિયાનો તેમણે શેમાં ઉપયોગ કર્યો? શું તેમણે તે રૂપિયાને પોતાના માટે ઘર બનાવવામાં કે વેપાર કરવામાં વાપર્યા?

'પ્રશ્નકાર-પોતાના પુત્રને દુકાન કરાવી આપવામાં આવી!* આ વાત પ્રમાણિકતાની અને ગાંધીજીના આર્થિક ચારિત્ર્ય ઉપર ડાઘ રૂપ છે. ગાંધીજીની આત્મકથાના વાચન ઉપરથી હું એ વાતને કદાપિ સાચી માની ન શકું કે તેમણે પોતાના પુત્રને દેશના રૂપિયા આપી દુકાન કરાવી આપી હોય!

પ્રશ્નકાર-પણ ગાંધીજીના નેતૃત્વથી તો દેશનો વ્યાપાર તો બંધ થઈ ગયો છે ને?

આ પ્રશ્ન ખૂબ જરૂરનો છે. ગાંધીજીએ દેશનો વ્યાપાર નષ્ટ કરવા માટે આજસુધી દેશવિદેશી કોઈ પગલું ભર્યું હોય એવું સાંભળવામાં આવ્યું નથી; ઉલટું એવું સાંભળવામાં આવે છે કે તેઓશ્રી તો દેશના વ્યાપારને વધારવા માટે પોતાથી બનતા દરેક પ્રયત્નો કરે છે. તેમનું તો એવું કહેવું છે કે 'હમેશાં પોતાના દેશનો માલ ઉપયોગમાં

* મહાત્મા ગાંધીજીના મોટાપુત્ર શ્રી હરિલાલ ગાંધીએ કલકત્તામાં એક કંપની ખોલી હતી. મહાત્માજીએ તેના કેટલાક વ્યવહારો પસંદ ન હોવાને કારણે પોતાથી તેને પૃથક્ કરેલ. હરિલાલજી કંપની ચાલી પોતાની વ્યક્તિગત સંપત્તિ અને ભાગીદારોના બળ ઉપર ચાલતી હતી. કંપનીની વ્યવસ્થા બરાબર ન હોવાને કારણે ભાગીદારોને ઘણું નુકશાન થયા કરતું. 'ગાંધી' શબ્દથી દોરવાઈ જઈ કોઈ ભુલાવામાં ન પડે એ માટે મહાત્માજીએ 'નવજીવન' પત્રમાં એક ટિપ્પણી લખી લોકોને સાવધાન કર્યા હતા કે ઉક્ત કંપની સાથે મારે કશો સંબંધ નથી, તેમ તેમાં કોઈ પ્રકારનો મારો હાથ નથી. જો કોઈ કેવળ 'ગાંધી' નામ જોઈ એમાં રૂપિયા આપશે તો તેમના રૂપિયા માટે હું કોઈપણ રીતે જવાબદાર નથી. આવી અવસ્થામાં જો કોઈ સજ્જન મહાત્માજીને દોષી કહેતા હોય તો તેમની ગંભીર ભૂલ છે. જે વ્યક્તિએ દેશોદ્ધાર માટે 'આત્મકથા'ના વિશેષાધિકારની કીમતના એક લાખ રૂપિયા પણ સહર્ષ ધને દાનમાં આપેલ છે અને જેની પાસે વિપુલ ધનરાશિ હમેશાં પોતાના હાથમાં રહેવા છતાં જે અલ્પ માસિકવ્યયમાં પોતાનું ગુજરાન ચલાવે છે એવા સ્વાર્થત્યાગી મહાત્માજીના માથે આવું લાંછન લગાવવું—એ તો કૃતઘ્નતા છે.

તેને સ્વીકારે, એમાં જ રાષ્ટ્રનું કલ્યાણ રહેલું છે. આપણા દેશનો કાચો માલ વિદેશ મોકલી ત્યાં કાચા માલમાંથી તૈયાર કરેલો પાકો માલ વધારે રૂપિયા આપી મંગાવીએ તેનો અર્થ એ થયો કે પોતાની એક રૂપિયાની કીમતવાળી ચીજ વિદેશને વેચી તેની જ પાસેથી તે જ તૈયાર કરેલી ચીજ વધારે રૂપિયા આપી ખરીદવી. જેમકે એક રૂપિયાનું બે શેરના ભાવે રૂ અહીંથી પરદેશ મોકલીએ અને પરદેશમાં તે જ રૂમાંથી સારી લાગતી વસ્ત્ર તૈયાર કરી પરદેશીઓ ભારતવર્ષમાં દશ રૂપિયે વેચે છે. આનું દુષ્પરિણામ એ આવ્યું કે એક રૂપિયાની ચીજ આપણે પરદેશીઓને વેચીએ છીએ અને પછી એ જ ચીજ આપણે દશ રૂપિયામાં ખરીદીએ છીએ. આથી વ્યાપારિક દૃષ્ટિએ ભારતીયોને આર્થિક હાનિ તો પહોંચે જ છે પણ ધાર્મિક દૃષ્ટિએ પણ અતિ હાનિકારક છે.

સ્વદેશ એટલે આપણો દેશ. આપણા દેશમાં બનેલી ચીજ તે સ્વદેશી. કોણ એવો દેશદ્રોહી મનુષ્ય હશે કે જે પોતાના દેશમાં બનેલી ચીજને ચાહતો ન હોય! સ્વદેશી ચીજનો ઉપયોગ કરવો એ પ્રત્યેક દેશપ્રેમીઓની પવિત્ર ફરજ છે. દેશવાસીઓ સ્વદેશી વસ્તુનો જ ઉપયોગ કરતાં જે દિવસે શીખશે તે દિવસથી સ્વદેશનો ઉદ્ધાર થવો શરૂ થશે.

જો કોઈ પોતે પોતાની માતાનું અપમાન કરે તો બીજા લોકો અપમાન કરતા શા માટે અચકાય? જ્યારે ભારતદેશના જ લોકો સ્વદેશી વસ્તુઓનો તિરસ્કાર કરી અને પરદેશી વસ્તુઓને અપનાવી, ભારતમાતાનું જ અપમાન કરે છે તો પરદેશીઓ ભારતમાતાનું અપમાન કરે એમાં શું આશ્ચર્ય?

પરદેશીઓમાં ભલે ગમે એટલા અવગુણો હોય પણ તે લોકોમાં સ્વદેશપ્રેમનો જે સરસ ગુણ રહેલો છે તે ગુણને પ્રત્યેક ભારતીયે પોતાના જીવનમાં ઉતારવો જોઈએ. સ્વદેશપ્રેમ

ાન્ક છે. જે દેશમાં સ્વદેશપ્રેમ નથી તે દેશ જીવિત નહિ પણ
રૈલો સમજવો જોઈએ. રાષ્ટ્રનું હિત સાધવું હોય તો સ્વદેશી
સ્તુને વહેલીતકે અપનાવવી જોઈએ, એમાં જ રાષ્ટ્રનું
લ્યાણ રહેલું છે.

જો વિદેશી માલનો વિક્રય બંધ થઈ જાય અને સ્વદેશી
ાલ વાપરવાનો પ્રચાર થઈ જાય તો રાષ્ટ્રના કરોડો ગરીબોને કે
જેમને પહેરવાને પૂરતાં વસ્ત્ર અને ખાવાને પૂરતું અન્ન પણ મળતું
થી, તેમને અન્ન અને વસ્ત્ર મળે અને એ રીતે વિદેશી વસ્તુને
દલે સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરવાથી કરોડો ભારતીયોને સુખશાન્તિ
મળે એવું રાષ્ટ્રસ્થવિરોનું કથન છે.

વિદેશી વસ્તુઓનો વિક્રય બંધ કરવાથી અને સ્વદેશી વસ્તુનો
પ્રચાર કરવાથી બંડલના બંડલ અને ગાંસડીની ગાંસડી વિદેશી માલ
મંગાવનાર કેટલાક વ્યાપારીઓને આર્થિક ક્ષતિ પહોંચવાનો સંભવ
છે પણ વિચારશીલ રાષ્ટ્રનાયકોનું કહેવું છે કે એક સાથે બધાને લાભ
થાય અને કોઈને હાનિ ન જ પહોંચે એ બન્ને વિરોધી વાતો રાષ્ટ્રધર્મમા
અશક્ય છે. વધારેમાં વધારે મનુષ્યોને લાભ પહોંચે એ જ રાષ્ટ્ર-
ધર્મમાં શક્ય છે. રાષ્ટ્રનેતાઓના આ કથન ઉપર વિચાર કરવાથી
આ વાત બુદ્ધિગમ્ય અને ઠીક જણાય છે; કારણકે રાષ્ટ્રધર્મ વિષે
પહેલાં કહેવામાં આવ્યું છે કે, જે ધર્મ રાષ્ટ્રના અધિક મનુષ્યોને
લાભ પહોંચાડે તે જ રાષ્ટ્રધર્મ છે. આવી સ્થિતિમાં એ કેવીરીતે
બની શકે કે કેવળ થોડાક વિદેશી માલને મંગાવનારા વ્યાપારીઓના
કલ્યાણ માટે કરોડો લોકોનું અકલ્યાણ કરવામા આવે? વિદેશી
માલનો વ્યાપાર કરનારાઓએ સ્વયં વિચારી લેવું જોઈએ કે, 'અમે
અમારા થોડા વ્યક્તિગત લાભ માટે કરોડોનું સુખ કેમ લુંટી
શકીએ? બીજાના અન્ન-વસ્ત્ર ઉપર કેમ તરાપ મારી શકીએ?'
વ્યાપારીઓએ પણ પોતાના બીજા ભાઈઓ માટે પણ પોતાનો
સ્વાર્થ છોડવો જોઈએ અને ગરીબ ભાઈઓના દુઃખમા સાથ આપવો

જોઈએ. રાષ્ટ્રધર્મને ભૂલી જઈ, જે કેવળ પોતાના સ્વાર્થને સાધવા માટે ગાંધીજી જેવા રાષ્ટ્રહિતચિંતક અને રાષ્ટ્રસેવક ઉપર ખોટા અને અનુચિત આક્ષેપો કરે છે તે ખરેખર બહુ જ ખરાબ છે. હા, કોઈને ગાંધીજી સાથે બીજી કોઈ વાતોમાં મતભેદ હોઈ શકે છે પણ રાષ્ટ્રધર્મની દૃષ્ટિએ તેમનો રાષ્ટ્રસેવાનો આદર્શ ન માનવો અને ઉલટું એ આદર્શને અવગણવો એમાં બુદ્ધિમત્તા નથી, તેમ સ્વદેશભાવના પણ નથી.

સાંભળવામાં આવે છે કે, પહેલાં આજ ભારતવર્ષમાં એક રૂપિયાના ૭ મણ ચોખા મળતાં અને એક રૂપિયાનું ત્રીસ શેર ઘી મળતું તો તે સમયે કપડાંનો ભાવ કેવો હશે? ખૂબ સસ્તો. ખરેખર પ્રાચીન સમયમાં ભારતવર્ષ ધનસંપત્તિથી ખૂબ જ સંપન્ન હતો.

હા, ભલે તે વખતે ભારતવર્ષમાં રૂપિયાનો ખન્-ખન્ અવાજ આજની માફક સંભળાતો ન હોય પણ દેશ ત્યારે ધનસંપન્ન અને ધાન્યસંપન્ન હતો. આજની માફક ત્યારે ખાવાનાં ફાફાં મારવાં ન પડતાં. અત્યારે રાષ્ટ્ર શ્રીસંપન્ન નથી તેમ ધાન્યસંપન્ન પણ નથી. ભારતવાસીઓ પોતાના હાથે ભારતના કલ્પવૃક્ષને વિદેશી માલની કુહાડીથી ઉખેડી નાંખ્યું છે. કલ્પવૃક્ષનાં મીઠાં ફળ આપણે ચાખવા હોય તો આપણે સર્વપ્રથમ વિદેશી માલની કુહાડીને દૂર ફેંકી દેવી પડશે અને જે હાથે કલ્પવૃક્ષને ઉખેડી નાંખ્યું છે તે જ હાથે કલ્પવૃક્ષને સ્વદેશી માલના જલસિંચનદ્વારા નવપલ્લવિત કરવું પડશે અને ભારતના એ કલ્પવૃક્ષની છત્રછાયા નીચે અનેક શ્રમજીવી પોતાનો જીવનશ્રમ હલકો કરશે.

પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ પોતાના વ્યાખ્યાનમાં પ્રાયઃ કહેતા હતા કે, જ્યારે અન્ન-વસ્ત્ર સસ્તાં અને સોના ચાંદી મોઘાં હોય તો તે જમાનો પુણ્યનો અને સોના ચાંદી સસ્તા અને અન્નવસ્ત્ર મોઘાં હોય તો તે જમાનો દુર્ભાગ્યનો સમજવો જોઈએ. કારણ કે સોનાચાંદીદ્વારા કાંઈ આપણા જીવનની આવશ્યક્તા પૂરી થતી

નથી; જ્યારે અન્ન અને વસ્ત્ર તો ખાવા પહેરવાના કામમાં આવે છે. અને તે દ્વારા જીવનની અનિવાર્ય આવશ્યકતાની પૂર્તિ થાય છે. જે રાષ્ટ્રમાં જીવનની અનિવાર્ય આવશ્યકતા—અન્નવસ્ત્રની પૂર્તિ—થઈ રહે છે તે રાષ્ટ્ર પ્રગતિના પંથે જઈ રહ્યો છે અને જે રાષ્ટ્રમાં અન્નવસ્ત્રની પૂર્તિ પણ થતી નથી તે દેશ હજી અધોગતિને પંથે જઈ રહ્યો છે એમ સમજવું જોઈએ. રાષ્ટ્રોન્નતિ અને રાષ્ટ્ર અવનતિનું માપ કાઢવાની આ ચાવી છે. આપણે રાષ્ટ્રોન્નતિના દ્વારને ખોલવાની આ ચાવી મેળવી લઈશું ત્યારે ભારતને ઉન્નતિના પંથે લઈ જવાનો રસ્તો શોધી લીધો છે એમ સમજવું જોઈએ. અત્યારે રાષ્ટ્રોન્નતિનું દ્વાર બંધ છે. એ ઉન્નતિના દ્વારને ખોલવા માટે અન્ન અને વસ્ત્રની આવશ્યકતાની પૂર્તિ માટે ચાવીની શોધ કરવી જોઈએ. ગ્રામોદ્ધાર અને નગરોદ્ધાર કરવાથી એ રાષ્ટ્રોદ્ધાર થશે એમ રાષ્ટ્રનાયકોનું કથન તદ્દન સત્ય જણાય છે; કારણ કે ગ્રામ એ અન્ન અને વસ્ત્રોની ઉત્પત્તિનું સ્થાન છે અને નગર અન્ન અને વસ્ત્રોની વ્યવસ્થા કરનારું સ્થાન છે. જ્યારે ગ્રામ અને નગર—રાષ્ટ્રદેહના હાથપગ—જ્યારે સાજાં થઈ જશે ત્યારે રાષ્ટ્રદેહ ઉન્નત મસ્તકે હરતોફરતો થશે. આપણે એ વાત ખૂબ ગંભીરતાપૂર્વક સમજી લેવી જોઈએ કે રાષ્ટ્રોદ્ધારમાં આપણો ધર્મનો ઉદ્ધાર રહેલો છે અને રાષ્ટ્રના અધઃપતનમાં આપણું અને ધર્મનું અધઃપતન રહેલું છે. એ વાત બરાબર સમજી લઈ, તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી રાષ્ટ્રનું અવશ્ય હિત થશે અને સાથે આપણું અને ધર્મનું પણ. પોતાનો અંગત સ્વાર્થ છોડી જો કોઈ રાષ્ટ્રોદ્ધાર વિષે વિચાર કરે તો તેને સ્પષ્ટ જણાશે કે, રાષ્ટ્ર સુખી કેમ થાય અને રાષ્ટ્રને સુખી કરવા માટે પોતાનું શું કર્તવ્ય છે! નીચેના એક વ્યાવહારિક દૃષ્ટાન્તથી રાષ્ટ્ર પ્રતિ આપણું શું કર્તવ્ય છે તેનું ભાન થશેઃ—

એક ભક્ત મનુષ્ય ઉપર દેવ પ્રસન્ન થયો. તેણે કહ્યું કે "હે! ભક્ત! તારા ભક્તિભાવથી હું તારી ઉપર પ્રસન્ન થયો છું તો

નીચેની બે વસ્તુઓમાંથી કોઈ એક વસ્તુ માંગી લે. તારી ઇચ્છા હોય તો મોટા મોટા આંબા, નારંગી આદિ મધુર ફળવાળા વૃક્ષો વરદાનમાં આપું અથવા તારી ઇચ્છા હોય તો ઘઉં-બાજરીના નાનાં નાનાં છોડવાઓ આપું. તારી ઇચ્છા હોય તે માંગી લે."

ભક્તે કહ્યું કે "હે દેવ! આપ મારી ઉપર પ્રસન્ન થયા છો તો વરદાનમાં મને ઘઉં બાજરીનાં નાનાં નાનાં છોડવાઓ આપો. મારે એની જરૂર છે. મારે મધુર ફળવાળા મોટામોટા વૃક્ષોની જરૂર નથી" દેવે આશ્ચર્યપૂર્વક પૂછ્યું કે, –'હે! ભક્ત! તું મધુર ફળવાળા વૃક્ષોને છોડી, ઘઉં બાજરીના નાનાં નાનાં છોડવાઓ કેમ માંગે છે?' બુદ્ધિમાન ભક્તે ઉત્તર આપ્યો કેઃ–' મોટાં મોટાં વૃક્ષોનાં મીઠાં ફળોથી અમીર-ઉમરાવોનું મોજશોખ માટે નાસ્તાનું કામ ચાલી શકે પરંતુ સાધારણ જનસમાજની તેથી કાંઈ ભૂખ મટે નહિ. અને ઘઉં બાજરી આદિ નાનાં છોડવાઓથી ગરીબથી લઈ તવંગર સુધી બધાનું ભરણપોષણ થાય છે, અને ઘઉં-બાજરીના સાદા ભોજનથી રાયથી રંકસુધી બધાની ક્ષુધા મટે છે અને શાન્તિ મળે છે, એટલા માટે મેં થોડા અમીર ઉમરાવોના મોજશોખને માન ન આપતાં સાધારણ જનસમાજનું જેથી કલ્યાણ થાય તે અન્ન વસ્તુની પસંદગી કરી છે." દેવતા ભક્તની બુદ્ધિમત્તાથી ખૂબ પ્રસન્ન થયો અને વરદાન આપી સ્વસ્થાને ચાલ્યો ગયો.

આ પ્રમાણે જ્યાંસુધી મનુષ્ય પોતાનો સ્વાર્થ છોડી બધાની સુખસગવડતા માટે વિચાર કરતો નથી ત્યાંસુધી રાષ્ટ્રના કલ્યાણની શુભ ભાવના તેના હૃદયમાં ઉત્પન્ન થતી નથી. રાષ્ટ્રનું કલ્યાણ તો સાધારણ જનસમાજના કલ્યાણમાં જ રહેલું છે. તવંગરોને સુખ સગવડતા મળે અને ગરીબો બિચારા મજુરીની ઘાણીમાં પીસાયા કરે એ વાતનો રાષ્ટ્રધર્મ વિરોધ કરે છે. રાષ્ટ્રધર્મ જનસમાજનું હિત જુએ છે. સાધારણ જનસમાજના હિતમાં તવંગર-ગરીબ બધાનું હિત રહેલું છે. રાષ્ટ્રધર્મ સમભાવનો પોષક છે. એને ગરીબ તવંગર

કોઈ પ્રત્યે દ્વેષભાવ કે પક્ષપાત નથી. અન્યાય-અત્યાચારનો પ્રતિકાર કરી જનસમાજમાં સુખશાન્તિ સ્થાપિત કરવી રાષ્ટ્રધર્મનું ધ્યેય છે. જ્યાં સ્વાર્થભાવ પ્રવેશ કરે છે ત્યાં રાષ્ટ્રધર્મનું ધ્યેય ભુલાઈ જાય છે. રાષ્ટ્રીય ભાવનાનું મૂળ નિઃસ્વાર્થભાવમાં રહેલું છે. જ્યાં નિઃસ્વાર્થભાવ, સહૃદયતા, સહાનુભૂતિ, દેશપ્રેમ નથી ત્યાં રાષ્ટ્રીય ભાવના જાગૃત થતી નથી.

કેટલાક લોકો રાષ્ટ્રીય ભાવનાને સાંસારિક વાત કહી, ઉડાવી દેવા ચાહે છે. પરંતુ રાષ્ટ્રીય ભાવનાનો સાંસારિક પ્રવૃત્તિ સાથે સંબંધ હોવાથી ત્યાજ્ય છે એમ કહેવું વચન એમ નથી વિચારતા કે જેટલી ધાર્મિક પ્રવૃત્તિ છે તે બધી પણ સંસારના વિચારમાંથી પેદા થએલી છે.

જે પ્રવૃત્તિથી સંસારનું કલ્યાણ થતું હોય તે ધર્મપ્રવૃત્તિ કહેવાય છે અને જે પ્રવૃત્તિથી સંસારનું અકલ્યાણ-પતન થતું હોય તે પાપપ્રવૃત્તિ કહેવાય છે. આ જ દૃષ્ટિબિન્દુને લક્ષ્યમાં રાખી શાસ્ત્રકારોએ ગ્રામધર્મ-નગરધર્મ-રાષ્ટ્રધર્મ આદિ લૌકિક ધર્મ અને સ્થવિરોની વ્યાખ્યા કરી છે અને તેની ઉપયોગિતા સ્વીકારી છે, તો તેની વ્યાખ્યા કરવામાં શું દોષ છે? જો કે પુણ્ય-પાપની પ્રવૃત્તિ સંસાર સાથે સંબંધ ધરાવે છે પણ પુણ્યને પુણ્ય અને પાપને પાપ બતાવવામાં કોઈ દોષ નથી. અસ્તુ.

અત્યારે ભારતવર્ષમાં દિનપ્રતિદિન રાષ્ટ્રધર્મનો લોપ થતો જોવામાં આવે છે અને તેથી રાષ્ટ્રની અધોગતિ પણ થઈ રહી છે. લોકો રાષ્ટ્રધર્મથી દૂર રહેવામાં જ પોતાનું કલ્યાણ માની બેઠા છે, પણ તેમની આ માન્યતા ઘણી ભૂલભરેલી છે. જે દેશમાં રાષ્ટ્રધર્મના પ્રતાપે જ્યાં પરસ્પર સ્નેહસદ્ભાવ હતો, ઘેર તાળું મારવાની પણ જરૂર ન હતી, એવો વિશ્વાસ હતો. તે જ ભારતવર્ષમા આજે રાષ્ટ્રધર્મના અભાવે આજે ઘેરઘેર કલેશકંકાશનો હુતાશન સળગે છે,

અવિશ્વાસ વેરઝેરને વધારતો જાય છે અને પિતાપુત્ર, પતિપત્નીનો પરસ્પર વિશ્વાસ પલાયન થતો જાય છે. પિતા પુત્રથી અને પુત્ર પિતાથી અને પતિ પત્નીથી અને પત્ની પતિથી વાત છુપાવે છે. એટલે સુધી કે ખાદ્ય વસ્તુને પણ તાળાં લગાવે છે. જ્યાં જુઓ ત્યાં રાષ્ટ્રધર્મની બરાબર વ્યવસ્થા ન હોવાને કારણે ચોરી, ખૂન, વ્યભિચાર આદિ અત્યાચારોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે, પણ એ આનંદનો વિષય છે કે હવે રાષ્ટ્રમાં જાગૃતિનો જુવાળ આવતો જાય છે, રાષ્ટ્રોન્નતિ માટે પરસ્પર વિચારવિનિમય કરવામાં આવે છે. જે દિવસે રાષ્ટ્રધર્મની સમુચિત વ્યવસ્થા કરવામાં આવશે અને રાષ્ટ્રધર્મના ધ્યેય–સ્વાતંત્ર્ય તથા વિશ્વશાન્તિને પહોંચી વળવા માટે સતત પ્રયત્ન કરવામાં આવશે તે દિવસે જૈનયુગનો રાષ્ટ્રધર્મ વિશ્વશાન્તિના સામ્રાજ્યમાં રાજ્યવ્યવસ્થા કરતો જોવામાં આવશે.

ભારતદેશ ખેતીપ્રધાન દેશ છે. ખેતીદ્વારા જગતનું પાલન-પોષણ કરનારા ખેડુતો ગામડાઓમાં રહે છે, એટલા માટે ભારતદેશ ગામડાઓમાં વસેલો છે.

જે પ્રમાણે જે બાગમાં હજાર વૃક્ષો આંબાના હોય અને માત્ર ૧૦–૨૦ લીંબુ કે જાંબુડાનાં વૃક્ષો હોય તો તે આંબાવાડી કહેવાય છે તેમ ભારતવર્ષમાં ગરીબ જનતા વધારે છે અને અમીરો, શેઠ શાહુકારો બહુ ઓછા પ્રમાણમાં છે. આવી અવસ્થામાં ભારતવર્ષ ગરીબોનો દેશ છે, શેઠ શાહુકારોનો નહિ.

મોટા મોટા શેઠ શાહુકારો પણ ગરીબોની કૃપાથી સુખ માણે છે. આવી અવસ્થામાં ગરીબોની રક્ષા કરવામાં ન આવે અને શેઠ શાહુકારો પોતાના ધનબળથી ધન એકત્રિત કરતા જાય તો એમ ન કહી શકાય કે દેશ સુખી થઈ રહ્યો છે, કારણ કે દેશ ગરીબોનો છે. એટલા માટે જ્યાંસુધી ગરીબ લોકો સુખી ન થાય ત્યાંસુધી દેશ સુખી થયો કહી શકાય નહિ. સાચો રાષ્ટ્રધર્મ તો તે છે કે જે રાષ્ટ્ર-

ધર્મ ભારતના જીવનધન-ગરીબ આદમીઓની ખબર લે છે. જ્યાંસુધી રાષ્ટ્રમાં ગરીબ લોકો જે અન્ન-વસ્ત્ર માટે ઝૂરે છે, પરસ્પર વિરોધ કરી એક બીજાના વેરી બને છે, ને જીવનની આવશ્યક વસ્તુઓ-અન્ન અને વસ્ત્રનો પૂરેપૂરો પ્રબંધ કરવામાં ન આવે ત્યાંસુધી રાષ્ટ્રધર્મ અપૂર્ણ જ છે. રાષ્ટ્રધર્મની અવગણના કરી આજના કેટલાક સ્વાર્થી લોકો પોતાની આંખે સ્વાર્થના ચશ્મા ચઢાવી બીચારા ગરીબોના અન્ન-વસ્ત્ર ઝૂંટવી લઈ, તેમના જીવન-મરણનો વિચાર સરખો પણ કરતા નથી-અને કેવળ પોતાની તીજોરીને સોનામહોરોથી ભરવામાં મશગૂલ રહે છે. એવા સ્વાર્થી લોકોને હવે રાષ્ટ્રધર્મની 'કકાવલિ' ભણાવવાની અતિ આવશ્યકતા છે. જ્યારે એ સ્વાર્થી લોકો રાષ્ટ્રધર્મનો 'ક' પણ સમજશે તો સ્વાર્થભાવના થોડેઘણે અંશે ઓછી થશે અને રાષ્ટ્રભાવનાનો ઉદય થશે.

અત્યારે ભારતવર્ષની સ્થિતિ કેટલી ભયંકર બની ગઈ છે તેનો ઘણા લોકોને તો ખ્યાલ સરખો પણ નથી. અને કેટલાકને તો તે સ્થિતિ જાણવાની પરવા પણ નથી. આખી દુનિયાના ભાવતાલની જેટલી તેને પરવા છે તેટલી પરવા દેશની સ્થિતિ જાણવા પરત્વે નથી. પણ જે દિવસે દેશમાં ભયંકર સ્થિતિની ભયંકરતા ફાટી નીકળશે ત્યારે દેશદેશાન્તરના ભાવતાલો રક્ષા કરી શકવાના નથી. તે દિવસે તો જે ગરીબ ભાઈઓને દુઃખકારી દશા છે તે ગરીબભાઈઓના જ શરણે જવું પડશે. આ સત્ય અને સચોટ વાત મોડે મોડે પણ આપણે બરાબર સમજી લેવાની જરૂર છે. રાષ્ટ્રધર્મના શરણે ગયા વિના દેશમાં સુખશાન્તિપૂર્વક રહેવું મુશ્કેલ છે. રાષ્ટ્રધર્મ એ જનસમાજનો રક્ષક અને પોષક ધર્મ છે.

એક ઘરમાં એક મનુષ્ય તો પેટ ભરીને ખૂબ ખાય છે, ભૂખ ન હોવા છતાં ઠાંસીઠાંસીને માલમલીદા ઉડાવે છે, જ્યારે બાકીના દશ માણસોને પેટપૂરતું ખાવાનું પણ મળતું નથી. તો શું એ ખાઉધર મનુષ્યને સંસારમાં કોઈ સજ્જન કહેશે ખરો? નહિ.

[illegible]

[illegible]

આપવાથી શો લાભ? પારમાર્થિક મનુષ્ય આવું કદાપિ કહી ન શકે.
તે તો બરાબર સમજે છે કે જે ગરીબ મનુષ્યો અન્તરાય-કર્મથી
દુઃખિત છે તે દુઃખી મનુષ્યો ઉપર જ દયાળુ પુરુષો દયા કરે છે.
દીનદુઃખી ઉપર જ દયા કરવામાં આવે છે. જો કોઈ દુઃખી ન હોય
તો સુખી મનુષ્યોને દાન આપવાનો ઉપદેશ દેવાની શી જરૂર છે?
પરન્તુ બુદ્ધિમાન લોકો એવું સમજે છે કે જેમ હું ઉદ્યોગથી ગરીબો
પાસેથી ધન કમાઉં છું તેમ મારે ગરીબો ઉપર દયાભાવ રાખી ધર્મ
અને પુણ્યનું ઉપાર્જન કરવું શ્રેયસ્કર છે.

ઉપકાર કરવાના સમયે 'એ તો એના કર્મોનું ફલ છે' એમ કહી દુઃખીઓને સહાયતા ન આપવી એ ઉપકારવૃત્તિને દેશવટો આપવા બરાબર છે. આ દયા નહિ પણ નિર્દયતા છે.

શ્રીમંતાઈ અને ગરીબાઈ એ બન્ને પોતપોતાના કર્તવ્યોનાં ફળ છે. શ્રીમંતાઈ એ કોઈ શાહુકારી નથી તેમ ગરીબાઈ એ કોઈ ગુન્હો નથી. જે આજે શ્રીમંત છે તે કાયમને માટે શ્રીમંત રહે અને જે ગરીબ છે તે કાયમને માટે ગરીબ રહે એવો કોઈ શાશ્વત નિયમ નથી. એ તો સંસારની ઘટમાળની જેમ ફર્યા કરે છે. જે રાષ્ટ્રપ્રેમી હોય છે તે શ્રીમંતાઈના સમયમાં ફુલાઈ જતો નથી અને ગરીબાઈના સમયમાં ગભરાઈ જતો નથી.

રાષ્ટ્રોદ્ધારમાં રાષ્ટ્રસંપત્તિનો સદુપયોગ કરવો એ પ્રત્યેક રાષ્ટ્રપ્રેમીનું કર્તવ્ય છે. રાષ્ટ્રધર્મનું રહસ્ય રાષ્ટ્રોદ્ધારના કાર્યમાં રહેલું છે. રાષ્ટ્રધર્મ પ્રત્યેનો પ્રેમ રાષ્ટ્રીયભાવના જાગૃત કરે છે. જે દેશમાં રાષ્ટ્રપ્રેમ નથી તે દેશનો ઉદ્ધાર જલ્દી થવો મુશ્કેલ છે.

વર્તમાન સમયમાં અધિકાંશ ભારતીયોને રાષ્ટ્રધર્મ પ્રતિ સદ્‌ભાવ પણ નથી. જ્યારે પાશ્ચાત્ય લોકોમાં રાષ્ટ્ર પ્રતિ કેવો સદ્‌ભાવ-પ્રેમ હોય છે તે નીચેની સત્ય ઘટનાથી જણાઈ આવશે: —

'સાગરમાં એક શ્રાવક દેશી અને વિદેશી બન્ને પ્રકારની વસ્તુઓનો વેપાર કરતો હતો એક દિવસ એક જાણકાર અંગ્રેજે પોતાના નોકરને ચોખા ખરીદી લાવવા તેની દુકાને મોકલ્યો. શ્રાવકની પાસે ત્યારે દેશી અને વિદેશી બન્ને પ્રકારના ચોખા હતા. પણ વિદેશી ચોખાની અપેક્ષા દેશી ચોખા સારા અને સસ્તા હતા. શેઠજીએ વિચાર કર્યો કે, સાહેબને સારા ચોખા આપવા જોઈએ એટલા માટે દેશી ચોખા તેણે નોકરને આપ્યા. જ્યારે નોકરે સાહેબને ચોખા બતાવ્યા ત્યારે તે નોકર ઉપર ખૂબ જ નારાજ થયો અને બે ચાર કડવા શબ્દો પણ કહી નાખ્યા. તેણે નોકરને હુકમ કર્યો કે આ દેશી

ચોખા પાછાં દઈ, વિદેશી ચોખા ખરીદ લાવ. બિચારો નોકર દોડતો દોડતો શેઠજી પાસે આવ્યો અને તેને બધી વાત કહી. શેઠજીએ દેશી ચોખા પાછા લઈ લીધા અને વિદેશી ચોખા ચાર ગણી કીંમતે આપ્યા.

કેટલાક દિવસો બાદ શેઠજીની અંગ્રેજ સાહેબ સાથે મુલાકાત થઈ ત્યારે શેઠજીએ તેનું કારણ પૂછયું. યુરોપિયને ઉત્તર આપ્યો કે, 'વિલાયતી ચોખા ખરીદવાથી તેની કીંમત અમારા દેશવાસી ભાઈઓને મળે છે. અમે એવા મૂર્ખ નથી કે વિદેશમાં આવી પોતાના દેશવાસી ભાઈઓને ભૂલી જઈએ અને પોતાના દેશનો માલ ન ખરીદતાં વિદેશી માલ ખરીદીએ અને તેના પૈસા દેશવાસીઓને ન પહોંચાડતા અહીંના લોકોને આપીએ ? પહેલો અમારો દેશ છે અને પછી વિદેશ. અમે દેશદ્રોહ કરી અમારા જીવનને કલંકિત કરવા ચાહતા નથી.'

શેઠજી અંગ્રેજનો દેશપ્રેમ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. અને તેણે પોતે નિશ્ચય કર્યો કે 'આપણે પણ દેશી માલનો જ વેપાર કરવો અને દેશનો પૈસો દેશમાં જ રાખવો.'

પાશ્ચાત્ય લોકોના હૃદયમાં દેશપ્રેમ કેવો હોય છે તેનું બીજું એક જ્વલંત ઉદાહરણ પણ જાણવા જેવું છે:—

'મુંબઈમાં એક અંગ્રેજે પોતાના નોકરને બુટની એક જોડી ખરીદી લાવવાનું કહ્યું. નોકર એક દેશી દુકાનેથી એક સુંદર બુટની જોડી રૂા. ૫) ની કિંમતમાં ખરીદી લાવ્યો. 'અંગ્રેજે બુટની જોડી જોઈ. જોતાં જ તેને 'made in India' વાંચ્યું. તે નોકર ઉપર ક્રુદ્ધ થયો અને બેચાર કડવા શબ્દો પણ કહી સંભળાવ્યા, કે, મૂર્ખ ! આ દેશી બુટની જોડી કેમ લાવ્યો ? નોકરે કહ્યું:—સાહેબ ! આપ બુટની જોડી પહેરી તો જુઓ ! તે ટકાઉ અને સુંદર છે. અંગ્રેજે કહ્યું કે, 'તે દેશી બુટની જોડી ભલે સારામાં સારી હોય પણ મારે તો એ ન જોઈએ. આ બુટની જોડી તું પાછી આપી આવ અને મારા માટે વિલાયતી બુટની જોડી અંગ્રેજ કંપનીમાંથી ખરીદી લાવ, વિલાયતી

બુટની કીંમત ભલે વધારે લાગે. નોકર દેશી વેપારી પાસે ગયો અને બુટની જોડી વિષે પોતાની આપવીતી કહી સંભળાવી. ભલા વેપારીએ બુટની જોડી પાછી લઈ લીધી. નોકર એક યુરોપીયન કંપનીમાં ગયો અને ચાર ગણી કીંમત આપી બુટની જોડી ખરીદી લાવ્યો. સાહેબને વિલાયતી બુટ જોયાં અને 'made in England' વાંચતાં તે ઘણો ખુશ થયો. નોકરે સાહેબને પૂછ્યું કે, 'આ બુટની જોડી કીંમતમાં ભારે, ટકાઉમાં હલકી અને દેખાવમાં ખરાબ હોવા છતાં પણ તમને ગમે છે અને પહેલી બુટની જોડી કીંમતમાં સસ્તી, ટકાઉમાં મજબૂત અને દેખાવમાં સુંદર હોવા છતાં તમને ગમતી નથી. તેનું શું કારણ ?, સાહેબે ઉત્તર આપ્યો કે, " યુરોપીયન કંપની-માંથી ખરીદી લાવેલી બુટની જોડી મારા દેશની બનાવેલી ચીજ છે. જે ચીજ મારા દેશની બનેલી છે તે ચીજ ગમે તેવી હોય છતાં મને પસંદ કેમ ન હોય ? પછી ભલે તે ચીજ કીંમતમાં મોંઘી હોય કે ટકાઉમાં હલકી હોય ! મારા દેશની ચીજ ખરીદી હું મારા દેશ પ્રત્યે પ્રેમ બતાવું છું. જે દેશે મને પાળ્યો-પોષ્યો છે તે દેશની અવગણના કેમ કરી શકું ? મારા દેશની ચીજ વાપરતાં મારો દેશ, સાત સાગર ઉલ્લંઘીને અત્રે હું આવ્યો છતાં, મને યાદ આવી જાય છે અને મારૂં મસ્તક મારા દેશના ચરણમાં ઢળી પડે છે દેશ એ મારો દેવ છે. હું દેશને દેવની માફક પૂજું છું. "

ઉપર જે ઉદાહરણો આપવામાં આવ્યાં છે તે કલ્પિત નથી. તે તો ઘટેલાં ઉદાહરણો છે. એ ઉદાહરણોમાંથી આપણને રાષ્ટ્રીય ભાવનાની જે હિતશિક્ષા મળે છે તે હિતશિક્ષા ભારતીઓએ ફરીવાર શીખવાની જરૂર છે. એ હિતશિક્ષામાંથી આપણા દેશને સ્વતન્ત્રતાનો મૂલમન્ત્ર મળી આવશે. યુરોપીયનોએ 'દેશ એ મારો દેવ છે. સ્વદેશી ચીજ એ દેશ-દેવની પ્રસાદી છે' એ રાષ્ટ્રીય ભાવનાને જીવનમાં મૂર્ત રૂપ આપ્યું છે. અને તેથી જ તેઓ સ્વાતન્ત્ર્યનું સાચું સુખ અનુભવે છે. તેઓ સાત સાગર ઉલ્લંઘીને અને હજારો માઈલો કાપીને ભારતવર્ષમાં આવી

રહ્યા છે; છતાં પણ પોતાના દેશની બનેલી મોંઘી ચીજ વાપરતાં તેઓ ભૂલી શક્યા નથી. એ જ તેમની રાષ્ટ્રભક્તિનો પરિચય આપે છે. જ્યારે ભારતીઓ ભારતવર્ષમાં જ રહેવા છતાં, દેશ પરતન્ત્ર અને પતનની અવસ્થામાં હોવા છતાં પણ વિદેશમાં બનેલાં કપડાં-વસ્ત્રો તથા બીજી અનેક વિદેશી ચીજો વાપરવામાં ગૌરવ માને છે. એ ખરેખર દેશ ને માટે મોટું કલંક છે. દેશના આ કાળા કલંકને દૂર કર્યે જ ભારતવર્ષનું મુખ ઉજ્જવલ બની શકે એમ છે.

ધાર્મિક દષ્ટિએ પણ વિદેશી વસ્ત્ર તથા વિદેશી ચીજો વાપરવી નિષિદ્ધ છે. જે વિદેશી વસ્ત્રમાં ચરબીનો ઉપયોગ કરવા માટે લાખો-કરોડો પશુઓનો નિર્દયતાપૂર્વક વધ કરવામાં આવે છે તે વિદેશી વસ્ત્રનો ઉપયોગ ભારતીયો-જેમનો અહિંસાવાદ આદર્શ છે-તે કેમ કરી શકે? અને જૈનધર્મની દષ્ટિએ તો વિદેશી વસ્ત્ર કે વિદેશી ચીજો કે જેમાં પ્રાણીઓનો વધ કરવામાં આવે છે તેનો નિષેધ કરવામાં આવ્યો હોય તેમાં શંકાને તો જરાય સ્થાન નથી. જૈનધર્મની દષ્ટિએ વિદેશી વસ્ત્ર તો ત્યાજ્ય જ છે. વિદેશી વસ્ત્રના વપરાશમાં ધર્મ-ભ્રષ્ટતા સ્પષ્ટ રહેલી છે.

જે દેશના મનુષ્યો પોતાના દેશ તથા પોતાના દેશની ચીજની કદર કરી જાણતા નથી તે દેશના મનુષ્યોની કદર બીજા દેશોમાં રહેતી નથી. કોઈ સાધારણ ગામમાં જો કોઈ અંગ્રેજ-પછી ભલે તે બબર્ચી કેમ ન હોય! તો પણ 'સાહેબ આવ્યા, સાહેબ આવ્યા' કહી આપણે તેને સન્માનીએ છીએ. તેથી વિરુદ્ધ ભારતીયોની વિદેશોમાં કેવી કદર કરવામાં આવે છે તે કહેવાની જરૂર નથી. મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં 'કુલી-બેરીસ્ટર' શબ્દથી કદર કરવામાં આવતી તે વાત સૌ કોઈ જાણે છે. ભારતના અગ્રગણ્ય નેતાઓને વિદેશોમાં અપમાનિત થવું પડે છે તેનું મૂળ કારણ શોધીશું તો આપણને સ્પષ્ટ જણાશે કે આપણી જ ભૂલ આપણને શૂલની માફક દુઃખ દે છે. જ્યારે ભારતવર્ષનો જનસમાજ પોતાના રાષ્ટ્રધર્મને ભૂલી જઈ

વિદેશી ઓફિસને આપનારો છે ત્યારે તેનું દુષ્પરિણામ જાણીતા હોવાથી ગાંધીજી અને રવીન્દ્રનાથ જેવા આપણા નેતાઓને પણ ભોગવવું પડે છે

રાષ્ટ્રધર્મ જ્યાંસુધી હૃદયમાં જાગ્રત નથી ત્યાંસુધી રાષ્ટ્રપ્રેમ ઉત્પન્ન થતો નથી. અને રાષ્ટ્રપ્રેમ પેદા થયા વિના રાષ્ટ્રોન્નતિ થઈ શકતી નથી. રાષ્ટ્રોદ્ધાર માટે સ્વાર્થત્યાગની અને બલિદાનની બહુ જ અપેક્ષા રહે છે. ભારતીયોના પતનનું મુખ્ય કારણ રાષ્ટ્રધર્મ અને રાષ્ટ્રધર્મના પ્રચારક રાષ્ટ્રભક્તવીરોનો અભાવ છે. રાષ્ટ્રોદ્ધાર માટે રાષ્ટ્ર-રક્ષવીરોએ રાષ્ટ્રના ચરણે પોતાની બધી શક્તિઓ સમર્પી દેવી પડે છે. સર્વસ્વનું સમર્પણ કર્યા વિના રાષ્ટ્રોદ્ધાર થઈ શકતો નથી એ વાતની સાક્ષી રાષ્ટ્રનો ઇતિહાસ આપી રહ્યો છે. ગામડે ગામડે, નગરે નગરે જે રાષ્ટ્રસેવકોની ખાંભીઓ—સ્મારકો—ઉભાં કરવામાં આવ્યાં છે તે સ્મારકો આજે મૂંગે મોઢે રાષ્ટ્રોદ્ધાર માટે આત્મસમર્પણનો—શહીદીનો-બોધપાઠ આપી રહ્યાં છે.

મહારાણા પ્રતાપ એ રાષ્ટ્રનો સાચો તેજઃપુંજ હતો. સ્વાતન્ત્ર્ય દેવીનો એ સાચો સપૂત હતો. એ નરવીરે સ્વાતન્ત્ર્યદેવીની અને ભારતમાતાની રક્ષા અર્થે રાજપાટ, વિલાસવૈભવને તરછોડી, સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી અઢાર વર્ષ સુધી અરવલી પહાડોની ખીણોમાં દેશની રક્ષા અર્થે અનેક કષ્ટો સહ્યાં. ટાઢ તડકાને, કડકડતી ઠંડીને ન ગણકાર્યાં. ખાવા માટે અન્ન ન મળતું તો ઘાસના બીજ ખાઈ રહ્યા પણ રાષ્ટ્રને વિદેશીઓદ્વારા અપમાનિત થવા ન જ દીધું. મહારાણા પ્રતાપની રાણી જે રાજમહેલોમાં સુખપૂર્વક રહેતી હતી તે પણ પ્રાણપ્રિય પતિની સેવાર્થે વનવગડામાં સાથે રહેવા લાગી અને પતિના સુખદુઃખની ભાગીદાર બની અર્ધાંગનાપદને સાર્થક કર્યું. રાણાના બાળકો રોટલીના એક એક ટૂકડા માટે કરુણ રુદન કરતા હતા; અને જે એક ટૂકડા માટે બાળકો રડતા હતા તે ટૂકડાને પણ જ્યારે જંગલની બિલાડી લઈ ગઈ ત્યારે બાળકો હૃદયફાટ રુદન કરવા લાગ્યા; ત્યારે પ્રતાપી મહારાણા પ્રતાપ જેવા પણ થોડીવાર અધીર થઈ ગયા. પણ એ

[illegible] સ્વીકાર્યો હતો. જ્યાંસુધી સ્વદેશના સ્વાતન્ત્ર્ય માટે ત્યાગવૃત્તિ અને સાથે સાહસવૃત્તિ રાષ્ટ્રજનમાં પેદા થતી નથી ત્યાંસુધી રાષ્ટ્રધર્મનું બરાબર પાલન થતું નથી અને પરિણામે રાષ્ટ્રની ઉન્નતિ કે પ્રગતિ પણ થતી નથી.

જે દેશમાં સ્વાતન્ત્ર્યપ્રેમી મહારાણા પ્રતાપ જેવા થયા તે જ દેશની પ્રજા આજે રાષ્ટ્ર પ્રતિ પોતાની કર્તવ્યભાવના ભૂલી ગઈ છે!

જે રાષ્ટ્રનું અન્ન આપણે ખાઈએ છીએ તે રાષ્ટ્રને ભૂલી જવો એ ઘોર કૃતઘ્નતા છે. એવી એકપણ ચીજ નથી કે જે રાષ્ટ્ર સાથે કશો સંબંધ ધરાવતી ન હોય, તો જે રાષ્ટ્રના ઉપકારથી આપણે આપણો જીવનવ્યવહાર ચલાવીએ છીએ એ ઉપકારી રાષ્ટ્ર પ્રતિ અપકાર બતાવવો એ કેટલી અમાનુષિકતા છે!

ભારતવર્ષમાં અજ્ઞાનઅંધકાર એટલો બધો ફેલાઈ ગયો છે કે ક્યાંય રાષ્ટ્રીયભાવનાની જ્યોતિ દેખાતી નથી. આ જ અજ્ઞાનને કારણે આજે ભારતના પગમાં પરતન્ત્રતાની બેડીઓ જકડાયેલી છે. એ આનંદનો વિષય છે કે રાષ્ટ્રસ્થવિરોના સતત પ્રયત્નથી રાષ્ટ્રીય ભાવનાની ચીનગારીઓ સળગતી જોવામાં આવે છે.

હું પૂછું છું કે સમસ્ત સંસારને અજ્ઞાનઅંધકારથી તારનાર તીર્થંકર પ્રભુ ક્યાં જન્મ્યા હતા! આ જ ભારતભૂમિમાં!

જે ભારતભૂમિને તીર્થંકર ભગવાને પદાર્પણ કરી પવિત્ર કરી, જે ભૂમિ ઉપર ઉગ્ર વિહાર કરી જનસમાજને સત્ય ધર્મનો ઉપદેશ

આપો તે પવિત્રભૂમિનું મહત્ત્વ કેટલું હશે ! તે સમજવું જોઈએ. ભારતભૂમિ વાસ્તવમાં પવિત્રભૂમિ છે–પુણ્યભૂમિ છે.

ભૂશાસ્ત્રવિશારદોએ ભારતભૂમિની પ્રકૃતિનું બરાબર અધ્યયન કરી કહ્યું છે કે, ભારતભૂમિ પારસભૂમિ છે. આ પુણ્યભૂમિમાં માનવીય આવશ્યકતાઓની પૂર્તિ માટે દરેક ચીજો ઉત્પન્ન થાય છે. આવશ્યકતાપૂર્તિની દૃષ્ટિએ તો આ દેશ સ્વતંત્ર છે. કોઈપણ વસ્તુ માટે ભારતવર્ષને બીજા દેશો પાસે યાચના કરવી પડતી નથી. આથી વિરુદ્ધ એવું સાંભળવામાં આવે છે કે ઇંગ્લેન્ડ આદિ પાશ્ચાત્ય દેશોમાં બટેટાં આદિ પદાર્થો તો ખૂબ પેદા થાય છે પણ જેના વિના મનુષ્ય-જીવનનો વ્યવહાર ચાલી શકતો નથી તે ઘઉં આદિ ખાદ્ય પદાર્થોની ઉત્પત્તિ ત્યાં બહુ ઓછી થાય છે. જો ભારત કે બીજા ઉપજાઉ દેશોમાંથી ત્યાં અનાજનો નિકાસ કરવામાં ન આવે તો ઇંગ્લેંડવાળાઓને ખાવાનાં પણ સાંસાં પડી જાય. પણ જો ભારતમાં કોઈપણ ચીજ વિદેશમાંથી ન આવે તોપણ ભારતનો બધો જીવનવ્યવહાર સુખપૂર્વક ચાલી શકે એમ છે. ભારતભૂમિની આ જ મોટી વિશેષતા છે. ભારતભૂમિ આજે સ્વતન્ત્ર હોય તો આખા વિશ્વને સુખશાન્તિ આપવાની શક્તિ તેનામા રહેલી છે પણ પરતન્ત્રતાએ એ શક્તિને ચૂસી લીધી છે.

આપણી ભારતભૂમિમાં ગંગા–યમુના જેવી અનેક સુખદાયક મોટી નદીઓ વહે છે અને હિમાલય જેવો અદ્વિતીય–ઊંચો પર્વત ભારતની રક્ષા કરે છે. જે ભારતદેવની પ્રકૃતિદેવી સેવા કરે છે ત્યાં સ્વાભાવિક સુખશાન્તિ હોય એમાં શું આશ્ચર્ય ? એક કવિએ ઠીક જ કહ્યું છે કે " જે દેશમા પર્વતો જેવાં ઊંચા હોય છે તે દેશના મહાપુરુષો પણ એવા જ ભાવનામાં ઉચ્ચ હોય છે."

ભગ૦ મહાવીર, બુદ્ધ, રામ અને કૃષ્ણ જેવા મહાપુરુષોને આ ભારતભૂમિએ વિશ્વને અર્પ્યા છે એવી રત્નગર્ભા ભારતભૂમિ છે.

આવી પવિત્રભૂમિનું જ્યાં અપમાન થતું હોય તે પવિત્ર ભૂમિનાં પુત્રો બીજાના બંધનમાં સપડાયા હોય તે કેટલા દુઃખની વાત છે. આ દુઃખનું પ્રધાન કારણ રાષ્ટ્ર પ્રતિ હૃદયમાં શ્રદ્ધાભાવ અને ભક્તિભાવનો અભાવ અને રાષ્ટ્રસ્થવિરની આજ્ઞાનો અસ્વીકાર છે. યુગધર્મના પ્રતાપે રાષ્ટ્રધર્મ પતિ શ્રદ્ધાભાવ અને રાષ્ટ્રસ્થવિર પ્રતિ ભક્તિભાવ પ્રગટ થતો જાય છે એ આનંદનો વિષય છે.

દેશના નાયકોનું કહેવું છે કે, જે મનુષ્ય પોતાના રાષ્ટ્રના માનાપમાનનું ધ્યાન રાખતો નથી તે મનુષ્યનું માન ત્રિકાલમાં પણ વધવા પામતું નથી.

રાષ્ટ્રોદ્ધારમાં પોતાનો, સમાજનો અને ધર્મનો ઉદ્ધાર રહેલો છે આ સાચી વાતનો જે રાષ્ટ્રસેવક સ્વીકાર કરે છે તેને નિશ્ચય કરી લેવો જોઈએ, કે, સ્વદેશી વસ્ત્ર કે સ્વદેશી ચીજો વાપરવાગાં સ્વદેશનો, સમાજનો અને ધર્મનો ઉદ્ધાર રહેલો છે અને વિદેશી વસ્ત્ર કે વિદેશી વસ્તુઓના વપરાશમાં સ્વદેશનો, સમાજનો અને ધર્મનો વિનાશ રહેલો છે. ધાર્મિક દષ્ટિબિન્દુએ આ વાતને વિચારવાથી તમારો નિશ્ચય વધારે દૃઢ થશે.

રાષ્ટ્રનું ગૌરવ સાચવવું અને વધારવું એ પ્રત્યેક રાષ્ટ્રપ્રજાની પવિત્ર ફરજ છે અને આ પવિત્ર કર્ત્તવ્યનું ભાન પ્રજાને પોતાના ત્યાગધર્મદ્વારા કરાવી રાષ્ટ્રને ગૌરવાન્વિત કરવો એ રાષ્ટ્રપતિનું કર્ત્તવ્ય છે.

રાષ્ટ્રધર્મ અને રાષ્ટ્રનાયકની આજ્ઞા શિરોધાર્ય કરવી એમાં જ રાષ્ટ્રોદ્ધાર રહેલો છે.

(૪)

પ્રશાસ્તારસ્થવિર—સંરક્ષકસ્થવિર

[पसत्था-थेरा]

गुरुदेवो भव ।

પ્રશાસ્તા-સ્થવિર માનવસમાજનો સંરક્ષક છે. જેની શિક્ષણ-સંસ્કૃતિ માનવહૃદયમાં તે ઉતારશે તેવું માનવસમાજનું ભાવિ ઘડતર થશે.

પ્રજાજીવનમાં ધર્મભાવનાને જાગૃત રાખવા માટે શિક્ષા-પ્રચાર એક અમોઘ સાધન છે. કારણ કે શિક્ષાપ્રચારદ્વારા રાષ્ટ્ર, સમાજ કે ધર્મનાં બંધનો ઢીલાં થાય છે અને તૂટે છે. શિક્ષાનું ધ્યેય* પણ બંધનોમાંથી મુક્ત કરવાનું છે.

માનવસમાજ પરાધીનતા, અજ્ઞાનતા, નિર્બળતા, નિસ્તેજતા, વાસના આદિ બંધનોથી બદ્ધ છે, વિષમ પરિસ્થિતિઓથી જકડાએલો છે અને તેથી એનો અંતરાત્મા દબાયેલો રહે છે

આ બધા સામાજિક બંધનોમાંથી રાષ્ટ્ર વા સમાજને છોડાવે તેનું નામ વિદ્યા, તેનું નામ શિક્ષણ, તેનું નામ કેળવણી છે.

---

* सा विद्या या विमुक्तये ।

શારીરિક રોગો અને દુર્બળતાથી છોડાવે, આર્થિક અભાવ તેમજ [illegible] વિચારોથી છોડાવે, સમાજને [illegible] [illegible] કુરૂઢિઓથી છોડાવે અને આત્માને કર્મબંધનોથી છોડાવે તેનું નામ શિક્ષા, શિક્ષણ કે કેળવણી છે.

સ્વતંત્રતાને બાંધનારથી છોડાવે, ભક્તિને મદથી છોડાવે અને આત્માને કુવાસના તથા અહંકારના બંધનોથી છોડાવે તેનું નામ સાચી શિક્ષા છે.

માનવસમાજને શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક શિક્ષાદીક્ષા આપવાનું જવાબદારીભર્યું કામ પ્રશાસ્તા અર્થાત્ માતા-પિતા, શિક્ષક, ધર્મગુરુ આદિ સ્થવિરોના હાથમાં સોંપાયેલું છે. પ્રશાસ્તાસ્થવિર માનવસમાજના સર્જકો છે. જેવી શિક્ષણસંસ્કૃતિ માનવહૃદયમાં તે ઉતારશે તેવું માનવસમાજનું ભાવિ ઘડતર થશે. જેમનાં હાથમાં માનવસમાજનું ભાવિ રહેલું છે તે પ્રશાસ્તાસ્થવિર કોણ હોઈ શકે? તેમની યોગ્યતા કેવી અને કેટલી હોવી જોઈએ? તે વિષે વિચાર કરવો જોઈએ. શાસ્ત્રકારો પ્રશાસ્તાસ્થવિરની વ્યાખ્યા કરતાં ફરમાવે છે કેઃ—

प्रशासति-शिक्षयन्ति ये ते प्रशास्तारः धर्मोपदेशकास्ते च ते स्थिरीकरणात् स्थविराश्चेति प्रशास्तृस्थविराः ।

અર્થાત્ઃ—જે રાષ્ટ્રની ભાવિ પ્રજાને શિક્ષાદીક્ષા આપે છે, અને જે ધર્મોપદેશક કે શિક્ષક પોતાની શિક્ષાના પ્રભાવથી શિષ્યોને કર્તવ્યપરાયણ બનાવે છે તે પ્રશાસ્તાસ્થવિર કહેવાય છે. શાસ્ત્રકારોએ ' પ્રશાસ્તા 'ની જે વ્યાખ્યા કરી છે તેમાં જે ગૂઢાર્થ રહેલો છે તે ખાસ વિચારવા જેવો છે.

રાષ્ટ્રની ભાવિ પ્રજા આજના નાનકડા બાળકો છે. બાળકોને નાનપણમાં ઘરમાં માતાપિતાદ્વારા શિક્ષણસંસ્કાર મળે છે. ઘરના શિક્ષણમાં જો કે પ્રાથમિક અક્ષરજ્ઞાન હોતું નથી. પણ બાલ્યકાળમાં

બાળકોને માતાપિતાદ્વારા જે શિક્ષણ આપવામાં આવે છે તે બાલ્યજીવનનું ભાવિ ઘડનારું હોવાથી ઘણું જ મહત્ત્વનું છે.

બાલ્યજીવનમાં બાળકોના માતાપિતા જ સાચા પ્રશાસ્તા-શિક્ષકો છે. કારણ કે પાઠ્યપુસ્તકોદ્વારા, શિક્ષકોદ્વારા કે ધર્મગુરુઓદ્વારા જે શિક્ષણ અને સંસ્કારો કેળવવામાં આવે છે તે શિક્ષણ અને સંસ્કારો બાળમાનસને એટલાં બધાં જીવનસ્પર્શી નથી હોતાં જેટલાં માતાપિતાનાં કે ઘરનાં શિક્ષણસંસ્કારો જીવનસ્પર્શી હોય છે; એવું અનુભવીઓનું કથન છે.

બાળમાનસ એટલું બધું નિર્મળ હોય છે કે જેવાં શિક્ષણ અને સંસ્કારો આપણે તેનામાં રેડવા ચાહિયે છીએ તેવાં રેડી શકીએ છીએ.

બાળજીવનમાં શિક્ષણ અને સંસ્કારો કેળવવા માટે ઘર એ જ પાઠ્યપુસ્તક છે માતાપિતા જ તેના સાચા સદ્ગુરુઓ છે અને સારાં આચારવિચારો જ તેનું સાચું શિક્ષણ છે. ગૃહજીવનમાં જેવા નીતિ-નિયમો, સદ્વર્તનો, ધાર્મિક-વિચારો માતાપિતા આચરશે તેવા સંસ્કારો બાળજીવનમાં અવશ્ય ઊતરવાના. ઊગતી પ્રજાનું જીવન વધુ સંસ્કારી બને તેની બધી જવાબદારી માતાપિતા ઉપર છે.

"માતાપિતા સો શિક્ષકોની ગરજ સારે છે" આ આર્યવચન જેટલું સત્ય છે તેટલું તે આદરણીય અને આચરણીય છે. માતાપિતા સર્વપ્રથમ શિક્ષિત અને સંસ્કારી હોય તો જ તેની પ્રજા પણ તેવી બની શકે છે. એટલે ઊગતી પ્રજામાં સત્શિક્ષણ અને સત્સંસ્કાર ઉતારવા માટે માતાપિતાએ શિક્ષિત અને સંસ્કારી બનવું જરૂરી છે.

બાળકોનું જીવન અનુકરણશીલ છે. તેઓ બોલતાં-ચાલતાં, ખાતાં-પીતાં અને બીજી બધી પ્રવૃત્તિઓમાં ઘરનું જ અને ખાસ કરીને માતાપિતાનું અનુકરણ કરી તે તે પ્રવૃત્તિઓ શીખે છે. હવે જ્યારે આપણે તેમને સુસંસ્કારી, વિનયી, ધાર્મિક અને સદાચારી

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આમાં આવેશવૃત્તિ, આવેશજનિત મનાં ગાળીપ્રદાન અને દંડ એ બધું પ્રત્યક્ષ હિંસારૂપ* છે.

આવેશ આવતાં આવેશી મનુષ્ય સારાસારનું ભાન ભૂલી જાય છે. એ ભાન જતાં, આપણો વિવેક ખતમ થાય છે અને સાથે જ ઊગતા છોડને ચૂંટવા પણ દોડી જવાય છે. વળી વધારામાં આ પ્રવૃત્તિથી બાળકને તો લાભને બદલે હાનિ જ થાય છે. બાળક ગાળો ભાંડતાં શીખે છે અને ભયભીત બાળકનું મગજ કેટલીકવાર ભયથી એવું બહેર મારી જાય છે કે પછી તે હમેશાંને માટે બીક બની જાય છે અને એ બીકાઈમાંથી બીજા અનેક દુર્ગુણો બાળકમાં પેદા થાય

---

*પ્રશ્નવ્યાકરણ નામના સૂત્રમાં હિંસાસ્થાનો જણાવતાં 'वीहनक' એ શાસ્ત્રીય શબ્દદ્વારા ભયને હિંસા અને ભય પેદા કરનારને હિંસક તરીકે વર્ણવેલ છે.

છે. આ રીતે બાળકની આખી જીંદગી બરબાદ થાય છે. શું આ બધું હિંસારૂપ નથી !

આવેશને અંકુશમાં રાખતાં, બાળકની પરિસ્થિતિ સમજવી અને તેની મનોદશાનો અભ્યાસ કરી તેને સુધારવા ઘરમાં સુંદર વાતાવરણ ઊભું કરવું જેથી માતાપિતા અને બાળક એ બધા શાંતિથી જીવનનો વિકાસ કરી શકે અને નિર્વિઘ્ન જીવનને પણ પાર પાડી શકે; પણ ઘણાખરા માતાપિતા પોતાની ભૂલોને લીધે એવું નથી કરી શકતા એટલે જ તેઓ ડરામણી અને મારફાડના પ્રયોગોથી ટેવાએલા હોય છે. તેઓ 'ડરાવવું' એ પણ હિંસા છે, શાસ્ત્રના આ વાક્યથી બરાબર સમજી લે કે તેમની એ પ્રવૃત્તિ ચોકખી હિંસારૂપ છે, અને તેથી તેમનો કે બાળકોનો વિકાસ થવાનો સંભવ નથી. આજે એવાં અનેક ઉદાહરણો આપણી સામે પ્રતિદિન આવ્યાં કરે છે, જેમાં માણસોએ માત્ર ભયને લીધે પોતાના પ્રાણો ગુમાવ્યાં હોય. જૈનધર્મ ભયથી મુક્ત થઈ નિર્ભય બનવાનો અને બનાવવાનો ઉપદેશ આપે છે.

બીવડાવનાર કે બીનારના અંતરંગ કે બહિરંગ મર્મ ઉપર ભય આમ અનેકરીતે ઘા કરે છે. માટે હવે ભય એ હિંસારૂપ છે કે કેમ એ પ્રશ્ન જ ઊઠતો નથી.

જે પ્રાણી આત્મગુણનો ઘાત થાય એવી પ્રવૃત્તિ કરે તેને જૈનાગમ હિંસક કહે છે.

શાસ્ત્રકારોએ ભયને મોહનું સ્વરૂપ બતાવીને ભાવહિંસાની કોટીનો તો બતાવેલો જ છે અને ઉપર્યુક્ત રીતે તે દ્રવ્ય હિંસા–સ્થૂલ હિંસાની પણ જનક છે. માટે ભય હિંસારૂપ છે કે નહિ તે વાચકો પોતે જ વિચારી લેશે.

માતાપિતાએ બાળકો પ્રત્યે કેટલી કાળજી રાખવી જોઈએ તે વિષે આપણે આગળ જોઈ ગયા.

અત્યારે માતાપિતાએ સદ્‌ધર્મની ઉન્નત ભાવના કેળવવાની જરૂર છે. કારણ કે આપણા સામાજિક જીવનમાં જોઈ રહ્યા છીએ કે, આજના માતાપિતાનાં મન કામવાસનાથી વાસિત થએલાં છે, બન્નેનાં હૃદયો પરસ્પર ક્લેશકંકાસથી રંગાએલાં છે અને વાતવાતમાં તેઓ પરસ્પર અશ્લિલ વાક્‌પ્રહાર અથવા સમય મળે તો તાડનપ્રહાર પણ કરતા અચકાતા નથી ત્યાં ભલા ! શિક્ષણ અને સંસ્કારોનું સંરક્ષણ ક્યાંથી થાય ?

જ્યાંસુધી માતાપિતાનું જીવન શિક્ષિત, સંસ્કારી અને આદર્શ ન બને ત્યાંસુધી સંસ્કારોનું સિંચન ઊગતી પ્રજામાં થાય તે માત્ર નિરાશાજનક છે. એટલા માટે અત્યારે માતાપિતાએ પોતાના તેમજ ભાવિ પ્રજાના કલ્યાણ માટે પોતાનું જીવન શિક્ષિત અને સંસ્કારી અવશ્ય બનાવવું જોઈએ.

માતાપિતાએ એ ભૂલી ન જવું જોઈએ કે ઊગતી પ્રજા એ ભવિષ્યની ભાગ્યવિધાત્રી છે. +

બાળકો જેમ મોટા થતા જાય છે તેમ તેમ વ્યાવહારિક તેમજ ધાર્મિક શિક્ષણ લેવાને તે યોગ્ય બનતા જાય છે. બાળકો ઘરની નિશાળ છોડી ગામની નિશાળમાં જાય છે અને ત્યાં અક્ષરજ્ઞાન મેળવે છે. એકબાજુ અક્ષરજ્ઞાન મેળવી બાળકો વ્યાવહારિક જ્ઞાન મેળવે છે ત્યારે બીજી બાજુ ધર્મસ્થાનકોમાં ધર્મગુરુઓદ્વારા નીતિશિક્ષણ અને ધર્મશિક્ષણની પ્રાપ્તિ કરે છે.

નિશાળમાં માતાપિતાનું સ્થાન શિક્ષકો લે છે. શિક્ષકોએ બાળકોને પોતાના પુત્રસમાન ગણી શિક્ષાદીક્ષા આપવી જોઈએ, એમાં જ શિક્ષકધર્મની સાર્થકતા રહેલી છે. બાળકે કિશોર–કુમાર-અવસ્થામાં શિક્ષાનો સંચય કરવાનો હોય છે. કિશોર અને કુમારાવસ્થામાં શિક્ષાને જીવનમાં મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રત્યેક કુમારે

+ Child is the father of man.

પ્રયત્ન કરવો જોઈએ. એમ કરવામાં જ તેના ભાવિજીવનનો આધાર રહેલો છે.

બાળકોને ભાવિજીવન સુખમય બનાવવા માટે જેમ વ્યાવહારિક શિક્ષા આપવી જરૂરી છે તેથી વિશેષ ધાર્મિક શિક્ષણને મહત્ત્વનું સ્થાન આપવાની જરૂર છે. કારણ કે જીવનમાં જેટલું પ્રવૃત્તિનું સ્થાન છે તેથી વિશેષ નિવૃત્તિનું સ્થાન છે. કારણ કે જીવનનું અંતિમ ધ્યેય તો નિવૃત્તિ છે. નિવૃત્તિધર્મની શિક્ષાદીક્ષા લેવા માટે ધર્મશિક્ષકો પાસે જઈ ધર્મશિક્ષા બાળકોએ લેવી જોઈએ; અને નિવૃત્તિશિક્ષાનું અક્ષરજ્ઞાન મેળવવા માટે બાળપણથી ધર્મસ્થાનોમાં ધર્મગુરુઓ પાસે ધર્મશ્રવણ કરવા જવાનો અભ્યાસ પાડવો જોઈએ.

માતાપિતાના, શિક્ષકના કે ધર્મશિક્ષકોના જે શિક્ષણસંસ્કારો બાળપણમાં દૃઢ થાય છે તે મોટી ઉંમરે દૃઢ થતા નથી અને તે માટે જ ધર્મસંસ્કારો કેળવવા માટે ધર્મશિક્ષણની અનિવાર્ય આવશ્યકતા રહે છે. રાષ્ટ્રની ભાવિ પ્રજામાં બાળક-બાળિકા, કુમાર-કુમારિકા, પુત્ર-પુત્રીનો સમાવેશ થાય છે. જેમ અત્યારે બાળક-કુમાર પુત્રોને વ્યાવહારિક શિક્ષણ તેમજ ધાર્મિક શિક્ષણ જીવનસુધાર માટે આપવાની આવશ્યકતા જણાય છે. તેમ બાળિકા, કન્યા, કુમારી, પુત્રીઓ માટે પણ વ્યાવહારિક તેમજ ધાર્મિક શિક્ષણની વ્યવસ્થા અવશ્ય કરવી જોઈએ. પુત્ર અને કન્યા વચ્ચે અંતર રાખવું ન જોઈએ. જે માતાપિતા, જે શિક્ષકો પુત્ર અને પુત્રી, બાળક અને બાળિકા વચ્ચે શિક્ષાદીક્ષાના વિષયમાં ભેદભાવ રાખે છે, ઉંચી-નીચી દૃષ્ટિએ જુએ છે તે પ્રશાસ્તા તરીકે પોતાની ફરજ બરાબર બજાવી શકતા નથી.

શિક્ષાનું યોગ્યતાનુસાર વિભાજન કરવું અને શિક્ષાનો વિપર્યાસ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું એ પ્રશાસ્તાસ્થવિરનું મુખ્ય કર્તવ્ય છે. બાળકોને બાળોપયોગી, કુમારોને કુમારોપયોગી, કિશોરોને કિશોરોપયોગી,

[illegible]

એ પ્રશાસ્તાઓનું મુખ્ય કર્તવ્ય છે.

પ્રશાસ્તાઓનું બીજું મહત્ત્વનું કર્તવ્ય એ છે કે જેમ તેમને પ્રત્યેક માનસિક અને ધાર્મિક શિક્ષા આપવી જરૂરી છે તેમ તેમને શારીરિક-વાચસિક, ઔદ્યોગિક શિક્ષા પણ અવશ્ય આપવી જોઈએ. કેવળ માનસિક શિક્ષા આપવાથી શારીરિક અને વાચસિક શક્તિ વિકસિત થઈ શકતી નથી અને તેથી માનસિક શિક્ષા ફળતી પણ નથી.

પ્રશાસ્તાઓનું ત્રીજું કર્તવ્ય એ છે કે, કુમાર-કુમારિકાઓને, બૌદ્ધિક શિક્ષાની સાથે ઔદ્યોગિક-શિક્ષા આપવાનો પણ પ્રબંધ કરવો જોઈએ. કારણકે બૌદ્ધિક શિક્ષા અને ઔદ્યોગિક શિક્ષાનો જ્યારે સુમેળ મળશે ત્યારે શિક્ષાનો વાસ્તવિક ઉદ્દેશ પાર પડશે. કેવળ બૌદ્ધિક શિક્ષા આપવાથી શિક્ષા એકાંગી-પાંગળી બની જશે. શિક્ષાનાં પ્રત્યેક અંગો સર્વાંગસંપૂર્ણ હોવાં જોઈએ.

પ્રશાસ્તાઓનું ચોથું કર્તવ્ય એ છે કે, વ્યાવહારિક શિક્ષાની સાથે આધ્યાત્મિક-ધાર્મિક શિક્ષાનો પણ પ્રબંધ કરવો જોઈએ. કારણકે જીવનના વ્યાવહારિક કાર્યનો શ્રમ હલકો કરવા માટે આધ્યાત્મિક શાન્તિ મેળવવાની જરૂર રહે છે. અને આત્મિક શાન્તિ ધાર્મિક શિક્ષણદ્વારા મળે છે. માટે બાળક-બાળિકાઓનાં ધાર્મિક સંસ્કારો દૃઢ કરવા માટે ધર્મશિક્ષણની સમુચિત વ્યવસ્થા કરવી જોઈએ.

પ્રશાસ્તાઓનું પાંચમું કર્તવ્ય એ છે કે, શિક્ષાદીક્ષા આપવામાં જે કોઈ પ્રકારનો જાતિભેદ કે વર્ણભેદનો સામાજિક અંતરાય હોય તેને દૂર કરવો જોઈએ. કારણકે જાતિભેદ કે વર્ણભેદ એ બધાં શિક્ષાનાં બાધક તત્ત્વો છે.

પ્રશાસ્તાઓનું છઠ્ઠું કર્તવ્ય એ છે કે, શિક્ષાદીક્ષા આપવામાં ભય, તર્જના કે મારકૂટને જરાપણ સ્થાન આપવું ન જોઈએ; કારણકે ભયભીત થએલો કે હતોત્સાહ થએલો શિક્ષાર્થી શિક્ષા ગ્રહણ કરી શકતો નથી અને કદાચ જો શિક્ષા ગ્રહણ કરી શકે છે તે ભયના માર્યો કરી જાઈ ભૂલી જાય છે. માટે શિક્ષાર્થીઓના હિત માટે પણ ભયનો શિક્ષાક્ષેત્રમાંથી બહિષ્કાર કરવો જોઈએ.

પ્રશાસ્તાઓનું સાતમું કર્તવ્ય એ છે કે, શિક્ષાદીક્ષા મેળવતાં બાળકો જે કામોદ્દીપન કરનારાં સાધનોનો ઉપયોગ કરતા થઈ જાય છે અને એ રીતે શિક્ષાપ્રાપ્તિમાં બાળકોને જે મોટા અંતરાય ઉભો થાય છે તે કામોત્તેજક સાધનોને દૂર કરી કામશામક સાધનોનો વ્યવહાર વિદ્યાર્થીઓમાં શરુ કરાવવો જોઈએ. કામવૃત્તિના પ્રવાહમાં શિક્ષાનો પ્રાણ તણાઈ ન જાય એ વિષે પ્રશાસ્તાઓએ સતર્ક થઈ ધ્યાન આપવું જોઈએ

પ્રશાસ્તાઓનું આઠમું કર્તવ્ય એ છે કે, વિદ્યાર્થીઓને ભણવામાં-સમજવામાં-યાદ કરવામાં સુગમ, સરલ અને બોધદાયક હોય તેવાં

રાષ્ટ્રભાષામાં લખાયેલાં પાઠ્યપુસ્તકદ્વારા શિક્ષણ આપવાનો પ્રબંધ કરવો જોઈએ. જેથી થોડા સમયમાં જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને વિશેષ મળે.

પ્રશાસ્તાઓનું નવમું કર્તવ્ય એ છે કે, વિદ્યાર્થીઓના મગજને શેરી ખાઈ જાય એવું પોપટીયું શિક્ષણ આપવું ન જોઈએ. પણ તર્કશક્તિ અને અવલોકનશક્તિ વધે અને સાથેસાથે વિષયનું જ્ઞાન થાય તેવીરીતે શિક્ષા આપવાનો પ્રબંધ કરવો જોઈએ.

પ્રશાસ્તાઓનું દશમું કર્તવ્ય એ છે કે, વિદ્યાર્થીઓને પોતાના રાષ્ટ્ર, રાષ્ટ્રધર્મ, રાષ્ટ્રનેતા પ્રત્યે સન્માન ઊપજે, પોતાની માતૃભૂમિ પ્રત્યે, પોતાના સમાજ પ્રત્યે, પોતાના ધર્મ પ્રત્યે પોતાની શી ફરજ છે તેનું ભાન પ્રગટે અને રાષ્ટ્ર, સમાજ અને ધર્મની રક્ષા અને સેવાર્થે તેમણે કેટલી સહિષ્ણુતા, ત્યાગભાવના કેળવવાની છે તેનું જ્ઞાન આપવાનો પ્રબંધ કરવો જોઈએ.

પ્રશાસ્તાઓનું અગિયારમું કર્તવ્ય એ છે કે, વિદ્યાર્થીની કયા વિષયમાં વિશેષ રુચિ છે અને એનું માનસિક વલણ કયા વિષય તરફ ઢળેલું છે એ વિષે બરાબર તપાસ કરી તેને તે વિષય મુખ્ય આપી, બાકીના વિષયોને ગૌણ બનાવી તેમાં પારંગત બનાવવો જોઈએ. આ પ્રમાણે એક એક વિષયમાં વિદ્યાર્થીને વિશારદ બનાવવો અને અન્ય વિષયોમાં રસ લેતો કરવો એ આવશ્યક છે. આવી શિક્ષા-યોજનાથી વિદ્યાર્થીઓનો જીવનવ્યવહાર સુંદર રીતે ચાલી શકશે એમ લાગે છે.

સંક્ષેપમાં કુમાર–કુમારીઓને કેવી શિક્ષા ક્યારે અને કઈરીતે આપવી જોઈએ ? કેવા શિક્ષકો કેવી યોગ્યતાવાળા હોવા જોઈએ ? તે વિષે પૂર્વાપર સૂક્ષ્મ વિચાર કરવાનું કામ પ્રશાસ્તાઓનું છે.

પ્રશાસ્તા–સ્થવિર ઉપર આખા રાષ્ટ્ર, સમાજ અને ધર્મની કેટલી ગંભીર જવાબદારી રહેલી છે તેનું ભાન તેમને સતત રહેવું જોઈએ.

ઊગતી પ્રજાને પોતાના દેશ પ્રતિ અનુરાગ પેદા થાય તેવી શિક્ષણપ્રણાલી હોવી જોઈએ. દેશોત્પન્નોમાં પ્રતિદાન ભાવનામાં આવે અને પોતાના દેશના અને પોતાના ભાષાના અભિમાનની કદી વિસ્મૃતિ ન થાય એ શિક્ષણપ્રણાલીનું લક્ષ્ય છે. રાષ્ટ્રહિત સાધનારી જે શિક્ષા હોય તે જ વાસ્તવમાં શિક્ષા છે. રાષ્ટ્રોન્નતિ પણ શિક્ષા ઉપર જ આધાર રાખે છે. જે શિક્ષા રાષ્ટ્રહિત ન સાધે તે કુશિક્ષા છે।

અત્યારે ભારતદેશમાં શિક્ષાશૈલી અને શિક્ષાપ્રણાલી એટલી બધી દૂષિત છે કે ઊગતી પ્રજામાં રાષ્ટ્રીય ભાવના જ નષ્ટ થઈ જાય છે. શિક્ષણશાળાના અધિકારીઓ પણ એ જ ચાહે છે કે ઊગતી પ્રજા જરાયે ઉન્નત ભાગે અને રાષ્ટ્રીય ભાવનાથી ભીના ન થાય. અને આ હેતુને પાર લાવવા માટે શિક્ષણશાળાના અધિકારીઓ રાષ્ટ્રીય ભાવનાને પોષે એવું શિક્ષણ ન આપતા પાદરીના જ ગુણગાન ગાવામાં પોતાનું ગૌરવ માને છે. ખરેખર રાષ્ટ્ર માટે આ દુર્ભાગ્યનો વિષય છે. જે ભવિષ્યમાં ભારતના ભાગ્યવિધાતાઓ બનવાના છે તેમને રાષ્ટ્રીય ભાવનાથી મુક્ત રાખવાનું જે શિક્ષણ આપવામાં આવે છે તે વાસ્તવમાં શિક્ષણ જ નથી. એ તો ઊગતી પ્રજાને ગુલામીની બેડીમાં જકડાવવાની જાળ છે. આ જાળને તોડીફાડી ફેંકી દેવાનું કામ પ્રશાસ્તા-સ્થવિરનું છે. જે વિદેશીઓ, જે દેશને પોતાના પગ તળે દબાવવા ચાહે છે ભલા! તે દેશને તેઓ રાષ્ટ્રીય શિક્ષા શા માટે આપે! તેઓ જે ધ્યેય માટે ભારતમાં આવ્યા છે તે ધ્યેયની પૂર્તિ માટે ગુલામી શિક્ષા આપે એમાં શું આશ્ચર્ય!

પહેલાં આખા ભારતવર્ષમાં ઊગતી પ્રજાને રાષ્ટ્રીય શિક્ષા આપવામાં આવતી હતી એ કારણે રાષ્ટ્રનું મસ્તક ઊંચું રહેતું હતું. અને જનતા પણ સુખશાન્તિમાં રહેતી હતી.

એતાઃ—પહેલાના વ્યાપારીઓની પાસે એટલી ધનસંપત્તિ ન હતી જેટલી આજે છે. મારવાડ પ્રાન્તમાં હજારો લખપતિ રહે છે

અને મજુર લોકો પણ સોનાનાં ઘરેણાં પહેરે છે. પહેલાના સમયમાં લોકો પોતાના જ ગામમાં રહેતા અને મીઠું-મરચું વેચી પોતાનું ગુજરાન ચલાવતા; પણ અત્યારે અંગ્રેજી શિક્ષાના પ્રતાપે લોકો મુંબઇ, કલકત્તા, મદ્રાસ, જેવા મોટા શહેરોમાં જઈ મોટા મોટા વ્યાપાર કરે છે. શું આ અંગ્રેજી શિક્ષાનો પ્રતાપ નથી?

આ પ્રશ્નના જવાબમાં હું પૂછું છું કે મારવાડના મોટા મોટા વ્યાપારીઓએ મુંબઈ, કલકત્તા વગેરે શહેરોમાં જઈ જે ધનસંપત્તિ મેળવી તે ધનસંપત્તિ ભારતની છે કે પરદેશની? ભારતની છે તો આનો અર્થ એ થયો કે જે લોહી આખા શરીરમાં ફરતું હતું તે લોહી એકઠું થઈ એક જગ્યાએ જામી ગયું. અર્થાત્ એક પગ તો થાંભલા જેવો જાડો થઈ ગયો અને બીજો પગ નેતરની સોટી જેવો પાતળો. જો કોઈ મનુષ્યના શરીરની આવી દશા હોય તો તે મનુષ્ય સુંદર અને સ્વસ્થ ગણાશે ખરો? નહિ. જો શરીરમાં નવું લોહી આવે તો તે જુદી વાત છે. પણ જ્યારે શરીરના એક અંગનું લોહી ખાલી થઈ બીજા અંગમાં ચાલ્યું જાય તો તે શરીરનો વિકાસ નહિ પણ વિકાર જ કહેવાય. શરીરમાં વિકાસને બદલે વિકાર થવાથી પરિણામ એ આવે છે કે જે શરીર પહેલાં સશક્ત હતું તે નિર્બળ બની જાય છે.

આ જ પ્રમાણે ગરીબોનું ભોજન લૂંટી ધન એકઠું કરવામાં આવે તો તે ધનનો લાભ શું થઈ શકે? જો ધન વધવાની સાથે બીજાનું કલ્યાણ કરવાની ભાવના વધે તો વાસ્તવમાં ધન વધ્યું છે એમ કહી શકાય. જ્યાં રૂપિયા-પૈસા વધે છે પણ સાથે સાથે કલ્યાણબુદ્ધિ વધતી નથી ત્યાં ધન વધે કે ઘટે તે બન્ને બરાબર છે.

આજકાલ તન, મન વેચીને મનુષ્યો ધન એકત્રિત કરે છે અને પોતાને પૈસાદાર થતો જોઈ ફુલાઈ જાય છે પણ જ્યારે તન-મન બન્નુ જ નિર્બળ બની જાય છે ત્યારે કોઈ ગરીબ પણ સબળ મનુષ્ય

તેની સામે ઊભો થાય છે અને પૈસાની માગણી કરે છે ત્યારે નિસ્તેજ પૈસાવાળો ગભરાય છે અને બીજાની રક્ષા ચાહે છે. ત્યારે ધન તેનું રક્ષણ કરી શકતું નથી.

ધનવાન પુરુષો માને છે કે, ધનના બળે અમે અમારું રક્ષણ કરી શકીશું. પણ વાસ્તવમાં તન-મનને સબળ બનાવ્યા વિના કેવળ ધન રક્ષણ કરી શકતું નથી. તન-મનને સબળ બનાવવા માટે શિક્ષણની અતિ જરૂર રહે છે. આપણી પૌર્વાત્ય શિક્ષણસંસ્કૃતિ તન-મનને સબળ-સ્વસ્થ બનાવવાની સર્વપ્રથમ શિક્ષાદીક્ષા આપે છે. જ્યારે આજની પાશ્ચાત્ય શિક્ષણસંસ્કૃતિ તન-મનને વેચીને ધનને સર્વપ્રથમ પ્રાપ્ત કરવાની શિક્ષાદીક્ષા આપે છે. જો તન-મન સ્વસ્થ અને સબળ હશે તો ધન દોડતું આવશે; પણ જો તન-મન નિર્બળ હશે તો ધનરાશિ પણ હાથમાં રહી શકવાની નથી. જે રાષ્ટ્રમાં તન-મનને સ્વસ્થ અને સબળ બનાવવાની શિક્ષાદીક્ષા આપવામાં આવતી નથી પણ કેવળ ધનપ્રાપ્તિ માટે તનમનને વેચી નાંખવાની શિક્ષા આપવામાં આવે છે તે રાષ્ટ્રનું ઉત્થાન થવાને બદલે પતન જ થાય છે. ભારતદેશને ગુલામ બનાવવાની આ ચાવી મેકોલે જેવા શાસનકારોએ ઉપયોગમાં લીધી અને ભારતમાતાના સપૂતોને ગુલામીની શિક્ષા આપી ગુલામગીરીનો શિરપાવ આપ્યો. આજે ભારતના ખૂણે ખૂણે જે બેકારીનું ભયંકર ભૂત ભારતીયોને ડરાવી ત્રાસ આપી રહ્યું છે તેનું મુખ્ય કારણ આજની દૂષિત શિક્ષાપ્રણાલી જ છે. આજે ભારતમાતાનું જીવનધન યુવકહૃદય પાશ્ચાત્ય શિક્ષણસંસ્કૃતિની પછવાડે પાયમાલ થઈ ગયું છે. આજનો નવલોહિયો જુવાનજોધ પુરુષ નિર્બળ, નિસ્તેજ, સાહસશૂન્ય, અકર્મણ્ય, હતોત્સાહ અને નિરાશ જણાય છે તેનું કારણ આજની દૂષિત શિક્ષાપ્રણાલી સિવાય બીજું શું છે! આજની શિક્ષાપ્રણાલીમાં માનસિક શિક્ષા અને ઔદ્યોગિક શિક્ષાને જરાપણ સ્થાન નથી જ્યારે પ્રાચીન સમયમાં શારીરિક, માનસિક, ઔદ્યોગિક, સંગીત, વાદ્ય, આદિ ૭૨ કલાને શિક્ષા

માનવામાં આવતી અને ૭૨ કલાનો અધિકારી શિક્ષિત તરીકે ઓળખાતો. ભલા! જેણે ૭૨ કલાને હસ્તગત કરી છે તે કોઈ દિવસ ધનપ્રાપ્તિ માટે બીજાનું મુખ તાક ખરો! નોકરી માટે દુકાને દુકાને ફરે ખરો? જે ૭૨ કલાનો વિશારદ હોય છે તે હમેશાં સ્વતંત્ર ધંધો જ કરે છે. તેનું માનસ જ કલાશિક્ષણથી એવું ઘડાઈ જાય છે કે તે કોઈની નોકરી કે ગુલામી કરી શકતો નથી. કલાવિશારદનું માનસ હમેશાં સ્વતંત્ર જ હોય છે. તે કોઈને પરાધીન રહેવા માંગતો જ નથી. આજનો M. A, પાસ થયેલ કે B. A. પાસ થએલ ભલે 'બધી કલાનો વિશારદ–Master of Arts, ગણાતો હોય પણ વાસ્તવમાં તે એક પણ કલાનો સંપૂર્ણ વિશારદ હોતો જ નથી. 'કલા' શબ્દની વ્યાખ્યા કરવામાં તેઓ પુસ્તકની પુસ્તક ભલે લખી નાંખે પણ તેમનાં જીવનમાં 'કલા'નો સ્પર્શ સુદ્ધાં થયો હોતો નથી. અને તે જ કારણ છે કે આજનો કલાવિશારદ–Master of Arts–નોકરી માટે ૫૦–૬૦ રૂપિયાની કમાણી માટે–દુકાને દુકાને હાથ લંબાવતો ફરે છે. અત્યારે 'કલા'નું શિક્ષણ જ આપવામાં આવતું નથી; કેવળ 'ગુલામી'નું શિક્ષણ આપવામાં આવે છે. 'ગુલામી શિક્ષણ'ને બદલે કલાનું શિક્ષણ ઊગતી પ્રજાને આપવાનો પ્રબંધ કરવો એ પ્રશાસ્તા સ્થવિર–સંરક્ષકસ્થવિરનું પ્રાથમિક અને આવશ્યક કર્ત્તવ્ય છે.

આજની ઊગતી પ્રજા એ ભવિષ્યની ભાગ્યવિધાત્રી છે, એ સૌ કોઈ જાણે છે. પણ એ ઊગતી પ્રજાને ઉન્નત બનાવી ભાગ્યવિધાત્રી બનાવવી એ સંરક્ષકોનું કર્ત્તવ્ય છે. ઊગતી પ્રજા એટલે આજની ઊગતી પુત્ર-પુત્રી, કુમાર કુમારિકા, બાળક–બાળિકા છે. જેમ બાળકને સંસ્કારી અને શિક્ષિત બનાવવા માટે દરેક ઉપાયો લેવામાં આવે છે તેમ કુમારિકા કે બાળિકાને સુસંસ્કારી અને શિક્ષિત બનાવવા માટે સંરક્ષકોએ પ્રયત્ન કરવો જોઈએ–ઉપેક્ષા જરાપણ કરવી ન જોઈએ. જે રાષ્ટ્રમાં સ્ત્રીજાતિને સંસ્કારી અને શિક્ષિત બનાવવા માટે ઉપેક્ષાભાવ સેવવામાં આવે છે તે રાષ્ટ્ર ઉન્નત બની શકતો નથી.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः—જ્યાં નારી જાતિની પૂજા થાય છે ત્યાં દેવતાઓ રમે છે. એ ઋષિવચન પાછળ સ્રીજાતિને સન્માન આપવાની જે ઉન્નત ભાવના રહેલી છે તે ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાની પ્રત્યેક રાષ્ટ્રપ્રેમીની પવિત્ર ફરજ છે.

સ્રી અને પુરુષ એ બન્ને જીવનરથના ચક્રો છે. એ બન્ને ચક્રોમાંથી કોઈ પણ ચક્ર અસમાન, ભાંગેલું કે તૂટેલું હોય તો જીવન-રથ આગળ ચાલી ન શકે. અત્યારે આપણા વ્યવહાર-જીવનમાં જે અસમાનતા જોવામાં આવે છે તેનું પ્રધાન કારણ જીવનરથના બન્ને ચક્રો અસમાન છે.

જેમ પુરુષ જાતિને શિક્ષાદીક્ષા આપવા માટે સમુચિત વ્યવસ્થા કરવામાં આવે છે. તેમ સ્રીજાતિને માટે પણ શિક્ષાદીક્ષા આપવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી આવશ્યક છે.

આજની બાળિકાઓ ભવિષ્યની માતાઓ છે. રાષ્ટ્રોદ્ધારમાં માતાનું સ્થાન કેટલું બધું મહત્ત્વનું છે એ કહેવાની હવે જરૂર નથી. જે ભવિષ્યની માતાઓ બનવાની છે તે આજની બાળિકાઓને કેવી શિક્ષા આપવી જોઈએ એ વિષે વિચાર કરવાનું કામ પ્રશાસ્તાસ્થવિરનું છે. બાળાઓને સિવણ-ગૂંથણ, ભરતકામ, અક્ષરજ્ઞાન, ભાષાજ્ઞાન, વ્યવહારજ્ઞાન આપવાની આવશ્યકતા છે તેથી વિશેષ પાકવિદ્યા બાળઉછેર, બાળપોષણ આદિનું સક્રિય જ્ઞાન આપવાની અતિ આવશ્યકતા છે. સ્રીજાતિમાં સહિષ્ણુતા, કોમળતા અને સેવા એ ગુણો પ્રાકૃતિક હોય છે. આ ગુણોને વિકસાવવાની તક આપી એ ગુણોનો માનવજાતિના વિકાસમાં સદુપયોગ કરવો એ પ્રશાસ્તાસ્થવિરનું કર્તવ્ય છે.

સ્રીશક્તિ એ જગતને જીતવાની મહાશક્તિ છે. આ શક્તિનો સદુપયોગ કરવામાં આવે તો જગત માત્રનું કલ્યાણ થઈ શકે. પણ જ્યાંસુધી નારીજાગરણ ન થાય ત્યાંસુધી રાષ્ટ્રોદ્ધાર પણ થઈ ન

શકે. જે મહાશક્તિ આખા રાષ્ટ્રનો ઉદ્ધાર કરી શકે એમ છે
શક્તિને ગોંધી નાંખવાથી ઉદ્ધાર થવાને બદલે કેટલો અધઃપાત થ
છે તે આજનું સ્ત્રીજીવન જોવાથી સ્પષ્ટ જણાય છે. આજનું સ્ત્રી
જીવન પુરુષોના પોલાદી પંજાથી પામર બન્યું છે. જાણે પુરુષો
વાસના તૃપ્ત કરવાનું કેવળ એક જીવતું પુતળું ન હોય તેવું સ્ત્રી
જીવન બની ગયું છે અને સ્ત્રી જીવનનું તેજ સામાજિક રૂઢિઓના અંધ
કારમાં છુપાઈ ગયું છે. સ્ત્રીજાતિમાં પણ પુરુષ જેટલી બુદ્ધિ, શક્તિ અ
તેજસ્વિતા રહેલી છે. જૈનસૂત્રોમાં સ્ત્રીજાતિએ બતાવેલાં ત્યા
અને સેવાનાં આદર્શ દૃષ્ટાન્તો નોંધાયેલાં છે. સ્ત્રીજાતિની ઉપેક્ષ
કરીને કોઈ પણ રાષ્ટ્ર સમુન્નત બની શક્યો નથી અને બની પ
શકે નહિ. સ્ત્રીજાતિનો સહકાર સાધીને જ પુરુષજાતિ પોતાનું અ
પરનું હિત સાધી શકે. સ્ત્રીજાતિની શક્તિને વિકસાવવાનાં દરેક પ્રકા
રનાં સાધનો પૂરાં પાડવાં અને સ્ત્રીશક્તિનો રાષ્ટ્રોદ્ધારમાં સદુપયોગ
કરવો એ પ્રશાસ્તાસ્થવિરનું કર્ત્તવ્ય છે.

આજે જ્યારે સ્ત્રીજાતિની હીનાવસ્થા ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે કોઈ પણ રાષ્ટ્રપ્રેમીને દુઃખ થયા વિના ન રહે ! સ્ત્રીજાતિની આ હીનાવસ્થાનું મુખ્ય કારણ તપાસીશું તો સ્પષ્ટ જણાશે કે, સ્ત્રીજાતિને જોઈએ તેવી શિક્ષાદીક્ષા આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો નથી.

બાળાઓ-કુમારિકાઓ માટે ભલે શહેરોમાં શિક્ષા આપવાની થોડી ઘણી વ્યવસ્થા હોય પણ ગામડામાં કે જ્યાં સ્ત્રીજાતિનું સેવા પર જીવન ટકી રહ્યું છે ત્યાં બાળા-કુમારિકા માટે શિક્ષાની કશી વ્યવસ્થા હોતી નથી. અને આ જ કારણને લીધે સ્ત્રીઓ એક ગામથી બીજે ગામ એકલી જઈ શકતી નથી એટલું જ નહિ પણ નાના કાર્યથી લઈ મોટા કાર્ય સુધી તે પુરુષજાતિની અપેક્ષા રાખે છે અને બીજાનું મુખ તાકી બેસી રહે છે. સ્ત્રીઓને કેવળ અક્ષરજ્ઞાન, ભાષાજ્ઞાન જ આપવા કરતાં, સાથે દરેક પ્રકારનું વ્યાવહારિક જ્ઞાન અવશ્ય આપાતું જોઈએ.

અત્યારે માટે ભાગે આધુનિક-કન્યાઓને જે શિક્ષા અપાવામાં આવે છે તે શિક્ષા જીવનવિકાસની નહિ પણ જીવનવિનાશની ભાવનામાં આવે છે. આજે સ્ત્રીશિક્ષામાં વિલાસિતાને પ્રોત્સાહન કરી શિક્ષાનો હેતુ હણી નાંખ્યો છે. આજે શિક્ષિત યુવતીઓ સેવાની મૂર્તિ બનવાને બદલે વિલાસિતાની મૂર્તિ બની જાય છે. એનું પ્રધાન કારણ પણ સ્ત્રીશિક્ષાની દુર્દશા જ છે. પ્રાચીન સમયમાં સ્ત્રીશિક્ષા ન હતી એમ ન હતું. તે વખતે પણ સ્ત્રીઓ સ્ત્રીશિક્ષા પ્રાપ્ત કરી 'પંડિતા' બની જીવનવ્યવહાર સુંદર બનાવતી અને આદર્શ દંપતીજીવનનો બોધપ્રદ અર્થને આપતી; એટલું જ નહિ પણ મોટા મોટા પંડિતોના શાસ્ત્રાર્થમાં 'નિર્ણાયિકા' બનવા જેટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતી. સાંભળવામાં આવે છે કે મંડનમિશ્ર અને શંકરાચાર્યના શાસ્ત્રાર્થમાં મંડનમિશ્રની પત્ની ભારતી 'નિર્ણાયિકા' બની હતી. અને ઘણા દિવસો સુધી બન્નેનો શાસ્ત્રાર્થ સાંભળી તેણીએ એવો નિર્ણય આપ્યો હતો કે, 'શંકરાચાર્ય જીત્યા અને મારા પતિદેવ હાર્યા.' તે વખતની સ્ત્રીઓમાં વિનીતતા અને પ્રામાણિકતા કેટલી બધી હતી તે ઉપરના દૃષ્ટાન્ત ઉપરથી સહેજે સમજી શકાય એમ છે.

આજે સ્ત્રીઓ થોડું ઘણું વાંચતાં-લખતાં શીખી લે છે ત્યાં તો તેઓ ખાવાપીવામાં, રહેણીકરણીમાં, પહેરવેશમાં પરિવર્તન કરી નાખે છે અને પોતે બહુ જ શિક્ષિત છે એમ જનસમાજને બતાવવા માટે વિદેશી વનિતાઓની માફક વિલાસિતા અને ફેન્સી રીતરિવાજમાં તણાઈ જાય છે. અંધ અનુકરણવૃત્તિ એ શિક્ષાનું દુષ્પરિણામ છે.

દામ્પત્યજીવનને સુખમય બનાવવા સ્ત્રીઓએ સ્નેહસદ્‌ભાવ, સાદગી, નમ્રતા, સંસ્કારિતા આદિ સદ્‌ગુણોને કેળવવાં જોઈએ. આપણી પ્રાચીન સંસ્કૃતિ સ્ત્રીજાતિને સંસ્કાર અને શિક્ષણદ્વારા સ્ત્રી-જીવનને સુખમય બનાવવાની હિતસલાહ આપે છે. આજે પાશ્ચાત્ય શિક્ષણસંસ્કૃતિએ આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો આદર્શ હણી નાંખ્યો છે અને તેને સ્થાને સ્ત્રીજાતિને સ્ત્રીધર્મનું શિક્ષણ

સંકટો સહન કરે છે પણ કુળનાં માણસોને જરા પણ દુઃખ કે કષ્ટ આપતો નથી અને પોતાના જ્ઞાનપ્રકાશથી આખા કુળને શોભાવે છે તે ખરેખર કુળદીપક છે. કુળદીપક બનવું એ સરલ નથી. કુળ-દીપક બનવા માટે તો દીવાની માફક બળવું પડે છે અને આખા કુળને ઉજ્જવળવા માટે આત્મજ્ઞાનનો પ્રકાશ પ્રગટાવવો પડે છે. જે કુળની મોટાઈ મેળવવા માટે કુળસ્થવિર બની જાય છે પણ કુળો-દ્ધારનું કામ કરતો નથી તે વ્યક્તિ કુળદીપક નહિ પણ કુલાંગાર બને છે. કુલાંગાર કુળને ભસ્મીભૂત કરી નાંખે છે. જ્યારે કુળદીપક આખા કુળને ઉજ્જવળે છે. જે સાચો કુળસ્થવિર હોય છે તે કુળદીપક હોય છે.

આખા કુળમાં કુટુમ્બભાવનાનું બીજ રોપવું એ કુળસ્થવિરનું મુખ્ય કર્ત્તવ્ય છે. જે કુળમાં કુટુમ્બભાવના હોતી નથી તે કુળ વધારે આયુષ્ય ભોગવી શકતું નથી. કુટુમ્બભાવના એ કુળોદ્ધારનું મૂળ છે કુળમાં કુટુમ્બભાવના કેળવવા માટે કુળસ્થવિરે આખા કુળના પ્રત્યેક સભ્યની સારસંભાળ રાખવી પડે છે. પહેલાના સમયમાં ઓસવાલોમાં પંચ કુળસ્થવિરનું કામ કરતું. ઓસવાલોએ કેવી રીતે રહેવું, કેવો વ્યવહાર રાખવો અને કુળધર્મની રક્ષા માટે ક્યા ક્યા ઉપાયો યોજવા વગેરેનો નિશ્ચય તે લોકો જ કરતા હતા. આ કુળ-વ્યવસ્થાને જે લોકોએ તોડી છે તે લોકોને એનું દુષ્પરિણામ સહેવું પડયું છે. કુળસ્થવિરની ઉપસ્થિતિમાં કુળના સિદ્ધાન્તોની વિરુદ્ધ જઈ માંસ, શરાબ આદિ દુર્વ્યસનોનું સેવન કરવાનું તથા કુળમર્યાદા તોડી બાલ-વિવાહ, વૃદ્ધવિવાહ, અનમેલ વિવાહ કરવાનું કોઈ સાહસ કરતું નહિ. જે કોઈ કુળમર્યાદાનું ઉલ્લંઘન કરતું તેને કુળસ્થવિર યોગ્ય દંડ આપતા અને તેનો પૂરેપૂરો અમલ કરવામાં આવતો. કુળની મર્યાદા બરાબર સચવાય અને કુળની શ્રેષ્ઠ રીતરિવાજોનું બરાબર પાલન થાય તે માટે કુળસ્થવિર પૂરેપૂરી સાવચેતી રાખતા. કુળસ્થવિરના આ મહત્ત્વપૂર્ણ પદના ભારને વહન કરવો સાધારણ મનુષ્ય માટે સરલ

થી. જે અભિમાન કુળની પ્રતિષ્ઠા આપવા જેટલું અભિમાન કેળવ્યું છે તેજ અભિમાન કુળસ્થવિર બની શકે છે અને કુળોદ્ધાર કરી કુળને દીપાવી શકે છે.

આજે પહેલાના જેવા કુળસ્થવિરની વ્યવસ્થા ન હોવાને કારણે અત્યારે કન્યાવિક્રય, વરવિક્રય, બાલવિવાહ, વૃદ્ધવિવાહ, અનમેળવિવાહ થાય છે. એટલું જ નહિ પણ આ કુળનાશક વિવાહોમાં ઘણું આંધળું ખર્ચ પણ થાય છે. અત્યારે સમાજની જે અધોદશા જોવામાં આવે છે તેનું મૂળ કારણ શોધશું તો સ્પષ્ટ જણાશે કે યોગ્ય કુળસ્થવિર ન હોવાને કારણે જ કન્યાવિક્રય, બાલવિવાહ, વૃદ્ધવિવાહ આદિ રાક્ષસી રીતરિવાજો ઉભા રહ્યા છે, અને બીજા નવા રીતરિવાજો પેદા થતા જાય છે કે જેથી કુળધર્મનો નાશ થાય છે.

આજે કુળસ્થવિરના અભાવે દરેક કુળમાં ખોટાં ખર્ચો, ખોટા વ્યવહારો, અને બહારનાં આડંબરો વધતાં જોવામાં આવે છે અને એ જ કારણે પહેલાં બસો કે ત્રણસો રૂપિયામાં વિવાહનો ખર્ચ થતો હતો તે કુળવ્યવસ્થા ન હોવાને કારણે અત્યારે બે હજાર કે ત્રણ હજાર જેટલો ખર્ચ કરવા છતાં વિવાહનું કામ બરાબર પાર પડતું નથી. કુળમાં ખોટાં ખર્ચો વધવાને કારણે સમાજમાં અત્યધિક બેકારી વધી છે. અને આજે સમાજનો મોટો સાધારણ વર્ગ ગરીબ હોવાને કારણે વિવાહનો મોટો ખર્ચ ઉપાડી શકતો ન હોવાથી તેને અવિવાહિત રહેવું પડે છે. આ પ્રમાણે ફરજીયાત રહેવું પડતું અવિવાહિત જીવન ભ્રષ્ટ થયા વિના રહેતું નથી અને પરિણામે સમાજમાં પાપાચાર વધે છે. આ પાપાચારનું દુષ્પરિણામ સમાજ અને કુળને સહેવું પડે છે.

જો કુળની બરાબર વ્યવસ્થા હોય તો કુળમાં બાલવિવાહ, વૃદ્ધવિવાહ, અનમેળવિવાહ કેમ થઈ શકે ? કુળને ઉજાળનાર કુળસ્થવિર હોય તો કુળમાં હજારો રૂપિયાનું પાણી કરી વિલાસિતાનાં બીજ રોપે એવાં વેશ્યાનૃત્ય, રંડીનાચ જેવાં કઢંગા રીતરિવાજો કેમ

આવી શકે ! આજની ભાવી પ્રજામાં જ્યાં આવાં ખરાબ કુળસંસ્કારો રોપાતાં હોય ત્યાં કુળોદ્ધારની આશા કેમ રાખી શકાય ! ભાવી પ્રજામાં સારા કુળસંસ્કારો રોપવાનું કામ કુળસ્થવિરનું છે. આખા કુળની બરાબર વ્યવસ્થા કરવી અને કુળ ઉન્નતિને પંથે ચડે એવા રીતરિવાજ પ્રચલિત કરવા એ કુળસ્થવિરે જોવાનું છે. કુળમાં ખાનપાન, રીતરિવાજ, આચારવિચાર શુદ્ધ રહે અને કુળધર્મનું બરાબર પાલન થાય તેની સાવચેતી કુળસ્થવિરે રાખવી પડે છે. અત્યારે કુળધર્મનું બરાબર પાલન ન થવાને કારણે જ વિવાહેચ્છુક યુવકોને ફરજીયાત અવિવાહિત જીવન વ્યતીત કરવું પડે છે અને ૬૦–૬૦ વર્ષના વૃદ્ધો ધનસત્તાના બળે આશાભરી કુમારિકાઓ સાથે વિવાહ કરી લે છે. અને પરિણામે થોડાં વર્ષ ગૃહવાસમાં રહીને પોતે મૃત્યુને ભેટે છે અને અબોધ બાલિકાનું જીવન પણ દુઃખી બનાવતો જાય છે. એક બાજુ વૃદ્ધવિવાહ થાય છે જ્યારે બીજી બાજુ નાના નાના અબોધ બાળકોને વિવાહના બંધનમાં સપડાવવામાં આવે છે. આ બે કારણોને લીધે સમાજમાં વિધવાઓની વૃદ્ધિ થાય છે. આ વિધવાઓમાં કેટલીક વિધવાઓ એવી પણ હોય છે કે જેમને પોતે કોણ છે, કેવી અવસ્થામાં છે ! એટલું પણ ભાન હોતું નથી. આ નાની ઉંમરમાં કુમળી કુમારિકાઓને વિધવા બનવાનું કારણ કુળમર્યાદાનું ઉલ્લંઘન અને કુળસ્થવિરની સંરક્ષણનો અભાવ છે.

આજે જાન જોડી માલતાલ ખાવા માટે મોટી મોટી બડાઈ મારનારા સ્થવિરો બહાર નીકળી પડે છે પણ વિવાહ ન્યાયયુક્ત છે કે નહિ ? એ જોનારા વધુ થોડા હોય છે. પ્રીતિભોજ તો પહેલાં પણ થતાં પણ તે પ્રીતિવૃદ્ધિ માટે. ત્યારે કોઈ ઠેકાણે બલાત્કારથી પ્રીતિભોજ કરાવવામાં ન આવતું. અત્યારે જે જાતિભોજ કરાવાવમાં આવે છે તે જાતિનો દંડ વસુલ કરવા માટે કરાવવામાં આવતું હોય છે. લોકો જાતિભોજ કરવા માટે દબાણ કરે છે પણ પાછળથી તેઓની શી દુર્દશા થશે તેનું ધ્યાન રાખતા નથી. જે સ્થિતિ જાતિભોજની છે તેથી ખરાબ સ્થિતિ મૃત્યુભોજની છે. મૃત્યુભોજથી કુળની

અનેકપતિ, હરીફપતિનો ઘણો જ ઉદ્ભવ થાય છે. પણ આ બધું કુળસ્થવિર વિના કોણ સમજાવે ? અત્યારે કુળસ્થવિરના અભાવે જ્યાં જુઓ ત્યાં કુળમર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવે છે, ખોટાં રીવાજો, ખોટાં ખર્ચો વધારવામાં આવે છે. કુળવ્યવસ્થા ન હોવાને કારણે સમાજના ટુકડે-ટુકડા થઈ ગયા છે અને સામાજિક જીવન દુઃખી બનતું જાય છે અને કુળધર્મનો નાશ થતો જોવામાં આવે છે.

લૌકિક કુળના ઉદ્ધાર માટે જેમ કુળસ્થવિરની આવશ્યકતા રહે છે તેમ લોકોત્તર કુળના ઉદ્ધાર માટે લોકોત્તર કુળસ્થવિરની પણ જરૂર રહે છે. સાધુસમાજ એ લોકોત્તર કુળ છે. સાધુસમાજના નિયમપાલનની બધી જવાબદારી ગુરુ ઉપર રહે છે એટલે ગુરુ એ લોકોત્તર કુળના સ્થવિર છે શિષ્યવર્ગને આચારધર્મનું શિક્ષણ આપવું, ઉચિત આવશ્યકતાઓની પૂર્તિ માટે યોગ્ય સાધનો પૂરાં પાડવાં એ ગુરુનું કર્તવ્ય છે. શિષ્યોને ભણાવીગણાવી વિદ્વાન્ બનાવવા એ પણ ગુરુનું જ કર્તવ્ય ગણાવામાં આવ્યું છે. જે કોઈ ગુરુ પોતાના ૧૦-૨૦ યોગ્ય શિષ્યોને જ ભણાવે અને બાકીના શિષ્યોને શિક્ષા ન આપે તો તે ગુરુ કુલસ્થવિર કહેવાય નહિ. જે કુળસ્થવિર બાળકોને બાળકયોગ્ય અને વૃદ્ધોને વૃદ્ધયોગ્ય શિક્ષા આપે છે અને તેમની યોગ્યતાનુસાર સારસંભાળ રાખે છે તે કુળસ્થવિરનું કુળ હમેશાં પવિત્ર રહે છે

જે પ્રમાણે લૌકિક કુળસ્થવિર કુળધર્મના પાલન કરવા-કરાવવાની બધી વ્યવસ્થા કરે છે તે જ પ્રમાણે જે ગુરુ પોતાના કુળના બધા સાધુઓને કુળધર્મના પાલનમાં દૃઢ બનાવે છે, તે લોકોત્તર કુલસ્થવિર છે લોકોત્તર કુલસ્થવિરના બનાવેલા નિયમોનો ભંગ કરનાર માટે દંડવિધાન પણ બતાવવામાં આવેલ છે એ પ્રાયશ્ચિત્તમાં દશમું પ્રાયશ્ચિત્ત અન્તિમ સજા છે. આ છેલ્લું પ્રાયશ્ચિત્ત એને જ દેવામાં આવે છે કે જે મનુષ્ય કુળમાં રહી કુળનો નાશ કરે છે, સંઘમાં રહી સંઘનો નાશ કરે છે અથવા ગણમાં રહી ગણનો નાશ કરે છે

સાધુ, જો મહાવ્રતોનો મૂળથી ભંગ કરે તો તેની અધિકમાં અધિક સજા, નવી દીક્ષા છે. પરન્તુ જો ગણમાં ભેદ પાડે તો તેને દસમું પ્રાયશ્ચિત્ત છે. આનું પ્રધાન કારણ એ છે કે જો કોઈ સાધુ વ્યક્તિગત અપરાધ કરે તો તે એકલો જ ભ્રષ્ટ થાય પણ જો કુળ, સંઘ કે ગણમાં ભેદ પાડે તો આખા કુળને કે સંઘને હાનિ પહોંચે છે. માટે એ ભૂલેચૂકે પણ ભૂલવું ન જોઈએ કે જે વ્યક્તિ કુળને છિન્નભિન્ન કરે છે તે દુષ્કર્મ બાંધે છે અને આખા કુળનો અપરાધી બને છે.

કુળમાં કુલીનતા પ્રગટાવવી અને કુળને ઉજ્જ્વળ બનાવવું એ કુળસ્થવિરનો ધર્મ છે. કુળદીપક બનવા માટે કુળસ્થવિરે આત્મભોગ આપી બીજાને પોતાના જ્ઞાનપ્રકાશ વડે પ્રકાશિત કરવા જેટલું વ્યક્તિત્વ પ્રગટાવવું જોઈએ.

(૬)

ગણસ્થવિર—ગણનાયક

[ગણ-હીરા]

માનવકૂળ અનેક નાના મોટાં કુટુંબોમાં વહેંચાએલું છે. આ બધાં કુટુંબોમાં પરસ્પર પ્રેમસંબંધ, એકસહકાર તથા યોગ્ય વ્યવસ્થા જળવાય તે માટે બધાં કુટુંબોનું એક મુખ્ય મંડળ રચવામાં આવે છે જે 'ગણ' અથવા 'કુટુંબ સમૂહ' એ નામથી ઓળખાય છે. આ 'ગણ' નું મુખ્ય કામ કુળની મર્યાદા સાચવવાનું અને કુળની યોગ્ય વ્યવસ્થા કરવાનું હોય છે. જે વ્યક્તિ આ ગણ-તંત્રનું બરાબર નિયમન અને સંચાલન કરે છે તે 'ગણસ્થવિર' કે ગણનાયક તરીકે ઓળખાય છે

પ્રાચીન સમયમા ગણતંત્ર-પ્રવર્તનની પ્રણાલી બહુ પ્રચલિત હતી. ભ. મહાવીરના સમયમા અઢાર ગણરાજ્યો હતા અને એ ગણરાજ્યો પરસ્પર બહુ જ સલાહસંપથી રહેતા અને ગણરાજ્યોની યોગ્ય વ્યવસ્થા કરતા. આ અઢાર ગણરાજ્યોનો ગણસ્થવિર ચેટક હતો.

જૈનસૂત્રોમાં ગણનાયક ચેટકનો જે કાંઈ જીવનપરિચય મળે છે તે ઉપરથી ગણસ્થવિર કેવા હોવા જોઈએ તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

મગધદેશ, જે વર્તમાન સમયમાં બિહાર નામે ઓળખાય છે, તેની ઉત્તરે વૈશાલી નામે એક પ્રસિદ્ધ નગરી હતી. આ વૈશાલીનગરી ગણરાજ્યમાં હતી. આ ગણરાજ્યનો અધિનાયક ચેટક હતો. તે વખતે વૈશાલી ગણરાજ્ય જેવાં બીજાં પણ ઘણાં ગણરાજ્યો હતાં જેમાં કુસીનારા, પાવા, કુણ્ડપુર આદિ પ્રધાન ગણરાજ્યો હતાં; આ બધાં ગણરાજ્યો ગણતંત્ર કે પ્રજાતંત્ર (Republic) રાજ્યો હતાં. આ ગણરાજ્યોનું નિયંત્રણ અને સંચાલન ગણનાયક ચેટક કરતો હતો.

આ ગણતંત્રોનું સંચાલન આધુનિક પ્રજાતંત્ર રાજ્યોની જેમ થતું. આ બધાં ગણરાજ્યોમાં ક્ષત્રિય કુળના અગ્રેસરોની કૌંસીલ (સભા) મુખ્ય કામ કરતી હતી. આ ગણતંત્રમાં જે જે જાતિઓ સમ્મિલિત હતી તે પોતાનો એક પ્રતિનિધિ ચૂંટી ગણતંત્રમાં મોકલતી.

ગણતંત્રની સભાની વ્યવસ્થા એકદમ સુંદર હતી. એ સભામાં એક શાસન-પ્રજ્ઞાપક નિયુક્ત કરવામાં આવતો કે જે આવેલા સદસ્યોને તેમનું સ્થાન બતાવતો. સદસ્યોની ઉપસ્થિતિ પર્યાપ્ત થયે કોઈપણ પ્રસ્તાવ સભા સમક્ષ મૂકવામાં આવતો. આ ક્રિયાને નત્તિ (જ્ઞપ્તિ) કહેવામાં આવતી. વિજ્ઞપ્તિ કર્યા પછી પ્રસ્તુત પ્રસ્તાવ ઉપર વિચાર કરવામાં આવતો અને પ્રસ્તાવ સ્વીકૃત કરવામાં આવે કે નહીં એ વિષે ત્રણવાર પ્રત્યેક સદસ્યને પૂછવામાં આવતું. જો બધા સદસ્યો પ્રસ્તાવને સ્વીકૃત કરવામાં સહમત થતા તો પ્રસ્તાવ પાસ કરવામાં આવતો અને જો તેમાં મતભેદ થતો તો મતગણના કરવામાં આવતી. આ ગણતંત્રની સભાનાં નિયમોપનિયમો પણ ઘડવામાં આવતાં અને તેનું બરાબર પાલન કરવામાં આવતું.

ગણતંત્રની સભા બહુમતિથી કામ કરતી હતી. સભામાં જે પ્રસ્તાવ સ્વીકૃત કરવામાં આવતો તે પ્રસ્તાવને કાર્યરૂપમાં પરિણત કરનાર 'ગણનાયક' Chief Megistrate કહેવામાં આવતો. ગણ-નાયકને સહકાર આપવા માટે ઉપરાજા, ભંડારી, સેનાપતિ વગેરે પણ

નિયુક્ત કરવામાં આવતા. ગણતંત્રનું ન્યાયાલય એક આદર્શ રંગનું હતું, કે જ્યાં સરનો અને શાગો ન્યાય આપવામાં આવતો. ગણતંત્રના સદસ્યોનો જ્યાં દરબાર ભરવામાં આવતો તે સ્થાન Town hallના નામે ઓળખાતું.

ગણનાયક ચેટક ગણરાજ્યોની સુવ્યવસ્થા કરવામાં કુશળ હતો. બધાં ગણરાજ્યોના અધિનાયકો તેનું નેતૃત્વ સ્વીકારતા અને તેની આજ્ઞાને શિરોધાર્ય કરતા. ચેટક પોતે આદર્શ, દીમ અને અપરાભૂત–કોઈથી ગાંજ્યો ન જાય એવો–હતો. તેની અપ્રતિમ પ્રતિભાશક્તિ આગળ બધા નમતું આપતા. પ્રજાને સુખી બનાવવા માટે પોતાથી તે શક્ય પ્રયત્નો કરતો અન્યાય સામે તે જેહાદ જગાવતો અને ન્યાયની આગળ નમતું આપતો. આ તેની ગણનાયક તરીકેની ખાસ વિશેષતા હતી. મહારાજ ચેટક ગણનાયકનાં ગુણોથી સંપન્ન હતો. અને તેથી જ બીજાં ગણરાજ્યોના અધિનાયકો તેની આજ્ઞા શિરોધાર્ય કરતા.

એક વખત મહારાજ ચેટકને ગણનાયક તરીકેની કડવી ફરજ બજાવવાનું જોખમભર્યું કામ માથે આવી પડ્યું. પ્રસંગ એવો હતો કે, મહારાજ ચેટકના ભાણેજ મગધાધિપતિ કોણિકે પોતાના ભાઈ વિહલકુમારના ભાગમાં આવેલા હાર–હાથી ઝૂંટવી લેવા માટે વિહલકુમારની સાથે અન્યાય કર્યો. વિહલકુમાર ગભરાયો અને મહારાજ ચેટકની શરણે આવ્યો. ગણનાયક ચેટકે વિહલકુમારની બધી વાત શાન્તિપૂર્વક સાંભળ્યા બાદ કહ્યું કે, મહારાજ કોણિકનો આ અન્યાય છે. હાર–હાથી ઉપર તેનો જરાપણ અધિકાર નથી. મગધાધિપતિ કોણિક અને વિહલ્લકુમાર બંને ગણનાયક ચેટકના ભાણેજ હતા. એક અન્યાયને પંથે હતો અને બીજો ન્યાયને પથે હતો. અન્યાયનો પ્રતિકાર કરવો અને ન્યાયનો પ્રચાર કરવો એ ગણતંત્રનું ધ્યેય હોય છે. આજે ગણતંત્રના ધ્યેયને સિદ્ધ કરવાનો શુભ પ્રસંગ સાંપડ્યો હતો. ગણનાયક ચેટકે બધા ગણરાજ્યોના અધિનાયકોને એકઠા કર્યા અને ગણધર્મ ઉપર આવેલી ફરજને બજાવવાનો હેતુ સમજાવ્યો. બધા

[illegible]

ઉપરના શાસ્ત્રીય દૃષ્ટાન્ત ઉપરથી ગણનાયક કેવા હોવા જોઈએ અને તેના ઉપર કેટલી બધી ગંભીર જવાબદારીઓ હોય છે તેનો સામાન્ય પરિચય મળે છે કે—

ગણનાયકે ગણતંત્રની વ્યવસ્થા અને પ્રતિષ્ઠા સાચવવા માટે સમય અને શક્તિનો ભોગ આપવો પડે છે.

ગણનાયકે પોતાના સહકારી ગણરાજ્યોના અધિનાયકોનાં હૃદય જીતવા માટે પ્રેમભાવ અને વ્યક્તિત્વ પ્રગટાવવાં પડે છે.

* જુઓ: 'નિરયાવલિ સૂત્ર' અને 'ભગવતીસૂત્ર'માં આવેલ રથમૂસલ અને મહાશિલાકંટક યુદ્ધનું વર્ણન.

ગણનાયકે અન્યાયના પ્રતિકાર અને ન્યાયના પ્રસ્થાપન માટે હમેશાં અહિંસ પ્રયત્ન કરવો પડે છે.

ગણનાયકે ગણધર્મની રક્ષાર્થે પ્રાણાર્પણ જેટલું આત્મબળ કેળવવું પડે છે.

ગણનાયકે ગણધર્મની પ્રતિષ્ઠા ખાતર સ્વજનનો સંબંધ તોડવો પડે છે.

ગણનાયકે ગણતંત્રને આશ્રયે આવેલા કોઈપણ આશ્રિતને તન, મન અને ધનથી રક્ષા કરવી પડે છે.

ગણનાયકે કોઈપણ પ્રકારનો પક્ષપાત છોડી નિષ્પક્ષ અને ન્યાયપ્રિય થઈ રહેવું પડે છે.

ગણનાયકે ગણધર્મની રક્ષા અને પ્રતિષ્ઠા પ્રાણના ભોગે પણ સાચવવી પડે છે.

ગણનાયકે પ્રજાના સુખદુઃખની દિનરાત ચિન્તા કરવી પડે છે.

ગણધર્મની પ્રતિષ્ઠા અર્થે ગણનાયકે કેટલો આત્મભોગ આપવો પડે છે તે આપણે જોયું. પણ આ સિવાય ગણનાયકે ગણધર્મને વધારે વ્યવસ્થિત અને વ્યવહાર્ય કરવા માટે ઘણીવાર તેમા યોગ્ય પરિવર્તન પણ કરવુ પડે છે 'ગણ'ના નિયમોમા પરિવર્તન અને પરિવર્દ્ધન કરવાથી ઘણીવાર ગણતંત્રના રાજ્યો નારાજ પણ થાય છે, પણ જે સાચો ગણનાયક હોય છે તે કોઈની રાજીખુશીથી ફુલાતો નથી તેમ કોઈની નારાજીથી ગભરાતો નથી. તે તો ગણધર્મ વ્યવસ્થિત કેમ થાય અને ગણતંત્રનુ સંચાલન અને નિયન્ત્રણ બરાબર કેમ થાય અને તેથી પ્રજાને વિશેષ સુખશાન્તિ કેમ પહોંચે એ જ ચિન્તા હમેશા ગણનાયકને રહ્યા કરે છે. જે ગણનાયક ગણતંત્રમાં 'આમ કરવાથી અમુક નારાજ થશે તો' એમ ધારી યોગ્ય પરિવર્તન કરતા ડરે છે તે ગણસ્થવિરપદને શોભાવી શકતો નથી. માટે સાચો ગણનાયક તો તે જ છે કે, જે દેશકાલાનુસાર ગણધર્મના નિયમોપનિયમોમા યોગ્ય

પરિવર્તન કરી ગણતંત્રને વ્યવસ્થિત બનાવે છે અને તે દ્વારા પ્રજાને સુખશાન્તિ પહોંચાડે છે.

જેમ લોકો ગરમીના દિવસોમાં ઝીણાં કપડાં પહેરે છે અને શરદીના દિવસોમાં ગરમ કપડાં પહેરે છે. ઋતુ અનુસાર આ પરિવર્તન કલ્યાણકારી માનવામાં આવે છે; તેમ દેશકાલાનુસાર ગણતંત્રમાં યોગ્ય પરિવર્તન કરવું અતિ આવશ્યક છે. એક પુસ્તકમાં એમ વાંચવામાં આવ્યું હતું કે જે વસ્તુમાં પરિવર્તન થતું નથી તે વસ્તુ ટકતી નથી, તે નષ્ટ થઈ જાય છે, આ વાત સત્ય લાગે છે. કારણ કે એ પ્રત્યક્ષ દેખાય છે કે વૃક્ષ પણ જૂનાં પાંદડાં ફેંકી દે છે અને નવાં પાંદડાં ધારણ કરે છે. જો આ પરિવર્તન વૃક્ષમાં ન થાય તો વૃક્ષ વૃક્ષરૂપે ટકી ન શકે. જૈનશાસ્ત્રોમાં પણ પ્રત્યેક વસ્તુ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક માનવામાં આવી છે. સારાંશ કે ગણનાયકે સમયાનુસાર ગણધર્મમાં યોગ્ય પરિવર્તન કરવું જોઈએ.

જો ગણનાયક સમયધર્મી અને સમજદાર ન હોય તો ગણધર્મમાં કરવામાં આવેલું પરિવર્તન ગણધર્મમાં વ્યવસ્થા કરવાને બદલે અવ્યવસ્થા કરી નાંખે છે. એટલા માટે ગણનાયકને દેશકાળનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ.

જે વ્યક્તિ ગણતંત્રની વીખરાયેલી શક્તિનું સંગઠન કરી તેનો ગણધર્મને વ્યવસ્થિત કરવામાં સદુપયોગ કરે છે અને તે દ્વારા પ્રજાજીવનને સુખી બનાવે છે તે વ્યક્તિ ગણસ્થવિર બની શકે છે અને આત્મભોગ તથા કર્ત્તવ્યપાલનદ્વારા તે ગણસ્થવિરપદને દીપાવી શકે છે.

(૭)

સંઘસ્થવિર

[સંઘ-થેરા]

જૈનશાસનમાં સંઘનું સ્થાન અતિ મહત્ત્વનું છે. સંઘ એટલે જૈનશાસન. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ છે. આ ચતુર્વિધ સંઘની પ્રતિષ્ઠામાં ધર્મની પ્રતિષ્ઠા રહેલી છે. કારણ કે આ ચતુર્વિધ સંઘના પાયા ઉપર જ જૈનશાસન ટકી રહ્યું છે. જે સંઘના આધારે ધર્મ ટકી રહેલો છે તે સંઘ જો શિથિલ હોય તો ધર્મ કેમ ટકી શકે? એટલા માટે સંઘની સુવ્યવસ્થા જાળવવા માટે સંઘસ્થવિરની આવશ્યકતા શાસ્ત્રકારોએ બતાવી છે.

સકળ સંઘનું સંચાલન કરવું એટલે ચતુર્વિધ સંઘની સમુચિત વ્યવસ્થા કરવી, એ સંઘસ્થવિરનું મુખ્ય કર્તવ્ય છે.

સંઘ બે પ્રકારનો છે. લૌકિક સંઘ અને લોકોત્તર સંઘ. શ્રાવક અને શ્રાવિકા લૌકિક સંઘના સભ્યો છે અને સાધુ અને સાધ્વી એ લોકોત્તર સંઘના સભ્યો છે. લૌકિક સંઘસ્થવિર લૌકિક સંઘની વ્યવસ્થા કરે છે અને લોકોત્તર સંઘસ્થવિર લોકોત્તર સંઘની વ્યવસ્થા કરે છે.

[illegible]

[illegible]

જૈન ગ્રંથકાર, સાધના નિયમોપનિયમો અનુસાર સંઘની આવશ્યક છે કે તે સંઘની ઉન્નતિ અવશ્ય થાય. પણ સંઘની બરાબર વ્યવસ્થા કરવા માટે સંઘસ્થવિરે જ્ઞાન, દર્શન અને ચારિત્રને જીવનમાં સ્થાન આપી આદર્શના દેખાવું પડે છે ત્યારે સંઘસ્થવિર પ્રભાવશાળી અને દૂરદર્શી બને છે ત્યારે સંઘ પ્રગતિના પંથે આગળ વધે છે. આજકાલ સાચા સંઘસ્થવિરના અભાવે સંઘનું જોઈએ તેવું બંધારણ જોવામાં આવતું નથી અને તેથી સંઘબળ પણ વ્યવસ્થિત રહેતું નથી. આજકાલ સંઘસ્થવિરના અભાવે શ્રાવક અને શ્રાવિકાનું જીવન ક્ષીણ બની ગયું છે. બન્નેનો જોઈએ તેવો વિકાસ થતો નથી, એટલા માટે શ્રાવક અને શ્રાવિકાનું જીવન વિકસિત થાય એ માટે સંઘનું બંધારણ બરાબર ઘડી વિકાસનાં ક્ષેત્રો ખોલવાની સંઘસ્થવિરે વ્યવસ્થા કરવાની જરૂર છે. સંઘનું શેમાં કલ્યાણ રહેલું છે એ એક માત્ર દૃષ્ટિબિન્દુ સંઘસ્થવિરની સમક્ષ હોવું જોઈએ. સંઘસ્થવિરે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ પ્રમાણે સંઘના બંધારણમાં પરિવર્તન કરી સંઘના નિયમોને વ્યવહારમાં લાવવા જોઈએ અને સંઘોન્નતિ માટે સક્રિય પ્રયત્નો કરવાં જોઈએ.

સંઘોન્નતિ માટે સંઘસ્થવિરે સર્વપ્રથમ સંઘમાં સુંદર સંગઠન કરવું જોઈએ. જો સંઘમાં સુંદર સંગઠન હશે તો સંઘનું સંચાલન

ગોચર આદિક સેવામાં સંઘનું કલ્યાણ નથી. જો સંઘસ્થવિર અપ્રમત્ત અને ધર્મજ્ઞ નહિ હોય તો સંઘનું સંચાલન બરાબર થશે નહિ અને પરિણામે સંઘને હાનિ પહોંચશે.

સંઘસ્થવિરે એ ઘડીભર પણ ભૂલવું ન જોઈએ કે તેની જવાબદારી એક સેનાપતિથી પણ વિશેષ છે. જેમ સેનાપતિ અપ્રમત્ત ન હોય તો સેનાને પોતાના કાબુમાં બરાબર રાખી શકતો નથી તેમ જો સંઘસ્થવિર અપ્રમત્ત અને ધર્મજ્ઞ ન હોય તો આખો સંઘ અવળે માર્ગે ચડી જાય અને તેથી સંઘને ઘણો જ ધક્કો પહોંચે. એટલા માટે સંઘસ્થવિર પ્રભાવશાળી, દૂરદર્શી અને નિઃસ્વાર્થી હોવો જોઈએ. જેમ લૌકિક સંઘસ્થવિરનું કામ લૌકિક સંઘની વ્યવસ્થા કરવાનું છે તેમ લોકોત્તર સંઘસ્થવિરે લોકોત્તર સંઘની સમુચિત વ્યવસ્થા કરવાની હોય છે. સંઘમાં કોઈ પ્રકારનો અસંતોષ પેદા ન થાય, વિગ્રહ પેદા ન થાય, મનોમાલિન્ય ન વધે તે માટે સંઘસ્થવિરે ખૂબ જ સાવચેતી રાખવી પડે છે. જો કોઈ સંઘમાં ભેદ પાડે, વિગ્રહ કરે તેને યોગ્ય દંડ દેવાનો સંઘસ્થવિરને અધિકાર છે. સંઘમાં શાન્તિ સ્થાપવા માટે દરેક પ્રકારના પ્રયત્નો કરવા એ સંઘસ્થવિરનું મુખ્ય કામ છે. જે ત્યાગ અને સેવાભાવદ્વારા સકળ સંઘનું સંચાલન કરે છે અને સંઘોન્નતિ કરે છે તે સંઘસ્થવિર તરીકે પોતાનું પદ દીપાવી શકે છે.

(૮)

જાતિસ્થવિર—સમાજસ્થવિર

[जाति-थेरा]

માનવસમાજ, પશુસમાજ, પક્ષીસમાજ અને પ્રાણીસમાજ એ બધા સમાજોનું સૂક્ષ્મ અવલોકન કરવામાં આવે તો સ્પષ્ટ જણાશે કે મનુષ્ય, પશુ, પક્ષી દરેક પ્રાણીઓ પોતાનો સજાતીય સહચાર શોધે છે, સજાતીઓનું સંગઠન કરી સમાજ ઊભો કરે છે અને તે સમાજમાં સલાહસંપથી રહી સુખમય જીવન ગાળે છે. આવી સમાજવ્યવસ્થા બહુ લાંબા કાળથી ભારતમાં ચાલી આવે છે અને તેથી ભારતીય સંસ્કૃતિમાં તેનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

માનવજાતિ એક છે, પશુજાતિ એક છે અને પક્ષીજાતિ પણ એક છે. પણ પશુપક્ષી જાતિમાં જેમ મોર, પોપટ, ગાય, ભેંશ આદિ અનેક પેટાજાતિઓનો સમાજ જુદો જુદો હોય છે તેમ માનવજાતિ એક છે પણ તેમાં પણ વર્ણભેદ અને જાતિભેદને લીધે અનેક પેટા-જાતિઓ છે અને એ દરેક પેટાજાતિઓનો સમાજ પણ જુદો જુદો છે. સમાજ એ કોઈ વ્યક્તિવિશેષ નથી, પણ એ વ્યક્તિઓએ પોતાના સામાજિક હિત માટે સંગઠન કરી ગોઠવેલું તંત્ર છે. પોતાનું

અને પોતાની જાતિનું તંત્ર વ્યવસ્થિત ચાલી શકે અને પોતે ઉભો કરેલો સમાજ સુખી અને તે માટે સમાજની વ્યવસ્થા કરવામાં આવી છે.

વ્યક્તિ અને સમાજ એ બન્નેનો તાદાત્મ્ય સંબંધ છે. વ્યક્તિના આધારે સમાજ ટકેલો છે કે સમાજને આધારે વ્યક્તિ જીવી રહી છે એ કહેવું કઠણ છે. એટલા જ માટે વ્યક્તિના ઉત્થાનમાં સમાજનું ઉત્થાન અને વ્યક્તિના વિનાશમાં સમાજનો વિનાશ રહેલો છે.

આખા સમાજનું તંત્ર વ્યક્તિના હાથમાં રહેલું છે. પ્રત્યેક વ્યક્તિ સમાજનું એક પ્રધાન અંગ છે અને સમાજ એ વ્યક્તિઓનો છે. પ્રત્યેક વ્યક્તિએ વિચારવું જોઈએ કે, 'હું સમાજનો છું અને સમાજ એ મારો છે.' આ પ્રકારની સમાજભાવના-જ્ઞાતિભાવના જ્યાં પ્રવર્તે છે તે સમાજ કે જ્ઞાતિ હમેશાં પ્રગતિના પંથે છે એમ સમજવું જોઈએ.

કુટુમ્બ, સમાજ કે જ્ઞાતિની બરાબર વ્યવસ્થા જાળવવા માટે પ્રત્યેક વ્યક્તિઓ વર્ગો ઊભાં કરે છે. પણ જો તે વર્ગો કુટુમ્બ, સમાજ કે જ્ઞાતિમાં વર્ગવિગ્રહ કે વાડાવાડી ઊભાં કરે તો માનવું જોઈએ કે એ વર્ગો કુટુમ્બની, સમાજની કે જ્ઞાતિની વ્યવસ્થા કરવાને બદલે અવ્યવસ્થા કરે છે અને રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરે છે. આવી અવસ્થામાં સમાજ કે જ્ઞાતિનું બંધારણ સુધારવું અથવા નવું ઘડવું એ જાતિસ્થવિરનું મુખ્ય કામ છે. જે મનુષ્ય સમાજોત્થાન માટે તન, મન અને ધનથી સતત પ્રયત્ન કરે છે અને સમાજનું નિયન્ત્રણ અને સંચાલન બરાબર કરે છે તે વ્યક્તિ સમાજસ્થવિર કહેવાય છે. સમાજસ્થવિરે એ ભૂલવું ન જોઈએ કે, એ સમાજનો સેવક છે તેમ નાયક પણ છે.

સમાજ અને જ્ઞાતિમાં કેવા રીતરિવાજોનું પ્રચલન કરવાથી જ્ઞાતિનું હિત થાય અને કયા રિતરિવાજોનો નાશ કરવાથી જ્ઞાતિ કે સમાજનું કલ્યાણ થાય એ વિષે દેશકાળ પ્રમાણે વિચાર કરવાનું અને વિચારને કાર્યમાં પરિણત કરવાનું કામ સમાજસ્થવિરનું છે.

સમાજ કે જ્ઞાતિમાં કેટલા જ્ઞાતિજનો બેકાર છે, કેટલા દુઃખી છે, કેટલા અજ્ઞાન છે અને કયા માર્ગે એ જ્ઞાતિજનોમાં જ્ઞાન, ઉદ્યોગ અને ધંધારોજગારનો પ્રચાર થાય વગેરે સમાજનાં વ્યવહારવિષયક તેમજ લગ્નવિષયક અનેક વિચારણીય પ્રશ્નો વિષે ઊંડો વિચાર કરી તેનો ઉકેલ લાવવો એ જાતિસેવકની ખાસ ફરજ છે.

જે ઠરેલ બુદ્ધિવાળો, કર્તવ્યપરાયણ અને વિચારશીલ હોય છે તે જ જાતિની સેવા બજાવી શકે છે. જે ઉતાવળીયો, વાતોડીયો અને લડાઈખોર જાતિની સેવા કરવા માટે બહાર પડે છે તે જાતિની સેવા કરી શકતો નથી. કારણ કે સમાજમાં એવા ઘણા માણસો હોય છે કે જે જાતિસેવા કરનારને હતોત્સાહ પણ કરી નાંખે છે. પણ એવા સમયે ક્ષમતા ધારણ કરી કર્તવ્યપરાયણ રહેવું એમાં જ જાતિસેવકની શોભા છે.

પ્રત્યેક જાતિમાં અનુભવી જાતિસેવકોની આવશ્યકતા બહુ રહે છે. કારણ કે, જો જાતિસેવક અનુભવી ન હોય તો સમાજમાં અને જ્ઞાતિમાં અનેક અનર્થો પેદા થવાની આશંકા રહે છે. યુવકહૃદય એવું કાર્ય પણ હાથ ધરી બેસે છે કે જે કાર્યને સમાજ અપનાવવા તૈયાર ન હોય; એટલા માટે જે વ્યક્તિએ ૬૦ વર્ષ સુધી સમાજ કે જ્ઞાતિનો અનુભવ મેળવ્યો તે જ વ્યક્તિ સમાજસેવક તરીકે સાર્થક નીવડી શકે છે એમ શાસ્ત્રકારો કહે છે.

આજે અનુભવહીન માણસો સમાજસેવકનું પદ લેવા તૈયાર થઈ જાય છે. પણ જ્યારે સમાજવ્યવસ્થા કરવાનું દુઃસાધ્ય કામ માથે આવી પડે છે ત્યારે દૂર ખસી જાય છે. એટલે આજે અનુભવી જાતિસેવક ન હોવાને કારણેજ સમાજ અને જાતિની વ્યવસ્થા બરાબર જોવામાં આવતી નથી.

આજે યુવાનો ઉપર એવો આરોપ ઢોળવામાં આવે છે કે તેઓ સમાજસ્થિતિના અજ્ઞાનને કારણે સમાજોદ્ધારને નામે સમાજહાનિ

કરી રહ્યા છે, પણ આ વાત લોકોના ધ્યાનમાં આવી નથી. ઉલટું કેટલાક વડીલો યુવકોની અપેક્ષા અધિક વ્યભિચારી અને દુરાચારી જોવામાં આવે છે. તેઓ પ્રથમ ઇંદ્રિયોને પુષ્ટ કરે છે અને પછી દવા દારૂ પ્રમાણને અત્યંત આપી સમાજહાનિ કરતા રહે છે અને યુવકોને પ્રાયઃ ઇંદ્રિયોનો ઉપયોગ કરવાનું કહે છે તો તેઓ લાચાર થઈ જાય છે. પણ તેઓ એમ નથી સમજતા કે પ્રાણ ઇંદ્રિયોને કારણે સમાજ કે જાતિનું કેટલું બધું અધઃપતન થતું રહે છે. જો આવા સમાજસેવકો અને જાતિનેતાઓ હોય તો તેઓ યુવકો અને વડીલોને સમાજોદ્ધારનો માર્ગ બતાવે; પણ જ્યાં આવો સમાજસેવક જ ન હોય ત્યાં સમાજસુધારની વાત જ ક્યાં રહી!

આજે સમાજસેવકના અભાવે જ્યાં જુઓ ત્યાં યુવકો બેકાર બની આદર્શહીન થઈ અહીંતહીં ભટક્યા કરે છે. સમાજની ખરેખર જાડ દુર્વ્યવસ્થા છે જ્યાંસુધી સમાજની આ દુર્વ્યવસ્થા દૂર કરી સુવ્યવસ્થા કરવામાં ન આવે ત્યાંસુધી સમાજસુધારની આશા રાખવી નકામી છે. લૌકિક જાતિસ્થવિરની માફક લોકોત્તર જાતિસ્થવિર પણ હોય છે. લોકોત્તર જાતિના નિયમોપનિયમો ઘડી તેનું બરાબર પાલન કરાવવું અને દેશકાલાનુસાર લોકોત્તરજાતિમાં સંશોધન કરી સાધુ-સમાજને પ્રગતિ પંથે લઈ જવો અને તે દ્વારા માનવસમાજનું કલ્યાણ સાધવું એ તેમનું મુખ્ય કર્તવ્ય હોય છે.

સમાજ કે જાતિના સુધાર માટે દરેક શક્ય ઉપાયો લઈ સમાજોદ્ધાર કરવો એ સમાજસેવકનું કર્તવ્ય છે. આ કર્તવ્યપાલનમાં સમાજ, જાતિ અને ધર્મનું કલ્યાણ રહેલું છે.

(૯)

સૂત્રસ્થવિર

[सुत्त-थेरा]

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

આખી દુનિયામાં જ્ઞાન જેવી કોઈ બીજી પવિત્ર વસ્તુ નથી. જળથી શરીરશુદ્ધિ કરી શકાય છે પણ જીવનશુદ્ધિ કરવા માટે તો જ્ઞાનની આવશ્યકતા રહે છે. જ્ઞાન એ અંતરચક્ષુ છે. એ અંતરચક્ષુના પ્રકાશથી અજ્ઞાનાંધકાર દૂર ભાગે છે અને જ્ઞાનજ્યોતિ પ્રગટે છે. જે વ્યક્તિ પોતાના જ્ઞાનચક્ષુનો પ્રકાશ અજ્ઞાનાંધકારમાં ભટકતાં પ્રાણીઓને આપી જ્ઞાનનો માર્ગ બતાવે છે તે વ્યકિત જ્ઞાનમાર્ગનો બતાવનાર ગણાય છે. શાસ્ત્રના શબ્દોમાં તે 'સૂત્રસ્થવિર' કહેવાય છે. સૂત્ર એટલે કેવળ સૂત્રવાચન કે સૂત્રનું પઠન નહિ. પણ સૂત્ર એટલે સદ્-વસ્તુને અનુભવમાં ઉતારી તેનો વિવેક કરવો. જે વ્યકિત સૂત્રકથિત વસ્તુને અનુભવમાં ઉતારી વિવેક કરે છે અને પોતાના સત્ય અનુભવ-જ્ઞાનનો જનસમાજમાં પ્રચાર કરે છે તે ' સૂત્રસ્થવિર ' કહેવાય છે. સૂત્રજ્ઞાનનો વાંચન કરવું અને તેને અનુભવમાં ઉતારવું એ બન્ને ભિન્ન વસ્તુ છે.

સૂત્રજ્ઞાનનું વાચન કરવું સરલ છે. પણ એને અનુભવમાં ઉતારવું કઠિન છે. વર્ષોના વર્ષો સુધી અનુભવોના અખતરાઓ કર્યા પછી સૂત્રજ્ઞાનનો વિવેક પ્રગટે છે, ત્યારે સૂત્રજ્ઞાનનો સાર સમજાય છે.

શ્રુતજ્ઞાનનો પણ જનસમાજમાં પ્રચાર કરવો અને તેના પ્રચાર માટે
અહિંસ બધાં પ્રયત્નો કરવા એ શ્રુતસ્થવિરની ફરજ છે. શ્રુતસ્થવિર શ્રુત-
જ્ઞાનનો પ્રચાર કરવા માટે સર્વ પ્રથમ જનસમાજને વ્યાખ્યાન દ્વિવિધાની
ધર્મોપદેશના ભાષણથી છે. ત્યારે શાસ્ત્રકારોને લાગે છે કે જનસમાજને
જ્ઞાનને બાપવાની ભૂમિકા બાંધી દીધી છે ત્યારે જ્ઞાનની અલ્પતા સમજાવે
છે અને જ્ઞાનને અહિંસ રૂપ આપવા માટે પ્રેરણા આપે છે. કારણ કે
શ્રુતસ્થવિર ભગવાન મહાવીરે કહ્યું છે કે,— ' મહાવીરના પુત્રો શ્રુતના અધિકાર
અહિંસક શ્રુતજ્ઞાનનો અધિકારી બની શકે છે. જે વ્યક્તિની જિજ્ઞાસા-
વૃત્તિ જાગૃત થઈ નથી, જે આત્માના હિતાર્થ નથી, જે ભલો ભાવક
થયો નથી, તે અહિંસ જ્ઞાનોપાર્જન કેમ કરી શકે ? એટલા માટે
શ્રુતસ્થવિર જ્ઞાનનો પ્રચાર કરવા માટે જનસમાજમાં સર્વ પ્રથમ શ્રદ્ધા-
બુદ્ધિ અને જિજ્ઞાસાવૃત્તિ જાગૃત કરે છે અને પછી જ્ઞાનોપદેશ આપે
છે. જ્યાં જે અજ્ઞાની, અશ્રદ્ધાળુ અને સંશયાત્મા હોય છે તે
જ્ઞાનપ્રાપ્તિ કરી શકતો નથી.

જે અનુભવવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ શ્રુતસ્થવિર હોય છે એ શ્રુતધર્મનો
પ્રચાર અને તેનું પાલન બરાબર કેમ થાય એની હમેશા ચીવટ રાખે
છે. અને શ્રુતજ્ઞાનનો પ્રચાર વિશેષ થાય તે માટે વ્યાખ્યાનમાં
ધર્મોપદેશ આપે છે. જો કોઈ જિજ્ઞાસુ શ્રાવક શ્રુતધર્મમાં શ્રદ્ધાબુદ્ધિએ
કોઈ પ્રકારની શંકા કરે તો તે શંકાનું સમુચિત સમાધાન કરે છે.
શાસ્ત્રના મર્મજ્ઞ શ્રુતસ્થવિરનું એ કર્તવ્ય છે. વર્તમાન સમયમાં અજ્ઞાનાં-
ધકાર એટલો બધો ફેલાઈ ગયો છે કે જનસમાજમાં અજ્ઞાનતાને કારણે
ધર્મ પ્રતિ ઉદાસીનતા વધતી જતી જોવામાં આવે છે. ધર્મોદ્યોત કરવા
માટે અજ્ઞાનાંધકારને દૂર કરી જ્ઞાનપ્રકાશ ચારે બાજુ ફેલાવવાની
અતિ આવશ્યકતા છે. જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટશે ત્યાં અજ્ઞાન, અશ્રદ્ધા
એક ક્ષણ પણ ટકી નહિ શકે, પણ શ્રુતસ્થવિર વિના જ્ઞાનજ્યોતિ
કોણ પ્રગટાવે ?

શ્રુતસ્થવિર એ જ્ઞાનજ્યોતિર્ધર છે. સૂર્યના પ્રકાશથી જેમ
અંધકાર એક ક્ષણ પણ ટકી શકતો નથી તેમ જ્ઞાનસૂર્યના ઉદયથી
અજ્ઞાન અને અશ્રદ્ધારૂપ અંધકાર એકક્ષણ પણ ટકી શકવાનો નથી.

(૧૦)

પર્યાયસ્થવિર–સંયમસ્થવિર

[परियाय-थेरा]

ज्ञानस्य फलं विरतिः ।

જ્યારે સૂત્રજ્ઞાન આચારમાં ઊતરે છે ત્યારે જીવનમાં સંયમ પ્રગટે છે. અને વીસ વીસ વર્ષો સુધી સૂત્રાનુસાર સંયમની સાધના કર્યા બાદ જે વ્યક્તિ સંયતાત્મા એટલે કે જેણે જ્ઞાનપૂર્વક શરીર, મન, બુદ્ધિ અને આત્માને પોતાના વશમાં કરી લીધો છે એવો જિતેન્દ્રિય બને છે, તે વ્યક્તિ 'સંયમસ્થવિર' કહેવાય છે.

સંયમસ્થવિર બનવા માટે કેટકેટલાં વર્ષો સુધી જ્ઞાનોપાસના સાથે આત્મદમનની વિદ્યા ભણવી પડે છે! જ્યારે વર્ષોનાં વર્ષો સુધી સાધક પુરુષ જ્ઞાનની ઉપાસના કરે છે તો તેને જ્ઞાનસિદ્ધિ થાય અને પોતે સશરીર–શાસ્ત્રરૂપ બની જાય એમાં શું આશ્ચર્ય ? પણ કેવળ જ્ઞાનસિદ્ધિ કર્યે જીવનસિદ્ધિ સધાતી નથીને ? જીવનસિદ્ધિ માટે તો જ્ઞાનસિદ્ધિની સાથે સંયમસિદ્ધિ આવશ્યકતા છે. અને સંયમની સિદ્ધિ માટે તો સાધકપુરુષે શાસ્ત્રમાં કહેલ યમનિયમોને જીવનમાં મૂર્ત સ્વરૂપ આપવું પડે છે. આ પ્રસંગે જ્યારે જ્ઞાન અને સંયમનો, વિચાર અને આચારનો સુયોગ

સધાય છે. ત્યારે જીવનશુદ્ધિની સૌરભ ચારે બાજુ પ્રસરે અને અનેક પુણ્યાત્માઓનાં જીવન સંયમ સૌરભથી સુવાસિત થાય એ સ્વાભાવિક છે. પણ જ્ઞાન અને સંયમ અને આચાર અને વિચારનો સુમેળ સાધવો અને સંયમસ્થવિર-પર્યાયસ્થવિર બનવું એ સાધારણ જન માટે શું ! ઘણા મુનિવરો માટે પણ સરલ નથી.

'સંયમનો માર્ગ છે શૂરાનો' એ ધર્મોક્તિ સંયમધર્મના પાલનની દુષ્કરતા સમજાવે છે. જે વ્યક્તિ આ દુષ્કર સંયમધર્મને જીવનમાં ઉતારી જ્ઞાન અને સંયમનો સમન્વય કરશે તે વ્યક્તિ પોતાના જીવનને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનાવી શકશે; એમાં શંકા નથી

ઉપર વર્ણવેલાં દશ ધર્મોનો સાર તે આ સંયમધર્મ છે. જે સંયમધર્મને ધર્મના સાર રૂપે સમજી જીવનમાં સાંગોપાંગ ઉતારશે તે ધર્મામૃતને પામશે અને જીવનને અજરામર બનાવી શકશે.

धम्मो मङ्गलं धम्मो सरणं ।

ધર્મ સાચું મંગલ છે. ધર્મ સાચું શરણ છે.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

